

# આગમ મનીષી
# શ્રી તિલોકચંદ જૈન દ્વારા
# સંપાદિત
# જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર
# ભાગ – ૩

# શ્રી ભગવતી સૂત્ર : પરિચય

## પ્રશ્ન–૧ : ભગવતી સૂત્રનો પરિચય શું છે ?

**જવાબ :** જિનશાસનમાં શ્રુતજ્ઞાન રૂપ દ્વાદશાંગી મૌલિક આગમ રૂપે પ્રસિદ્ધ છે, જેમાં પાંચમું અંગસૂત્ર **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર છે.** આ શાસ્ત્ર વર્તમાનમાં ઉપલબ્ધ શાસ્ત્રોમાં અતિ વિશાળ છે અને મહત્વપૂર્ણ અનેક-સેંકડો વિષયો તેમાં સમાવિષ્ટ હોવાથી તેનું બીજું નામ **શ્રી ભગવતી સૂત્ર** પ્રસિદ્ધ થયું છે. જેથી આગમિક નામ **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર** માત્ર લખાણમાં રહી ગયું છે, બોલચાલમાં **શ્રી ભગવતી સૂત્ર** ઉપનામે જ પૂર્ણ સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. આ જ મૌખિક પરંપરાનો નિર્વાહ કરતાં પ્રસ્તુત આયોજનમાં પણ **ભગવતી સૂત્ર** નામને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

આ સૂત્રનો સંક્ષિપ્ત પરિચય શ્રી નંદીસૂત્ર અને સમવાયાંગ સૂત્રમાં મળે છે. તેમાં એ બતાવવામાં આવ્યું છે કે આ શાસ્ત્રમાં છત્રીસ હજાર પ્રશ્નોત્તર છે. સંખ્યાની દષ્ટિએ આ ગણત્રી આજે સાબિત કરી શકાય તેમ નથી તેમ છતાં આ શાસ્ત્રમાં દેવ, દેવેન્દ્ર, નરેન્દ્ર, ગણધર, સાધુ-શ્રાવક-શ્રાવિકા, અન્ય મતાવલંબી, બ્રાહ્મણ આદિના પ્રશ્નો અને ભગવાન મહાવીર સ્વામીના ઉત્તરો પ્રચુર માત્રામાં ઉપલબ્ધ છે, છતાં મુખ્યત્વે ભગવાન મહાવીરના ઉત્તરો **'ગૌતમ'** એ સંબોધન પૂર્વક હોવાથી આ આગમ ભગવાન મહાવીર અને ગૌતમ ગણધરના પ્રશ્નોત્તરના મહાસંગ્રહ રૂપ છે, એમ સ્વીકાર કરી શકાય છે.

દ્વાદશાંગીના રચનાકાર ગણધર પ્રભુ હોવાથી આ શાસ્ત્ર પણ ગણધર રચિત છે. કોઈપણ એક ગણધરનું નામ રચનાની સાથે જોડવાનું યોગ્ય નથી, કારણ કે **अत्थ भासई अरहा, सुत्त गुथ ति गणहरा णिउणा ।** અહીંયા સૂત્ર ગૂંથણીમાં બહુવચનપૂર્વક ગણધરોનું સામાન્ય કથન છે. આ જ આધાર પર આપણે સમસ્ત અંગશાસ્ત્રોને ગણરાજ્યના સંવિધાન-બંધારણ સમાન વ્યક્તિગત નામ વિના ગણધર રચિત એટલું જ સ્વીકારવું જોઈએ. આ વિષયને પ્રસ્તુત પ્રશ્નોત્તર પ્રાવધાનના પ્રથમ અને દ્વિતીય ભાગમાં પ્રારંભિક પ્રશ્નોમાં વિશેષ સ્પષ્ટ કરવામાં આવેલ છે. જિજ્ઞાસુ પાઠક તે સ્થાનનું પુનરાવલોકન કરે.





આ સૂત્રનું આગમિક નામ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર છે. જેનું પ્રાકૃત અર્ધ-માગધી ભાષામાં **वियाहपण्णत्ति** એ શુદ્ધ લેખન અને ઉચ્ચારણ છે. કારણ કે વ્યાખ્યા શબ્દને માટે પ્રાકૃતમાં યોગ્ય શબ્દ **वियाह** છે. આમ છતાં લય વિશેષથી રૂઢ પરંપરમાં **विवाहप्रज्ञप्ति** પણ લખવા અને બોલવામાં આવે છે. તેને પણ વ્યાખ્યાકારોએ સ્વીકારી અર્થઘટન કરવાનો પ્રયત્ન કરેલ છે. આમ પ્રાકૃત ભાષામાં એક જ શબ્દના અનેક વૈકલ્પિક રૂપ પણ સ્વીકારવામાં આવે છે. જેને વ્યાકરણના અભ્યાસી સમજી શકે છે.

## પ્રશ્ન–ર : આ સૂત્રના વ્યાખ્યાકાર–વિવેચનકાર કોણ થયા છે ?

**જવાબ :** વર્તમાનમાં આ સૂત્ર પર પ્રાચીન વ્યાખ્યા આચાર્ય અભયદેવ સૂરિની સંસ્કૃત ભાષામાં ઉપલબ્ધ છે. ત્યાર પછી અનેક બહુશ્રુત શ્રમણોએ આ સૂત્ર પર સંસ્કૃત, હિંદી, ગુજરાતી વગેરે ભાષાઓમાં સંક્ષિપ્ત-વિસ્તૃત અર્થ-વિવેચન વગેરે લખ્યાં છે, જે વિવિધ પ્રકારે મુદ્રિત ઉપલબ્ધ છે. જેમાં સ્થાનકવાસી પરંપરામાં આચાર્ય શ્રી અમોલખઋષિજીના, આચાર્યશ્રી ઘાસીલાલજી મ.સા.ના, યુવાચાર્ય શ્રી મધુકર મુનિજી મ.સા.ના, ગુજરાતના શ્રી ગુઢ પ્રાણ ફાઉન્ડેશન રાજકોટના અને રાજસ્થાનથી સુધર્મ પ્રચાર મંડળ વગેરેના મુખ્ય રૂપે બત્રીસ આગમોના સંસ્કરણ પ્રસિદ્ધિ પ્રાપ્ત છે.

## પ્રશ્ન–૩ : આ સૂત્રમાં કયા કયા વિષયોનું નિરૂપણ છે ?

**જવાબ :** જૈનવાઙ્મયમાં, જૈન શાસ્ત્રોમાં આવનારા મૌલિક પ્રાયઃ સર્વ વિષય આ મહાકાય મહાશાસ્ત્રમાં પ્રશ્નોત્તર રૂપે સંગ્રહિત છે. જેમાં કથાનક-જીવનચરિત્ર, ઉપદેશ, સંયમાચાર, શ્રાવકાચાર, તત્ત્વ, ભંગજાળ, મતમતાંતર, ચર્ચાઓ, ક્ષેત્રીય વર્ણન, સ્વસિદ્ધાંત, ષડદ્રવ્ય, નારકી-દેવ સંબંધી વર્ણન, જ્યોતિષી દેવ, દેવલોક, સૂર્ય-ચંદ્ર વગેરેના ભ્રમણ, વિરોધી ભાવોવાળા ગોશાલક દ્વારા ભગવાનના સમવ-શરણમાં બે મહામુનિઓની હત્યા, કોણિક-ચેડા જેવા ભગવાનના પરમ ભક્ત જૈન રાજાઓ દ્વારા સામાન્ય કારણે યુદ્ધ કરીને ૧ કરોડ ૮૦ લાખ અપેક્ષાએ (અથવા ૧ લાખ ૮૦ હજાર) જીવોનો કચ્ચરઘાણ વગેરે વિવિધ વિચિત્ર વિષય સમાવિષ્ટ કરવામાં આવેલ છે. ટૂંકમાં સરળમાં સરળ અને અઘરામાં અઘરા વિષય આ શાસ્ત્રમાં નિરૂપિત કરવામાં આવેલ છે.

## પ્રશ્ન–૪ : આ સૂત્રમાં વિભાગ-પ્રતિવિભાગ(પેટાવિભાગ) કયા રૂપમાં કહેવામાં આવ્યાં છે ?

**જવાબ :** આ સૂત્રમાં મુખ્ય વિભાગ અધ્યાય ૪૧ છે, જેને **શતક** કહેવામાં આવેલ છે અને શતકમાં આવેલ પ્રતિવિભાગોને **ઉદ્દેશક** કહેલ છે. જેની કોઈ સંખ્યા નિર્ધારિત નથી. શતક ૩૨ સુધી આ જ બંને વિભાગ-શતક અને ઉદ્દેશક છે. તેના પછી શતક ૩૩ થી શતક, અવાંતર(મધ્યવર્તી)શતક અને ઉદ્દેશક એમ ત્રણ વિભાગ કરવામાં આવ્યા છે. શતક ૧૫ માં કોઈ વિભાગ નથી, એક જ શતક વિભાગમાં ગૌશાલક સંબંધિત વિશાળ વર્ણન છે.

આ શાસ્ત્રના દરેક શતકના ઉદ્દેશકોની સંખ્યા–૧૦, ૧૧,૧૨,૩૪,૧૯૬ વગેરે પણ છે. આ શાસ્ત્ર પ્રાચીન પરંપરાથી ૧૫૭૫૨ શ્લોકપ્રમાણ માનવામાં આવેલ છે. બ્યાવરથી પ્રકાશિત યુવાચાર્ય મધુકર મુનિ સંપાદિત આ સૂત્રના ભાગ-૪ની પ્રસ્તાવનામાં ઉપાચાર્ય શ્રી દેવેન્દ્રમુનિજીએ બધા શતકોના અક્ષરોની ગણત્રીથી વર્તમાનમાં ઉપલબ્ધ આ શાસ્ત્રને ૧૯૩૨૦ શ્લોક પ્રમાણ હોવાનું દર્શાવ્યું છે.

સંક્ષેપમાં આ શાસ્ત્રના ૪૧ શતક અને અંતર શતક ગણવાથી કુલ ૧૩૮ શતક તથા ૧૯૨૩ ઉદ્દેશક છે અને અપેક્ષાએ ૧૯૩૨૦ શ્લોક પ્રમાણ આ શાસ્ત્ર ઉપલબ્ધ છે.

અતિ વિશાળતાના કારણે આ શાસ્ત્રનું પ્રકાશન (૧) પંડિત બેચરદાસજી દોશી તથા અનુવાદિત ટીકા ગ્રંથ ૪ ભાગમાં, (૨) સંસ્કૃતિ રક્ષક સંઘ સૈલાનાએ સાત ભાગમાં, (૩) આગમ પ્રકાશન સમિતિ બ્યાવર થી ચાર ભાગમાં, (૪) ગુઢ પ્રાણ ફાઉન્ડેશન, રાજકોટથી પાંચ ભાગમાં અને (૫) આચાર્ય શ્રી ઘાસીલાલજી મ.સા. દ્વારા સંપાદિત હિંદી-ગુજરાતી બંને ભાષામાં સંયુકત ૧૭ ભાગમાં પૂર્ણ કરવામાં આવેલ છે.

અમારા સારાંશ પ્રાવધાનમાં લગભગ ૩૬૮/૩૨૦(બે આવૃત્તિમાં) પૃષ્ટના એક પુસ્તકમાં આ શાસ્ત્રના ભાવોને સમાવિષ્ટ કરવામાં આવેલ છે. પ્રસ્તુત પ્રશ્નોત્તર યોજનામાં અમારા માટે પણ આ શાસ્ત્રના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એમ બે વિભાગ કરવાનું જરૂરી બન્યું છે. પ્રથમ વિભાગ-પૂર્વાર્ધમાં શતક-૧ થી ૧૨ નો સમાવેશ કરેલ છે અને ઉત્તરાર્ધમાં શતક-૧૩ થી ૪૧ નો સમાવેશ કરી આ શાસ્ત્રને પૂર્ણ કરેલ છે.





# શતક–૧ : ઉદ્દેશક–૧ થી ૧૦

## પ્રશ્ન–૧ : પ્રથમ શતકનો પરિચય શું છે ?

**જવાબ :** આ શતકમાં પેટા વિભાગ રૂપ ૧૦ ઉદ્દેશક છે. તેમાં અનેક વિષય સમાવિષ્ટ છે. આમ છતાં પ્રત્યેક શતકના પ્રારંભમાં વિષય સંકલન રૂપે અથવા તો ઉદ્દેશકોના નામ નિર્દેશ રૂપે એક ગાથા આલેખિત કરવામાં આવી છે. કોઈ શતકના પ્રારંભમાં આવશ્યક હોય ત્યાં અનેક ગાથા દ્વારા પણ ઉદ્દેશકનો પરિચય આપવામાં આવેલ છે.

તે ગાથામાં આપવામાં આવેલ સંક્ષિપ્ત શબ્દ ઉદ્દેશકના મુખ્ય વિષયને અનુરૂપ હોય છે અથવા ઉદ્દેશકના પ્રાથમિક વિષય અનુસાર હોય છે. સાર એ છે કે તે ગાથામાં અપેક્ષા વિશેષથી પ્રત્યેક ઉદ્દેશકના વિષય સાપેક્ષ નામ દર્શાવવામાં આવ્યા છે. આથી ક્યાંક ક્યાંક આ જ શાસ્ત્રના વિષયને સંક્ષિપ્ત કરવા માટે તે તે ઉદ્દેશકનું સૂચન તે ઉદ્દેશકના નામથી કરવામાં આવે છે. જેમ કે– શ.૯/૩૨માં **सद्दुद्देसए** શબ્દ ઉદ્દેશક, શતક-૫ ઉદ્દેશક-૪ માટે અને શ.૧૧/૧૦માં **अत्थिकाय उद्देसए** શ.૨ ઉદ્દે.૧૦ ને માટે પ્રયુક્ત થયેલ છે. આ પ્રથમ શતકની આદ્યગાથા અનુસાર ૧૦ ઉદ્દેશકોના મુખ્ય વિષય અથવા પ્રારંભિક વિષય આ પ્રમાણે છે–

**(૧) रायगिह-चलण**– પ્રથમ ઉદ્દેશકમાં **चलमान-चलित** આ સિદ્ધાંતનું સર્વપ્રથમ નિરૂપણ છે. પ્રશ્ન અને સૂત્રના પ્રારંભની ઉત્થાનિકા રૂપમાં ગૌતમ સ્વામી દ્વારા પ્રશ્ન પૂછવાના સ્થાન રૂપ રાજગૃહી નગરીનું કથન છે.

**(૨) दुःख**– બીજા ઉદ્દેશકના પ્રારંભમાં દુઃખના સ્વકૃત કે અન્યકૃત હોવા સંબંધી પ્રશ્ન છે.

**(૩) क खपदोस**– ત્રીજા ઉદ્દેશકમાં કાંક્ષા મોહનીય સંબંધી વર્ણન છે.

**(૪) पगइ**– ચોથા ઉદ્દેશકના પ્રારંભમાં કર્મપ્રકૃતિ સંબંધી નિરૂપણ છે.

**(૫) पुढवी**– પાંચમા ઉદ્દેશકમાં પ્રથમ પ્રશ્ન નરકપૃથ્વી સંબંધી છે, પછી આવાસ સંબંધી વર્ણન છે.

**(૬) जाव ते**– જેટલી ક્ષેત્ર મર્યાદા(અંતર) સૂર્યોદય સમયે હોય છે તેટલું અંતર સૂર્યાસ્તના સમયે હોવાનું કથન આ છઠ્ઠા ઉદ્દેશકના પ્રારંભમાં છે.

**(૭) णेरइए**– સાતમા ઉદ્દેશકના પ્રારંભમાં નારકીના ઉત્પન્ન થવા સંબંધી વર્ણન છે.

**(૮) बाले**– આઠમા ઉદ્દેશકમાં સર્વપ્રથમ એકાંત બાલજીવોના આયુષ્ય બંધ સંબંધી નિરૂપણ છે.

**(૯) गुढए**– નવમા ઉદ્દેશકમાં જીવોના કર્મોથી ભારે અને હળવા થવા સંબંધી વર્ણન છે.

**(૧૦) चलणाए**– અન્યતીર્થિકોની **चलमान अचलित** માન્યતાનું આ દશમા ઉદ્દેશકમાં નિરાકરણ-ખંડન છે.

આ પ્રકારે આ શતકના ત્રીજા ઉદ્દેશકમાં માત્ર કાંક્ષામોહ સંબંધી વિવિધ નિરૂપણ છે. શેષ સર્વ ઉદ્દેશકમાં અનેક વિષય નિરૂપિત છે.

**પ્રશ્ન–૨ : શું શાસ્ત્રોના પ્રારંભમાં મંગલાચરણ રૂપ મંગલપાઠ હોય છે અને શું આ શાસ્ત્રના પ્રારંભમાં મંગલ પાઠ છે ?**

**જવાબ :** અંગ આગમોનું નિરીક્ષણ કરવાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે ગણધર ભગવંતોને આગમના પ્રારંભમાં કે આગમના આદિ-અંત-મધ્યમાં કોઈપણ મંગલ કરવાની આવશ્યકતા હોતી નથી. તદનુસાર પ્રથમ અંગસૂત્ર આચારાંગ સૂત્રના પ્રારંભમાં પણ કોઈ મંગલપાઠ નથી તેમજ તેમાં આદિ, મધ્ય, અંત મંગલની પ્રથા પણ રાખી નથી. તે જ પ્રમાણે આ ભગવતી સૂત્ર સિવાય દશે ય અંગ શાસ્ત્રોમાં સીધી આગમ વિષયની શરૂઆત થઈ જાય છે.

આથી અનુભવસિદ્ધ તથ્ય એ છે કે આ ભગવતીસૂત્ર વિશાળ, અતિ વિશાળ શાસ્ત્ર છે. તેનું લેખન નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે લેખનકાળમાં શાસ્ત્ર લેખનકારોએ આ ભગવતી સૂત્રના પ્રારંભમાં વિવિધ મંગલ સૂત્ર, મંગલ શબ્દ લખેલ છે, જે પ્રાચીન ટીકાકાર શ્રી અભયદેવ સૂરિના સમય પહેલા લખાઈ ચૂક્યા હતા. કારણ કે તેમની ટીકામાં તે મંગલ સૂત્રપાઠોની વિવેચના થઈ છે.

આ ભગવતી સૂત્રના અંતમાં પણ મંગલ રૂપ પ્રશસ્તી વગેરે છે તે પણ ટીકાકારની સમક્ષ રહેલ છે. પરંતુ ટીકાકારે તે અંતિમ મંગલરૂપ પ્રશસ્તિઓને લહિયાઓની છે એમ કહીને વ્યાખ્યા કરી નથી પરંતુ પ્રારંભમાં તેઓને એનું સ્મરણ કે આભાસ થયો નથી તેનું કારણ છદ્મસ્થતા છે.

પ્રસ્તુત આગમ ગણધર કૃત છે. તેઓને શાસ્ત્ર લિપિબદ્ધ કરવાનું હતુ જ નહિ તો તેઓ બ્રાહ્મી લિપિને નમસ્કાર શા માટે કરે ? ત્યાં શ્રુતદેવતાને





પણ નમસ્કાર કરવામાં આવેલ છે. વ્યાખ્યામાં ગણધરોને જ શ્રુતદેવતા તરીકે સ્વીકારવામાં આવ્યા છે. આમ ગણધર આગમની રચના કરનારા હોવાથી તેઓ પોતાને જ નમસ્કાર કેમ કરે ? આ પ્રકારની વિચારણાના ફળ સ્વરૂપે મંગલપાઠ લહિયાઓએ જ રાખ્યા હોવાનું સિદ્ધ થાય છે. અને તે જ કારણથી આ મંગલપાઠો જુદી-જુદી નકલોમાં ભિન્ન-ભિન્ન રૂપે મળે છે. હસ્તલિખિત પ્રતોમાં અને પ્રકાશિત પ્રતોમાં આ મંગલપાઠોમાં એકરૂપતા જોવા મળતી નથી. કેટલીક પ્રતોમાં બ્રાહ્મી લિપિને નમસ્કાર રૂપ એક પદ છે. કેટલીક પ્રતોમાં બ્રાહ્મી લિપિ અને શ્રુતને નમસ્કાર રૂપ બે પદ છે તથા કોઈ પ્રતોમાં ત્રીજું પદ શ્રુતદેવતાને નમસ્કાર રૂપ છે. કોઈ પ્રતોમાં એ ૧,૨ કે ત્રણે ય પદ નમસ્કાર મંત્રની પહેલા છે, પછી નમસ્કર મંત્ર છે. કોઈ પ્રતોમાં પંચ પરમેષ્ટી નમસ્કાર મંત્ર પહેલા છે, પછી એ ૧, ૨ કે ૩ મંગલપાઠ છે. આ પ્રકારની વિવિધતાથી પણ એ સ્પષ્ટ થાય છે કે શાસ્ત્રલેખનકર્તાઓએ પોતાની ઇચ્છા અનુસાર એક, બે કે ત્રણ મંગલપદ અથવા નમસ્કાર પદ લખીને પછી શાસ્ત્ર લખવાનો પ્રારંભ કરેલ છે.

આ વિચારને ધ્યાનમાં રાખતાં પંચ પરમેષ્ટી નમસ્કારના પાંચ પદ પણ આ શાસ્ત્રના પ્રારંભમાં જે ઉપલબ્ધ છે, તે પણ અહીં ગણધર કૃત ન હોઈને લેખનકર્તાઓના જ સિદ્ધ થાય છે. કારણ કે ગણધરોએ નમસ્કાર મંત્રની રચના આવશ્યકસૂત્રમાં પૂર્ણ રૂપમાં બે શ્લોકમાં કરી છે, જેનો આવશ્યક સૂત્રની પ્રાચીન વ્યાખ્યા ભાષ્ય નિર્યુક્તિમાં સ્વીકાર થયો છે અને પ્રકાશિત ટીકા પ્રતમાં આવશ્યક સૂત્રના પ્રથમ આવશ્યકમાં સંપૂર્ણ નમસ્કાર મંત્ર પ્રથમ સૂત્ર રૂપે સ્વીકાર કરીને પછી જ તેની વ્યાખ્યા કરી છે, ત્યાર પછી બીજો પાઠ **करेमि भ ते** સ્વીકાર્યો છે.

વાસ્તવમાં ગણધર પ્રભુ આગમ રચના આવશ્યક સૂત્રથી જ પ્રારંભ કરે છે અર્થાત્ આવશ્યક સૂત્રની અંગસૂત્રોથી પણ પ્રાથમિકતા છે, એ પણ આગમ પાઠોથી સુસ્પષ્ટ છે. કારણ કે અણગારોના અધ્યયન સંબંધી વર્ણનના વાક્યમાં **સામાયિક આદિ** (છ અધ્યાયમય આવશ્યક સૂત્ર) **સહિત અગિયાર અંગોનું અધ્યયન કર્યું** એવો પાઠ આવે છે. આ પ્રમાણે ગણધર ભગવંતો દ્વારા નમસ્કાર મંત્રને આવશ્યક સૂત્રના પ્રારંભમાં રાખેલ હોવાથી ફરીને આચારાંગ આદિ કોઈ સૂત્રમાં તેને રાખવાનું આવશ્યક થયું નથી. ભગવતી

સૂત્રની પહેલા ચાર અંગશાસ્ત્ર છે, ભગવતી સૂત્ર પાંચમું અંગસૂત્ર છે. પ્રથમ આચારાંગ સૂત્રમાં ફરી નમસ્કાર મંત્ર પૂર્ણ કે અપૂર્ણ(પંચ પરમેષ્ટી નમસ્કાર) રાખવાનું જરૂરી નહિ લાગ્યું અને ત્યાર પછીના (૨) સૂયગડાંગ (૩) ઠાણાંગ (૪) સમવાયાંગ સૂત્રમાં પણ નમસ્કાર મંત્ર અથવા બીજો કોઈ પણ મંગલ શબ્દ નથી રાખ્યો, એ જ પ્રમાણે ભગવતી પછીના અંગસૂત્ર જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશાંગ આદિમાં પણ કોઈ મંગલ શબ્દ કે નમસ્કાર મંત્ર નથી રાખેલ. તો પછી આ એકલા ભગવતી સૂત્રના પ્રારંભમાં ગણધરોને અપૂર્ણ(અધૂરૂં) એટલે પાંચ પદ માત્રનો નમસ્કાર મંત્ર રાખવાનું કોઈ કારણ થઈ શકતું નથી. જેમ બીજા શતકથી આગળના બધા શતક ગાથાથી જ પ્રારંભ થાય છે તેમજ આ પ્રથમ શતક પણ ગણધરોએ ગાથાથી જ પ્રારંભ કરેલ છે એવું સ્વીકારવું ન્યાયયુક્ત છે. આ વિચારણા અનુસાર ભગવતી સૂત્રમાં આવેલ મધ્ય મંગલ પદ પણ (ગૌશાલક શતક આદિમાં) ગણધરકૃત નહિ સમજતાં લેખનકર્તાનું જ સમજી લેવું જોઈએ.

સારભૂત તાત્પર્ય એ થયું કે આવશ્યક સૂત્રમાં તો નમસ્કાર મંત્ર તે પ્રથમ અધ્યયનનો પ્રથમ સૂત્ર પાઠ જ છે જે બે શ્લોક રૂપે પૂર્ણ પાઠ છે. અન્ય આચારાંગ વગેરે કોઈપણ શાસ્ત્રમાં મંગલરૂપ અધૂરા નમસ્કાર મંત્રનો એક શ્લોક કે અન્ય મંગલપદ કંઈ પણ ગણધરકૃત નથી. મંગલ રૂપમાં લેખન-કર્તાઓએ લખેલા વિભિન્ન રૂપમાં પાઠ મળે છે. એ જ ન્યાય અનુસાર કલ્પ-સૂત્રના પ્રારંભમાં જે નમસ્કાર મંત્ર ઉપલબ્ધ છે તે પણ કલ્પસૂત્રની પ્રાચીન પ્રતમાં નથી મળતો. તેથી નમસ્કાર મંત્રના પાંચ પદ અર્થાત્ અધૂરૂં સૂત્ર કોઈપણ શાસ્ત્રના પ્રારંભમાં લખેલ હોય એ લેખનકર્તાઓની જ ઉપજ છે.

વાસ્તવમાં ગુણોથી યુક્ત ગુણવાન આત્માઓ જ નમસ્કરણીય હોય છે. સ્વતંત્ર ગુણ આદરણીય, આચરણીય અને ધારણીય હોય છે. એવું નહિ કે હું ક્ષમાને વંદન કરું છું, હું વિનયને નમસ્કાર કરું છું. એવા નમસ્કાર અનુપયુક્ત હોય છે. તેથી લિપિ કે શ્રુત મોક્ષ સાધકોને માટે નમસ્કરણીય હોઈ શકતા નથી. શ્રુત દેવતા શબ્દથી ગુણધારક ગણધર પ્રભુ હોવાનો અર્થ કરવામાં આવ્યો છે. ગણધર સ્વયં આગમ રચયિતા છે તો તેઓ પોતાને વંદન કેમ કરે ? આ પ્રકારે શ્રુત દેવતાને નમસ્કારનું પદ પણ ગુણીને નમસ્કાર હોવા છતાં પણ સ્વયંને નમસ્કાર હોવાથી અહીં અનુપયુક્ત છે.





**પ્રશ્ન–૩ : દ્વાદશાંગી-આગમશ્રુત શાશ્વત છે તો પછી આ અંગશાસ્ત્રોમાં તીર્થંકર ગણધરોના ગુણ, વર્ણન અને તેના પારસ્પરિક સંવાદ–પ્રશ્નોત્તર તથા શાસનના વર્ષો પછીની ઘટનાઓ તેમાં ઉપલબ્ધ થઈ રહી છે તે કેવી રીતે ?**

**જવાબ :** તાત્ત્વિક સૈદ્ધાંતિક વર્ણનની દષ્ટિએ દ્વાદશાંગી શાશ્વત છે. પોતાના શાસનના તીર્થંકર આદિના નામ, સ્તુતિ, ગુણકીર્તન વગેરેનું યથાસ્થાન ગણધર ભગવંત શાસનને અનુરૂપ સંપાદન કરે છે; પ્રશ્નોત્તર શૈલીના આગમ કે અધ્યયનની રચનામાં ગણધર પ્રભુ શાસન યોગ્ય યથોચિત નામ સંપાદિત કરી શકે છે એવો અધિકાર પ્રત્યેક શાસનના ગણધરપદ ધારણ કરનારને સ્વતઃ હોય છે.

શાસનના પ્રારંભમાં રચના થઈ ગયા પછી પણ તેના પછીની ઘટનાઓ લાંબી ઉંમરવાળા ગણધર યથાસમય યોગ્ય સ્થાન પર જોડી શકે છે. આ પ્રકારે ઘટનાઓ, કથાનક અને નામકરણ યોગ્ય સમજીને ગણધર સંપાદિત કરી શકે છે. બધા ગણધરોના મોક્ષ થઈ જવાના સેંકડો વર્ષ પછી પણ બહુશ્રુત પૂર્વધર આદિ બહુમતી, સહમતીથી સમુચિત ઘટનાઓ પ્રાપ્ત આગમમાં સંપાદિત કરી શકે છે. આ પ્રકારે એ પોતપોતાના તીર્થંકરના શાસન પૂરતું સંપાદન હોય છે, જેમાં સિદ્ધાંત અને તત્ત્વ રચનામાં પરિવર્તન થતું નથી.

આ જ કારણોથી વ્યક્તિગત તીર્થંકરના શાસનરૂપ પરિણત દ્વાદશાંગીમાં તીર્થંકર, ગણધરોના ગુણ-સંવાદ આદિ મળે છે. ગણધર ગૌતમ પ્રભુ અને ભગવાનના સંવાદ પણ મળે છે. ભગવાન મહાવીરના જીવનથી સંબંધિત ગોશાલક, જમાલી વગેરે સંબંધી કેટલીક ઘટનાઓ પણ શાસ્ત્રોમાં ઉપલબ્ધ છે અને પ્રસ્તુત શતકમાં રાજગૃહી નગરીના વર્ણન યુક્ત ઉત્થાનિકા હોવાનો હેતુ પણ એ જ સમજવો જોઈએ.

આમ દ્વાદશાંગી તત્ત્વ સિદ્ધાંતોની અપેક્ષા શાશ્વત પણ છે અને ઉપર્યુક્ત અપેક્ષાઓથી સ્વ-સ્વશાસન યોગ્ય સંપાદિત પણ હોય છે. એ માટે ગણધર રચિત દ્વાદશાંગી કહેવામાં આવે છે તથા વર્તમાન અવસર્પિણી હુંડાઅવસર્પિણી હોવાથી ગણધરોની પછી બહુશ્રુત પૂર્વધર આચાર્યો દ્વારા સંપાદિત પણ કોઈ અંશ અને નવા સંપાદિત શાસ્ત્ર પણ દશવૈકાલિક, પ્રજ્ઞાપના, છેદસૂત્ર અને નંદીસૂત્ર આદિ મળે છે. અનેકાંત સિદ્ધાંતથી આ

વિષયને સમજીને ઉત્પન્ન થનારી જિજ્ઞાસાઓનું સમાધાન કરી શકાય છે. તેમ છતાં બહુશ્રુત પૂર્વધરોની સંપાદન-રચના અને લહિયાઓ-શાસ્ત્ર લેખન કર્તાઓના મંગલરૂપ પદોમાં ભિન્નતા સમજવી જોઈએ. તે બંનેને એક કે સમકક્ષ ગણી શકાય નહિ, આ ધ્યાનમાં રાખવું જરૂરી છે.

**પ્રશ્ન–૪ : ગૌતમસ્વામીએ 'ચલમાણે ચલિએ' આદિ ૯ પદો વિષે ભગવાનને પ્રશ્ન પૂછયા તેનું તાત્પર્ય શું છે ?**

**જવાબ :** એ નવ પદોથી બે પ્રકારના તત્ત્વોનો નિર્ણય થયો છે–(૧) કોઈપણ કાર્ય શરૂ કર્યું તે સ્થૂળ દષ્ટિએ ભલે થોડો સમય વીત્યા પછી પૂરૂં થાય છે તોપણ તે કાર્ય સૂક્ષ્મદષ્ટિએ પ્રતિસમય પ્રતિક્ષણ થોડું ને થોડું થતું રહે છે આ જ વાતને પ્રસ્તુત પ્રશ્નોત્તરના માધ્યમથી સમજાવ્યું છે. (૨) કર્મ ક્ષય થવાની ક્રમિક પ્રણાલી પ્રારંભિક ચાર શબ્દો દ્વારા બતાવવામાં આવી છે અને પછીના પાંચ શબ્દોમાં કર્મોની વિભિન્ન અવસ્થાઓ, સ્થિતિઘાત, રસઘાત આદિનો સંકેત છે.

**ચલમાણે ચલિએ સિદ્ધાંતનું સ્પષ્ટીકરણ–** કોઈ પણ કાર્ય શરૂ કરવામાં આવે છે અને અંતે પૂરૂં કરવામાં આવે છે તે કાર્ય અપેક્ષાથી પ્રત્યેક ક્ષણે થતું રહે છે અને પૂર્ણની અપેક્ષા અંતિમ સમયે નિષ્પન્ન થાય છે. એક મીટર કપડું બનીને તૈયાર થયું તે તે રૂપમાં અંતિમ ક્ષણે બન્યું તોપણ પૂર્વની દરેક ક્ષણે પણ કંઈક થાય જ છે કેમ કે છેલ્લી એક જ ક્ષણે એક મીટર કપડું બનીને તૈયાર થઈ જતું નથી.

આ દષ્ટિએ એમ કહેવું યોગ્ય હોય છે કે કોઈપણ કરવામાં આવતું કાર્ય તે જ સમયે થોડુંક થયું અર્થાત્ જેટલું પ્રથમ સમયમાં કરવામાં આવ્યું તેટલું તો તે સમયે જ થઈ ગયું. આથી કરવામાં આવનાર કાર્ય પોતાના દરેક સમયમાં થયું, એમ કહેવું અપેક્ષા અને નયદષ્ટિએ ઉપયુક્ત જ છે.

કાર્યની પૂર્ણતા જ ઉપયોગી હોવાથી, લક્ષિત દષ્ટિનું કાર્ય પૂર્ણ થવા પર જ તે કાર્ય થયું એવો પ્રયોગ કરવા અને સમજવામાં આવે છે, આ સ્થૂલદષ્ટિ છે. સ્થૂલદષ્ટિ અને સૂક્ષ્મ સૈદ્ધાંતિક દષ્ટિ બંનેને પોતપોતાના સ્થાન સુધી, સીમા સુધી જ સમજવાનું લક્ષ રાખવું જોઈએ. સ્થૂલ દષ્ટિને સૂક્ષ્મદષ્ટિથી અને સૂક્ષ્મદષ્ટિને સ્થૂલ દષ્ટિથી અથડાવવાની કોઈ જરૂરત નથી. એવું કરવાથી લોકમાં અનેક વિવાદ ઊભા થાય છે. એથી જે દષ્ટિએ જેનું જે કથન હોય તેને





તે જ દષ્ટિએ સમજવાનો અને સમન્વય કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. જે જ્યારે જેટલા કર્મ આત્મામાં ચલાયમાન થઈ રહ્યા છે, ઉદીર્ણ થઈ રહ્યા છે, વેદાઈ રહ્યા છે, ક્ષીણ થઈ રહ્યા છે તેને તેટલા અંશે ચાલ્યા, ઉદીર્ણ થયા, વેદાયા અને ક્ષીણ થયા એમ કહી શકાય છે.

જે કર્મો સ્થિતિથી ક્ષીણ થઈ રહ્યા છે, રસથી ભિન્ન થઈ રહ્યા છે, પ્રદેશોથી ક્ષય હોવાના સમયમાં બળી રહ્યા છે, નષ્ટ થઈ રહ્યા છે, આયુષ્ય કર્મ ક્ષય હોવાની અપેક્ષા મરી રહ્યા છે અને સંપૂર્ણ ક્ષયની અપેક્ષા નિર્જરી રહ્યા છે. તેને છિન્ન થયા યાવત્ નિર્જરી ગયા એવું કથન, એક દેશ ક્ષયના સમયે પણ કરી શકાય છે. કર્મ ચલિત થવાથી નષ્ટ-પહીણ થવા સુધીના કથનમાં સમુદાય કર્મની અપેક્ષા રહેલી છે અને છિન્ન-ભિન્ન આદિમાં સ્થિતિઘાત, રસઘાત, પ્રદેશઘાત વગેરે જુદી જુદી વિશેષ અપેક્ષાઓ રહેલી છે જે ઉપર સ્પષ્ટ કરવામાં આવી છે.

**एगट्ठा–** પ્રારંભના ચાર શબ્દો એક અર્થવાળા અર્થાત્ ક્રમિક અને સંબંધિત પ્રવૃત્તિવાળા છે. **णाणट्ठा–** પછીના પાંચ શબ્દો ભિન્ન અર્થ અર્થાત્ સ્વતંત્ર અર્થ પ્રવૃત્તિવાળા છે.

**પ્રશ્ન–૫ : પ્રથમ ઉદ્દેશકના સૂત્ર ૯ થી ૪૭ સુધીના ચોવીસ દંડક સંબંધી વર્ણનમાં શું સમજાવવામાં આવ્યું છે ?**

**જવાબ :** અહીં ૨૪ દંડકના જીવોની સ્થિતિ, શ્વાસોશ્વાસ અને આહાર સંબંધી કથન છે તેનું વિસ્તૃત વર્ણન પ્રજ્ઞાપના સૂત્રમાં હોવાથી અહીં પ્રાયઃ સંક્ષિપ્ત કથન છે. તેમ છતાં ક્યાંક અહીં પણ આહાર શ્વાસોશ્વાસનું કાલમાન પ્રજ્ઞાપના અનુસાર દર્શાવવામાં આવેલ છે, જેમ કે– એકેન્દ્રિય વિકલેન્દ્રિયનો આહાર વિમાત્રાથી, તિર્યંચ પંચેન્દ્રિયનો આહાર ઉત્કૃષ્ટ બે દિવસે, મનુષ્યનો આહાર ઉત્કૃષ્ટ ત્રણ દિવસે(યુગલિકની અપેક્ષા) કહેલ છે. એ જ રીતે દેવોનું પણ કાલમાન કહેવામાં આવ્યું છે.

મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં મહાશરીરી યુગલિકો ઘણા પુદ્ગલોનો આહાર કરે અને ક્યારેક જ કરે છે, વારંવાર કરતા નથી. એટલે કે બે-ત્રણ દિવસે યુગલિકો આહાર કરે અને ઘણા પુદ્ગલોનો અર્થાત્ પોતાના શરીરની વિશાળતાની અનુરૂપે જ તેટલી માત્રામાં આહાર કરે છે. જ્યારે નાના શરીરવાળા મનુષ્યો અલ્પ પુદ્ગલોનો આહાર કરે અને બાળકની જેમ વારંવાર આહાર

કરે છે. આ સૂત્ર પ્રમાણે યુગલિક મનુષ્યોને બોર જેટલો આહાર કરવાનું કહેવું તે બરાબર નથી.

આહારના પુદ્ગલોનું જ્યારે ગ્રહણ થાય છે ત્યારે જ પરિણમન થાય છે, અન્ય વિરોધી વિકલ્પો નિષિદ્ધ છે.

પૂર્વે ગ્રહણ કરાયેલ પુદ્ગલોના ચય, ઉપચય તથા ઉદીરણા, વેદન, નિર્જરા પણ થાય છે. જેમાં આહાર દ્રવ્યની અપેક્ષા ચય ઉપચય બે જ થાય છે. કર્મદ્રવ્યની અપેક્ષા ભેદન, ઉદીરણા, વેદન તથા નિર્જરા થાય છે. એ ચારે ય અણુ અને બાદર અર્થાત્ અલ્પ તથા અધિક બંને પ્રકારે થાય છે. તે ઉપરાંત કર્મોમાં ઉદ્વર્તન-અપવર્તન, સંક્રમણ, નિધત્તિકરણ, નિકાચિત્તકરણ એ ચારે ય કરણ જીવોના ત્રૈકાલિક અલ્પાધિક બંને થતા રહે છે. આ સમુચ્ચય કર્મવર્ગણા સંબંધી કથન છે. તે પછી તૈજસ-કાર્મણ રૂપમાં ગ્રહણ, ચય, ઉપચયથી નિકાચિતકરણ સુધી બધાં કથન છે.

આત્માવગાઢ(અચલિત) કર્મ પુદ્ગલોનું જ બંધ, ઉદીરણા, વેદન, ઉદ્વર્તન-સંક્રમણ, નિધત્ત-નિકાચિત્તકરણ થાય છે. નિર્જરા માત્ર આત્મ પ્રદેશોથી ચલિત કર્મોની થાય છે.

**પ્રશ્ન–૬ : આરંભ, આત્મારંભ વગેરે શબ્દોનો શું અર્થ છે અને એ વિષયમાં અહીં શું સમજાવવામાં આવ્યું છે ?**

**જવાબ :** હિંસા આદિ પાપકારી પ્રવૃત્તિઓ માટે **આરંભ** શબ્દનો પ્રયોગ થયો છે. સ્વયં પાપકાર્ય કરનારા **આત્મારંભી** અન્યથી કરાવનારા **પરારંભી** અને બંને પ્રકારે પાપકાર્ય કરનારા **ઉભયારંભી** હોય છે. ૨૩ દંડકના જીવ આત્મારંભી આદિ ત્રણે હોય છે. મનુષ્યમાં સંયતને છોડીને શેષ બધામાં ત્રણે હોય છે. સંયતમાં પણ અપ્રમત્ત મુનિ અનારંભી હોય છે. પ્રમત્ત મુનિમાં શુભ યોગી મુનિ અનારંભી હોય છે. પરંતુ અશુભ યોગી મુનિ આત્મારંભી આદિ ત્રણે હોઈ શકે છે. સિદ્ધ ભગવાન અનારંભી હોય છે. આ રીતે (૧) અપ્રમત્તમુનિ (૨) શુભયોગી પ્રમત્તમુનિ અને (૩) સિદ્ધ અનારંભી હોય છે. તેના સિવાય સંસારના સમસ્ત પ્રાણી ત્રણે પ્રકારના **આરંભવાળા** એટલે કે હિંસા આદિ પાપ કરનાર હોય છે.

**પ્રશ્ન–૭ : જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રણેમાંથી આગામી ભવમાં સાથે કોણ જાય છે ?**





**જવાબ :** જ્ઞાન, દર્શન બંને પોતાના વિદ્યમાન સ્વરૂપે જેવા છે તેવા જ પરભવમાં સાથે જઇ શકે છે અને અહીં નષ્ટ પણ થઇ શકે છે. ચારિત્ર(તપ) પરભવમાં વિદ્યમાન સ્વરૂપમાં સાથે જઇ શકતું નથી પરંતુ તેનું ફળ-શ્રેષ્ઠ પરિણામ પરભવમાં સાથે જાય છે.

કારણ એ છે કે જ્ઞાન-દર્શન ચારે ગતિમાં અને મોક્ષગતિમાં સ્વભાવથી જીવમાં હોય છે. ચારિત્ર કેવળ મનુષ્ય ભવમાં જ હોય છે, એવો સ્વભાવ છે. દેશ ચારિત્ર તિર્યંચ ગતિમાં હોય છે પરંતુ તેની અહીં અપેક્ષા નથી.

**પ્રશ્ન–૮ : સંયમ કે ત્યાગ-વ્રતના આચરણ વિના પણ જીવ દેવ બની શકે છે ?**

**જવાબ :** સંયમ-ત્યાગ-તપની આરાધના કરનારા જીવ તો દેવ બને જ છે પરંતુ વ્રત-નિયમ નહિ કરનારા પણ કેટલાક જીવ દેવ બની શકે છે, જેમ કે– જે લોકો પુણ્યની અલ્પતાથી લાચારીપૂર્વક ભૂખ-તરસ સહન કરે છે, વિવશપણે બ્રહ્મચર્ય પાળે છે; એ જ પ્રમાણે ઠંડી-ગરમી, મેલ વગેરે સહન કરે છે; એમ જ કષ્ટમય જીવન વીતાવનારા ક્રૂર પરિણામ નહિ હોવાથી સામાન્ય પરિણામોમાં મરીને સામાન્ય દેવ અર્થાત્ ઓછી ઉંમરના વાણવ્યંતર દેવ બને છે. ત્યાં તે દેવોનું ૧૦-૨૦ હજાર વર્ષનું જીવન અને ઉત્કૃષ્ટ એક પલ્યોપમનું જીવન પણ સારી સુખ-સુવિધાવાળું હોય છે અર્થાત્ તેઓને દૈવી સુખ પ્રાપ્ત થાય છે.

વાણવ્યંતર દેવોને પણ પોતાના દેવલોક રૂપ વિશિષ્ટ નગર હોય છે. જે આપણી પૃથ્વીની અંદર ૧૦૦ યોજન નીચે ગયા પછીના ૮૦૦ યોજનમાં હોય છે. ત્યાં તેઓનો વૈભવ માનવોથી હજારો લાખો ગણો શ્રેષ્ઠ હોય છે.

**પ્રશ્ન–૯ : અણગાર થનારા સાધકો તો આશ્રવત્યાગી સંવરવાન હોય છે તો સંવૃત્ત અને અસંવૃત્ત એવા બે ભેદોથી તેનું કથન શા માટે કરવામાં આવે છે ?**

**જવાબ :** ઘર છોડીને અણગાર થનારા સાધક બધા સરખા હોતા નથી અને જીવનભર તેવા જ રહી શકતા નથી અર્થાત્ કેટલાક અણગાર સાધક સંયમ લીધા પછી કોઇને કોઇ રૂપે આશ્રવોનું સેવન કરવા લાગી જાય છે. કેટલાક સાધક પૂર્ણ અપ્રમત્ત ભાવોથી સંવરમય જીવનનું પાલન કરનારા પણ હોય છે. આ કારણે અહીં સૂત્રમાં અણગારના બે પ્રકાર કહેવામાં આવ્યા છે, યથા–

સંવૃત્ત અણગાર અને અસંવૃત્ત અણગાર. અહીં એ બતાવવામાં આવ્યું છે કે અણગાર થનારાઓમાં કોઈ પોતાનું કલ્યાણ કરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થઈ શકે છે અને કોઈ કલ્યાણ નહિ કરીને સંસારમાં જ ભ્રમણ કરે છે. અહીં એ સ્પષ્ટ કર્યું છે કે જે કોઈ પ્રકારના આશ્રવોનું, પાપોનું સેવન કરતા નથી અને જિનાજ્ઞા અનુસાર યથાર્થ સંયમ પાલન કરે છે તે સંવૃત્ત અણગાર કહેવાય છે અને તે જ મુક્ત થઈ શકે છે. જે સાધક કોઈને કોઈ પ્રકારે મન, વચન, કાયાથી આશ્રવોનો, પાપોનો, સાવદ્ય કાર્યોનો અર્થાત્ જિનાજ્ઞા વિપરીત આચરણોનો સ્વીકાર કરી લે છે, તે અસંવૃત્ત અણગાર કહેવાય છે. તેઓ મુક્ત થઈ શકતા નથી પરંતુ સંસારમાં જ ભ્રમણ કરે છે. જ્યારે ક્યારે ય તેઓ કોઈ ભવમાં કે તે જ ભવમાં પૂર્ણ સંવૃત્ત અણગાર બનશે ત્યારે મુક્ત થઈ શકશે.

કારણ એ છે કે અસંવૃત્ત અણગાર અનેક પ્રકારે આત્મામાં કર્મોનો સંગ્રહ, કર્મોની પુષ્ટિ કરે છે અને કર્મ જ સંસારની વૃદ્ધિનું કારક બને છે. એથી તેના સંસારની, ભવભ્રમણની વૃદ્ધિ થાય છે, સંવૃત્ત અણગારનો કર્માશ્રવ બંધ રહે છે. તેના પૂર્વસંચિત કર્મ પણ તપથી ક્ષય થાય છે માટે તેની મુક્તિ શીઘ્ર સંભવે છે.

આ પ્રમાણે દીક્ષિત થનારાઓમાં પણ સંવૃત્ત-અસંવૃત્ત બંને પ્રકારના અણગાર હોઈ શકે છે. તેથી તેના પરિણામ પણ અહીં બંને પ્રકારના કહેવામાં આવ્યા છે.

**પ્રશ્ન–૧૦ : 'સેવં ભંતે-સેવં ભંતે' એ શબ્દોનું તાત્પર્ય શું છે ?**

**જવાબ :** પ્રસ્તુત સૂત્રમાં પ્રાયઃ ગુઢ શિષ્યના અર્થાત્ ભગવાન અને ગૌતમના પ્રશ્નોત્તર છે. ગુઢને પ્રશ્ન પૂછીને ઉત્તર મેળવી લીધા પછી સાચું સમાધાન મળી જવા પર શિષ્ય દ્વારા ગુઢ વચનોનું સન્માન, બહુમાન આ શબ્દોથી કરવામાં આવે છે કે હે ભગવન્ ! આપે કહ્યું તેમજ છે અર્થાત્ આપના વચન સત્ય છે, પ્રમાણભૂત છે. મને સારી રીતે સમજાઈ ગયું છે. હું આપે કહ્યા અનુસાર સત્ય સ્વીકાર કઢં છું. એવા ભાવોને વ્યક્ત કરનારા એ શબ્દ છે– **સેવં ભંતે ! સેવં ભંતે !** ॥ ઉદ્દેશક–૧ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૧ : કર્મ સિદ્ધાંતના વિષયમાં અહીં શું નિરૂપણ કરવામાં આવ્યું છે?**

**જવાબ :** જીવ ઉદયમાં આવેલા પોતાના કર્મોને અને દુઃખને ભોગવે છે, ઉદયમાં





ન આવે ત્યાં સુધી સ્ટોકમાં પડેલાં કર્મના દુઃખ જીવ ભોગવતો નથી. બીજી વાત એ કહી છે કે પોતે કરેલા કર્મ કે બાંધેલા આયુષ્ય જીવ ભોગવે છે અર્થાત્ પોતે કરેલા કર્માનુસાર જ ભવાંતરમાં જાય છે. જ્યાં સુધી આ ભવનું આયુષ્ય સમાપ્ત ન થાય ત્યાં સુધી આગળના ભવનું બાંધેલ આયુષ્ય પણ ઉદયમાં આવતું નથી.

**પ્રશ્ન–૧૨ : ચોવીસ દંડકમાંથી પ્રત્યેક દંડકના જીવોના આહાર, શ્વાસોશ્વાસ, શરીર આદિ સમાન હોય છે કે અસમાન ?**

**જવાબ :** અહીં ઉદ્દેશક–૨ માં પ્રત્યેક દંડકમાં ૧૦ બોલ સંબંધી સમાનતા અસમાનતાનો પ્રશ્ન કરવામાં આવ્યો છે, યથા– (૧) આહાર (૨) શરીર (૩) શ્વાસોશ્વાસ (૪) કર્મ (૫) વર્ણ (૬) લેશ્યા (૭) વેદના (૮) ક્રિયા (૯) આયુષ્ય (૧૦) ઉત્પત્તિ.

પ્રથમ છ બોલ લેશ્યા સુધી સર્વ(દંડકવાળા) ના અસમાન જ હોય છે. સાતમો અને આઠમો બોલ વેદના અને ક્રિયા, એકેન્દ્રિયમાં સમાન હોય છે. વિકલેન્દ્રિયમાં વેદના સમાન છે પરંતુ ક્રિયામાં ભિન્નતા હોય છે, બાકીના બધા સંજ્ઞી દંડકમાં વેદના પણ અસમાન હોય છે; નવમો આયુષ્ય અને દશમો ઉત્પન્ન થવાનો સમય એ બંને બોલ કોઈનો સમાન અને કોઈનો અસમાન એમ બંને પ્રકારે હોવાથી ચૌભંગી–ચાર ભંગ બને છે. આ પ્રમાણે આ વર્ણન પ્રજ્ઞાપના સૂત્રના ૧૭મા પદમાં પણ વિસ્તારથી આવે છે. એકેન્દ્રિય વિકલેન્દ્રિય અસંજ્ઞી હોવાથી તેનામાં અવ્યક્ત(અનિદા) વેદનાની અપેક્ષા વેદના સમાન કહી છે.

**પ્રશ્ન–૧૩ : 'સંસાર સંસ્થાન કાલ' ના વર્ણનથી શું સમજાવવામાં આવ્યું છે?**

**જવાબ :** જીવનો સંસારમાં રહેવાનો સમય ચાર પ્રકારનો છે. તે આજ સુધી અનેક ભવ મળીને નરકમાં અનંતકાળ સુધી રહી ચૂકેલ છે. આ રીતે ચારે ય ગતિમાં અનંત-અનંત કાળ રહી ચૂક્યો છે. માટે એક જીવનો સંસાર સંસ્થાન કાળ ચાર પ્રકારનો છે અને તે ચારે ય અનંતકાળવાળા છે. તેમ છતાં મનુષ્યગતિ સંસાર સંસ્થાનનો અનંતકાળ સૌથી થોડો છે, તેનાથી નરકગતિનો અધિક છે, તેનાથી દેવગતિનો અધિક અને તેનાથી તિર્યંચગતિનો કાળ અધિક છે. આ પ્રમાણે આ જીવ ચારે ય પ્રકારના સંસ્થાન કાળવાળો છે. તાત્પર્ય એ છે કે આ

જીવ ચારે ય ગતિમાં ભ્રમણશીલ છે, માત્ર કોઈ એક જ ગતિમાં સ્થાયી રહેતો નથી. જો મોક્ષ ગતિમાં ચાલ્યો જાય તો આ જીવનું આ સંસાર ભ્રમણ સમાપ્ત થઈ જાય છે. કારણ કે કર્મ સમાપ્ત થવાથી જીવ સંસારથી છૂટીને મોક્ષગતિમાં જાય છે અને ત્યાં કર્મ નહિ હોવાથી નિષ્કર્મવાળો જીવ મોક્ષગતિમાં સદા સદાને માટે સ્થિર થઈ જાય છે.

અહીં બીજી રીતે પણ સંસાર સંસ્થાનકાળનું વર્ણન કરવામાં આવ્યું છે. તે સંસારના સમસ્ત જીવોની અપેક્ષા ચારે ય ગતિઓનો સંસ્થાન કાળ છે. એમાં પૃચ્છાના એક સમયે તે તે ગતિમાં રહેલા જીવોની અપેક્ષા કથન છે. તે કાળ ત્રણ પ્રકારનો કહેલ છે– શૂન્યકાલ, અશૂન્યકાલ અને મિશ્રકાલ. (૧) પ્રશ્ન(પૃચ્છા) સમયે જેટલા નારકી જીવ નરકમાં છે તેમાંથી લગાતાર જેટલા સમય સુધી એક પણ જીવ ત્યાંથી નીકળે નહિ(મરે નહિ) અને કોઈપણ નવો જીવ આવીને જન્મે નહિ તો તે કાલ નારકીનો અશૂન્યકાલ છે. (૨) પ્રશ્ન સમયના સર્વ જીવ નીકળી ગયા પછી તેમાંનો એક પણ જીવ નરકમાં આવે નહિ, બધા નવા જીવ જ રહે ત્યાં સુધીનો કાલ નારકીનો શૂન્યકાલ છે. (૩) પ્રશ્ન સમયના જીવોમાંથી કેટલાક જીવ નીકળી ચૂક્યા છે અને કેટલાક રહ્યા છે અથવા નીકળીને ફરી પાછા આવેલ છે તો આ પ્રમાણે આવન-જાવન કરતાં પણ પ્રશ્ન સમયવાળા કોક જીવ મળે કોક નવા પણ મળે એવા મિશ્રણવાળા કાલ નારકીનો મિશ્રકાલ છે.

આ પ્રમાણે એ ત્રણે કાળ, સર્વ જીવોની અપેક્ષાએ બને છે. નરક મનુષ્ય અને દેવમાં એ ત્રણે પ્રકારના કાળ બને છે પરંતુ તિર્યંચ ગતિમાં શૂન્ય કાલનો નિષેધ છે. અર્થાત્ ત્યાં પ્રશ્ન સમયના અનંત જીવ બધા ખાલી થઈ શકતા નથી કારણ કે તિર્યંચ સિવાય શેષ ત્રણે ગતિમાં જીવ અસંખ્ય જ હોય છે, અનંત હોતા નથી. તેથી તિર્યંચના સર્વ અનંત જીવ નીકળીને ખાલી થાય તો જાય ક્યાં ? અર્થાત્ તે બધાના ચાલ્યા જવા માટે કોઈ ગતિ નથી.

ત્રણે ય ગતિમાં અશૂન્યકાલ બધાથી થોડો હોય છે, તેનાથી શૂન્યકાલ અનંતગુણો થઈ શકે છે, તેટલા કાલ સુધી તે જીવો તિર્યંચ ગતિમાં જઈને રહી શકે છે અને તેનાથી(શૂન્યકાલથી) પણ મિશ્રકાલ અનંતગુણો ચાલી શકે છે. તે સર્વથી અધિક હોય છે. તિર્યંચ ગતિના બે પ્રકારના કાલમાંથી અશૂન્યકાલ અલ્પ છે અને તેનાથી મિશ્રકાલ અનંતગુણો હોય છે. નરક આદિમાં પૃચ્છા





સમયમાં જેટલા જીવ જ્યાં છે ત્યાંજ રહે એક પણ ઓછો અધિક ન થાય તે જન્મ મરણના અભાવમાં બને છે અર્થાત્ તે તે ગતિમાં જન્મ મરણનો જે વિરહકાલ હોય છે તે અશૂન્યકાલ હોય છે. જન્મ મરણનું ન હોવું એવો સમય અત્યંત અલ્પ હોય છે અર્થાત્ અશૂન્યકાલ અલ્પ સમય જ રહે છે.

સંક્ષેપમાં– (૧) અશૂન્યકાલ– પૃચ્છા સમયવાળા જીવોમાંથી એક પણ જીવનું ઓછું ન થવું. (૨) શૂન્યકાલ– શૂન્ય થઈ જવું, પૃચ્છા સમયવાળા જીવોમાંથી એક પણ જીવ ન રહેવો. (૩) મિશ્રકાલ– કેટલાક જીવ પૃચ્છા સમયવાળા અને કેટલાક નવા. આ ત્રણે અપેક્ષાના કથનમાં દરેક ગતિના સર્વ જીવોની અપેક્ષાએ વર્ણન કરવામાં આવેલ છે.

**પ્રશ્ન–૧૪ : ભગવતીસૂત્ર ગણધર રચિત અને પ્રાચીન છે તથા પ્રજ્ઞાપના સૂત્ર પાછળથી આચાર્ય રચિત છે તો ભગવતી સૂત્રમાં પ્રજ્ઞાપનાના નામથી સંક્ષિપ્ત પાઠ કેમ આવે છે ?**

**જવાબ :** મૌલિક શાસ્ત્ર ગણધર રચિત તો ૧૨ અંગસૂત્ર જ છે તેમાં સમસ્ત શ્રુતજ્ઞાનનો સમાવેશ થઈ જાય છે. તોપણ પછીના આચાર્યોએ શિષ્યોના કે શાસનના ઉપકાર અર્થે નવા અને સ્વતંત્ર તત્ત્વ કે વિષયવાળા શાસ્ત્ર બનાવ્યા છે તેનું અલગ મહત્ત્વ સ્થાપિત રાખવા માટે દેવર્દ્ધિગણિ આચાર્યના લેખન સમયમાં તે તે સૂત્રોનો નિર્દેશ કરીને ભગવતી સૂત્રમાં સંક્ષિપ્ત પાઠનું સંપાદન કરવામાં આવ્યું છે. એમ ન કરવામાં આવત તો ભગવતી સૂત્રમાં જ પ્રજ્ઞાપના, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ આદિ કેટલાએ શાસ્ત્ર પુરા સમાવિષ્ટ થઈ જાત, ત્યારે તેને અલગ રાખવા કે અલગ ગણત્રી કરવાનો કોઈ અર્થ ન રહેત. તેથી લેખનકાલમાં દેવર્દ્ધિગણિના સમયે ગણધર રચિત ભગવતી સૂત્રમાં અન્ય આચાર્ય રચિત શાસ્ત્રોનો નિર્દેશ બની જવાથી એવું જોવા મળે છે.

તોપણ કોઈ-કોઈ નાના વિષય બે-ત્રણ શાસ્ત્રોમાં પણ મળે છે. જેમ કે અસંયતિ ભવ્ય દ્રવ્ય દેવ આદિ ૧૪ બોલવાળા જીવોની દેવોત્પત્તિ સંબંધી વર્ણન પ્રજ્ઞાપના પદ–૨૦માં છે તેમ છતાં અહીં આ બીજા ઉદ્દેશકમાં પણ તે વર્ણન સ્પષ્ટ રૂપમાં છે. એ ૧૪ માંથી ૧૧ બોલના જીવ દેવગતિ સિવાય અન્ય ગતિમાં જઈ શકે છે તોપણ અહીં એ જીવ દેવગતિમાં જાય તો ક્યાં ક્યાં સુધી જાય છે એવી પૃચ્છા કરવામાં આવી છે. ત્રણ બોલવાળા તો નિયમથી દેવલોકમાં જ જાય છે, યથા– (૧) અસંયતિ ભવ્ય દ્રવ્ય દેવ (૨) આરાધક

શ્રમણ (૩) આરાધક શ્રાવક. ઔપપાતિક સૂત્રમાં પણ જુદી રીતે વિસ્તારથી આ જ અનેક બોલ કહેવામાં આવ્યા છે અને તે જીવોની દેવગતિનું વર્ણન છે. એમ આ વિષય ત્રણ સૂત્રોમાં ઉપલબ્ધ છે. સંક્ષિપ્ત વિસ્તાર વગેરે કેટલીક ભિન્નતા છે, મૌલિક સિદ્ધાંતની ભિન્નતા નથી.

અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય ચારે ય ગતિનું આયુષ્ય બાંધી શકે છે. તે મનુષ્ય તિર્યંચનું જઘન્ય અંતર્મુહૂર્ત અને નારકી દેવના જઘન્ય દશહજાર વર્ષનો આયુબંધ કરે છે. ઉત્કૃષ્ટ ચારે ય ગતિમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું આયુષ્ય બાંધે છે. તેમાં પણ ઉત્કૃષ્ટ આયુષ્ય દેવનું સૌથી થોડું બાંધે છે, તેનાથી મનુષ્યનો અસંખ્યગુણ, તેનાથી તિર્યંચનો અસંખ્યગુણ, તેનાથી નરકનો અસંખ્ય-ગુણ આયુબંધ કરે છે. આ અસંજ્ઞીના આયુષ્યનું વર્ણન પણ પ્રજ્ઞાપના પદ-૨૦ માં હોવા છતાં અહીં પણ ઉપલબ્ધ છે. કોઈ પણ કારણથી આ (દેવોત્પત્તિ અને અસંજ્ઞી આયુ) બંને વિષયમાં પ્રજ્ઞાપના સૂત્રની સૂચના કરીને સંક્ષિપ્ત કથન કરવામાં આવ્યું નથી. વ્યાખ્યાનુસાર દેવતાનું ઉત્કૃષ્ટ અસંજ્ઞી આયુષ્ય એટલે અસંજ્ઞી દ્વારા બંધાયેલું આયુષ્ય ક્રોડપૂર્વનું છે. તોપણ તે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જ છે. શેષ ત્રણ ગતિમાં અસંખ્ય ક્રોડપૂર્વ રૂપ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ સમજવો. ॥ બીજો ઉદ્દેશક સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૫ : કાંક્ષા મોહનીયનો શું અર્થ છે અને અહીં ત્રીજા ઉદ્દેશકમાં તે સંબંધી શું નિરૂપણ છે ?**

**જવાબ :** મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિમાં એવો કોઈ ભેદ નથી. પ્રસ્તુતમાં મિથ્યાત્વ મોહનીયના પર્યાય શબ્દ રૂપે કાંક્ષા મોહનીય શબ્દ ગ્રહણ કરીને તે વિષે અનેક નિરૂપણ છે–

(૧) જે કર્મ પુદ્‌ગલો આત્મા ગ્રહણ કરે છે તે સર્વનો બધા આત્મ પ્રદેશો પર એક સમાન બંધ થાય છે. આત્માનો કોઈ પ્રદેશ કોઈ કર્મ વિના ખાલી નથી રહેતો અને ગ્રહણ કરવામાં આવેલ કર્મ પુદ્‌ગલ પણ બધા બંધાય છે.

(૨) કર્મબંધ, ચય, ઉપચયજન્ય પુદ્‌ગલોની આત્મામાં દીર્ઘકાલ સુધી સત્તા રહે છે પરંતુ કર્મ ઉદય, ઉદીરણા અને નિર્જરી જનારા પુદ્‌ગલોનું આત્મામાં અસ્તિત્વ દીર્ઘકાલ સુધી રહેતું નથી.

(૩) અનેક કારણો, નિમિત્તોથી જીવ આગમ તત્ત્વોમાં શંકાશીલ થાય છે. સંદેહશીલ પરિણામોની વૃદ્ધિથી મિથ્યાત્વ મોહનીયનો ઉદય થાય છે. ત્યારે





જીવ મિથ્યાત્વ મોહનીય રૂપ કાંક્ષા મોહકર્મનું વેદન કરે છે એવી સ્થિતિ સામાન્ય જીવોની અને શ્રમણોની પણ થઈ શકે છે.

(૪) સંદેહશીલ અવસ્થામાં સંદેહ રહિત બની જવા માટે આત્માને એ પ્રમાણે ભાવિત કરવો જોઈએ કે "જિનેશ્વર કથિત તત્ત્વ જે જેવા છે તે સત્ય છે, કિંચિત્ પણ શંકા કરવા યોગ્ય નથી. કારણ કે સર્વજ્ઞ(સર્વજ્ઞાની) કથિત છે. મારા કોઈ પણ ક્ષયોપશમ ભાવના અથવા યોગ્ય સંયોગ-સહકારના અભાવમાં કોઈ તત્ત્વ બરાબર સમજાતું નથી, એ મારી પોતાની જ કોઈ અજ્ઞાનકર્મ ઉદિત(જન્ય) અવસ્થા છે". **तमेव सच्चं निसंकं जं जिणेहिं पवेइयं** આ વાક્યને સંબલ રૂપ બનાવીને જિન વચનોમાં દઢ શ્રદ્ધા આસ્થા રાખનાર આરાધક બને છે અને જન્મેલી શંકામાં વધુને વધુ ગૂંચાઈ જનાર કાંક્ષા મોહનું વેદન કરીને, મિથ્યાત્વ પ્રાપ્ત કરી વિરાધક બની જાય છે.

(૫) જિનેશ્વર ભગવંતોને અસ્તિ-નાસ્તિ ભાવ સઘળા સાચા રૂપમાં જ પરિણમે છે. તેઓનું જ્ઞાન પણ સાચા રૂપમાં જ હોય છે, તેમાં જરા પણ મતિ ભ્રમ હોતો નથી. તે ભગવાન જેવું હમણાં અહીં જાણે છે તેવું જ અન્યત્ર પણ, પછી પણ જાણે છે. ક્ષેત્રકાલ સંયોગથી કોઈ પણ પ્રકારે તેઓના જ્ઞાનમાં વિભ્રમ થતો નથી. તેથી તેઓના વચન પૂર્ણ શ્રદ્ધેય હોય છે, એવી દઢ આસ્થા રાખવાથી કાંક્ષા મોહનીયનું-મિથ્યાત્વનું વેદન થતું નથી.

(૬) કાંક્ષા મોહનીય–મિથ્યાત્વનો બંધ મુખ્યત્વે પ્રમાદના કારણે થાય છે. પ્રમાદ પાંચ કહ્યા છે– મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભ યોગ. એ પાંચ આશ્રવને જ અહીં પ્રમાદ રૂપે ગણ્યા છે. અપેક્ષાએ જીવના પ્રયત્ન પુરુષાર્થથી મિથ્યાત્વનો બંધ થાય છે. આમ જીવ પોતાના જ ઉત્થાન કર્મ બળ વીર્ય પુરુષા-કાર પરાક્રમથી કાંક્ષા મોહનીય–મિથ્યાત્વનો બંધ કરે છે, પોતે જ તે મિથ્યાત્વ મોહનીય કર્મની શંકા આદિથી ઉદીરણા કરીને તેને ઉદયમાં લાવે છે અને પોતે જ જ્ઞાનવૃદ્ધિ, શ્રદ્ધાની સુરક્ષાથી કાંક્ષા મોહનીયને ઉપશાંત–સંવૃત્ત કરીને મિથ્યાત્વના ઉદયથી બચી શકે છે.

(૭) આમ ચોવીસે ય દંડકના જીવ કાંક્ષા મોહનીય કર્મનું વેદન આદિ કરે છે. ઉદીરણા, ઉપશમન, નિર્જરા, ગર્હા પણ પોતે જ પોતાના પ્રયત્ન પુરુષાર્થથી કરે છે. એકેન્દ્રિય જીવોને સંજ્ઞા, મન, તર્ક, વચન વગેરે હોતા નથી તેને કાંક્ષા મોહોદયનું ભાન પણ હોતું નથી. તોપણ તેઓ મિથ્યાત્વનું વેદન તો અવશ્ય

કરે જ છે. એકેન્દ્રિય આદિ અવ્યક્ત વેદન કરે છે જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિય વ્યક્ત રૂપમાં કાંક્ષા મોહનીયનું વેદન કરે છે.

**પ્રશ્ન–૧૬ : શ્રમણ નિર્ગ્રંથ તો છટ્ઠા સાતમા ગુણસ્થાનમાં હોય છે, તેઓને કાંક્ષા મોહનીયનું વેદન કેમ થાય છે ?**

**જવાબ :** શ્રમણ નિર્ગ્રંથ પણ કેટલા ય નિમિત્ત સંયોગ કે ઉદયવશ કાંક્ષા મોહનીયનું વેદન કરે છે અર્થાત્ કેટલા ય પ્રસંગો અને તત્ત્વોને લીધે તેઓ પણ સંદેહશીલ બની જાય છે. કવચિત્ સંદેહમાં અટવાઈ જવાથી કાંક્ષા મોહનીયનું વેદન થાય છે. પછી સમાધાન મેળવીને કે ઉક્ત શ્રદ્ધા વાક્યનું સ્મરણ કરીને ગૂંચવણથી મુક્ત સ્વસ્થ અવસ્થામાં આવી જાય છે.

જે વધુને વધુ ગૂંચવાયા જ કરે છે અથવા તે ગૂંચવણમાં જ સ્થિર થઈ જાય છે, સમાધાન કે ઉક્ત શ્રદ્ધા વાક્યના સ્મરણથી વંચિત રહી જાય છે તે સંયમ અને સમકિતથી ચ્યુત થઈ વિરાધક થઈ જાય છે. માટે શ્રમણ નિર્ગ્રંથોએ તત્ત્વ જ્ઞાન અનુપ્રેક્ષા કરતા સમયે શ્રદ્ધામાં સાવધાન રહેવું જોઈએ અને ઉક્ત અમોઘ શ્રદ્ધારક્ષક વાક્યને માનસમાં સદા ઉપસ્થિત રાખવું જોઈએ.

સંદેહ ઉત્પત્તિના કેટલાક નિમિત્ત કારણ આવા છે– (૧) જ્ઞાનની વિભિન્નતાઓ (૨) દર્શનની વિભિન્નતાઓ (૩) આચારની વિભિન્નતાઓ (૪) લિંગ વેશભૂષાઓની વિભિન્નતાઓ (૫) સિદ્ધાંતોની વિભિન્નતાઓ (૬) ધર્મપ્રવર્તકોની વિભિન્નતાઓ. એ જ પ્રમાણે (૭) કલ્પો (૮) માર્ગો (૯) મતમતાંતરો (૧૦) ભંગો (૧૧) નયો (૧૨) નિયમો અને (૧૩) પ્રમાણોની વિભિન્નતાઓ.

વ્યવહારમાં વિભિન્ન જીવોની એવી વિભિન્નતાઓ અને ભંગો કે નયોની વિભિન્નતાઓને જોઈને સમજી નહિ શકવાથી અથવા નિર્ણય નહિ કરી શકવાથી કુતૂહલ, આશ્ચર્ય અને સંદેહશીલ થઈને શ્રમણ નિર્ગ્રંથ કાંક્ષા મોહનીયના શિકાર બની શકે છે. તેથી ગુરુઓએ પોતાના શિષ્યોને પહેલાથી જ વિવિધ પ્રકારે બોધ દ્વારા દઢ મનોબલી બનાવવા જોઈએ જેથી તેઓ આવી સ્થિતિઓના શિકાર બનીને પોતાની સુરક્ષાને ભયમાં નાખનારા ન બને; જ્ઞાનના અમોઘ શસ્ત્રથી સદા અજેય બનીને પોતાના સંયમ અને સમ્યક્ત્વની સુરક્ષા કરવામાં સમર્થ રહે. પ્રત્યેક શિષ્યો સાધકોએ પણ પહેલા સ્વયં આ પ્રકારે અજેય અને સુરક્ષિત બનવાનો પ્રયત્ન કરવો જોઈએ અને અશ્રદ્ધાજન્ય દરેક





પરિસ્થિતિમાં શ્રદ્ધાના અમોઘ શસ્ત્ર રૂપ વાક્યને મગજમાં સદા તૈયાર રાખવું જોઈએ કે ભગવદ્ ભાષિત તત્ત્વ તો સત્ય જ છે, તેમાં શંકા કરવા જેવું જરા પણ નથી. ॥ ઉદ્દેશક–૩ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૭ : ચોથા ઉદ્દેશકમાં ઉપસ્થાન અને અપક્રમણ શબ્દથી શું નિરૂપણ કરવામાં આવ્યું છે ?**

**જવાબ :** ઉપસ્થાન = સંસારવૃદ્ધિ યા ઉત્થાન. અપક્રમણ = પતન, પડવું તે. મોહનીયકર્મના ઉદયમાં જીવ સંસાર વૃદ્ધિ રૂપ ઉપસ્થાન બાલવીર્યપણે કરે છે તથા મોહનીય કર્મના ઉદયથી ઉપરના ગુણસ્થાનથી નીચેના ગુણસ્થાનમાં આવે છે. ત્યારે બાલવીર્યથી ચોથેથી પ્રથમ ગુણસ્થાન સુધીમાં અપક્રમણ= પતન(ગબડવાનું)કરે છે. કદાચિત્ બાલપંડિત વીર્યથી જીવ છટ્ઠા ગુણ-સ્થાનથી પાંચમા ગુણસ્થાનમાં આવવા રૂપમાં અપક્રમણ–પતન પામે છે.

મોહનીય કર્મનો ઉપશમ થવાથી જીવ ઉત્થાન–પ્રગતિ કરે છે ત્યારે તે બાલપંડિત વીર્યથી ચોથા ગુણસ્થાનથી પાંચમામાં અને પંડિત વીર્યથી છટ્ઠા વગેરે ગુણસ્થાનોમાં જાય છે. મોહનીય કર્મના ઉપશમમાં કદાચિત્ અપક્રમણ– પતન કરતા થકા જીવ બાલપંડિત વીર્ય દ્વારા છટ્ઠા ગુણસ્થાનથી પાંચમા ગુણસ્થાનમાં પહોંચે છે.

આ પ્રમાણે બંને અપક્રમણમાં નીચેના ગુણસ્થાનમાં ઉતરવાનું થાય છે અને બંને ઉપસ્થાનમાંથી એક સંસારની વૃદ્ધિરૂપ છે અને એક ગુણસ્થાનની પ્રગતિ રૂપ છે.

આ ઉત્થાન અને અપક્રમણ વગેરે જીવ સ્વયં કરે છે. મોહનીય કર્મના ઉદયથી અર્થાત્ મિથ્યાત્વ મોહનીયના ઉદયથી જીવને પહેલા જેવી ધર્મમાં શ્રદ્ધા રુચિ પ્રતીતિ રહેતી નથી, માટે તેનું અપક્રમણ–પતન થાય છે.

**પ્રશ્ન–૧૮ : કરેલા કર્મો ભોગવવામાં સ્યાદ્વાદ(વિકલ્પ)કઈ રીતે સંભવ છે ?**

**જવાબ :** સામાન્યતઃ આ સિદ્ધાંત છે કે– कडाण कम्माण ण मोक्ख अत्थि કરેલા કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી, એ રાજમાર્ગ છે. કર્મ યથાસમય પોતાના ફળ આપે જ છે. અપવાદ રૂપે કદાચિત્ કોઈ કર્મના ફળ ભોગવવા ન પડતાં પ્રદેશોદયથી જ તે કર્મ ક્ષય થઈ જાય છે, યથા– (૧) તીવ્ર પરિણામોથી નહિ બાંધેલા અર્થાત્ મંદ પ્રયત્નથી કર્મ બાંધ્યા હોય (૨) બાહ્યસંયોગ તે કર્મને

અનુકૂળ ન હોય (૩) વિશિષ્ટ તપ ધ્યાનથી કર્મ નષ્ટ થઈ જાય, આ ત્રણેના ઉદાહરણો, યથા– (૧) તે જ ભવે તીર્થંકર થનાર ચક્રવર્તી અથવા પાંડવોના ભવમાં મંદ પરિણામોથી બંધાએલ હિંસાદિજન્ય કર્મ તે જ ભવમાં ક્ષય થઈ જાય છે. (૨) નરકમાં તીર્થંકર નામ કર્મ, અનુત્તર દેવમાં સ્ત્રીવેદ માટે ત્યાં સંયોગ હોતો નથી. (૩) **भव कोडि स चय कम्म तवसा णिज्जरिज्जइ** ધ્યાનરૂપ તપથી પણ કર્મ ઉદયમાં આવ્યા વિના નષ્ટ કરી દેવામાં આવે છે. તેમ છતાં એ ત્રણે અવસ્થાઓમાં પ્રદેશોદયથી તો તે બંધાએલાં કર્મોને ભોગવવા પડે જ છે. વિપાકોદયમાં ઉક્ત પ્રકારથી ઢકાવટ શક્ય છે. એથી એક અપેક્ષાએ **कडाण कम्माण ण मोक्ख अत्थि** સિદ્ધાંત સત્ય હોવા છતાં પણ કેટલાક કારણોથી કર્મોને પ્રદેશોદયથી જ ક્ષય કરી દેવામાં આવે છે, વિપાકોદય રોકાઈ જાય છે અર્થાત્ તેમાં ઢકાવટ ઉભી કરી શકાય છે. આ જ તથ્યને શતક-૫, ઉદ્દેશક–૫ માં એવંભૂત કર્મવેદન તથા અનેવંભૂત કર્મવેદન રૂપે કહેવામાં આવેલ છે. ૨૪ દંડકના જીવ કેટલાક કર્મ જેમ બાંધે તેમજ ભોગવે છે અને કેટલાક કર્મોને સ્થિતિઘાત, રસઘાત, ઉદ્વર્તના, અપવર્તના, સંક્રમણ આદિ કરીને અન્ય રૂપે વેદે છે.

**પ્રશ્ન– ૧૯ : સર્વજ્ઞ સર્વદર્શી ભગવાનના વિષયમાં અહીં શું શું સ્પષ્ટ કરેલ છે ?**

**જવાબ :** (૧) કયા જીવ પોતાના કયા કર્મોને ભવિષ્યમાં પ્રદેશોદયથી જ ક્ષય કરી દેશે ? તે વાતને કેવલી ભગવાન પોતાના જ્ઞાનથી જાણે છે તથા કયા જીવ પોતાના કયા કયા કર્મોને વિપાકોદય રૂપમાં ભોગવીને ક્ષય કરશે ? એ પણ સર્વજ્ઞ સર્વદર્શી ભગવાન જાણે છે. (૨) સર્વજ્ઞ સર્વદર્શી બન્યા પછી જ જીવ સિદ્ધ થાય છે. કેવલી બન્યા વિના કોઈ પણ છદ્મસ્થ કે અવધિજ્ઞાની, મનઃ પર્યવજ્ઞાની પણ સિદ્ધ થઈ શકતા નથી. આ ત્રૈકાલિક સિદ્ધાંત છે.

સર્વજ્ઞ સર્વદર્શી ભગવાન **અલમસ્તુ** કહેવાય છે. એનું તાત્પર્ય એ છે કે જેઓએ પ્રાપ્ત કરવા યોગ્ય સર્વ જ્ઞાનાદિ ગુણ પ્રાપ્ત કરી લીધા છે, જેના માટે મેળવવા યોગ્ય કંઈ પણ બાકી રહ્યું નથી, એવા તે પરિપૂર્ણ જ્ઞાની **અલમસ્તુ** સંજ્ઞક છે. અહીં કેવલીઓ માટે ચાર અઘાતી કર્મોને ક્ષય કરીને અકર્મા, અશરીરી બનવાનું બાકી હોવા છતાં તેને નગણ્ય-ગૌણ કરી તેઓને સંપૂર્ણ કૃતકૃત્ય સ્વીકારી **અલમસ્તુ** કહેલ છે. ॥ ઉદ્દેશક–૪ સંપૂર્ણ ॥





**પ્રશ્ન–૨૦ : ચોવીસ દંડકમાં જીવોના આવાસસ્થાન, ભવનાવાસ, નગરાવાસ કે વિમાનાવાસ કેટલા છે ?**

**જવાબ : (૧)** નરકના દંડકમાં સાત નરકમાં કુલ ૮૪ લાખ આવાસ સ્થાન (નરકાવાસ) છે. યથા ક્રમશઃ ૩૦,૨૫,૧૫,૧૦,૩ તથા ૧ લાખમાં પાંચ ઓછા અને સાતમી નરકમાં પાંચ નરકાવાસ છે. **(૨-૧૧)** ભવનપતિના ૧૦ દંડકોમાં કુલ ૭,૭૨,૦૦,૦૦૦ (સાત કરોડ બોંતેર લાખ) ભવનાવાસ છે, ક્રમશઃ તે આ પ્રમાણે છે– ૬૪,૮૪,૭૨,૯૬ અસુર, નાગ, સુવર્ણ અને વાયુકુમારોના શેષ ૬ ના ૭૬-૭૬ લાખ ભવનાવાસ છે. **(૧૨-૨૩)** ઔદારિકના દસ દંડક તથા વ્યંતર જ્યોતિષી દેવ એ સર્વના અસંખ્ય આવાસ સ્થાન છે. જેમાં વ્યંતરોના નગરાવાસ અને જ્યોતિષીના વિમાનાવાસ છે. **(૨૪)** વૈમાનિક દેવોના કુલ ૮૪,૯૭,૦૨૩(ચોર્યાસી લાખ સત્તાણું હજાર ત્રેવીસ) વિમાનાવાસ છે, ક્રમશઃ તે આ પ્રમાણે છે– ૩૨,૨૮,૧૨,૮,૪ લાખ; ૫૦,૪૦,૬ હજાર; ૪૦૦,૩૦૦, ૧૧૧,૧૦૭,૧૦૦; ૫ અનુત્તર વિમાન .

**પ્રશ્ન–૨૧ : ચોવીસ દંડકોમાં સ્થિતિ સ્થાન કેટલા છે અને તેમાંથી અશાશ્વત કેટલા છે ?**

**જવાબ :** સર્વ દંડકોમાં સ્થિતિ અસંખ્ય પ્રકારની હોવાથી સ્થિતિ સ્થાન અસંખ્ય છે. ઔદારિકના દસ દંડકોમાં જઘન્ય અંતર્મુહૂર્ત છે, ત્યાર પછી એક સમય અધિક, બે સમય અધિક એમ સંખ્યાત અસંખ્યાત સમય અધિક યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિ સ્થાનની સુધીની સર્વ સ્થિતિ હોય છે, તેને અહીં સ્થિતિ સ્થાન કહ્યા છે.

૨૩ દંડકોમાં અસંખ્ય જીવ હોય છે અને વનસ્પતિમાં અનંતજીવ હોય છે, તેથી અસંખ્ય સ્થિતિ સ્થાનોમાં અર્થાત્ સર્વ સ્થિતિઓમાં જીવ હોઈ શકે છે. કારણ કે સર્વત્ર જીવ ઘણાં છે અને તેઓની સંખ્યાથી સ્થિતિ સ્થાનની સંખ્યા ઓછી હોય છે. તેમ છતાં એકેન્દ્રિયના પાંચ દંડકમાં તો બધા સ્થિતિ સ્થાનોમાં સદા જીવ મળે છે. પરંતુ શેષ ૧૯ દંડકમાં સર્વ જઘન્ય સ્થિતિ શાશ્વત છે, તેના પછી એક સમય અધિકથી લઈને સંખ્યાત સમય અધિક સુધીના સ્થિતિ સ્થાન અશાશ્વત છે અર્થાત્ તેમાં ક્યારેક જીવ હોય છે અને ક્યારેક ન પણ હોય. તેના પછીના સર્વ સ્થિતિ સ્થાનમાં જીવ શાશ્વત હોય છે. મનુષ્યમાં વિશેષતા છે કે સર્વ જઘન્ય સ્થિતિ સ્થાન(અંતર્મુહૂર્ત) પણ સંમૂર્ચ્છિમ મનુષ્યોની અપેક્ષા અશાશ્વત છે અર્થાત્ તેમાં જીવ ક્યારેક હોય છે અને ક્યારેક ન પણ હોય.

**પ્રશ્ન–૨૨ : ચોવીસ દંડકમાં અવગાહના સ્થાન કેટલા હોય છે અને તેમાં અશાશ્વત કયા હોય છે ?**

**જવાબ :** બધા દંડકોમાં જન્મ સમયે સર્વ જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહના હોય છે. ત્યાર પછી એક પ્રદેશાધિક, બે પ્રદેશાધિક આદિ અવગાહના હોય છે. અંતમાં પોતપોતાની ઉત્કૃષ્ટ અવગાહના હોય છે. તે સર્વ અવગાહનાઓને અહીં અવગાહના સ્થાન કહેવાયા છે.

એકેન્દ્રિયમાં બધા અવગાહના સ્થાન શાશ્વત હોય છે. શેષ ૧૯ દંડકમાં જઘન્યથી લઈને સંખ્યાત પ્રદેશાધિક અવગાહના સ્થાન અશાશ્વત છે કારણ કે ત્યાં વિરહકાલમાં અપર્યાપ્તના સંખ્યાત સ્થાન હોતા નથી. અસંખ્યાત પ્રદેશાધિકના બે પ્રકાર છે– પર્યાપ્ત અને અપર્યાપ્ત. પર્યાપ્ત અસંખ્યાત પ્રદેશાધિક શાશ્વત છે. અપર્યાપ્ત અસંખ્ય પ્રદેશાધિક અશાશ્વત છે તોપણ પર્યાપ્ત અપર્યાપ્તના બધા અસંખ્ય પ્રદેશાધિકનો એક જ બોલ હોય છે. આથી સૂત્રમાં અસંખ્ય પ્રદેશાધિકને શાશ્વત કહેલ છે. બધા દંડકમાં પોત પોતાની ઉત્કૃષ્ટ અવગાહના શાશ્વત છે.

**પ્રશ્ન–૨૩ : આ પાંચમા ઉદ્દેશકમાં કષાય સંબંધી ભંગ વર્ણન શું છે ?**

**જવાબ :** ઔદારિકના દશ દંડકના જીવોમાં ક્રોધ, માન, માયા, લોભ એ ચારે ય કષાય શાશ્વત મળે છે પરંતુ નારકીમાં માન, માયા, લોભ અશાશ્વત છે અને દેવતાઓમાં ક્રોધ, માન, માયા, અશાશ્વત છે અર્થાત્ નારકીમાં ક્રોધ શાશ્વત છે અને દેવતાઓમાં લોભ શાશ્વત છે.

આ પ્રમાણે નારકી દેવતામાં એક કષાય શાશ્વત અને ત્રણ કષાય અશાશ્વત હોવાથી પ્રત્યેક શાશ્વત સ્થિતિ સ્થાનમાં અને શાશ્વત અવગાહના સ્થાનમાં ૨૭ ભંગ બને છે અને જે સ્થિતિ-અવગાહના સ્થાન અશાશ્વત છે ત્યાં ચારે ય કષાય સ્વતઃ અશાશ્વત થઈ જવાથી ૮૦ ભંગ બને છે. આ કારણે અશાશ્વત સંખ્યાત સ્થિતિ સ્થાનોમાં અને પ્રારંભિક સંખ્યાત અવગાહના સ્થાનોમાં ૮૦ ભંગ થાય છે. મનુષ્યમાં સર્વ જઘન્ય સ્થિતિ સ્થાનમાં પણ ૮૦ ભંગ સંમૂર્ચ્છિમ મનુષ્યના વિરહકાલની અપેક્ષા કહેવામાં આવેલ છે.

**પ્રશ્ન–૨૪ : ભંગ સંખ્યા ૨૭, ૮૦ વગેરે કેવી રીતે બને છે ?**

**જવાબ :** કોઈપણ **બે બોલમાં** એક શાશ્વત એક અશાશ્વત હોય તો ત્રણ





ભંગ થાય છે. (૧) બધા શાશ્વત બોલવાળા (૨) શાશ્વત બોલવાળા અનેક અને અશાશ્વત બોલનો એક (૩) શાશ્વત બોલના અનેક અને અશાશ્વત બોલના પણ અનેક.

કોઈ **ત્રણ બોલમાં** એક શાશ્વત અને બે અશાશ્વત હોય તો ૯ ભંગ બને છે. યથા– (૧) સર્વ જીવ એક માત્ર શાશ્વત બોલવાળા (૨) શાશ્વતના અનેક અને પ્રથમ અશાશ્વતનો એક (૩) શાશ્વતના અનેક અને પ્રથમ અશાશ્વતના પણ અનેક (૪) શાશ્વતના અનેક અને બીજા અશાશ્વતનો એક (૫) શાશ્વતના અનેક અને દ્વિતીય અશાશ્વતના પણ અનેક (૬) શાશ્વતના અનેક અને બંને અશાશ્વતના એક-એક (૭) પ્રથમ અશાશ્વતનો એક, દ્વિતીય અશાશ્વતના અનેક (૮) પ્રથમ અશાશ્વતના અનેક અને દ્વિતીય અશાશ્વતનો એક (૯) બંને અશાશ્વતના અનેક. આ પ્રમાણે અસંયોગી–૧ ભંગ, દ્વિ સંયોગી–૪ ભંગ અને ત્રણસંયોગી–૪ ભંગ; એમ કુલ ૧+૪+૪ ભંગ = ૯ ભંગ થયા.

કોઈ **ચાર બોલમાં** એક શાશ્વત અને ત્રણ અશાશ્વત હોય તો ૨૭ ભંગ બને છે. જેમાં પ્રથમ ભંગ કેવળ શાશ્વતનો ઉપર પ્રમાણે. દ્વિસંયોગી–૬ ભંગ=શાશ્વતની સાથે ત્રણ અશાશ્વત ક્રમશઃ એક અને અનેક ૩×૨=૬. ત્રણ સંયોગી ૧૨ ભંગ અને ચાર સંયોગી ૮ ભંગ, કુલ–૧+૬+૧૨+૮=૨૭.

કષાય ૪ છે. તેમાંથી નરકમાં એક ક્રોધ શાશ્વત અને માન વગેરે ત્રણ અશાશ્વતના ૨૭ ભંગ આ પ્રમાણે થાય છે– (૧) સર્વ ક્રોધી (૨) ક્રોધી અનેક, માની એક અને (૩) આ પ્રમાણે ક્રોધીની સાથે માની ઘણા (૪) માયી એક અને (૫) માયી બહુ (૬) લોભી એક અને (૭) ક્રોધી ઘણા, લોભી ઘણા. (૮-૧૨) ક્રોધી, માની, માયીથી ચૌભંગી. (૧૩-૧૫) ક્રોધી, માની, લોભીથી ચૌભંગી. (૧૬-૧૯) ક્રોધી, માયી, લોભીથી ચૌભંગી. (૨૦-૨૭) ક્રોધી અનેક+માની માયી લોભી એક-એક. અહીં માનીને એક રાખવાથી અને માયી લોભીના એક અનેક બદલાવવાથી ૪ ભંગ અને માનીને અનેક કહીને બીજા ૪ ભંગ તેમજ સમજવા. એમ આઠ ભંગ ચાર સંયોગીના થાય છે. જ્યારે મૂળ બોલ અશાશ્વત હોય ત્યારે ચારે ય કષાય અશાશ્વત થઈ જાય છે. તેથી ચારે ય અશાશ્વતના ૮૦ ભંગ થાય છે. તે આ પ્રમાણે છે– અસંયોગી એક-અનેકના ૮ ભંગ થાય છે અર્થાત્ ચારે અલગ-અલગ એક-એક અને ચારે અનેક-અનેક.

દ્વિસંયોગી ૬ વિકલ્પની ૬ ચૌભંગી બનવાથી ૬×૪=૨૪ ભંગ થાય છે. ત્રણ સંયોગી ૪ વિકલ્પ બને છે અને પ્રત્યેક વિકલ્પમાં ૮ ભંગ બને છે. એથી ૪×૮=૩૨ ભંગ. ચાર સંયોગી એક વિકલ્પ જ બને છે, કારણ કે કષાય ચાર જ છે. એક વિકલ્પમાં ૧૬ ભંગ બને છે. યથા– ક્રોધી એક માની એક રાખતા માયી-લોભીથી એક ચૌભંગી, માની અનેકથી બીજી ચૌભંગી. એ આઠ ભંગ ક્રોધી એકથી થયા છે. વળી ક્રોધી અનેકના આઠ ભંગ. એમ કુલ ૮+૨૪+૩૨+ ૧૬=૮૦ ભંગ.

નારકી દેવતામાં શાશ્વત સ્થાનમાં પણ ત્રણ કષાય અશાશ્વત હોવાથી ૨૭ ભંગ અને અશાશ્વત સ્થાનમાં ૪ કષાય અશાશ્વત હોવાથી ૮૦ ભંગ. એકેન્દ્રિયમાં બધા સ્થાન શાશ્વત છે અને ચારે કષાય પણ શાશ્વત છે એથી એક જ ભંગ બને છે. યથા– ચારે ય કષાય શાશ્વત છે. ત્રસના ઔદારિક પાંચ દંડકોમાં ચાર કષાય તો શાશ્વત છે પરંતુ સંખ્યાત સ્થિતિ સ્થાન અને સંખ્યાત અવગાહના સ્થાન ખુદ અશાશ્વત હોવાથી ચારે ય કષાય અશાશ્વત થઈ જાય છે. તેથી તે અશાશ્વત સ્થાનોમાં ૮૦ ભંગ થાય છે. શેષ સર્વ શાશ્વત સ્થાનોમાં અભંગ(એક ભંગ) થાય છે.

### પ્રશ્ન–૨૫ : અહીં સ્થિતિ સ્થાન અને અવગાહના સ્થાન સિવાય શું વર્ણન છે ?

**જવાબ :** આ બે ઉપરાંત અહીં આઠ બોલ વર્ણિત છે, યથા– (૧) શરીર (૨) સંઘયણ (૩) સંસ્થાન (૪) લેશ્યા (૫) દૃષ્ટિ (૬) જ્ઞાન (૭) યોગ (૮) ઉપયોગ. તેમાંથી મનુષ્યમાં આહારક શરીર તથા પૃથ્વી, પાણી, વનસ્પતિમાં તેજોલેશ્યા અશાશ્વત છે. વિકલેન્દ્રિયમાં સમ્યગ્દૃષ્ટિ અને ૨ જ્ઞાન અશાશ્વત છે. મિશ્રદૃષ્ટિ ૧૬ દંડકમાં અશાશ્વત છે. આ બધા અશાશ્વત બોલોમાં કષાય ૪ ના ૮૦ ભંગ બને છે. શેષ શાશ્વત બોલોમાં નારકી દેવતામાં કષાયના ૨૭ ભંગ અને ઔદારિક ૧૦ દંડકોમાં કષાયનો અભંગ(૧ ભંગ) છે. ॥ ઉદ્દેશક–૫ સંપૂર્ણ ॥

### પ્રશ્ન–૨૬ : અહીં છટ્ઠા ઉદ્દેશકમાં રોહા અણગારના પ્રશ્ન વિષયક શું નિરૂપણ છે ?

**જવાબ :** રોહા અણગાર ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી શિષ્ય હતા. કોઈ સમયે ધર્મધ્યાનમાં મગ્ન રોહા અણગારને શાશ્વત પદાર્થોના વિષયમાં જિજ્ઞાસા ઉત્પન્ન થઈ. ભગવાનની સેવામાં ઉપસ્થિત થઈ સમાધાન પ્રાપ્ત





કર્યું. ભગવાનનું સમાધાન હતું કે લોક અને અલોક કે જીવ અને અજીવ એમાં કોઈ પહેલા કે પછી નથી એ શાશ્વત પદાર્થ છે. તેમાં આનુપૂર્વીભાવ નથી પરંતુ એ અનાનુપૂર્વીભાવ છે. તે જ પ્રમાણે ભવી-અભવી, સિદ્ધ-સંસારી, સિદ્ધિ (સિદ્ધશિલા)-અસિદ્ધિ વગેરે. કૂકડી અને ઈંડામાં પણ પહેલા કે પછી કોઈને કહી શકાતું નથી. કારણ કે ઈંડું કૂકડીથી અને કૂકડી ઈંડામાંથી ઉત્પન્ન થાય છે અને બંને પણ શાશ્વત ભાવ છે.

લોકની સાથે સાતમી નરક, તેનું આકાશાંતર, ઘનોદધિ, ઘનવાત, તનુવાત, દ્વીપ, સમુદ્ર, ૨૪ દંડકના જીવ, પાંચ અસ્તિકાય, ૮ કર્મ, પાંચ શરીર, ૬ લેશ્યા, ૩ દૃષ્ટિ, ૪ દર્શન, ૪ સંજ્ઞા, ૫ જ્ઞાન, ૩ યોગ, ૨ ઉપયોગ એ સર્વના ભેદ પરસ્પર અનાનુપૂર્વી ભાવવાળા છે, તેમાં પૂર્વાપરનું કથન થઈ શકે નહિ. એ બધા શાશ્વતભાવ છે. રોહા અણગારને જાગેલી જિજ્ઞાસાનું પૂર્ણ સમાધાન થઈ ગયું.

### પ્રશ્ન–૨૭ : સૂર્યના પ્રકાશ વિષે અહીં શું બતાવવામાં આવ્યું છે ?

**જવાબ :** સવાર અને સાંજ બંને સમય સૂર્ય સમાન ક્ષેત્રને પ્રકાશિત અને આતાપિત કરે છે. વાસ્તવમાં સૂર્યને માટે સવાર સાંજ બધું સરખું છે, તે તો સદા એક સરખો પ્રકાશ કરે છે.

સૂર્ય દરેક સ્થળ, ક્ષેત્ર, વસ્તુ વગેરેને છ દિશાથી આતાપિત કરે છે. સૂર્ય બધાને સ્પર્શ કરીને આતાપિત-પ્રકાશિત કરે છે અર્થાત્ સૂર્યના કિરણો પદાર્થોને છ દિશાથી સ્પર્શ કરે છે.

અહીં એ પણ કહેવામાં આવ્યું છે કે લોક અલોકને, અલોક લોકને, દ્વીપ સમુદ્રને અને સમુદ્ર દ્વીપને, પાણી નાવને, નાવ પાણીને એ સર્વે એક બીજાને છ દિશાથી સ્પર્શે છે.

પ્રાણાતિપાત વગેરે પાપક્રિયાઓ જીવને જાતે કરવાથી લાગે છે તે ક્રિયાઓ ૬ દિશાથી સ્પર્શ કરીને કરવામાં આવે છે. એ પાપક્રિયાઓ પરકૃત નથી લાગતી. અહીં સ્વયં કરવામાં કરાવવું અનુમોદવું પણ સમાવિષ્ટ છે તેથી અવ્રતની ક્રિયા સૂક્ષ્મ અનુમોદન રૂપે સ્વકૃત લાગે છે. અવ્રતની ક્રિયા અનુમોદનરૂપ હોય છે.

એકેન્દ્રિયમાં એ ક્રિયાઓ કદાચિત્ ૩-૪-૫ દિશાથી પણ લાગે છે.

અન્ય જીવોમાં નિયમા છ દિશાથી લાગે છે. એકેન્દ્રિય જે લોકાંતમાં હોય છે તેને વ્યાઘાત આશ્રી ૩-૪-૫ દિશાથી ક્રિયાઓ લાગે છે. જે લોક મધ્યમાં હોય છે તેને નિયમા છ દિશાથી ક્રિયાઓ લાગે છે.

**પ્રશ્ન–૨૮ : લોક સંસ્થિતિ કેવા પ્રકારની છે ?**

**જવાબ :** આ છટ્ઠા ઉદ્દેશકમાં લોક સંસ્થિતિના ૮ પ્રકાર દર્શાવ્યા છે– (૧) આકાશના આધારે વાયુ છે. (૨) વાયુના આધારે પાણી છે. (૩) પાણીના આધારે પૃથ્વી છે. (૪) પૃથ્વી પર ત્રસ સ્થાવર પ્રાણી છે. (૫) અજીવ જીવ પ્રતિષ્ઠિત છે. (૬) જીવ કર્માધીન અર્થાત્ કર્મના વશવર્તી છે. (૭) અજીવોને જીવોએ સંગ્રહ કરીને રાખ્યા છે. (૮) જીવને કર્મોએ (પુદ્ગલોએ) રોકી રાખેલ છે.

મશકમાં પાણી અને હવા વિશેષ રીતે ભરાય તો હવા પર પાણી રહી જાય છે. હવા ભરેલી મશકને પીઠ પર બાંધીને પાણી પર તરીને તેને પાર કરી શકાય છે. આ હવાના આધાર પર લોક સંસ્થિતિને સમજવા માટે દષ્ટાંત છે. આપણે જે પૃથ્વી પર છીએ તેની નીચે ઘનોદધિ(પાણી) છે, પછી તેની નીચે ઘનવાય છે, તેની નીચે તનવાય છે અને પછી નીચે કેવળ આકાશ છે.

**પ્રશ્ન–૨૯ : સૂક્ષ્મ સ્નેહકાયના સંબંધમાં ઉદ્દેશક–૬માં શું કહ્યું છે ?**

**જવાબ :** ઊંચે, નીચે, તીરછે સદા નિરંતર સૂક્ષ્મ સ્નેહકાય વરસે છે. શાસ્ત્ર પાઠમાં સૂક્ષ્મ અને સ્નેહકાય શબ્દ છે એ બંને ય મહત્ત્વના છે. એના પછી કહ્યું છે કે જેમ બાદર અપ્કાયના વર્ષાબુંદો(ટીપાં) મળીને, એકઠા થઈને ચિરકાળ-કેટલાક સમય સુધી રહે છે તેમ આ સૂક્ષ્મ સ્નેહકાય એકઠી થઈને રહેતી નથી પરંતુ પડતાં-વરસતાં જ તત્કાલ વિધ્વંશ-નષ્ટ થઈ જાય છે.

આ પ્રમાણે અહીં સૂક્ષ્મ સ્નેહકાયને બાદર અપ્કાય જેમ હોવાનો-માનવાનો નિષેધ કરેલ છે અને ઓસ, ઝાકળ, ધુમ્મસ વગેરે જેવી ચક્ષુગ્રાહ્યપણ આ સ્નેહકાય નથી અને તેનું અસ્તિત્વ જ્યાં પડે, વરસે ત્યાં જ નાશ પામી જાય છે. આવી સ્થિતિમાં આ સૂક્ષ્મ સ્નેહકાયના નામે માથા ઉપર કપડું ઓઢવું અથવા કામળી ઓઢવી અને સૂર્યોદય પછી અને સૂર્યાસ્ત પહેલાં પણ એક પ્રહર સુધી કાંબળી ઓઢવાની પરંપરા અત્યંત વિચારણીય છે અર્થાત્ સમીક્ષા કરવા યોગ્ય છે. કારણ કે આગમમાં કામળી કે વસ્ત્ર રાખવાનો જ સાધુ માટે આગ્રહ નથી. અચેલ હોવું અથવા વસ્ત્રની ઉણોદરી કરવાનું પ્રશસ્ત કહ્યું છે.





યુવાન, સ્વસ્થ સાધુને એક જાતના જ વસ્ત્ર રાખવાની અર્થાત્ માત્ર સુતરાઉ વસ્ત્ર રાખવાની જ શાસ્ત્રાજ્ઞા છે, બીજી જાતના વસ્ત્ર રાખવાનો સ્પષ્ટ નિષેધ છે, તો ઊની વસ્ત્રરૂપ કામળી રાખવાના જરૂરી નિયમ ઘડવા આગમ વિપરીત પ્રરૂપણા છે તથા આ સૂક્ષ્મ સ્નેહકાયનું ખોટું, ભ્રામક, મનમાન્યું તાત્પર્ય બતાવીને ગેરસમજથી ચલાવેલી આચરણ પદ્ધતિ માત્ર છે, એમ સમજવું જોઈએ. આ વિષયમાં વિશેષ સ્પષ્ટીકરણ સારાંશના પુસ્તકોમાં દશાશ્રુતસ્કંધ સૂત્ર અને ભગવતીસૂત્રમાં યથાસ્થાને કરવામાં આવેલ છે. વિશેષ જિજ્ઞાસુ પાઠકોએ તે સ્થળોનું અધ્યયન અવશ્ય કરવું જોઈએ. ।। ઉદ્દેશક–૬ સંપૂર્ણ ।।

**પ્રશ્ન–૩૦ : જીવની શું સર્વ આત્મપ્રદેશોથી ઉત્પત્તિ, મરણ કે આહાર વગેરે થાય છે ? અથવા દેશથી કે અર્ધેથી પણ ઉત્પત્તિ થઈ શકે છે ?**

**જવાબ :** જીવના આત્મપ્રદેશોનું વિભાજન ક્યારે ય થતું નથી તે દેશથી કે અર્ધેથી ઉત્પન્ન થતા નથી, સર્વ આત્મપ્રદેશોથી ઉત્પન્ન થાય છે. સર્વ આત્મ પ્રદેશોથી આહાર કરે છે અર્થાત્ આહારનું પરિણમન સર્વ આત્મપ્રદેશોથી થાય છે. માત્ર દેખાવ પુરતું ગ્રહણ નિસ્સરણ મુખ આદિથી થાય છે. એ જ પ્રમાણે મૃત્યુ પણ સર્વ આત્મપ્રદેશોથી થાય છે. ગ્રહણ કરવામાં આવેલ આહાર પુદ્ગલોમાંથી ક્યારેક બધા આહારનું પરિણમન થાય છે, ક્યારેક દેશ(અંશ) આહારનું પરિણમન થાય છે અર્થાત્ રોમાહાર ઓજાહારમાં બધા ગ્રહણ કરાયેલ આહારનું પૂર્ણ પરિણમન થાય છે અને કવલાહારમાં સંખ્યાતમા ભાગનું આહાર રૂપે પરિણમન થાય છે, અવશેષ આહારનું નિસ્સરણ થઈ જાય છે. આ જ રીતે ચોવીસ દંડકમાં પણ સમજી લેવું જોઈએ.

***[''અસંખ્યાતમા ભાગનું પરિણમન થાય છે'' તેમ બોલવાની પરંપરા છે અને તેવો જ પાઠ પણ પ્રતોમાં મળે છે પરંતુ તે પાઠ અશુદ્ધ થઈ ગયેલ હોય તેમ જણાય છે. કારણ કે એકવારના કવલાહારમાંથી અસંખ્યાતમા ભાગનું પરિણમન થતાં જિંદગીમાં એક લાખ વાર ગ્રહણ કરેલા આહારનું કુલ પરિણમન એક લાખ અસંખ્યાતમા ભાગ થતાં એક ગ્રામ જેટલું પરિણમન પણ શરીરમાં નહીં થાય ત્યારે બાલકના શરીરની વૃદ્ધિ થવી અસંભવ થઈ જાય, માટે સંખ્યાતમા ભાગના આહારનું પરિણમન સ્વીકારવું જ ઉચિત થાય છે. તે જ કારણે અહીં પ્રશ્નોત્તરમાં અને આ પ્રસંગે આગમ સારાંશમાં પણ સંખ્યાતમા ભાગને જ મૌલિક રૂપે સ્વીકારેલ છે.]***

## પ્રશ્ન–૩૧ : સાતમા ઉદ્દેશકમાં ગર્ભસ્થ જીવ સંબંધી જાણકારી કઈ રીતે છે ?

**જવાબ : (૧)** માતા-પિતાના સંયોગજન્ય શુક્ર-શોણિતનું મિશ્રણ ૧૨ મુહૂર્ત સુધી પુત્રોત્પત્તિને યોગ્ય રહે છે. **(૨)** ઉત્પન્ન થનાર જીવ સર્વ પ્રથમ તે મિશ્રણનો આહાર કરી શરીર બનાવે છે. **(૩)** આવનાર જીવ પાંચે ય ભાવેન્દ્રિય સાથે લઈને આવે છે, દ્રવ્યેન્દ્રિય વિના આવીને જન્મે છે. **(૪)** તેજસ કાર્મણની અપેક્ષા સશરીરી જન્મે છે, શેષ શરીરની અપેક્ષા અશરીરી આવીને ઉત્પન્ન થાય છે. **(૫)** જન્મ પછી ગર્ભમાં રહેલ જીવ માતાએ કરેલ, પરિણમાવેલ આહારમાંથી થોડોક અંશ **ઓજ** રૂપ આહાર ગ્રહણ કરે છે. **(૬)** ગર્ભમાં રહેલ જીવને કવલ આહાર હોતો નથી.

**(૭)** ગર્ભગત જીવને અને માતાને બંનેને એક-એક રસહરણી નાડી હોય છે. **(૮)** પુત્રની નાડી માતાને સ્પર્શતી હોય છે અને માતાની નાડી પુત્રને સ્પર્શતી હોય છે. માતાની નાડીથી પુત્ર આહાર પ્રાપ્ત કરે છે અને પોતાની નાડીથી આહારનો ચય ઉપચય-પાચન થાય છે. **(૯)** માનવ શરીરમાં ત્રણ **માતૃઅંગ** અને ત્રણ **પિતૃઅંગ** પ્રધાન કહેવામાં આવ્યા છે. સ્થાનાંગ સૂત્રમાં પણ તે કહેલ છે. ***જુઓ– પ્રશ્નોત્તરી ભાગ–૨, પૃષ્ટ–૭૮.*** સમય સમય ક્ષીણ થતા તે અંગ જીવન ભર રહે છે અર્થાત્ તે અંગમાં માતા-પિતાના જીવન અંશ આયુષ્ય પર્યંત રહે છે. **(૧૦)** ગર્ભગત જીવ અશુભ વિચારોથી યુદ્ધના વિચારોથી અને વૈક્રિય લબ્ધિથી યુદ્ધ કરતાં મરીને નરકમાં પણ જઈ શકે છે તથા શુભ વિચારોથી ધર્મભાવોથી દેવગતિમાં ઉત્પન્ન થઈ શકે છે. **(૧૧)** ગર્ભમાં રહેલ જીવ ચિત્તા, પસવાડે, અંતકુબ્જ આસનથી પણ રહે છે. માતાના સુવા પર સુએ છે, બેસવા, ઉભા રહેવા પર ગર્ભગત બાળક પણ તેમ રહે છે. માતાના સુખી-દુઃખી થવા પર તે સુખી-દુઃખી પણ થાય છે. **(૧૨)** ગર્ભગત બાળક પ્રસૂતિ વેળાએ મસ્તકથી કે પગથી આવે તો સુખપૂર્વક બહાર આવે છે, આડું ત્રાંસુ આવે તો કષ્ટપૂર્વક બહાર આવે છે અથવા મરી જાય છે. **(૧૩)** અશુભ કર્મ લઈને આવનાર કાળા, કલૂટા, બેડોળ, અપ્રિય, અમનોજ્ઞ, હીનસ્વર, દીનસ્વર વગેરે **અનાદેય વચન** વાળા હોય છે. શુભ કર્મ સંગ્રહ કરીને આવનાર એનાથી વિપરીત ગૌરવર્ણ આદિ યાવત્ **આદેયવચન** વાળા હોય છે. ॥ ઉદ્દેશક-૭ સંપૂર્ણ ॥





## પ્રશ્ન–૩૨ : વીર્ય પુરુષાર્થ–પરાક્રમ કેટલા પ્રકારના કહ્યા છે તથા સિદ્ધોમાં યા સંસારી જીવોમાં કયા-કયા વીર્ય હોય છે ?

**જવાબ :** અહીં ઉદ્દેશક–૮માં જીવના વીર્ય–પુરુષાર્થનું વર્ણન બે પ્રકારે નિરૂપિત છે. બાલ, પંડિત અને બાલપંડિત વીર્ય એમ ત્રણ પ્રકાર છે તથા લબ્ધિ અને કરણવીર્ય એમ બે પ્રકારના છે. સિદ્ધોમાં એ પાંચમાંથી કોઈ પણ વીર્ય હોતું નથી.

સંસારી જીવોમાં લબ્ધિ, કરણ અને બાલવીર્ય એ ત્રણે ૨૪ દંડકમાં હોય છે. પંડિતવીર્ય કેવળ મનુષ્યમાં અને બાલપંડિત વીર્ય મનુષ્ય-તિર્યંચ બંનેમાં હોય છે.

બાલવીર્યમાં ચારે ય ગતિનું આયુષ્ય બાંધી શકાય છે. બાલ પંડિત વીર્યવાળા શ્રમણોપાસક હોય છે. તે વૈમાનિક દેવોનું આયુષ્ય બાંધે છે. પંડિત વીર્યવાળા કોઈ તો (ગુણસ્થાન ૬-૭ વાળા) આયુષ્યનો બંધ કરે છે અને કોઈ (ઉપરના ગુણસ્થાન વાળા) આયુબંધ કરતા નથી, તેઓ અંતક્રિયા કરે છે.

આયુષ્ય કર્મ જીવનમાં એક વાર જ બંધાય છે. આયુબંધ જ્યાંનો થાય છે ત્યાં જીવ જાય છે, અન્યત્ર ક્યાંય પણ જાતો નથી. આયુષ્ય બાંધ્યા વિના કોઈ જીવ મરતો નથી અને એક વાર આયુષ્ય બાંધ્યા પછી તેમાં કોઈ પણ પ્રકારે પરિવર્તન થતું નથી કારણ કે તે એક જ વારમાં નિકાચિત બંધ થાય છે.

અપર્યાપ્ત જીવોમાં અને શૈલેષી અવસ્થામાં કરણવીર્ય હોતું નથી માત્ર લબ્ધિ વીર્ય જ હોય છે.

## પ્રશ્ન–૩૩ : કાયિકી આદિ પાંચ ક્રિયાઓ કઈ છે અને જીવને ક્યારે કેવી રીતે લાગે છે ?

**જવાબ :** સ્થાનાંગ સૂત્ર અને તત્ત્વાર્થ સૂત્ર અનુસાર કુલ ૨૫ ક્રિયાઓ કહેવાય છે. જેનું એક સાથે વર્ણન સારાંશના પુસ્તકોમાં ઉપદેશ શાસ્ત્રમાં કરવામાં આવ્યું છે. ક્રિયાઓ સંબંધી બે બે ભેદોનું કથન સ્થાનાંગ સૂત્રમાં સ્થાન–૨ માં અને સ્થાન–૫ માં પણ આવે છે. ***તે માટે પ્રશ્નોત્તર ભાગ–૨, પૃષ્ટ–૧૩, પ્રશ્ન–૬ જુઓ.***

પ્રસ્તુત આઠમા ઉદ્દેશકમાં (૧) કાયિકી (૨) અધિકરણિકી (૩) પ્રાદ્વેષિકી (૪) પારિતાપનિકી અને (૫) પ્રાણાતિપાતિકી એ પાંચ ક્રિયાઓ

સંબંધી નિરૂપણ આ પ્રમાણે છે– **(૧)** હરણને મારવાના સંકલ્પથી લઈને ધનુષ બાણ ચડાવી તૈયાર રહેવા અને બાણ છોડવા સુધી જીવને ત્રણ ક્રિયા, બાણ હરણને લાગતા ચાર ક્રિયા અને મૃગના મરી જતાં પાંચ ક્રિયા લાગે છે. **(૨)** હરણને ફસાવવા માટે જાળ બિછાવવા વાળાને પૂર્વ તૈયારીથી ત્રણ ક્રિયા, હરણના ફસી જવાથી ચાર ક્રિયા અને તેને મારવાથી પાંચ ક્રિયા લાગે છે. **(૩)** સજીવ ઘાસને બાળવા માટે એકઠું કરવા સુધી ત્રણ ક્રિયા, તેમાં આગ લગાડતા ચાર ક્રિયા અને ઘાસના બળી જતાં પાંચ ક્રિયા લાગે છે.

**(૪)** એક વ્યક્તિ ધનુષ બાણ ખેંચીને હરણને મારવાની તૈયારીમાં ઉભી છે, બીજી વ્યક્તિએ આવીને તલવારના પ્રહારથી તે વ્યક્તિને જ મારી નાખ્યું. જેથી બાણ પણ છૂટી જવાથી હરણ પણ મરી ગયું ત્યારે બંને વ્યક્તિ પોતપોતાના સંકલ્પ અનુસાર વેરથી સ્પર્શાય છે અર્થાત્ પુઢષને મારવાના સંકલ્પવાળા પુઢષના વેરથી અને હરણને મારવાના સંકલ્પવાળા હરણના વેરથી સ્પર્શાય છે–બંધાય છે. હરણના વધ કરનારને હરણથી ૫ ક્રિયા અને પુઢષ ઘાતકને પુઢષથી પાંચ ક્રિયા લાગે છે. તે ઉપરાંત હરણ વધથી પુઢષ ઘાતકને પણ ત્રણ કે ચાર ક્રિયા લાગે છે. જેની સ્પષ્ટતા અહીં કરવામાં આવી નથી કિંતુ અન્યત્ર શ.૫, ઉ.૬ થી સ્પષ્ટ થાય છે.

કોઈ વ્યક્તિ કોઈને હાથોહાથ(નજીકથી) તલવાર, ભાલા, બરછી વગેરેથી મારે છે તો તે તેના તીવ્ર વેરથી સ્પર્શાય છે અને તેને પાંચ ક્રિયા તો લાગે જ છે. અહીં કહેવામાં આવેલ ત્રણ, ચાર, પાંચ ક્રિયા ક્રમશઃ જ સમજવી. ક્રમ ઉપર આપવામાં આવેલ છે. ॥ ઉદ્દેશક-૮ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૩૪ : સંસારના પદાર્થોને હળવા ભારે વગેરે રૂપમાં કયા પ્રકારે વિભાજન કરવામાં આવેલ છે ?**

**જવાબ :** સંસારના પદાર્થોમાં વ્યવહાર નયથી ગુઢ, લઘુ, ગુઢલઘુ, અગુઢલઘુ એમ ચાર પ્રકાર થાય છે પરંતુ શાસ્ત્રમાં નિશ્ચયનયથી ગુઢલઘુ અને અગુઢલઘુ આ બે ભેદમાં સમસ્ત પદાર્થોને લેવામાં આવે છે. **અગુઢલઘુમાં** ચૌસ્પર્શી પુદ્ગલ અને અરૂપી પદાર્થોને કહેવામાં આવેલ છે, યથા– સાત આકાશાંતર, ચાર અસ્તિકાય, કાલ, કર્મ, ભાવલેશ્યા, કાર્મણશરીર, ૩ દષ્ટિ, ૪ દર્શન, ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૪ સંજ્ઞા, મન-વચનયોગ, ૨ ઉપયોગ, ૩ કાલ.

**ગુઢલઘુમાં** આઠ સ્પર્શવાળા બાદર પદાર્થ હોય છે. યથા– ૭ તનુવાય,





૭ ઘનવાય, ૭ ઘનોદધિ, ૭ પૃથ્વી, બધા દ્વીપ સમુદ્ર, બધા ક્ષેત્ર અને ચાર શરીર(કાર્મણ સિવાય), ૬ દ્રવ્યલેશ્યા અને ૧ કાયયોગ; એ સર્વ પદાર્થ બાદર સ્કંધરૂપ હોય છે.

**ઉભય–** નાનાવિધ સંગ્રહવાળા બોલોમાં આ ઉપરોક્ત બંને બોલ(ભાવો) હોય છે, જેમ કે– પુદ્ગલાસ્તિકાય, સર્વદ્રવ્ય, સર્વપ્રદેશ, સર્વપર્યાય આદિમાં કેટલાક ગુઢલઘુ અને કેટલા ય અગુઢલઘુ પણ હોય છે.

**પ્રશ્ન–૩૫ : આગળના ભવનું આયુષ્ય બાંધ્યા પછી તેને જીવ તત્કાલ ભોગવવાનું ચાલુ કરી દે છે ?**

**જવાબ :** આયુષ્ય સંબંધી જાણકારી પ્રશ્ન–૩૨ માં આપેલ છે. આયુષ્ય બાંધ્યા પછી તે તત્કાલ ઉદયમાં આવતું નથી. તેનો પ્રદેશોદય ચાલુ થઈ જાય છે. પરંતુ વિપાકોદય થતો નથી. આયુષ્ય બાંધ્યા પછી જેટલું આ ભવનું આયુષ્ય બાકી રહેલું હોય તેને જ ભોગવાય છે. આ ભવનું આયુષ્ય પૂર્ણ થતાં જીવ મૃત્યુને પ્રાપ્ત થાય છે ત્યારે આગળના ભવનું આયુષ્ય ભોગવવાનો પ્રારંભ થાય છે. મતાંતરથી આયુષ્ય કર્મ બાંધ્યા પછી તેનો પ્રદેશોદય થાય છે જે પ્રસ્તુત કથનથી અવિઢદ્ધ છે. અહીં ઉદ્દેશક–૯માં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે એક સમયમાં એક જ આયુષ્યનું વેદન કરી શકાય છે, આ ભવનું કે પરભવનું. બે આયુષ્યનું એક સાથે વેદન કહેનારા મિથ્યા કથન કરે છે. આ વેદન વિપાકોદયની અપેક્ષા સમજવું. પ્રદેશોદયને વેદન કહેવાતું નથી.

**પ્રશ્ન–૩૬ : કાલશ્યવેષી અણગારની મૂંઝવણ શું હતી ?**

**જવાબ :** ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ ભગવાનના તે શિષ્ય હતા અને બાહ્ય પ્રવૃત્તિ અથવા વ્યવહારના આચરણ પ્રત્યે કંઈક સંદેહશીલ હતા અર્થાત્ આ વેશભૂષા અને બાહ્ય પ્રવૃત્તિઓ– સામાયિક, સંવર આદિ કેવી રીતે થઈ શકે છે.

ભગવાન મહાવીર સ્વામીના સ્થવિર ભગવંતોનો સમાગમ થવા પર પોતાની મૂંઝવણને તેમણે જિજ્ઞાસારૂપમાં અને આક્ષેપાત્મક શબ્દોમાં વ્યકત કરી, સ્થવિર ભગવંત અનુભવ વૃદ્ધ હતા. તેઓ તે અણગારની મનોસ્થિતિ સમજી ગયા અને વ્યવહારને ગૌણ કરીને નિશ્ચય નયની ભાષામાં બોલ્યા કે– આત્મા જ સામાયિક અને સામાયિક નો અર્થ છે, આત્મા જ સંવર અને સંવરનો અર્થ છે, પ્રત્યાખ્યાન વિવેક અને વ્યુત્સર્ગ પણ આત્મા જ છે. ગુણ ગુણીમાં હોય છે એથી એ સૌ આત્મસ્વરૂપ જ છે.

**પ્રતિપ્રશ્ન–** તો પછી ક્રોધમાન વગેરે પણ આત્મસ્વરૂપ જ છે, આત્મામાં હોવાથી; તો તેની ગર્હા શા માટે કરાય છે ? **સમાધાન–** ક્રોધાદિ આત્મસ્વરૂપ હોવા છતાં પણ અવગુણ રૂપ છે. તેની ગર્હા-વિવેક સંયમને માટે કરાય છે. ગર્હા દોષનો વિનાશ કરનારી છે તેમજ બાલભાવનું નિવારણ કરે છે. જેનાથી આત્મામાં સંયમ પુષ્ટ થાય છે, આત્મા સંયમમાં સ્થિર થાય છે.

સ્થવિરોનો સીધો અને સચોટ ઉત્તર કાલાશ્યવેષી અણગારને સરલતા પૂર્વક હૃદયગ્રાહી બન્યો. તેને અત્યંત સંતોષ થયો અને વિધિ સહિત વંદન કરીને તેણે કૃતજ્ઞતાના ભાવો નિમ્ન શબ્દોથી વ્યક્ત કર્યા, યથા– હે ભગવન્ ! આ પદોને મેં પહેલા જાણ્યા સાંભળ્યા ન હતા, તેનો મને બોધ ન હતો, અભિગમ (જ્ઞાન) ન હતું, અદષ્ટ, અશ્રુત, અવિચારિત, અવિજ્ઞાત, અપ્રગટ, અનિર્ણિત, અનિર્યૂઢ અને અનવધારિત હતા. આ વિષયમાં મને શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ નહિ હતી પરંતુ આપના દ્વારા એ પદોનો સાચો અર્થ પરમાર્થ સમજવા મળ્યો યાવત્ અવધારણ થવાથી હવે હું એ પદોની યથાર્થ શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ કરું છું જેમ કે આપે સમજાવ્યું છે. આ પ્રમાણે સરલાત્મા કાલાશ્યવેષી પુત્ર અણગાર ભગવાન મહાવીરના શાસનમાં સ્થવિર ભગવંતો પાસે પુનઃ મહાવ્રતારોપણ કરીને પંચ મહાવ્રત-સપ્રતિક્રમણ ધર્મમાં દીક્ષિત બન્યા અને અનેક વર્ષ સંયમ પર્યાયનું પાલન કરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત બન્યા.

**સામાયિક આદિના વ્યવહારનય પ્રધાન અર્થ–** (૧) સમભાવોમાં લીન બનવું, સાવદ્ય યોગોનો ત્યાગ કરવો એ **સામાયિક** છે. નવા કર્મોને રોકવા, જુનાનો ક્ષય કરવો એ સામાયિકનું પ્રયોજન છે. (૨) પાપોનો અથવા આહારાદિ પદાર્થોનો ત્યાગ કરવો એ **પ્રત્યાખ્યાન** છે. આશ્રવ રોકવો અને કર્મ નિર્જરા કરવી તે તેનું પ્રયોજન છે. (૩) પૃથ્વીકાયની જતના કરવી સંયમ, એમ ૧૭ પ્રકારના સંયમ અને ઈન્દ્રિય-મનનો નિગ્રહ કરવો સંયમ છે. (૪) સંવર–આશ્રવ નિરોધ (૫) વિવેક– વિશેષ બોધ. હેય ઉપાદેય તત્ત્વનું પૃથક્કરણ કરવું, ત્યાગ ન થાય તે પ્રવૃત્તિમાં વિવેકથી આચરણ કરવું. (૬) વ્યુત્સર્ગ–હેયનો ત્યાગ કરવો. પ્રવૃત્તિઓનો વધુમાં વધુ ત્યાગ કરવો, વિવેક અને વ્યુત્સર્ગ પણ સમ્યક અવબોધ પ્રાપ્તિમાં ઉપયોગી છે. આ એ છ પદોનો વ્યવહાર નય અપેક્ષા અર્થ-પ્રયોજન છે. નિશ્ચય અને વ્યવહાર બંને નય સાપેક્ષ મોક્ષમાર્ગની સાધના-આરાધના એ જ સાધકને સફળતા પ્રાપ્ત કરાવે છે.





**પ્રશ્ન–૩૭ : અપ્રત્યાખ્યાની ક્રિયા શું બધાને લાગે છે ?**

**જવાબ :** અવ્રતી ચાર ગુણસ્થાન સુધીના જીવોને અવિરતિની અપેક્ષાએ આ ક્રિયા લાગે છે. પાંચમા, છટ્ઠા આદિ ગુણસ્થાનવાળાઓને વ્રત-પ્રત્યાખ્યાનની રુચિ થઈ જવાને કારણે આ ક્રિયા લાગતી નથી. આ ક્રિયામાં વર્તમાનના સાધન સંયોગ પુરુષાર્થનો કોઈ પ્રભાવ નહિ હોવાથી હાથી અને કીડી કે રાજા અને રંક બધાને આ ક્રિયા અવ્રતને કારણે લાગતી રહે છે.

આ ભવમાં કંઈ પણ કર્યા વિના લાગનાર આ અવ્રત ક્રિયાથી છૂટવા માટે સીધો અને સરળ ઉપાય એ છે કે સમ્યક તત્ત્વોના અવબોધ અને શ્રદ્ધાની સાથે સાથે વ્રતોના સ્વરૂપને પણ સમજીને શ્રદ્ધા કરીને યથાશક્ય વ્રત-ત્યાગ-પ્રત્યાખ્યાનોનું અવધારણ કરતા રહેવું જોઈએ.

**પ્રશ્ન–૩૮ : શ્રમણ-નિર્ગ્રંથ પોતાને માટે બનેલ આધાકર્મ દોષવાળો આહાર કરે તો તેને શું ફળ હોય છે ?**

**જવાબ :** સંકલ્પ પૂર્વક જાણી જોઈને-જાણીબૂજીને આધાકર્મ આહારનું સેવન કરવાથી જૈન શ્રમણને સાત કર્મોની પ્રકૃતિ સ્થિતિ, અનુભાગ અને પ્રદેશબંધની વૃદ્ધિ થાય છે. હળવા કર્મ ગાઢ બને છે અલ્પસ્થિતિ દીર્ઘ બને છે, અશાતા વેદનીયનો અધિકતમ બંધ થાય છે. ક્યારેક આયુષ્યનો બંધ થાય છે અને અનંત સંસારમાં પરિભ્રમણ વધે છે. કારણ કે તે શ્રમણ પોતાના આચાર ધર્મનું અતિક્રમણ કરે છે, છકાય જીવોના ઘાતની પરવાહ કરતા નથી અને દયા-ભાવની ઉપેક્ષા કરે છે તેમજ જેના શરીરનો આહાર કરે છે તે જીવો પર અનુકંપા કરતા નથી અને તેના જીવનની જીવવાની અપેક્ષા રાખતા નથી.

પ્રાસુક અને એષણીય આહાર કરનાર શ્રમણ સાતે ય કર્મની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશોની વૃદ્ધિ નહિ કરીને તે કર્મોને શિથિલ કરે છે, કારણ કે શુદ્ધ આહાર ગવેષક ભિક્ષુ પોતાના આચાર ધર્મનું સંરક્ષણ કરે છે, છકાય જીવોની અનુકંપાથી ભાવિત બને છે. તે તે જીવોના જીવનની અપેક્ષા રાખે છે તેથી છેવટે તેઓ સંસારથી મુક્ત થઈ જાય છે.

વાસ્તવમાં સંયમમાં અસ્થિર ચિત્ત થઈ જનારા આત્મામાં જ વ્રત નિષ્ઠા, આચારનિષ્ઠા **પલોટ્ટઇ**–પરિવર્તન થઈ જાય છે, બદલાઈ જાય છે; જેનાથી તે વ્રત ભંગ કરે છે. જે સંયમમાં સ્થિરચિત્ત રહે છે તેઓની આત્મામાં

આચાર નિષ્ઠા બદલાતી નથી, જેથી તે વ્રતભંગ કરતા નથી. આ પ્રમાણે પંડિત પણું અને બાલપણું(બાલત્વ) અશાશ્વત છે, બદલાતું રહે છે પરંતુ પંડિત અને બાલ બનનાર જીવ શાશ્વત છે. ॥ ઉદ્દેશક–૯ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૩૯ : અન્યતીર્થિકોની ખોટી ખોટી કઈ માન્યતાઓ છે ?**

**જવાબ :** અહીં દશમા ઉદ્દેશકમાં તત્ત્વસંબંધી અનેક અસંગત કુમાન્યતાઓ દર્શાવેલ છે, જેમ કે– **(૧)** પરમાણુ-પરમાણુ પરસ્પર જોડાતા નથી કારણ કે તેનામાં સ્નેહ હોતો નથી. ત્રણ પરમાણુ જોડાઈ જાય છે તેમાં સ્નેહ હોય છે. ત્રણ પ્રદેશીના બે વિભાગ થવા પર દોઢ-દોઢ પરમાણુ બંને વિભાગમાં થાય છે. **વાસ્તવમાં** બે-ત્રણ કોઈપણ સંખ્યાના પરમાણુ એકબીજા સાથે જોડાઈને દ્વિપ્રદેશી ત્રિપ્રદેશી આદિ સ્કંધ બને છે અને તીન પ્રદેશીના બે વિભાગ થવા પર એક તરફ પરમાણુ અને એક તરફ દ્વિપ્રદેશી સ્કંધ થાય છે. દોઢ-દોઢ પરમાણુ ક્યારે ય થતા નથી. **(૨)** ચલમાનને અચલિત કહેવામાં આવે છે. ક્રિયમાણ કાર્ય કરી લીધું નહિ કહેવું. **આ પણ** જિનવચનથી વિરુદ્ધ છે. **(૩)** પાંચ પરમાણુ મળે છે અને તે દુઃખરૂપ બને છે. **આ પણ** અસંગત છે. કારણ કે અનંત પ્રદેશી બાદર સ્કંધ જ દુઃખ સુખનું કારણ બને છે. **(૪)** બોલવા પહેલા અને પછી ભાષા ભાષારૂપ છે, બોલાતી ભાષા અભાષા છે. **તે પણ** વિપરીત વચન છે. **વાસ્તવમાં** બોલવામાં આવતી વખતે જ ભાષા, ભાષા છે, પહેલા અને પછી તે અભાષા હોય છે. **(૫)** ક્રિયા કરતા પહેલા કે પછી દુઃખ હેતુરૂપ હોય છે. **વાસ્તવમાં** ક્રિયા કરવાના સમયે જ દુઃખ હેતુરૂપ હોય છે. **(૬)** જીવ ક્રિયા કર્યા વિના જ દુઃખરૂપ વેદના વેદે છે. **આ પણ** અસત્ય વચન છે. **વાસ્તવમાં** ક્રિયા કરીને જ પ્રાણભૂત જીવ સત્વ, વેદના વેદે છે. **(૭)** એક સમયમાં જીવ ઈર્યાવહિ અને સાંપરાયિક બંને ક્રિયાઓ કરે છે. **આ પણ** મિથ્યા છે. સાંપરાયિક ક્રિયા ૧૦મા ગુણસ્થાન સુધી જ છે અને ઈર્યાવહિ ક્રિયા ૧૧ થી ૧૩ ગુણસ્થાન સુધી હોય છે. એથી બંને ક્રિયાઓનું એક સાથે હોવું અશક્ય છે.

પ્રસ્તુત ઉદ્દેશક-૧૦ મા આ વર્ણન કોઈ વ્યક્તિ વિશેષ કે સંપ્રદાય વિશેષના નામથી નહિ કરતાં સમુચ્ચય **અન્યમતાવલંબી** ના સંકેતપૂર્વક કરવામાં આવેલ છે. તાત્પર્ય એ છે કે જિનમતથી વિપરીત તત્ત્વ નિરૂપણ કરનારા પણ જગતમાં કેટલા ય મિથ્યામતિ મિથ્યાદષ્ટિ લોકો થયા કરે છે.





# શતક–૨ : ઉદ્દેશક–૧ થી ૧૦

**પ્રશ્ન–૧ : આ શતકનો શું પરિચય છે ?**

**જવાબ :** આ શતકમાં ઉદ્દેશક સંખ્યા ૧૦ છે. તે દશ ઉદ્દેશકોના નામ તેમજ મુખ્ય વિષય સૂચક એક ગાથા શતકના પ્રારંભમાં છે. તદનુસાર વિષય પરિચય આ પ્રમાણે છે–

**(૧) उस्सासख दए–** પ્રથમ ઉદ્દેશકમાં એકેન્દ્રિયના શ્વાસોશ્વાસ, મડાઈ અણગાર અને સ્કંધક પરિવ્રાજકનું વિસ્તૃત વર્ણન છે.

**(૨) समुद्घात–** બીજા ઉદ્દેશકમાં સમુદ્ઘાતના વર્ણન માટે અન્યત્રનું સૂચન માત્ર છે, વર્ણન કંઈ નથી.

**(૩) पृथ्वी–** સાત પૃથ્વી સંબંધી વર્ણનની સૂચના માત્ર છે.

**(૪) इन्द्रिय–** પાંચ ઈન્દ્રિય સંબંધી વર્ણનની સૂચના માત્ર છે.

**(૫) अन्यतीर्थिक–** પરિચારણા સંબંધી અન્યતીર્થિકોની અસત્ પ્રરૂપણા છે અને ગર્ભસંબંધી નિરૂપણ, કામભોગ સંબંધી અસંયમ, તુંગિયાનગરીના શ્રાવક, ગરમ પાણીના કુંડ ઈત્યાદિ વર્ણન છે.

**(૬) भाषा–** સંક્ષિપ્ત સંકેત છે.

**(૭) देव–** દેવો સંબંધી સંક્ષિપ્ત સંકેત છે.

**(૮) चमरच चा राजधानी–** અધોલોકમાં રહેલી ચમરેન્દ્રની રાજધાની સંબંધી વર્ણન છે.

**(૯) समयक्षेत्र–** સંક્ષિપ્ત સંકેત છે.

**(૧૦) अस्तिकाय–** પાંચ અસ્તિકાયોનું સાંગોપાંગ નિરૂપણ છે.

આમ આ શતકના પાંચ ઉદ્દેશકમાં વર્ણન છે અને પાંચ ઉદ્દેશક નામ માત્રના છે. સંક્ષિપ્ત સંકેત જે શાસ્ત્ર સ્થળનો કરેલ છે તે વિષય સંબંધી પ્રશ્નોત્તર તે શાસ્ત્ર સ્થળમાં કરવામાં આવશે.

**પ્રશ્ન–૨ : એકેન્દ્રિય જીવ શું શ્વાસોશ્વાસ લે છે ?**

**જવાબ :** પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ તથા વનસ્પતિ એ પાંચે ય એકેન્દ્રિય જીવ પણ ત્રસ જીવોની જેમ નિરંતર શ્વાસોશ્વાસ લે છે, શ્વાસોશ્વાસ

વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. તેઓ છ દિશાથી અથવા કોઈ ત્રણ, ચાર અને પાંચ દિશાથી પણ શ્વાસોશ્વાસ ગ્રહણ કરે છે. લોકમધ્યમાં છ દિશાથી અને લોકાંતમાં સ્થિત જીવ ત્રણ, ચાર,પાંચ દિશાથી શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્‌ગલ ગ્રહણ કરે છે. વાયુકાયના જીવ પણ નિરંતર વાયુના શ્વાસોશ્વાસ લે છે, સૈદ્ધાંતિક દષ્ટિએ જેને શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્‌ગલ કહેવામાં આવે છે, તેને જ સ્થૂલ દષ્ટિએ વ્યવહારથી વાયુ કહેવાય છે. શ્વાસોશ્વાસ વર્ગણારૂપ વાયુ અચેત હોય છે અને વાયુજીવ રૂપ વાયુકાય સચિત્ત સજીવ હોય છે. સમસ્ત જીવ સૃષ્ટિ અચેત વાયુ રૂપ શ્વાસોશ્વાસ વર્ગણાના (ઓકસીજનના-પ્રાણ વાયુના) શ્વાસ લે છે. એકેન્દ્રિય જીવ ત્વચાથી, સ્પર્શેન્દ્રિયથી શ્વાસ લે છે.

**પ્રશ્ન–૩ : મડાઈ અણગારનો શું મતલબ છે ?**

**જવાબ : મડ** = મૃત(અચેત–નિર્દોષ) આહાર કરનારા શ્રમણ. મડાઈ એ અણગારનું એક વિશેષણ છે. આ શબ્દપ્રયોગ પૂર્વક અહીં ઉદ્દેશક-૧ માં એ બતાવ્યું છે કે આવા શ્રમણ પણ જો પોતાનો સંસાર ઘટાડીને, નિષ્ઠિતાર્થ થઈને પ્રયોજન સિદ્ધ કરીને મુક્ત ન થાય તો તેને પણ જન્મ-મરણ કરવા પડે છે. આયુષ્ય પૂર્ણ થવા પહેલા કોઈપણ ગતિ અથવા દંડકનો આયુબંધ પરિણામો અનુસાર થાય છે ત્યાં તેને જાવું પડે છે. એવા નિર્ગ્રંથ પણ અન્ય ગતિમાં ગયા પછી સંસારમાં જન્મ મરણ કરતાં તે પ્રાણ, ભૂત, જીવ કે સત્ત્વ આદિ કહેવાય છે. બાહ્ય આભ્યંતર શ્વાસોશ્વાસ ક્રિયાવાળા હોવાથી પ્રાણી કહેવાય છે. ત્રણે કાળમાં અસ્તિત્વ સ્વભાવવાળા હોવાથી **ભૂત** કહેવાય છે. જીવત્વ સ્વભાવ વાળા હોવાથી કે જીવન જીવનારા હોવાથી **જીવ** કહેવાય છે. શુભાશુભ કર્મોની સત્તા વાળા હોવાથી **સત્ત્વ** કહેવાય છે. પાંચ રસોને જાણતા હોવાથી વિણ્ણુ– વિજ્ઞ (જ્ઞાતા) કહેવાય છે. સુખ-દુઃખનું વેદન કરતા હોવાથી વેદક કહેવામાં આવે છે. અર્થાત્ તે અચિત્ત ભોજી નિર્ગ્રંથ પણ અન્ય ભવમાં ગયા પછી કોઈ પણ સંસારી જીવોના નામથી ઓળખાય છે. જે મડાઈ અણગાર પોતાના ભવ– સંસારનો અંત કરી દે છે, તે સિદ્ધ કહેવાય છે. એ જ પ્રમાણે બુદ્ધ, મુક્ત, પરંપરગત વગેરે પણ કહેવાય છે.

**પ્રશ્ન–૪ : પિંગલ નામક નિર્ગ્રંથ અને વૈશાલિક શ્રાવક એવા બે શબ્દ પ્રયોગથી શું અર્થ સમજવો ?**

**જવાબ :** શતક–૧૨, ઉદ્દેશક–૨ માં જયંતિબાઈ શ્રમણોપાસિકાના પરિચય





વર્ણનમાં **वेसालिय सावयाण पढम सेज्जायरी** એમ કહ્યું છે. જેનો અર્થ છે– ભગવાન મહાવીરના અનુયાયી શ્રમણોની મુખ્ય શય્યાતરી–શય્યાદાત્રી હતી. ભગવાનની માતા ત્રિશલાની જન્મભૂમિ વિશાલા હતી. તેથી તેનું એક નામ **વિશાલા** પણ હતું. તેના પુત્ર હોવાથી ભગવાનનું વૈશાલિક નામ પણ પ્રસિદ્ધ થયું હતું. અન્ય મતાવલંબી પણ એ નામથી સંબોધન કરતા હતા.

**सावयाण** આ શબ્દ અનુયાયી અર્થમાં પણ પ્રયુક્ત થાય છે. જેનો અર્થ થાય છે– ભગવાન મહાવીરના વચનને શ્રવણ કરનારા, તેમની આજ્ઞામાં વિચરણ કરનારા. એ માટે **वेसालिय सावयाण** =ભગવાન મહાવીરના અનુયાયી શ્રમણોની; **पढम सेज्जायरी**=શ્રમણોને નિવાસસ્થાન દેવામાં પ્રસિદ્ધ-અગ્રગણ્ય હતી. જયંતિ શ્રમણોપાસિકા પાસે વિશાળ ભવનોની જોગવાઈ-ઉપલબ્ધિ હતી. જેમાં તે શ્રમણોને ઉતારા દેવામાં પ્રસિદ્ધ હતી. આ પ્રમાણે ૧૨ માં શતકમાં જૈન શ્રમણોને માટે વૈશાલિક શ્રાવક-અનુયાયી શબ્દપ્રયોગ થયો છે એ સ્પષ્ટ છે. એથી પ્રસ્તુત શતક-૨, ઉદ્દેશક-૧માં કથિત પિંગલ નામક નિર્ગ્રંથ ભગવાન મહાવીરનો અનુયાયી હતો એવો અર્થ થાય છે. એ સમયે પાર્શ્વનાથ ભગવાનના અનુયાયી શ્રમણ અને ગોશાલકના શ્રમણ પણ વિચરણ કરવાવાળા હતા. તેથી સ્પષ્ટીકરણ માટે **वेसालिय सावए** વિશેષણનો પ્રયોગ આગમોમાં ભગવાન મહાવીરના શ્રમણોને માટે થયેલ છે. ભગવાન મહાવીરના શ્રાવકોને માટે આગમોમાં પ્રાયઃ **समणोवासए**- શ્રમણોપાસક શબ્દનો પ્રયોગ થયો છે.

ધારણા પરંપરામાં ક્યાંક 'પિંગલ નિર્ગ્રંથ નામનો શ્રમણોપાસક' એવો પણ અર્થ સ્વીકારવામાં આવે છે. તેવી માનસિકતાથી અમે આગમ સારાંશમાં પિંગલનું શ્રમણોપાસક હોવું સ્વીકાર કરેલ છે. તોપણ સંદેહશીલ હોવાથી ત્યાં તત્ત્વ કેવલીગમ્ય હોવાનું કહી દીધું છે. પ્રસ્તુત પ્રશ્નોત્તરમાં પિંગલ નામક નિર્ગ્રંથને અમોએ ભગવાન મહાવીરના અનુયાયી શ્રમણ સ્વીકાર કરેલ છે, પાઠક પોતાની બુદ્ધિથી પૂર્વાપર વિચાર કરી સત્ય સમજવાનો પ્રયત્ન કરશે. સમજમાં નહિ આવવા પર 'તત્ત્વં કેવલીગમ્યં' એવો વિચાર કરી કોઈ આગ્રહમાં નહીં પડવાનું લક્ષ્ય રાખશે. **'परिवसइ'** ક્રિયા કદાચિત્ કારણવશ અધિક નિવાસ કરતા શ્રમણોને માટે પણ હોઈ શકે છે. એવું સ્વીકાર કરી લેવાથી સમસ્યાનું સમાધાન થઈ શકે છે.

**પ્રશ્ન–૫ : સ્કંધક સન્યાસી કોણ હતા ? તેનુ અધ્યયન કેવું હતુ ?**

**જવાબ :** શ્રાવસ્તી નગરીની નજીકમાં જ કૃતાંગલા નગરી હતી. ત્યાં ભગવાન મહાવીર સ્વામી વિચરણ કરતાં પધાર્યા અને છત્રપલાસક નામના ઉદ્યાનમાં બિરાજ્યા. શ્રાવસ્તી નગરીમાં ગર્દભાલ સન્યાસીના શિષ્ય કાત્યાયન ગોત્રી સ્કંધક પરિવ્રાજક રહેતા હતા. તે ચારે ય વેદના સાંગોપાંગ-અર્થ પરમાર્થ સહિત જ્ઞાતા હતા. એ સિવાય પાંચમા ઈતિહાસ અને છટ્ઠા નિઘંટુ એ બધાના રહસ્ય યુક્ત અધ્યેતા અર્થાત્ પારંગત હતા. સાંખ્યમતના શાસ્ત્રમાં નિપૂણ હતા. વ્યાકરણ, જ્યોતિષ, નિરુક્ત, છંદ અને આચારશાસ્ત્રોમાં નિષ્ણાત હતા. અન્ય પણ અનેક બ્રાહ્મણ પરિવ્રાજકો સંબંધી જ્ઞાન, આચાર, ધારણાઓ વગેરેના, તેના દર્શન શાસ્ત્રના પરિપૂર્ણ જ્ઞાતા હતા.

પોતાના મતમાં પૂર્ણ નિષ્ણાત હોવા છતાં પણ તેણે જૈનધર્મના તત્ત્વોનું અધ્યયન, પરિચય નહિ કરેલ, જે કારણે એક દિવસ અચાનક પિંગલ નિર્ગ્રંથના આવી જવા પર અને પ્રશ્ન કરવા પર તે ઉત્તર ન આપી શક્યા. અર્થાત્ નિરુત્તર થઈ મૌન રહ્યા. બે ત્રણ વાર પૂછવા છતાં પણ ઉત્તર ન મળ્યો તેથી પિંગલ નિર્ગ્રંથ ત્યાંથી ચાલ્યા ગયા. સ્કંધક સન્યાસી પોતાના મતમાં નિષ્ણાત હોવા છતાં પણ સરલ શાંત સ્વભાવી હોવાથી વાદ વિવાદમાં નહિ પડયા પરંતુ ઉજ્જવળ ભાવિને કારણે સમાધાન મેળવવાની જિજ્ઞાસાવાળા રહેવા લાગ્યા.

**પ્રશ્ન–૬ : કોઈપણ મત-ધર્મના પ્રકાંડ વિદ્વાન સંતને પોતાના મતમાં શાસનમાં દીક્ષા આપી દેવાનું અનુચિત નથી થતું ?**

**જવાબ :** પ્રસ્તુત વર્ણન પાઠથી એવું સ્પષ્ટ થાય છે કે– સ્કંધક સંન્યાસીના ગુઢ ગર્દભાલ સંન્યાસી હતા પરંતુ તેઓ તે સમયે મોજૂદ ન હતા અથવા તે સ્કંધક તેઓના સાંનિધ્યમાં નહિ રહેતા હતા. પરંતુ પોતાની મુખ્યતાએ જ નિવાસ કરી રહ્યા હતા. આ જ કારણે પિંગલ નિર્ગ્રંથે તેમને પ્રશ્ન કર્યા અને પ્રશ્નોના ઉત્તર નહિ આવડતા તેમણે ગુઢનો નિર્દેશ પણ કર્યો નહિ અને નિરુત્તર બનીને બેસી રહ્યા.

આમ પોતાની પ્રમુખતાવાળા સ્વયં પોતાના નિર્ણાયક હોય છે. તેઓ કોઈને આધીન હોતા નથી, સત્ય સમજાઈ જતાં તેઓ સરળતાથી સત્ય માર્ગ સ્વીકારી લે છે. વળી સામે પણ સર્વજ્ઞ સર્વદર્શી વીતરાગ ભગવાન હતા. તેઓ પ્રસંગવશ સ્પર્શના જોઈને જેવું વ્યવહાર જ્ઞાનથી ઉચિત સમજે તેમ કરી





લે છે. પરિષદમાં પણ સર્વ પ્રકારના લોકો હોય જ છે. કોઈની સંમતિ જરૂરી હોય તો સર્વજ્ઞ ભગવાન તે પ્રમાણે પણ કરી લે છે. સ્કંધક સન્યાસીને ભગવાન પાસે જવા માટે કોઈની પણ સ્વીકૃતિ લેવી પડી ન હતી. આથી પોતાના જીવનના તેઓ સ્વયં સર્વેસર્વા નિર્ણાયક હતા.

સામાન્ય સાધુ આ પ્રકારનો ત્વરિત-ઝડપી નિર્ણાયક વ્યવહાર નહિ કરતા પોતાની સંયમ સમાચારી તથા શાસ્ત્રાજ્ઞા અનુસાર વિવેકપૂર્વક દીર્ઘદષ્ટિ રાખીને નિર્ણય કરે તે જ હિતાવહ હોય છે. સર્વજ્ઞ સર્વદર્શી તીર્થંકર ભગવાનનું આચરણ વિશિષ્ટ હોય છે. તે બધાની નકલ કરી શકાતી નથી અને તેઓની ટીકા- ટિપ્પણી પણ કરી શકાતી નથી.

**પ્રશ્ન–૭ : શું તીર્થંકર ભગવાન સર્વજ્ઞ સર્વદર્શી બન્યા પછી આહાર કરતા નથી કે તપસ્યા કરતા નથી ?**

**જવાબ :** સર્વજ્ઞ સર્વદર્શી ભગવાનને એવો કોઈ એકાંત આગ્રહ હોતો નથી. તેઓ જ્ઞાનથી જેવી સ્પર્શના દેખે-જાણે, તેવું જ આચરણ કરી લે છે. સ્કંધક સંન્યાસી ભગવાન પાસે આવ્યા તે દિવસોમાં ભગવાન નિત્યભોજી હતા, એવું અહીં પાઠમાં કથન છે. એમ અન્ય સમયે ક્યારેક નિત્યભોજી ન પણ હોય ત્યારે તપસ્યા કરવાનું પણ સ્પષ્ટ થઈ જાય છે. ભગવાન મહાવીર સ્વામીએ ગોશાલકના ઉપદ્રવથી અભિભૂત થઈને-આતંકિત થઈને પણ ૬ મહિના સુધી ઔષધ ગ્રહણ ન કર્યું અને અંતમાં સિંહા અણગારને મોકલીને નિર્દોષ ઔષધ મંગાવીને તેનું સેવન પણ કરેલ હતું. આ રીતે ભગવતી સૂત્રના આ બંને વર્ણનોથી પણ એ સ્પષ્ટ થાય છે કે ભગવાન આહાર, ઉપવાસ, ઔષધ આદિના સંબંધમાં અનાગ્રહી વૃત્તિવાળા હતા.

**પ્રશ્ન–૮ : ગૌતમ સ્વામીએ પરિવ્રાજક વેશમાં આવેલ સ્કંધકનું સ્વાગત શા માટે કર્યું ?**

**જવાબ :** તેઓએ ભગવાન દ્વારા જાણી લીધું હતું કે તે સંયમ સ્વીકાર કરશે. પોતાના પૂર્વ સાથીનું આટલું સુંદર ભવિષ્ય ભગવાન દ્વારા જાણીને ગીતાર્થ બહુશ્રુત ગણધર પ્રભુ દ્વારા તેમનું સન્માન સ્વાગત કરવાનું યથાર્થ જ હતું એમ સમજવું જોઈએ. આમ પણ પોતાના સ્થાન પર કોઈપણ સંન્યાસી કે શ્રમણ આવે તો તેની સાથે ઉચિત શિષ્ટાચાર વ્યવહાર તો કરી શકાય છે. સામાન્ય શ્રમણ એવા અતિ પરિચયથી દૂર રહે એ યોગ્ય હોવા છતાં પણ

પ્રમુખ શ્રમણ બહુશ્રુત ગીતાર્થ બનીને વિચરણ કરનારા હોવાથી તે આગંતુક ગૃહત્યાગી ગુણવાનોનો ઉચિત સમાદર પોતાની મર્યાદામાં રહીને કરી શકે છે.

**પ્રશ્ન–૯ : ભગવાન મહાવીરે સ્કંધકના મનોગત પ્રશ્નોના સમાધાન શું ફરમાવ્યા હતા ?**

**જવાબ :** પિંગલ નિર્ગ્રંથે સ્કંધ સંન્યાસીને પાંચ પ્રશ્ન પૂછયા હતા. જેના ઉત્તર તે ન આપી શકયા. તે પ્રશ્નોના સમાધાન મેળવવાના સંકલ્પથી તે ભગવાન સમીપે ગયા હતા. તેમને પ્રશ્ન પૂછવાની જરૂરત પણ ન પડી, કારણ કે સર્વજ્ઞ ભગવાને સ્વયં તેના મનોગત પ્રશ્નોના ઉચ્ચારણ કરીને સમાધાન ફરમાવ્યું હતું. ભગવાનના આ વ્યવહારથી સંતુષ્ટ અને પ્રભાવિત બનીને સ્કંધકે પોતાનું જીવન ભગવાનની સેવામાં સમર્પિત કરી દીધું હતું અર્થાત્ દીક્ષિત બનીને અનેક વર્ષો સુધી તપ સંયમની વિશિષ્ટ આરાધના કરી હતી. તે પાંચ પ્રશ્ન અને ઉત્તરના ભાવ આ પ્રમાણે છે– (૧) લોક સાંત પણ છે અનંત પણ છે. દ્રવ્યથી લોક એક છે ક્ષેત્રથી ૧૪ રાજુની મર્યાદાવાળો છે એથી સાંત છે. કાલથી સદા છે અને રહેશે અને ભાવથી લોકના અનંત પર્યાય છે એથી અનંત પણ છે. (ર) આ જ રીતે જીવ (૩) સિદ્ધ અને (૪) સિદ્ધિ(સિદ્ધ સ્થાન) પણ દ્રવ્ય-ક્ષેત્રથી સાંત છે અને કાલ ભાવ(પર્યાય)થી અનંત પણ છે. (પ) બાર પ્રકારના બાલ મરણોથી મરતા જીવ પોતાના સંસાર ભ્રમણની વૃદ્ધિ કરે છે અને બે પ્રકારના પંડિત મરણે મરતા જીવ પોતાના સંસાર ભ્રમણને ઘટાડે છે. બાલમરણના ૧ર નામ તથા પંડિત મરણનું વિશેષ વર્ણન સમવાયાંગ સૂત્ર ભાગ-ર, પૃષ્ટ–ર૩પ, ર૩૬માં તથા સ્થાનાંગ સૂત્ર, સ્થાન–ર, પૃષ્ટ–ર૮, ભાગ–રમાં અને આચારાંગ સૂત્ર પૃષ્ટ–૯૮, ભાગ–૧ માં પ્રશ્નોત્તર રૂપમાં કરવામાં આવેલ છે.

**પ્રશ્ન–૧૦ : દીક્ષા લઈને સ્કંધક અણગારે સંયમ તપમાં કેવો પુરુષાર્થ કર્યો હતો ?**

**જવાબ :** સ્કંધક સંન્યાસીએ સંન્યાસી વેશનો ત્યાગ કરી શ્રમણવેશ ધારણ કરી ભગવાનની પાસે સમવશરણમાં સંયમ અંગીકાર કર્યો. સામાયિકથી લઈને ૬ આવશ્યક અને ૧૧ અંગશાસ્ત્રોનું અધ્યયન કર્યું. યથાસમય ભગવાનની આજ્ઞા પ્રાપ્ત કરી ભિક્ષુની ૧ર પડિમાઓ ધારણ કરી તેનું યથાર્થ આરાધન કર્યું. જેમાં આઠ મહિનાનો સમય લાગ્યો. તેના પછી **ગુણસંવત્સર** નામનું તપ કર્યું, જેમાં ૧૬ મહિના લાગ્યા. પ્રથમ મહિનામાં ઉપવાસ, બીજા મહિનામાં છટ્ઠ, ત્રીજા





મહિનામાં અટ્ઠમ, એમ ૧૬ મા મહિનામાં ૧૬-૧૬ ઉપવાસ કરવા આદિ આ તપની મુખ્ય વિધિ છે. વિશેષ વિધિ અંતગડ સૂત્રમાં વિસ્તૃત રૂપે દર્શાવેલ છે. તેના પછી પણ સ્કંધક અણગારે ઉપવાસથી લઈ માસખમણ સુધીની અનેક તપસ્યાઓ કરીને શરીરને સૂકાવીને હાડપિંજર જેવું બનાવી દીધું. જેથી તેના ચાલવા-ઉઠવામાં પણ હાડકાનો ખડખડ અવાજ સંભળાવા લાગ્યો હતો. તેના પછી પણ સમય રહેતા ભગવાનની આજ્ઞા લઈને સ્વયં સાવધાનીપૂર્વક પુનઃ મહાવ્રતારોપણ કરીને બધા શ્રમણ શ્રમણીઓને ખમાવીને વિપુલ પર્વત પર કડાઈ સ્થવિરો સાથે(દઢ મનોબલિ અને સાધિત શરીરવાળા અર્થાત્ કડક, હિંમતવાન દીર્ઘદીક્ષા પર્યાયવાળાઓની સાથે) ધીરે-ધીરે ચડીને યથાસ્થાન સંલેખના સંથારો-પાદપોપગમન પંડિતમરણ અંગીકાર કર્યો. એક મહિનાના સંથારાથી કાળ કરીને સ્કંધક અણગારનો જીવ ૧રમા દેવલોકમાં ગયો અને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ યથાસમય સંયમ તપ દ્વારા સંપૂર્ણ કર્મક્ષય કરીને મુક્તિ પ્રાપ્ત કરશે.

આ રીતે પોતાના મતમાં મહાજ્ઞાની હોવા છતાં પણ સરલતા ગુણના કારણે નિરુત્તર થઈ જતાં અપમાનનો અનુભવ કર્યા વગર જિજ્ઞાસા ધારણ કરીને ભગવાનની સેવામાં પહોંચી, તેઓએ પોતાનું કલ્યાણ સાધી લીધું .

॥ ઉદ્દેશક–૧ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૧ : દેવોની પરિચારણાના વિષયમાં અન્યતિર્થિકોની ખોટી માન્યતા અને તેનું સમાધાન શું છે ?**

**જવાબ :** નિર્ગ્રંથ ધર્મનું આચરણ કરીને જીવ દેવલોકમાં દેવ બનીને પોતે દેવીની વિકુર્વણા કરી તેની સાથે પરિચારણા કરે છે અને એમ કરીને તે જીવ એક સાથે બંને વેદોનું(સ્ત્રી-પુરુષનું) એક સાથે વેદન કરે છે. **અન્યતીર્થિક એવું કથન કરે છે. જિન મતાનુસાર** ભોગોનું નિદાન કરનારો જીવ આ પ્રકારની ભોગ-આસક્તિ યુક્ત આચરણ કરે છે. નિર્ગ્રંથ તો વિરક્ત ભાવથી સુંદર આરાધના દ્વારા ઉચ્ચતમ દેવ બને છે. જ્યાં આ પ્રકારની ભોગાસક્તિ હોતી પણ નથી. નિદાનકૃત દેવ પણ પોતાની પુરુષવેદની મનોવૃત્તિના ફળ સ્વરૂપે જ દેવીરૂપની વિકુર્વણા કરે છે અને તે પરિચારણાથી પુરુષવેદની માનસિકતાની જ તુષ્ટિ-સંતુષ્ટિ કરે છે. સ્ત્રી વેદ વેદનના સંકલ્પોથી તે એમ કરતા પણ નથી. નિદાનકૃત દેવ હોવાથી તે વિભિન્ન પ્રકારે પોતાના પુરુષ

વેદની જ પરિપુષ્ટિ કરે છે. આથી એક સાથે બે વેદોના વેદનની વાત પણ મિથ્યા છે અને તે પણ શ્રમણ નિર્ગ્રંથના નામથી કહેવું એ તો સ્પષ્ટ રીતે દૂષિત મનોવૃત્તિનું જ પરિણામ છે. આ પ્રમાણે અહીં દેવોની પરિચારણા સંબંધી અન્યતીર્થિકોની બંને માન્યતાઓને દોષિત ઠરાવેલ છે અને એક સમયમાં એક જ વેદનું જીવ વેદન કરે છે એ સિદ્ધાંત પુષ્ટ કરવામાં આવેલ છે. જોકે એક ભવમાં એક જીવ ત્રણે વેદોનું વેદન મોહોદયથી કરી શકે છે પરંતુ એક સમયમાં અથવા એક સાથે બે વેદનો અનુભવ કરવાનું કહેવું સત્ય સિદ્ધાંતથી વિપરીત છે.

**પ્રશ્ન–૧૨ : ગર્ભ સંબંધી જાણકારી આ બીજા શતકમાં કેવી રીતે આપી છે?**

**જવાબ :** ગર્ભ સંબંધી કેટલાક તત્ત્વોનું કથન શતક–૧, પ્રશ્ન–૩૧માં પણ કરવામાં આવેલ છે. અહીં વિશેષ કથન આ પ્રમાણે છે– (૧) ઉદક ગર્ભ ઉત્કૃષ્ટ ૬ મહિના રહે છે. તિર્યંચનો ગર્ભ(ગર્ભગત જીવ) ઉત્કૃષ્ટ આઠ વર્ષ અને મનુષ્યનો ગર્ભ ઉત્કૃષ્ટ ૧૨ વર્ષ ગર્ભરૂપે રહી શકે છે. ત્યાર પછી ગર્ભગત જીવ મરી જાય છે અથવા બહાર આવી જાય છે. મરનારો જીવ ફરી એ જ ગર્ભમાં આવીને ઉત્કૃષ્ટ ૧૨ વર્ષ રહી શકે છે. આ પ્રમાણે એક જીવની નિરંતર એક જ ગર્ભસ્થળમાં રહેવાની કાયસ્થિતિ ૨૪ વર્ષની મનુષ્યની અપેક્ષાએ હોઇ શકે છે. (૨) એક જીવ એક ભવમાં અનેક સો વ્યક્તિઓના પુત્ર રૂપે ઉત્પન્ન થઇ શકે છે અર્થાત્ તેની માતાની યોનીમાં ૧૨ મુહૂર્તમાં એટલા પુરુષોનું વીર્ય પ્રવિષ્ટ થઇ શકે છે. સંજ્ઞી જલચર તિર્યંચોમાં કે નદીમાં સ્નાન કરનારી સ્ત્રીઓની અપેક્ષા એવું સંભવી શકે છે અથવા એક સ્ત્રીનો સેંકડો પુરુષોની સાથે સંબંધ થઇ શકે છે ત્યારે તે બધા પુરુષોને તે સ્ત્રીના પુત્રના પિતા કહી શકાય છે. (૩) એક જીવને ઉત્કૃષ્ટ લાખો પુત્ર થઇ શકે છે. આ પણ કરોડ પૂર્વની ઉંમર અને તિર્યંચ પંચેન્દ્રિયની અપેક્ષા અધિક સંભવ છે. જલચર માદા એક સાથે લાખો ઈંડા મૂકી શકે છે અથવા સ્ત્રી યોનીમાં એક સાથે લાખો જીવ ઉત્પન્ન થઇને વિનષ્ટ થઇ જાય છે; તે પણ પુત્ર જ કહેવાય છે. આ જ કારણે મૈથુન સેવનમાં થનારા અસંયમને સમજાવવા માટે અહીં રૂ થી ભરેલી નળીમાં તપાવેલી શલાકા–સળી મૂકવાનું દૃષ્ટાંત ઉપમિત કરવામાં આવ્યું છે. મૈથુન સેવન મોહ પરિણત આત્મવિકાર ભાવ છે. એ સ્વયં ચોથું પાપ છે તથા લાખો પંચેન્દ્રિય જીવોના વિનાશનું કારણ હોવાથી પ્રથમ પાપથી યુક્ત પણ છે. એથી અબ્રહ્મને





(કુશીલને) દશવૈકાલિક અધ્યયન-૬માં **''અધર્મનું મૂળ અને ઘણા દોષોનો ઢગલો છે,''** એવું બતાવવામાં આવ્યું છે.

**પ્રશ્ન–૧૩ : તુંગિયા નગરીના શ્રમણોપાસકોની ઐહિક ઋદ્ધિનું તેમજ શ્રમણોપાસક પર્યાયના વિશિષ્ટ ગુણોનું વર્ણન અહીં કેવી રીતે કર્યું છે ?**

**જવાબ : ઐહિક ઋદ્ધિ– (૧)** તે શ્રમણોપાસક ઋદ્ધિસંપન્ન હતા (૨) પ્રભાવ-શાળી હતા અથવા સદા પ્રસન્ન રહેનારા હતા **(૩)** તેઓના લાંબા-પહોળા અનેક ભવન હતા **(૪)** આસન, શયન, વાહનોની તેઓને ત્યાં અધિકતા હતી **(૫)** ઘણું ધન હતું અને સોના ચાંદીના પણ ભંડાર ભર્યા રહેતા હતા **(૬)** તેઓ લેવડ-દેવડ અને વ્યાજનો ધંધો કરનારા હતા **(૭)** જમ્યા પછી ઘણું ભોજન તેઓના ઘરોમાં બચતું હતું જે અનેક લોકોને અને કામ કરનારાઓને આપવામાં આવતું હતું **(૮)** તેઓના ઘરોમાં કામ કરનારા અનેક દાસ-દાસી અને નોકર કર્મચારી રહેતા હતા, ગાયો-ભેંસો, ઘેટાં-બકરાં આદિ અનેક પશુ પણ રહેતાં હતાં **(૯)** અનેક લોકોમાં ઋદ્ધિ અને પ્રતિષ્ઠાની અપેક્ષા તેઓ અપરાભૂત હતા અર્થાત્ અનેકોથી તેઓ અધિક ઋદ્ધિસંપન્ન હતા.

**ધાર્મિક આત્મગુણ– (૧) अभिगयजीवाजीवे**– તેઓએ જીવ તથા અજીવ તત્ત્વના સ્વરૂપને સમજીને આત્મસાત કરેલ હતું; પુણ્ય-પાપ તત્ત્વના અર્થ-આશયને સમજીને હૃદયંગમ કર્યો હતો; આશ્રવ, સંવર, નિર્જરા, ક્રિયા, અધિકરણ, બંધ અને મોક્ષના સ્વરૂપ સાધન આચરણને તથા બંધન અને તેનાથી મુક્તિના સ્વરૂપને સમજેલ હતા; અર્થાત્ તેઓ ૯ તત્ત્વ, ૨૫ ક્રિયાઓના તલસ્પર્શી જ્ઞાતા હતા અને હેય, જ્ઞેય, ઉપાદેય તત્ત્વોના જ્ઞાની, તત્ત્વજ્ઞ, તત્ત્વા-ભાસી, તત્ત્વાનુભવી, તત્ત્વસંવેદક અને તત્ત્વદૃષ્ટા વિદ્વાન હતા. **(૨)** પોતાના સુખ દુઃખને સમભાવપૂર્વક સહન કરવા કોઇ પણ દેવી-દેવતાની સહાયની આકાંક્ષા–ઇચ્છા તેઓ નહિ કરતા હતા. પોતાની ધર્મ શ્રદ્ધામાં તેઓ એટલા દૃઢ મનોબળવાળા અનુભવી હતા કે કોઇ પણ દેવ-દાનવ તેઓને ધર્મશ્રદ્ધાથી વિચલિત કરી શકતા ન હતા. **(૩)** નિર્ગ્રંથ પ્રવચનમાં અર્થાત્ જિનેશ્વર ભાષિત કોઇ પણ તત્ત્વ કે આચારમાં સંદેહ રહિત, સંદેહાતીત હતા, ધર્મ અને ધર્મફળ માં તેઓને અંશમાત્ર પણ શંકા ન હતી. જિન ધર્મ સિવાય અન્ય ધર્મોમાં અથવા તેઓના પ્રવક્તાઓમાં તેમની કોઇ આકાંક્ષા કે આકર્ષણ પણ નહિ હતું. એથી તેઓ પોતાના પ્રાપ્ત જિનધર્મમાં નિષ્ઠા, રુચિથી પૂર્ણ સંતુષ્ટ હતા. **(૪)** તેઓ

જિનધર્મના સૂક્ષ્મ કે ગહન અથવા સામાન્ય લાગતા એમ સર્વ તત્ત્વોનું ચિંતન મનન કરી યોગ્ય પ્રશ્ન ચર્ચાથી તેના પરમાર્થને, રહસ્યને પ્રાપ્ત કરેલ હતું અને તેને આત્મામાં વિનિશ્ચિત પાકું કરેલ હતું. **(૫)** ધર્મપ્રેમ સંબંધી અનુરાગ-આસ્થા-નિષ્ઠા તેઓની નશ-નશમાં, રગ-રગમાં ભરેલી હતી, તેમના હાડો-હાડમાં ધર્મરંગ ઉતરી ચૂક્યો હતો. **(૬) अयमाउसो ! णिग्गं थे पावयणे अट्ठे... !** તેઓના ધર્મરંગની ઉત્કૃષ્ટતા એ પ્રકારે પ્રમાણિત હતી કે તેઓ જ્યાં પણ કોઈ શ્રાવક એકઠા થતા, ધર્મ ચર્ચા થતી તો તેઓના અંતરમાંથી સહજ શબ્દ નીકળતા હતા કે આ જીવનમાં કંઈ પણ સારભૂત તત્ત્વ છે તો તે નિર્ગ્રંથ પ્રવચન જ એક માત્ર અર્થભૂત છે, પરમાર્થ સ્વરૂપ છે, પ્રયોજનભૂત છે. શેષ સઘળો સંસાર પ્રપંચ, અસારભૂત છે, અનર્થભૂત છે, દુઃખદાયક કે દુઃખમૂલક છે.

**(૭) उसिहफलिहा-अव गुयदुवारा–** તેઓ ઉદાર હતા, દાની હતા, તેમના ઘરના દ્વાર સદા યાચકોને માટે ખુલ્લા રહેતા હતા અર્થાત્ કોઈ પણ યાચક ત્યાંથી કંઈ ને કંઈ પ્રાપ્ત કરી લેતો હતો. બધાને માટે તેઓના ભાવ ઉદાર હતા, દિલ દરિયાવ હતા. તેઓને કોઈથી કોઈ પ્રકારનો ભય ન હતો. ખુલ્લા દરવાજા વાળા હતા. **(૮) चियत्ततेउर-घर-पवेसा–** કોઈપણ ઘર કે રાજાના રણવાસમાં તેઓનો પ્રવેશ ચિયત્ત–પ્રતીતકારી હતો અર્થાત્ તેઓનું શીલ સમાચરણ જીવન વ્યવહાર સમાજમાં લોકોમાં અને રાજ્યમાં પૂર્ણ વિશ્વસ્ત હતું. તેઓનું ચારિત્ર-સ્વદાર સંતોષવ્રત નિર્મળ હતું, ખ્યાતિપ્રાપ્ત હતું. અર્થાત્ તેઓથી કોઈને કોઈ પ્રકારનો ભય હતો નહિ અને તેઓ માટે પણ બધા લોકોના દ્વાર ખુલ્લા હતા. રાજદરબાર અને રાજ અંતઃપુરમાં પણ તેઓ વિશ્વાસપાત્ર હતા. **(૯)** તેઓ અનેક પ્રકારના ત્યાગ પ્રત્યાખ્યાન, અણુવ્રત, ગુણવ્રત, સામાયિક-પૌષધ આદિ ધારણ કરવામાં ઉત્સાહી, આળસ રહિત હતા. **(૧૦)** તેઓ શ્રમણ નિર્ગ્રંથોને યથાપ્રસંગ પોતાની અનુકૂળતા અનુસાર આહારાદિ ૧૪ પ્રકારના નિર્દોષ તથા સંયમ સહાયક પદાર્થોનું દાન દેતા થકાં પોતે પણ યથાશક્તિ તપ સંયમનું આચરણ કરતાં આત્માને તેમાં જ ભાવિત કરતા હતા.

આ ગુણો પ્રત્યેક શ્રાવકમાં હોવા જોઈએ, આગમમાં શ્રેષ્ઠ આદર્શ શ્રમણોપાસકના વર્ણનમાં પ્રાયઃ આ પ્રકારના વિશેષણ-ગુણ સર્વત્ર વિસ્તૃત કે સંક્ષિપ્ત કોઈ ને કોઈ રૂપમાં પ્રાપ્ત હોય છે. ભૌતિક જીવનની વિશાળતા અને





ધાર્મિક જીવનની મહાનતા બંનેના સુમેળ યુક્ત શ્રાવકનું જીવન શ્રેષ્ઠ અને આદર્શ ગણવામાં આવે છે.

**પ્રશ્ન–૧૪ : તુંગિયાનગરીના શ્રમણોપાસક સ્થવિર ભગવંતોની સેવામાં કેવી રીતે ઉપસ્થિત થયા ?**

**જવાબ :** અનેક શ્રાવક પોત પોતાના ઘરોથી પગે ચાલીને જ એક સ્થાન પર એકત્રિત થયા. પછી જ્યાં પુષ્પવતી બગીચામાં સ્થવિર ભગવંત હતા ત્યાં તેઓના દર્શન પર્યુપાસનાને માટે પગે ચાલીને ગયા. બગીચામાં સ્થવિરોની નજીક પહોંચીને પાંચ અભિગમ=ધર્મગુઢ સમક્ષ કરવામાં આવતા વ્યવહાર કર્યા. યથા– વિભૂષિત અલંકૃત થઈને ઘરથી ચાલ્યા હતા. એથી (૧) સચિત્ત શૃંગારના પદાર્થ અલગ કર્યા અને એક તરફ રાખી દીધા. (૨) અચિત્ત જૂતા વગેરે પદાર્થ પણ નિકાલીને અલગ કર્યા (૩) એક સાટિક ઉત્તરાસંગ ધારણ કર્યું. એકસાટિક એક ખંભા પર રાખવા માટેના વસ્ત્રનું, ઉત્તરાસંગ કર્યું એટલે મોઢા આગળ રાખ્યું(ખેસ મોઢે ધર્યો, જે મુહપત્તિની ગરજ સારે)(૪) સ્થવિર ભગવંતોને દેખતા જ હાથ જોડીને અંજલી કરી (૫) મનને એકાગ્ર કરીને તેઓની સેવામાં પહોંચી ગયા. આ પ્રમાણે ૫ નિયમોની સમાચારીનું પાલન કર્યું. ત્રણવાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરીને પ્રવચન સભામાં મન, વચન, કાયાથી એકાગ્ર થઈને સ્થવિરોની સમક્ષ બેસી ગયા. સ્થવિર ભગવંત ૫૦૦ શ્રમણોની સંપદાથી વિચરણ કરતા ત્યાં પધાર્યા હતા. તેઓ પાર્શ્વનાથ ભગવાનની પરંપરાના શ્રમણ હતા. તે શ્રાવકોએ શ્રદ્ધાભક્તિ પૂર્વક સ્થવિરોનું પ્રવચન સાંભળ્યું.

**પાંચ અભિગમની ઉપયોગિતા–** જૈન શ્રમણોની સેવામાં જવા માટે એ પાંચ અભિગમ ધર્મશ્રદ્ધાળુઓની આચાર પ્રણાલી છે. તેનું યથાર્થ પાલન કરવું દરેક શ્રાવકનું પ્રથમ કર્તવ્ય છે. (૧) શ્રમણ સચેતના ત્યાગી, સાવદ્યયોગના ત્યાગી હોય છે, તેઓની સમક્ષ વિરાધના યોગ્ય બધા પદાર્થ ત્યાગીને જવું જરૂરી હોય છે. (૨) શ્રમણોના સન્માન માટે ધર્મસભામાં અનાવશ્યક અચિત્ત પદાર્થ ત્યાગીને પૂર્ણ નમ્ર બનીને જવું જોઈએ. (૩) શ્રમણ સદા મુખવસ્ત્રિકા ધારણ કરે છે, ખુલ્લા મોઢે બોલતા નથી. તદનુસાર તેઓની સેવામાં જનારે પણ મુખની સામે વસ્ત્ર અવશ્ય ધારણ કરવું જોઈએ જેથી ઉઘાડે મોઢે બોલવાનું ન થાય તથા થૂંક વગેરેથી શ્રમણોની આશાતના પણ ન થાય (૪) નમ્રતાયુક્ત

શિષ્ટાચારને માટે અંજલી કરવી (હાથ જોડવા) મુખ્ય લક્ષણ છે. (૫) એકાગ્રચિત્ત થઈને રહેવાથી સંતોની વાણી અને ભાવોનું પૂર્ણ મૂલ્યાંકન જીવન ઉન્નતિમાં સહયોગી થાય. તેથી એ પાંચે ય શ્રાવકાચાર પ્રયોજન પૂર્ણ છે એવું સમજીને અપ્રમાદ ભાવથી શ્રાવકોએ તેનું આચરણ કાળજી રાખીને કરવું જ જોઈએ. તેમજ આવી પ્રાથમિક શ્રાવક સમાચારીમાં ચાલતા ઉપેક્ષાભાવોનું નિવારણ કરવું જોઈએ.

**પ્રશ્ન–૧૫ : તે શ્રાવકોએ વ્યાખ્યાન પછી શું તત્ત્વચર્ચા કરી ?**

**જવાબ :** વ્યાખ્યાન પછી વંદન નમસ્કાર કરીને વિનય ભક્તિપૂર્વક સંત સાંનિધ્યમાં બેસીને તે શ્રાવકોએ પોતાની જિજ્ઞાસા વ્યક્ત કરી અર્થાત્ અનેક શ્રાવકોની આગેવાની કરતા કોઈ શ્રાવકે પ્રશ્ન કર્યો–

**પ્રશ્ન–** હે ભગવન્ ! સંયમનું શું ફળ છે ? તપનું શું ફળ છે ? **ઉત્તર**–સ્થવિરોએ અર્થાત્ કોઈ એક શ્રમણે ઉત્તર આપ્યો કે સંયમથી કર્મ આશ્રવ અટકે છે અને તપથી પૂર્વ કર્મોની નિર્જરા થાય છે. **પ્રતિપ્રશ્ન–** હે ભંતે ! તો સંયમ-તપના પાલનથી જીવ દેવલોકમાં કેમ જાય છે ? **ઉત્તર– પૂર્વ સંયમથી** તે દેવલોકમાં જાય છે અર્થાત્ સરાગ સંયમ, પૂર્વ સંયમ છે પ્રારંભિક સ્ટેજ છે અને વીતરાગ સંયમ પશ્ચાત્ સંયમ છે. આમ પ્રથમ ઉત્તર થયો **સરાગ સંયમ.** તેનાથી શ્રમણ દેવલોકમાં જાય છે, વીતરાગ સંયમમાં સ્થિર થઈ જાય તો તે જ ભવમાં મુક્તિ થઈ જાય છે. **બીજા** સ્થવિરે તેને પુષ્ટ કરતાં આગળ ઉત્તર આપ્યો કે પૂર્વ તપથી અર્થાત્ સરાગ તપથી **ત્રીજા** સ્થવિરે આગળ ચલાવતાં કહ્યું કે જીવની કર્મિતા અવસ્થા અર્થાત્ સકર્મા અવસ્થા રહી જવાથી **ચોથા** સ્થવિરે તે ઉત્તરને પૂર્ણ કરતાં કહ્યું કે સંગિતા અવસ્થાથી અર્થાત્ સરાગ અવસ્થા, કર્માશ્રવ અવસ્થા, છદ્મસ્થાવસ્થાના કારણે. બધું મળીને પૂર્ણ ઉત્તર થયો કે– એ ચારે ય કારણોથી જીવનો સંસાર બાકી હોવાથી દેવાયુનો શુભકર્મ બંધ થાય છે.

શ્રમણોપાસકોની જિજ્ઞાસાનું સમાધાન થઈ ગયું તેઓને પૂર્ણ સંતોષ થયો, અન્ય લોકો પણ સમાધાનથી લાભાન્વિત થયા.

ગૌતમ સ્વામીના પૂછવા પર મહાવીર પ્રભુએ પણ તેનું સમર્થન કર્યું કે સ્થવિરોએ તે સત્ય ઉત્તર આપ્યો.

**પ્રશ્ન–૧૬ : શ્રમણોની સેવામાં જવાથી, તેઓની પર્યુપાસના કરવાથી**





**અર્થાત્ તેઓના સાંનિધ્યમાં બેસવાથી, સત્સંગ કરવાથી શું ઉપલબ્ધિ થાય છે ?**

**જવાબ :** શ્રમણોની પર્યુપાસનાથી ક્રમશઃ ૧૦ બોલોની ઉપલબ્ધિ થાય છે– (૧) ધર્મવચન શ્રવણ કરવા મળે છે. (૨) વ્રત-નિયમ, ત્યાગ-પ્રત્યાખ્યાનની પ્રેરણા અને આત્મ તત્ત્વનું જ્ઞાન મળે છે. (૩) જ્ઞાનવૃદ્ધિ કે ચર્ચા વિચારણાથી વિશેષ જ્ઞાન-વિજ્ઞાન પ્રાપ્ત થાય છે, સત્ય તત્ત્વની અનુભૂતિ થાય છે. (૪) ત્યાગ પ્રત્યાખ્યાન, વ્રત નિયમની ભાવના ઉત્પન્ન થાય છે. (૫) આગળ વધીને સંયમ અને (૬) અનાશ્રવ પછી (૭) તપમાં પરાક્રમ થાય છે. (૮) જેનાથી પૂર્વ સંચિત કર્મ ક્ષીણ થાય છે. (૯) ક્રમશઃ જીવ અક્રિય-યોગનિરોધ અવસ્થા પ્રાપ્ત કરે છે. (૧૦) તદનંતર સર્વ કર્મ ક્ષય થવાથી મુક્ત અવસ્થા, સિદ્ધ અવસ્થાની ઉપલબ્ધિ થાય છે. જીવ સદાને માટે સંસાર પ્રપંચથી મુક્ત થઈ જાય છે. જે પ્રમાણે એક બી વાવવાથી ક્રમશઃ વૃક્ષ બનીને શ્રેષ્ઠ ફળની પ્રાપ્તિ થાય છે તે જ પ્રમાણે સંતદર્શન, સત્સંગ જીવને મુક્તિ ફળ સુધી પહોંચાડનાર બને છે.

**પ્રશ્ન–૧૭ : ગરમ પાણીનો દ્રહ-ધરો અથવા ઝરણું ક્યાં હોય છે ?**

**જવાબ :** અહીં પાંચમા ઉદ્દેશકમાં દર્શાવ્યું છે કે રાજગૃહી નગરી બહાર વૈભાર ગિરિની નજીક **મહાતપોપતીર–પ્રભવ** નામનું એક ઝરણું છે. ૫૦૦ ધનુષ પ્રમાણ તેના પાણીનો પ્રવાહ નિરંતર વહી રહ્યો છે. તેમાં ઉષ્ણયોનિક પુદ્ગલોનો જળરૂપમાં ચય ઉપચય થાય છે અને નાશ પણ થતો રહે છે. ઉષ્ણયોનિક પાણીના જીવ પણ જન્મતા અને મરતા રહે છે. આમ તે ઉષ્ણયોનિક જલ ઉષ્ણયોનિક અપ્કાય જીવોથી યુક્ત હોવાથી સચિત્ત હોય છે. કારણ કે પાણીને માટે પ્રજ્ઞાપના સૂત્રમાં શીત, ઉષ્ણ અને શીતોષ્ણ ત્રણે યોની બતાવેલ છે.

અન્યતીર્થિક લોકો આ ઝરણાને સ્થાને દ્રહ કહે છે અને તેને ૫૦૦ ધનુષના સ્થાને અનેક યોજનનો બતાવે છે. તે તેઓનો સમજભ્રમ માત્ર છે. ॥ ઉદ્દેશક-૫ સંપૂર્ણ ॥ ॥ ઉદ્દેશક–૬,૭ સંક્ષિપ્ત ॥ ***[વર્તમાનમાં પણ તે સ્થળે ગરમપાણીનું ઝરણું લોકો પ્રત્યક્ષ જુએ છે.]***

**પ્રશ્ન–૧૮ : દશ ભવનપતિ દેવો શું જમીનની અંદર રહે છે ? તેઓ આપણી સમભૂમિથી નીચે કેટલે દૂર રહે છે ?**

**જવાબ :** દક્ષિણ દિશામાં અસંખ્ય યોજન અર્થાત્ અસંખ્યદ્વીપ સમુદ્ર પાર

કરીને જવાથી અઢણવર સમુદ્ર આવે છે. તેમાં ૪૨૦૦૦ યોજન જવાથી ચમરેન્દ્રનો ઉત્પાત પર્વત આવે છે. તે ૧૦૨૨ યોજન પહોળો છે. તેના પછી ફરી દક્ષિણમાં ૬,૫૫,૩૫,૫૦,૦૦૦ (૬ અરબ ૫૫ કરોડ, ૩૫ લાખ, ૫૦ હજાર) યોજન જવાથી સમુદ્રની વચ્ચેથી નીચે જવાનો માર્ગ આવે છે. તે માર્ગથી ૪૦,૦૦૦ ચાલીસ હજાર યોજન નીચે જવાથી ચમરેન્દ્રની ચમરચંચા રાજધાની આવે છે અર્થાત્ ભવનપતિના અસુરકુમાર જાતિના દેવોના ભવનાવાસ છે. મેઢપર્વતથી દક્ષિણ દિશામાં નીચે ચમરેન્દ્રના અને મેઢથી ઉત્તર દિશામાં નીચે બલીન્દ્રના ભવનાવાસ છે.

તાત્પર્ય એ છે કે અસુરકુમાર જાતિના ભવનપતિ દેવોના દેવાલય સમભૂમિથી ચાલીસ હજાર યોજન નીચે પ્રથમ નરકનો ત્રીજો પાથડો પાર કર્યા પછી ત્રીજા આંતરામાં લગભગ અર્ધે જવાથી આવે છે પછી ક્રમશઃ પ્રત્યેક આંતરામાં ૧-૧ ભવનપતિ(નાગકુમાર,સુવર્ણકુમાર આદિ) છે. અર્થાત્ ત્રીજા આંતરાથી બારમા આંતરા સુધીના ૧૦ આંતરામાં અસુરકુમાર આદિ ૧૦ ભવનપતિના ભવનાવાસ આવેલા છે.

આ પ્રમાણે અસુરકુમાર પ્રથમ નરકના ત્રીજા આંતરામાં, સમભૂમિથી ૪૦ હજાર યોજન નીચે છે અને દશમા સ્તનિતકુમારના ભવનાવાસ ૧૨મા આંતરામાં સમભૂમિથી લગભગ ૧,૭૦,૦૦૦(એક લાખ સિત્તેર હજાર) યોજન નીચે છે. અઢણવર સમુદ્રમાં જે નીચે જવાનો માર્ગ છે તે પણ એક લાખ સિત્તેર હજાર યોજન નીચે સુધી છે. જેમાંથી દશે ય જાતિના ભવનપતિ પોતપોતાના ભવનાવાસથી તિરછા લોકમાં આવી જઈ શકે છે. આ માર્ગ અંધકારમય ગુફા સરીખો છે પરંતુ દેવોના શરીર આદિનો પ્રકાશ હોવાથી તેઓને જવા-આવવામાં અગવડ થતી નથી.

પ્રથમ નરક રત્નપ્રભાનો પૃથ્વીપિંડ ૧ લાખ એંસી હજાર યોજનનો જાડો છે. તેમાં પ્રથમ નરકના ૧૩ પાથડા અને ૧૨ આંતરા છે. પાથડા ૩૦૦૦ ત્રણ હજાર યોજનના છે અને આંતરા બધા ૧૧ હજાર સાધિક યોજનના છે. ૧૩ પાથડામાં નારકીઓના નરકાવાસ છે અને ૧૦ આંતરાઓમાં ભવનપતિના ભવનાવાસ છે. ઉપરના બે આંતરાઓમાં ભવનપતિ નથી. ૧૨–૨=૧૦ નીચેના આંતરાઓમાં ૧૦ ભવનપતિ છે. ।। ઉદ્દેશક-૮ સંપૂર્ણ ।। ઉદ્દેશક-૯ સંક્ષિપ્ત ।।





**પ્રશ્ન–૧૯ : અસ્તિકાય શબ્દનો શું અર્થ છે અને પંચાસ્તિકાયના વિષયમાં અહીં શું સમજાવ્યું છે ?**

**જવાબ :** કાય-પ્રદેશોનો સમૂહ, પિંડ, અસ્તિ-ત્રણેકાળ અસ્તિત્વરૂપમાં રહેનારા. આમ અસ્તિકાય-ત્રિકાળ શાશ્વત અનેક અસંખ્ય કે અનંત પ્રદેશોનો સમૂહ.

પ્રસ્તુત ઉદ્દેશક–૧૦માં પાંચ અસ્તિકાયોના વિષયમાં સમજાવ્યું છે કે– **(૧) ધર્માસ્તિકાય–** દ્રવ્યથી સંપૂર્ણ એક સ્કંધરૂપ છે, જે ક્ષેત્રથી સંપૂર્ણ લોકપ્રમાણ છે. તેના કોઈ ખંડ કે વિભાજન થતું નથી. તેના દેશ અને પ્રદેશનું જે અસ્તિત્વ છે તે સ્કંધની સાથે જ હોય છે. ત્રણે કાળમાં ધર્માસ્તિકાય દ્રવ્ય આ જ રૂપમાં હતું, છે અને રહેશે એટલે શાશ્વત છે. ભાવથી ધર્માસ્તિકાયમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી, તે અરૂપી અજીવ દ્રવ્ય છે. ધર્માસ્તિકાયનો ગુણ ગતિ સહાય છે અર્થાત્ તે જીવ અને પુદ્‌ગલ દ્રવ્યોને લોકમાં ગતિ કરવામાં સહાયક થાય છે. જેવી રીતે માછલીને ગતિ કરવામાં જળ અને ટ્રેન(ગાડી)ને ગતિ કરવામાં પાટા મદદરૂપ બને છે. તે જળ અને પાટા વિના માછલી અને ટ્રેનનું ચાલવું સંભવ નથી તેમજ ધર્માસ્તિકાય સમસ્ત લોકમાં હોવાથી જીવ અને પુદ્‌ગલોનું ગતિમાન થવાનું સંભવ બને છે.

ધર્માસ્તિકાય લોકપ્રમાણ હોવાથી અસંખ્યપ્રદેશાત્મક એક સ્કંધ દ્રવ્ય છે. દ્વીપ, સમુદ્ર, દેવલોક, સિદ્ધશિલા, સાત નરકના પૃથ્વીપિંડ, ઘનોદધિ, ઘનવાત, તનુવાત એ સર્વ ધર્માસ્તિકાય સ્કંધના અસંખ્યાતમા ભાગ રૂપે છે. સાતે ય નરકની નીચેના પ્રત્યેક આકાશાંતર અતિવિશાળ હોવાથી ધર્માસ્તિકાયના સંખ્યાતમા ભાગ રૂપ કહેવામાં આવ્યા છે.

અધોલોક, ધર્માસ્તિકાયથી સાધિક અર્ધભાગ રૂપ છે, ઊર્ધ્વલોક ધર્માસ્તિકાયથી દેશોન અર્દ્ધભાગ રૂપ છે અને તિર્યક લોક ધર્માસ્તિકાયના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. ઉપરથી નીચે ૧૪ રાજલોક પ્રમાણમાં લોકનો મધ્ય પ્રથમ નરકના આકાશાંતરમાં થાય છે અને અધોલોક તો મેઢપર્વતની સમભૂમિથી ૯૦૦ યોજન નીચેથી પ્રારંભ થઈ જાય છે.

**(૨) અધર્માસ્તિકાય–** એનું સંપૂર્ણ વર્ણન ધર્માસ્તિકાયની સમાન છે પરંતુ ગુણથી 'સ્થિતિ સહાય' ગુણ છે. જેમ પથિકને માર્ગમાં વૃક્ષની છાયા થોભવામાં મદદરૂપ થાય છે તે જ પ્રમાણે જીવ અને પુદ્‌ગલને સ્થિર થવામાં અધર્માસ્તિકાય સહાયભૂત બને છે.

**(૩) આકાશાસ્તિકાય–** આ પણ ધર્માસ્તિકાયની સમાન એક દ્રવ્યરૂપ જ છે, વિશેષતા એમાં એ છે કે ક્ષેત્રથી લોકાલોક પ્રમાણ અને અનંતપ્રદેશી એક દ્રવ્ય છે. અપેક્ષામાત્રથી લોકાકાશ અને અલોકાકાશ એવા બે વિભાગની કલ્પના કરવામાં આવી છે પરંતુ લોક અને અલોક બંનેનું સંલગ્ન આકાશ એક જ છે એથી વાસ્તવમાં આકાશાસ્તિકાય અનંતપ્રદેશી એક દ્રવ્ય તરીકે સ્વીકારવામાં આવેલ છે.

લોકાકાશમાં જીવ, જીવનો દેશ, જીવનો પ્રદેશ, અજીવ, અજીવદેશ, અજીવપ્રદેશ પણ હોય છે. એકેન્દ્રિય આદિ અનિન્દ્રિય પર્યંત પણ હોય છે. અજીવમાં પુદ્ગલ દ્રવ્યના સ્કંધ, દેશ, પ્રદેશ, પરમાણુ પણ હોય છે. ધર્માસ્તિકાય રૂપ અજીવ અખંડ દ્રવ્ય અને તેના પ્રદેશ હોય છે. તે જ પ્રમાણે અધર્માસ્તિકાયના બે ભેદ (અખંડદ્રવ્ય અને પ્રદેશ) અને કાલ દ્રવ્ય લોકાકાશમાં હોય છે, અલોકાકાશમાં આ ઉપરોક્ત જીવ કે અજીવ કંઈ પણ હોતા નથી.

**(૪) જીવાસ્તિકાય–** દ્રવ્યથી અનંત જીવ દ્રવ્ય, ક્ષેત્રથી લોકપ્રમાણ, કાલથી સદા શાશ્વત છે, ભાવથી વર્ણાદિ રહિત અરૂપી છે. એક જીવ અસંખ્યપ્રદેશી છે, અનંત જીવ દ્રવ્ય મળીને સંપૂર્ણ જીવાસ્તિકાય અનંતપ્રદેશી છે, સંપૂર્ણ લોકમાં છે, અલોકમાં નથી. જીવ પોતાના ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પરાક્રમથી જીવત્વરૂપે પોતાની ઓળખ કરાવનાર છે. પોતાના સ્વરૂપને, ચેતના લક્ષણને પ્રદર્શિત કરે છે તથા ૫ જ્ઞાન ૩ અજ્ઞાન ૪ દર્શન એ ૧૨ ઉપયોગમાં, એના પર્યાયોમાં ઉપયોગ યુક્ત રહે છે. આ ઉપયોગ ગુણથી પણ જીવ ઓળખવામાં આવે છે. તેથી જીવ ગુણથી ઉપયોગ ગુણવાળો અને ચેતના લક્ષણવાળો કહેવાય છે. અજીવ પુદ્ગલ દ્રવ્યમાં આ લક્ષણો હોતા નથી. જીવોના શરીર અજીવ પુદ્ગલ રૂપ છે. તેમાં ઉપયોગ ગુણ અને ચેતના ગુણ જે દેખાય છે તે અરૂપી જીવના છે તે જીવ જ્યારે પુદ્ગલોને ગ્રહણ કરીને સ્વયં તેમાં ઉપસ્થિત રહે છે ત્યારે જીવના તે ચેતનત્વ અને ઉપયોગ ગુણ પુદ્ગલ રૂપ શરીરોમાં દેખાય છે અને જ્યારે તેમાંથી જીવ દ્રવ્ય નીકળી જાય છે, આયુષ્ય પૂર્ણ કરીને જીવ અન્યત્ર ચાલ્યો જાય છે ત્યારે તે જીવ રહિત શરીર ચેતનત્વ ગુણથી રહિત થઈ જાય છે. આ રીતે સંસારમાં જીવ અને પુદ્ગલ બે જ દ્રવ્ય સ્થૂલ રૂપે દેખાય છે.

**(૫) પુદ્ગલાસ્તિકાય–** દ્રવ્યથી અનંત પુદ્ગલ દ્રવ્ય છે. જેમાં પરમાણુ, દ્વિ પ્રદેશી, ત્રિ પ્રદેશી યાવત્ અનંત પ્રદેશી પુદ્ગલ પણ અનંત-અનંત છે. તેથી





સંપૂર્ણ પુદ્ગલાસ્તિકાય પણ અનંત દ્રવ્ય રૂપ છે, ક્ષેત્રથી એ પણ લોકપ્રમાણ તથા કાલથી સદાકાળ શાશ્વત છે. પ્રદેશ અને સ્કંધ જોડાતા વિખેરાતા રહે છે. તોપણ તે પુદ્ગલ દ્રવ્ય રૂપમાં શાશ્વત રહે જ છે. ભાવથી આ પુદ્ગલ દ્રવ્ય રૂપી છે. તેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હોય છે. પરમાણુથી લઈને અનંતપ્રદેશી આદિ સર્વ સ્કંધોમાં હીનાધિક વર્ણાદિ હોય છે. જઘન્ય ૧ વર્ણ ૧ ગંધ ૧ રસ અને ૨ સ્પર્શ એક પરમાણુમાં હોય છે. ઉત્કૃષ્ટ ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ આ ૨૦ બોલ અનંતપ્રદેશી બાદર સ્કંધમાં હોય છે. ગુણથી આ પુદ્ગલો બને છે અને વિખરાય છે. એક રૂપમાંથી નાશ પામીને અન્ય રૂપમાં બદલાતા રહે છે. રૂપી હોવાથી પુદ્ગલો જીવ દ્વારા ગ્રહણ કરવામાં આવે છે અને છોડવામાં આવે છે. તેથી પુદ્ગલાસ્તિકાય ગ્રહણ ગુણવાળા અથવા બનવા-વિખરાવાના ગુણવાળા કહેલ છે. તેને સમજવાને માટે વાદળોના બનવા-વિખરાવા અને મળવાનું દષ્ટાંત આપવામાં આવે છે. ॥ ઉદ્દેશક–૧૦ સંપૂર્ણ ॥

## શતક–૩ : ઉદ્દેશક–૧ થી ૧૦

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આ શતકમાં ૧૦ ઉદ્દેશક છે. આઠ ઉદ્દેશકોમાં પોતાનો પરિપૂર્ણ વિષય છે, અંતિમ બે ઉદ્દેશકોમાં સંક્ષિપ્ત અતિદેશાત્મક પાઠ છે. શતકના પ્રારંભમાં વિષય સૂચક કે ઉદ્દેશક નામ સૂચક એક ગાથા છે તદનુસાર વિષય આ પ્રમાણે છે–

**(૧) વિકુર્વણા–** પ્રથમ ઉદ્દેશકમાં દેવોની ઋદ્ધિ અને વૈક્રિય સામર્થ્યનું વર્ણન છે.

**(૨) ચમર–** બીજા ઉદ્દેશકમાં ચમરેન્દ્રનું વિસ્તૃત વર્ણન છે.

**(૩) ક્રિયા–** આમાં કાયિકી આદિ પાંચ ક્રિયાઓનું સ્વરૂપ,સકંપ-સયોગી, સકષાયી, યોગ અને કષાયજન્ય આત્મસ્પંદન વાળાઓની અમુક્તિ, પ્રમત્ત-અપ્રમત્તની સ્થિતિ આદિ સંબંધી મંડિતપુત્ર છટ્ઠા ગણધરના પ્રશ્ન અને પ્રભુ મહાવીરના ઉત્તર છે.

**(૪) યાન–** યાન રૂપે જતા દેવ-દેવીને ભાવિતાત્મા અણગાર દ્વારા જાણવું, જોવું, વૃક્ષના વિભાગોનું જાણવું-જોવું, વાયુકાયની વિક્રિયા અને ગમન, વાદળોનું પરિણમન અને ગમન, અણગારની વિકુર્વણા ઈત્યાદિ વર્ણન છે.

**(૫) સ્ત્રી–** અણગાર દ્વારા સ્ત્રી આદિ રૂપોની વિકુર્વણા તથા તત્સંબંધી માઈ-અમાઈ તથા વાયુકાયની વિકુર્વણા વગેરેનું વર્ણન આ ઉદ્દેશકમાં છે.

**(૬) નગર–** આ ઉદ્દેશકમાં મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દષ્ટિ દ્વારા નગરીની વિકુર્વણા અને જાણવા-જોવાનું વર્ણન છે. ભાવિતાત્મા અણગારની વિકુર્વણા, સ્વરૂપ અને ચમરેન્દ્રના આત્મરક્ષક દેવોનું (૨,૫૬,૦૦૦નું) રાજપ્રશ્નીય સૂત્રના અતિદેશ યુક્ત સંક્ષિપ્ત વર્ણન છે.

**(૭) લોકપાલ–** શક્રેન્દ્રના ૪ લોકપાલોના અધિકાર, કર્તવ્ય વગેરે સંબંધી વિસ્તૃત વર્ણન છે.

**(૮) અધિપતિ–** આમાં ચાર જાતિના દેવોના અધિકારીઓની, અધિપતિઓની સંખ્યા બતાવી છે.

**(૯) ઈન્દ્રિય–** પાંચ ઈન્દ્રિયોના વિષયોનું સંક્ષિપ્ત વર્ણન છે. જીવાભિગમ સૂત્રનો નિર્દેશ છે.

**(૧૦) પરિષદ–** ઈન્દ્રોની પરિષદ સંબંધી સંક્ષિપ્ત કથન છે.

**પ્રશ્ન–૨ : ચમરેન્દ્રની વૈક્રિય શક્તિ અને ઋદ્ધિ કેવી હોય છે ?**

**જવાબ :** દશ ભવનપતિમાં પ્રથમ અસુરકુમાર જાતિના દક્ષિણ દિશાના ઈન્દ્ર ચમરેન્દ્ર છે. તેની એક સાગરોપમની સ્થિતિ છે. ૩૪ લાખ ભવનાવાસ તેની માલિકીમાં છે, ૬૪ હજાર સામાનિક અને ૨,૫૬,૦૦૦ તેના આત્મરક્ષક દેવ છે. પાંચ અગ્રમહિષી દેવીઓ છે અને તે ચમરેન્દ્ર વૈક્રિય દ્વારા હજારો લાખો રૂપોથી પૂરા જંબૂદ્વીપ જેટલું ક્ષેત્ર ભરી શકે છે. તેની ક્ષમતા તો અસંખ્ય જંબૂ દ્વીપ જેટલા ક્ષેત્રને વૈક્રિય રૂપોથી ભરવાની છે પરંતુ એવું ક્યારે ય ક્રિયાન્વિત કરતા નથી.

ઉત્તર દિશાના અસુરકુમાર જાતિના ઈન્દ્ર બલીન્દ્ર છે, તેની માલિકીમાં ૩૦ લાખ ભવનાવાસ, ૬૦ હજાર સામાનિક દેવ, ૨ લાખ ૪૦ હજાર આત્મ રક્ષક દેવ અને પાંચ અગ્રમહિષી દેવીઓ છે. વૈક્રિય શક્તિથી તે ઈન્દ્ર સાધિક જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વૈક્રિય રૂપોથી ભરી શકે છે. તેની ક્ષમતા ચમરેન્દ્ર સદશ અસંખ્ય જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વૈક્રિય રૂપોથી ભરવાની છે પરંતુ એવું ક્યારે ય કરતા નથી.

તે જ રીતે નાગકુમાર આદિ નવનિકાયના દેવેન્દ્રોની, ૧૬ વ્યંતરોની





અને સૂર્ય-ચંદ્ર બે જ્યોતિષેન્દ્રોની વૈક્રિય ક્ષમતા સમજવી અર્થાત્ દક્ષિણના ઈન્દ્ર એક જંબૂદ્વીપ પ્રમાણ અને ઉત્તરના ઈન્દ્ર સાધિક જંબૂદ્વીપ પ્રમાણ ક્ષેત્રને વૈક્રિય રૂપોથી ભરી શકે છે અને આ નાગકુમારાદિની ક્ષમતા સંખ્યાતા જંબૂદ્વીપ પ્રમાણ ક્ષેત્રને વૈક્રિય રૂપોથી ભરવાની હોય છે પરંતુ તેવું ક્યારે ય કાર્યાન્વિત થતું નથી.

જ્યોતિષેન્દ્રમાં સૂર્યને દક્ષિણી ઈન્દ્રો સમાન અને ચંદ્રને ઉત્તરી ઈન્દ્રો સમાન સમજવા. અહીં વિશેષ વાત એ ધ્યાનમાં રાખવાની છે કે સાગરોપમની સ્થિતિવાળાઓની અસંખ્ય જંબૂદ્વીપ પ્રમાણ ક્ષેત્ર ભરવાની ક્ષમતા હોય છે અને પલ્યોપમની સ્થિતિવાળાઓની સંખ્યાત જંબૂદ્વીપ પ્રમાણ ક્ષેત્ર ભરવાની ક્ષમતા હોય છે. આ નિયમ અનુસાર અસુરકુમારના સામાનિક, ત્રાયત્રિંશક દેવોની સ્થિતિ સાગરોપમની હોવાથી અસંખ્ય જંબૂદ્વીપ પ્રમાણ ક્ષેત્રને વૈક્રિય રૂપોથી ભરવાની ક્ષમતા હોય છે. અગ્રમહિષી દેવીઓ અને આત્મરક્ષક દેવોની પલ્યોપમ રૂપ સ્થિતિ હોવાથી સંખ્યાત જંબૂદ્વીપ પ્રમાણ કહેવું.

નવનિકાય, વ્યંતર, જ્યોતિષીમાં ઈન્દ્ર આદિની પલ્યોપમ રૂપ સ્થિતિ હોવાથી તેઓમાં સંખ્યાત જંબૂદ્વીપ પ્રમાણ રૂપ ભરવાની ક્ષમતા હોય છે.

બીજા ગણધર અગ્નિભૂતિએ દક્ષિણના ઈન્દ્રોની અને સૂર્યની પૃચ્છા કરી છે અને ત્રીજા ગણધર વાયુભૂતિ અણગારે ઉત્તર દિશાના ઈન્દ્રોની અને ચંદ્રની પૃચ્છા કરી છે.

**વૈમાનિક દેવોમાં–** શક્રેન્દ્ર અને તેમના સામાનિક, અગ્રમહિષી, લોકપાલ અને ત્રાયત્રિંશકમાં બે જંબૂદ્વીપ પ્રમાણ ક્ષેત્ર ભરી શકવાનું, ઈશાનેન્દ્રમાં સાધિક બે જંબૂદ્વીપ પ્રમાણ ક્ષેત્ર ભરી શકવાનું કહેવું. ત્રીજા દેવલોકમાં ચાર જંબૂદ્વીપ, ચોથામાં સાધિક ચાર જંબૂદ્વીપ, પાંચમામાં આઠ જંબૂદ્વીપ અને છટ્ઠા દેવલોકમાં સાધિક આઠ જંબૂદ્વીપ, સાતમા દેવલોકમાં ૧૬ જંબૂદ્વીપ અને આઠમા દેવલોકમાં સાધિક ૧૬ જંબૂદ્વીપ, નવમા દશમા દેવલોકમાં ૩૨ જંબૂદ્વીપ અને ૧૧મા ૧૨ મા દેવલોકોમાં સાધિક ૩૨ જંબૂદ્વીપ ભરી શકવાનું કહેવું. આમાં દેવીઓ અને આત્મરક્ષકોની ક્ષમતા સંખ્યાત જંબૂદ્વીપ ભરવાની કહેવી, બાકી બધાની અસંખ્ય જંબૂદ્વીપ પ્રમાણ ક્ષેત્ર ભરવાની ક્ષમતા સમજવી.

બધાના લોકપાલ ૪-૪ હોય છે, ત્રાયત્રિંશક ૩૩ હોય છે, અગ્રમહિષી બે દેવલોકમાં છે, આગળના દેવલોકોમાં નથી. સામાનિક ૮૪૦૦૦(ચોર્યાસી

હજાર) હોય છે અને આત્મરક્ષક દેવ, સામાનિક દેવોથી ચાર ગણા હોવાથી ૩ લાખ ૩૬ હજાર હોય છે. ઈશાનેન્દ્રના ૮૦ હજાર સામાનિક અને ૩ લાખ ૨૦ હજાર આત્મરક્ષક દેવ હોય છે. ત્રીજા દેવલોકથી ૧૨મા દેવલોક સુધી લોક-પાલોની સ્થિતિ સાગરોપમમાં હોવાથી અસંખ્ય જંબૂદ્વીપ પ્રમાણ ક્ષેત્ર ભરવાની વૈક્રિય ક્ષમતા હોય છે.

**પ્રશ્ન–૩ : તિષ્યક અણગાર અને કુઢદત્ત અણગારનું શું વર્ણન છે ?**

**જવાબ :** આ બંને અણગાર ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી શિષ્ય હતા. તિષ્યક અણગારે ૮ વર્ષ છઠને પારણે છઠ કર્યા, ૩૦ દિવસનો સંથારો કર્યો, આયુષ્ય પૂર્ણ કરીને પ્રથમ દેવલોકમાં સામાનિક દેવ બન્યા. ઈન્દ્રના જેવી તેની ઋદ્ધિ છે પરંતુ શક્રેન્દ્ર ૩૨ લાખ વિમાનોના સ્વામી છે અને સામાનિક દેવ પોતાના એક વિમાનના સ્વામી હોય છે તેના પણ ૪૦૦૦ સામાનિક દેવ, ૪ અગ્રમહિષી સપરિવાર, સાત અનિકા, અનિકાધિપતિ, ૧૬ હજાર આત્મરક્ષક દેવ, ત્રણ પરિષદ હોય છે. સ્થિતિ અને વૈક્રિય શક્તિ ઈન્દ્રની સમાન હોય છે.

કુઢદત્ત અણગાર પણ ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી શિષ્ય હતા. સંપૂર્ણ વર્ણન તિષ્યક અણગાર જેવું સમજવું. વિશેષતા એ છે કે તેઓ અઠમના પારણે અઠમ તથા પારણામાં આયંબિલ તપ કરતા હતા. કુલ ૬ મહિનાના દીક્ષા પર્યાયનું પાલન કરી તેમાં પણ ૧૫ દિવસનો સંથારો ૩૦ ભક્તનું અણસન પૂર્ણ કરીને ઈશાન દેવલોકમાં સામાનિક દેવ રૂપે ઉત્પન્ન થયા. સંપૂર્ણ ઋદ્ધિ તિષ્યક અણગાર સમાન સમજવી. વૈક્રિયથી સાધિક બે જંબૂદ્વીપ પ્રમાણ ક્ષેત્ર ભરવાની ક્ષમતા કહેવી.

પ્રથમ, ત્રીજા, પાંચમા, સાતમા, નવમા, દશમા દેવલોક સંબંધી પૃચ્છા દ્વિતીય ગણધરે અને શેષ દેવલોકના સંબંધમાં પૃચ્છા ત્રીજા ગણધરે કરી હતી. આ પૃચ્છા મોકા નામની નગરીમાં કરવામાં આવી હતી.

**પ્રશ્ન–૪ : ઈશાનેન્દ્ર પૂર્વભવમાં કોણ હતા અને તેણે શું સાધના કરી હતી ?**

**જવાબ :** બીજા દેવલોકના ઈન્દ્ર ઈશાનેન્દ્ર પૂર્વભવમાં તામલી તાપસ હતા. તેણે તાપસી દીક્ષા લીધી હતી. તેનું કથાનક આ પ્રમાણે છે–

તામ્રલિપ્તિ નગરીમાં મૌર્યવંશમાં ઉત્પન્ન મૌર્યપુત્ર તામલી નામના





ગાથાપતિ શેઠ રહેતા હતા. ધનાઢય અને ઋદ્ધિસંપન્ન અને અનેક મનુષ્યો દ્વારા સન્માનિત હતા. એકવાર રાત્રિમાં તેને વિચાર આવ્યો કે પુણ્યથી પ્રાપ્ત આ સામગ્રી એકાંત ભોગવીને માત્ર ક્ષય કરવાનું જ ઉપયુક્ત નથી. માટે પુણ્ય છે ત્યાં સુધીમાં કંઈક આત્મસાધના કરવી જોઈએ. તદનુસાર તેણે **પ્રાણામા પ્રવ્રજ્યા** અંગીકાર કરવાનો નિર્ણય કર્યો. લૌકિક વ્યવહાર જાળવવા અર્થે અનેક સ્વજન-પરિજનોને નિમંત્રિત કરીને ભોજન ઉપરાંત બધાને સંબોધિત સૂચિત કરી સત્કારિત સન્માનિત કરીને પુત્રોને કુટુંબનો ભાર સોંપીને, બધાની સંમતિ-સ્વીકૃતિ લઈને પ્રાણામા પ્રવ્રજ્યા સ્વીકારી. દીક્ષા લીધી ત્યારથી છઠના પારણે છઠ કરવાનો જીવનભરનો અભિગ્રહ-નિયમ કર્યો. પારણામાં તામલી તાપસ કાષ્ટપાત્રમાં ભિક્ષાચરી દ્વારા શુદ્ધ ભોજન પ્રાપ્ત કરીને તેને પાણીમાં ૨૧ વાર ધોઈ નીરસ બનાવી આહાર કરતા હતા. આ પ્રકારની ચર્યાનું પાલન તામલી તાપસે ૬૦૦૦૦(સાઠ હજાર) વર્ષ સુધી નિરંતર કર્યું પછી બે મહિનાનો પાદપોપગમન સંથારો તે જ તામ્રલિપ્તિ નગરીની બહાર કર્યો.

**પ્રાણામા પ્રવ્રજ્યા–** આ પ્રવ્રજ્યાવાળા સાધક દેવ, માનવ, દાનવ, પશુપક્ષી જે કોઈને ઉપર,નીચે, તિરછું જ્યાં દેખે ત્યાં તેને અત્યંત વિનયપૂર્વક પ્રણામ કરે છે. જે કોઈ સામે મળે તેને પણ પ્રણામ કરે છે.

સાઠ હજાર વર્ષ સુધી આ પ્રમાણે વિનય-વ્યવહાર, છઠ-છઠ તપ તથા પારણામાં ભિક્ષાચરીથી પ્રાપ્ત અને ૨૧ વાર પાણીથી ધોએલ આહાર અર્થાત્ ઉચ્ચકોટિના આયંબિલ આહારથી તેણે પોતાના ઔદારિક શરીરને તથા કાર્મણ શરીરને અત્યંત કૃશ કરી દીધું, હાડપિંજર જેવું શરીર બની ગયા પછી પણ જીવન રહેતાં અનશનની આરાધના શરૂ કરી હતી.

તે સમયે ઉત્તર દિશાના અસુરકુમાર દેવોની બલિચંચા રાજધાની, ઈન્દ્ર(બલીન્દ્ર)વિના ખાલી હતી અર્થાત્ ત્યાંના ઈન્દ્રનું ચ્યવન થઈ ચૂકયું હતું. નવા ઈન્દ્ર જનમ્યા ન હતા. ત્યાંના અનેક દેવ-દેવીઓએ ઉપયોગ લગાવીને તામલી તાપસને સંથારામાં જોયા અને અનેક દેવ દેવીઓએ તામલી તાપસની પાસે જઈ વિનયપૂર્વક નિવેદન કર્યું કે આપ નિયાણું કરીને અમારી રાજધાનીમાં ઈન્દ્ર રૂપે ઉત્પન્ન થઈ જાઓ. અનેક પ્રયત્ન કરવા છતાં પણ તે તાપસ તેઓના કોઈ પણ પ્રલોભનમાં ન પડયા અને નિષ્કામ નિયાણા રહિત બે માસનો સંથારો પૂર્ણ કરીને બીજા દેવલોકમાં ઈશાનેન્દ્રપણે ઉત્પન્ન થયા.

બલિચંચા રાજધાનીના દેવ દેવીઓએ જ્ઞાનમાં ઉપયોગ મૂકીને જાણ્યું કે તામલી તાપસ કાળધર્મ પ્રાપ્ત થયા છે અને ઈશાનેન્દ્ર રૂપે ઉત્પન્ન થયા છે તેમ જાણી-જોઈને અત્યંત ક્રોધિત થઈ મનુષ્ય લોકમાં આવીને તેના શરીરની કદર્થના કરી, સિંધરીને ડાબા પગમાં બાંધીને, ઢસરડીને તિરસ્કારાત્મક ઘોષણા કરતાં-કરતાં નગરમાં ફેરવ્યું અને અંતમાં ગામની બહાર એક તરફ ફેંકી દઈ ચાલ્યા ગયા. આ હકીકતને પોતાના દેવો દ્વારા જાણીને ઈશાનેન્દ્ર ક્રોધિત થઈ સીધમાં નીચાલોકમાં રહેલી બલિચંચા રાજધાનીને પોતાની તેજોલેશ્યા યુક્ત એકાગ્ર દષ્ટિએ જોઈ. જેથી બલિચંચા રાજધાની ઈશાનેન્દ્રના દિવ્ય પ્રભાવથી લાલપીળી થઈ એકદમ તાપથી તપ્ત થઈ ગઈ. ત્યાંના દેવ-દેવી તાપથી હેરાન પરેશાન થઈ ગભરાવા લાગ્યા. અહીં તહીં ભાગવા લાગ્યા આખરે અસહ્ય સ્થિતિ થવાથી અને ઈશાનેન્દ્રના ક્રોધ પ્રભાવને સમજીને, નમ્ર બનીને, અનુનય વિનય કરતાં-કરતાં ઈશાનેન્દ્રની ક્ષમાયાચના કરી અને હવે પછી એવું ક્યારે ય નહિ કરવાનો સંકલ્પ કર્યો. ત્યારે ઈશાનેન્દ્રે પોતાના દિવ્ય પ્રભાવને એટલે તેજોલેશ્યાને સંહરિત કરી લીધી.

આ પ્રસંગથી ઈશાનેન્દ્ર તિરછા લોકમાં પોતાની સાધના નગરી તામ્રલિપ્તિને અને રાજગૃહી નગરીમાં બિરાજિત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને જોયા. ઈશાનેન્દ્ર પ્રભુના અતિશયથી પ્રભાવિત થઈને પોતાની ઋદ્ધિ સહિત ભગવાનના દર્શન, પર્યુપાસના કરવા આવ્યા. ભગવાનના સમવસરણમાં સૂર્યાભદેવની જેમ ૩૨ પ્રકારના નાટક બતાવીને ચાલ્યા ગયા. ત્યારે ગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ આ ઉપરોક્ત ઘટનાનું દિગ્દર્શન કરાવ્યું.

**પ્રશ્ન–૫ : તેજોલેશ્યા લબ્ધિ શું છે અને તેનો પ્રયોગ કેવી રીતે કરવામાં આવે છે ?**

**જવાબ :** તેજોલેશ્યા લબ્ધિ બધા દેવોને જન્મજાત હોય છે. કેટલાક સાધકોને તપસ્યા અને આતાપના વગેરે સાધનાથી પણ આ લબ્ધિ(શક્તિ) ઉત્પન્ન થાય છે. આ લબ્ધિનો પ્રયોગ દષ્ટિથી જોવા માત્રથી જ થઈ જાય છે, યથા– વેશ્યાયન બાલ તપસ્વી દ્વારા ગોશાલક પર તેજોલબ્ધિનો પ્રયોગ દષ્ટિમાત્રથી કરવામાં આવ્યો હતો. ગોશાલકે પણ બે અણગારોને એમ જ દષ્ટિપ્રયોગથી ભગવાનના સમવસરણમાં પરિતાપિત અને ભસ્મ કરેલ હતા. ક્યારેક વિધિ સહિત તૈજસ સમુદ્ઘાત કરીને સાત આઠ પગલા પાછળ જઈને પૂરી શક્તિ





સાથે આ લેશ્યા છોડવામાં આવે છે. યથા ગોશાલકે ભગવાન મહાવીર પર એવી વિધિથી ફેંકી હતી.

સંક્ષેપમાં **તેજોલેશ્યા** નામની આ એક લબ્ધિ છે જેનો પ્રયોગ **તૈજસ સમુદ્ઘાત** દ્વારા થાય છે. આ તેજોલેશ્યા લબ્ધિને સંક્ષેપમાં **તેજોલબ્ધિ** પણ કહી દેવામાં આવે છે.

**પ્રશ્ન–૬ : ઈશાનેન્દ્ર પૂર્વભવમાં તામલી તાપસ હતા તો તે દેવલોકથી ભગવાન મહાવીરના દર્શન કરવા રાજગૃહમાં કેવી રીતે આવ્યા ?**

**જવાબ :** છઠ-છઠના પારણા અને પારણામાં ૨૧ વાર આહારને ધોઈને ખાવો તથા બે મહિનાનો પાદપોપગમન સંથારો, તેમાં પણ બલિચંચા રાજધાનીના દેવ-દેવીઓના પ્રલોભનમાં નહિં આવવું અને નિયાણું નહિ કરવું; એવી વિકટ તપમય આદર્શ સાધનાના પ્રભાવથી તે અત્યંત હળુકર્મી બની ગયા હતા. પછી દેવગતિ સ્વભાવથી વિશિષ્ટ અવધિજ્ઞાનના કારણે પોતાની નગરીને, પોતાના શરીરને જોવા માટે ઉપયોગ લગાડતાં ભગવાન મહાવીર સ્વામીને પણ જોયા. તેઓની અતિશય સંપદા, સાધુ સંપદા, આચાર સંપદા વગેરેથી પ્રભાવિત થઈ શુભ ચિંતન, શુભ અધ્યવસાયોથી દેવગતિમાં પણ સમ્યગદષ્ટિ બની શકે છે અને સમ્યગદષ્ટિ થઈ જવાથી ભગવાનના દર્શન કરવા જવાનું આકર્ષણ સહજ થઈ શકે છે.

**પરંપરાએ એવું પણ માનવામાં આવે છે કે** પાદપોપગમન સંથારાના સમયે પાછલા દિવસોમાં ક્યારેક તેણે ત્યાંથી જતાં-આવતાં ઈર્યાસમિતિ યુક્ત એકાગ્ર દષ્ટિથી ચાલતા જૈન શ્રમણોને જોયા હતા ત્યારે અનુપ્રેક્ષા કરતા તેને જૈન આચાર પર સમ્યક શ્રદ્ધા ઉત્પન્ન થવાથી(ત્યાગી તપસ્વી હળુકર્મી તો હતા જ) સહજ ભાવોથી સમકિતની પ્રાપ્તિ થઈ ગઈ હતી અને એ પરિણામોમાં સંથારો પૂર્ણ કરીને સમ્યગ્દષ્ટિ સહિત ઈશાનેન્દ્ર બન્યા હતા.

સાર એ છે કે તે ભગવાનની પાસે ભક્તિપૂર્વક દર્શન કરવા માટે ગયા હતા અને ભગવાનને સર્વજ્ઞ તરીકે સ્વીકાર કરીને ગૌતમાદિને પોતાની ઋદ્ધિ ૩૨ નાટક દ્વારા બતાવી અને ભક્તિપૂર્વક વંદન કરીને ચાલ્યા ગયા. આ આગમ વર્ણનથી પણ આ ઈન્દ્રનું તે સમયે સમ્યગ્દષ્ટિ હોવું સ્પષ્ટ થાય છે. ગ્રંથોમાં એ પણ પ્રસિદ્ધ છે કે વર્તમાનના ૬૪ ઈન્દ્ર સમ્યગ્દષ્ટિ છે તથા એક મનુષ્ય ભવ કરીને તે બધાય મોક્ષ જનારા છે. તેથી દાનામા પ્રવ્રજ્યાનું પાલન કરીને

ઈન્દ્ર બનેલા ચમરેન્દ્ર પણ અત્યારે સમ્યગ્દષ્ટિ છે અને એક ભવ કરીને મોક્ષ જનારા છે. 'પ્રત્યેક જીવે ૬૪ ઈન્દ્ર રૂપે અનંતભવ કર્યા છે.' આ કથન અનુસાર ઈન્દ્રોમાંથી કોઈ પણ ક્યારે ય પણ મિથ્યાદષ્ટિ કે સમ્યગ્દષ્ટિ બંને પ્રકારના હોઈ શકે છે. પરંપરા માત્ર વર્તમાનના ૬૪ ઈન્દ્રોને એક ભવાવશેષી મોક્ષગામી માનવાની છે.

**પ્રશ્ન–૭ : પહેલા બીજા અને ત્રીજા દેવલોકના ઈન્દ્રોના પરસ્પર વ્યવહાર આદિ કેવા પ્રકારના હોય છે ?**

**જવાબ :** પહેલા બીજા દેવલોકની સમભૂમિ-પૃથ્વીપિંડ એક જ છે. વિમાનોની ઊંચાઈ પણ સમાન છે. તોપણ જેમ આપણા એક જ હાથની હથેળીની સપાટી ઊંચી-નીચી હોય છે તે જ પ્રમાણે બંને દેવલોકોની ભૂમિ જરા ઊંચી-નીચી હોઈ શકે છે, જેથી વિમાન પણ જરાક ઊંચા-નીચા હોઈ શકે છે.

બંને દેવલોકના ઈન્દ્રોના અરસ-પરસ શિષ્ટાચાર, વ્યવહાર, નાના મોટા મિત્રના પરસ્પરના વ્યવહાર સમાન હોય છે. શક્રેન્દ્ર નાના અને ઈશાનેન્દ્ર મોટા ગણવામાં આવે છે. કારણ કે સ્થિતિ, વૈક્રિય શક્તિ પણ કંઈક ઈશાનેન્દ્રની સાધિક કહેવામાં આવી છે.

બંને પરસ્પર મળી શકે છે, જોઈ શકે છે, વાતચીત પણ કરી શકે છે. કોઈ પ્રયોજન હોય તો એક બીજા પાસે જઈને સંબોધનપૂર્વક વાત કરી શકે છે. જેમ કે 'દક્ષિણાર્ધ લોકાધિપતિ શક્રેન્દ્ર દેવેન્દ્ર દેવરાજ !' 'ઉત્તરાર્ધ લોકાધિપતિ ઈશાનેન્દ્ર દેવેન્દ્ર દેવરાજ !' એ બંનેના સંબોધન નામ હોય છે. ક્યારેક બંનેમાં વિમાન સત્તાદિને લઈને વિવાદ પણ થઈ શકે છે અને તે વિવાદ સ્વતઃ સમાપ્ત પણ થઈ જાય છે. જો કોઈ વિવાદ સમાપ્ત ન થાય તો શક્રેન્દ્ર ત્રીજા દેવલોકના ઈન્દ્ર સનત્કુમારેન્દ્રને યાદ કરે છે, મનથી જ બોલાવે છે તો શીઘ્ર-સત્વરે જ તે આવી જાય છે. તે જે પણ ફેંસલો આપે છે તેને બંને સ્વીકાર કરી લે છે.

સનત્કુમારેન્દ્રના પરિચયમાં કહેવામાં આવ્યું છે કે તે સાધુ-સાધ્વીઓના પરમ ભક્ત, પરમહિતૈષી છે, ભવી, સમ્યગ્દષ્ટિ, પરિત્તસંસારી એક ભવાવશેષી છે. મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરી સંયમ-તપ દ્વારા મુક્તિ પ્રાપ્ત કરશે. ॥ ઉદ્દેશક–૧ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૮ : ભવનપતિમાં અસુરકુમારેન્દ્રની શક્તિ સામર્થ્ય કેવા પ્રકારના હોય છે ?**





**જવાબ :** અસુરકુમાર દેવ નીચે સાતમી નરક સુધી જવાનું સામર્થ્ય ધરાવે છે પરંતુ જાય છે ત્રીજી નરક સુધી; પોતાના મિત્ર કે શત્રુ નારકી જીવને સુખ કે દુઃખ પહોંચાડવા માટે જાય છે.

તિરછે અસંખ્ય દ્વીપ સમુદ્રપર્યંત જવાની ક્ષમતા છે. પરંતુ ત્રણે દિશામાં નંદીશ્વરદ્વીપ પર્યંત જાય છે. દક્ષિણ દિશામાં તો તેઓનો તિરછાલોકમાં આવા-ગમનનો માર્ગ અસંખ્યાતમા અઢણવર સમુદ્રમાં જ છે ત્યાંથી થઈને અઢી દ્વીપમાં તીર્થંકરોના જન્માદિ પ્રસંગે આવ્યા જ કરે છે.

ઉપર પ્રથમ દેવલોક સુધી ગયા છે, જાય છે. ક્ષમતા ૧૨ મા દેવલોક સુધી જવાની હોય છે. પહેલા દેવલોક સાથે તેને ભવપ્રત્યયિક જાતિવેર હોય છે. શક્રેન્દ્રના આત્મરક્ષક દેવોને ત્રાસિત કરતા રહે છે. ત્યાંથી નાના-મોટા સામાન્ય રત્ન ચોરીને લઈ આવે છે. જ્યારે શક્રેન્દ્રને તેની હરકતોની જાણ થાય છે ત્યારે તે તેને શારીરિક કષ્ટ આપે છે. ક્યારેક પહેલા દેવલોકની દેવીઓને પણ ઉઠાવી લાવી શકે છે અને અહીં લાવ્યા પછી દેવી ઈચ્છે તો તેની સાથે પરિચારણા પણ કરી શકે છે, બળાત્કાર કરી શકતા નથી.

ક્યારેક કોઈ અસુરકુમારેન્દ્ર સાક્ષાત્ શક્રેન્દ્રની આશાતના-ઉપદ્રવ કરવા જાય છે ત્યારે તે અરિહંત કે અરિહંત શ્રમણની નિશ્રાનું આલંબન લઈને જાય છે. તે લોકની આશ્ચર્યભૂત ઘટના ગણવામાં આવે છે. વર્તમાન ચમરેન્દ્ર અસુરકુમાર ભગવાન મહાવીર સ્વામીની નિશ્રા લઈને ઉપદ્રવ કરવા પ્રથમ દેવલોકમાં ગયેલ.

જાતિવેર સિવાય પણ જન્મસમય અને ચ્યવન સમયની નજીક અસુર કુમાર દેવ પોતાની ઋદ્ધિ-શક્તિ બતાવવા અને શક્રેન્દ્રની ઋદ્ધિ શક્તિ જોવાને માટે કુતૂહલથી જાય છે. સાગરોપમ આસપાસની સ્થિતિવાળા દેવનું જ જવાનું સમજવું જોઈએ. સામાન્ય દરેક સ્થિતિવાળા અસુર દેવ એટલા ઉપર જઈ શકતા નથી.

**પ્રશ્ન–૯ : ચમરેન્દ્ર પૂર્વભવમાં કોણ હતો, તેણે શું સાધના કરી હતી અને પ્રભુની ભક્તિ પ્રદર્શિત કરવાનો શું ઉદ્દેશ હતો ?**

**જવાબ :** ભરતક્ષેત્રના વિદ્યાચલ પર્વતની તળેટીમાં બેભેલ નામનું સન્નિવેશ હતું. ત્યાં પૂરણ નામનો ગાથાપતિ હતો. તેણે પણ 'તામલી'ની જેમ સમય થતાં સાધના કરી લેવાનો નિર્ણય કરીને **દાનામા** પ્રવ્રજ્યા અંગીકાર કરી,

ચૌમુખી કાષ્ટપાત્રમાં ભિક્ષા ગ્રહણ કરતો હતો. પાત્રના પહેલા ખાનામાં આવેલ આહાર પથિકોને, બીજા ખાનાનો આહાર કાગડા-કૂતરા વગેરેને, ત્રીજા ખાનામાં પ્રાપ્ત આહાર જલચર મચ્છ-કચ્છને દઈને ચોથા ખાનામાં મળેલ આહારથી છઠ-છઠના નિરંતર પારણા કરતો હતો. ૧૨ વર્ષ સુધી આ પ્રમાણે તપસ્યા કરીને તેનું શરીર અત્યંત કૃશ થઈ જવાથી તે જ નગરની બહાર તેણે પાદપોપગમન સંથારો ધારણ કર્યો. એક મહિનાના સંથારાથી કાળ કરીને તે દક્ષિણ દિશાના અસુરકુમાર દેવોની ચમરચંચા રાજધાનીમાં ચમરેન્દ્ર રૂપમાં ઉત્પન્ન થયો.

પર્યાપ્ત થતાં જ સ્વાભાવિક અવધિજ્ઞાનના ઉપયોગથી ઉપર સીધાણમાં શક્રેન્દ્રને જોયા. અજ્ઞાનવશ ક્રોધાયમાન થયો, પોતાના સામાનિક દેવોને સંબોધન કરી પૂછયું– આ મારી ઉપર કોણ બેઠો છે ? સામાનિક દેવોએ તેને જય-વિજયના શબ્દોથી વધાવી અને કહ્યું કે એ મહાન ઋદ્ધિસંપન્ન પ્રથમ દેવલોકના ઈન્દ્ર છે. એવું સાંભળીને તે ગુસ્સામાં અત્યધિક લાલપીળો થઈ ગયો. શક્રેન્દ્રની આશાતના કરવા જવાનો નિર્ણય કર્યો. અવધિજ્ઞાનથી પ્રભુ મહાવીરને ધ્યાનસ્થ જોયા અને વિચાર્યું કે ભગવાનનું શરણ લઈને જવું ઉચિત થશે. પોતાની શય્યામાંથી ઉઠીને ઉભો થયો. દેવદૂષ્ય વસ્ત્રનું પરિધાન કરીને શસ્ત્રાગારમાંથી **પરિઘરત્ન** નામનું શસ્ત્ર લઈને એકલો જ ચમરચંચા રાજધાનીથી નીકળ્યો. પોતાના ઉત્પાત પર્વત પર આવીને ઉત્તર વૈક્રિય રૂપ બનાવીને સુંસુમાર નગરની બહાર ઉદ્યાનમાં જ્યાં ભગવાન અટ્ઠમભક્ત યુક્ત ૧૨ મી ભિક્ષુપડિમા ધારણ કરીને ધ્યાનસ્થ ઉભા હતા ત્યાં આવ્યો અને ભગવાનને વંદન, નમસ્કાર કરીને બોલ્યો કે હે ભગવન્ ! હું આપની નિશ્રા આશ્રય લઈને શક્રેન્દ્રની આશાતના કરવા જઈ રહ્યો છું. એવું બોલીને ઉત્તર પૂર્વમાં થોડે દૂર જઈ આકાશમાં વિકરાળ એક લાખ યોજનનું શરીર બનાવ્યું અને જ્યોતિષી વિમાનોને આઘાપાછા હટાવીને આતંક મચાવતાં પ્રથમ દેવલોકની સુધર્મા સભા સુધી પહોંચી ગયો. દેવલોકની ઈન્દ્રકીલને પોતાના પરિઘરત્ન શસ્ત્રથી અથડાવીને આ પ્રમાણે બોલ્યો– ક્યાં છે શક્રેન્દ્ર ? ક્યાં છે તેના સામાનિક દેવ ? ક્યાં છે તેના આત્મરક્ષક દેવ અને ક્યાં છે તેની અપ્સરાઓ ? આજ હું શક્રેન્દ્રની ઘાત કરીશ અને બધાને મારા કાબૂમાં લઈ અધિનસ્થ કરીશ. એમ બોલીને શક્રેન્દ્રને અત્યંત અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ, અશુભ શબ્દોથી તિરસ્કૃત કરવા લાગ્યો. ત્યારે શક્રેન્દ્રે ક્રોધિત થઈ ચમરેન્દ્રને સંબોધીને અપમાન સૂચક શબ્દપ્રયોગ કરીને સિંહાસન પર





બેઠા બેઠા જ પોતાના **વજ્ર** શસ્ત્રને ગ્રહણ કરી, ચમરેન્દ્રને મારવા માટે ફેંક્યું. એ વજ્રમાંથી હજારો ચિનગારીઓ, જ્વાળાઓ નીકળતી હતી તે આંખોને પણ અંજાવી દે એવું મહાભયંકર ત્રાસજનક દેખાતું હતું.

તેને જોતા જ ચમરેન્દ્રનો ઘમંડ, ગુસ્સો નષ્ટ થઈ ગયો. તે તો ડરીને ઉંધે માથે ભાગ્યો અર્થાત્ માથું નીચે અને પગ ઉપર કરીને તત્કાળ ભગવાનની શરણમાં પહોંચી ગયો અને ***"ભગવાન આપનું શરણ"*** એમ બોલીને ભગવાનના બંને પગની વચ્ચે નાનું રૂપ બનાવીને છુપાઈ ગયો. નીચે આવવામાં તેનું સ્વ-સ્થાન હોવાથી તેની ગતિ તીવ્ર હોવી સ્વાભાવિક છે. શક્રેન્દ્ર અને તેનું શસ્ત્ર તેને પહોંચી ન શક્યું. ભગવાન મહાવીરનું શરણ લઈને આવ્યો એવું જાણવાથી શક્રેન્દ્ર પણ શસ્ત્રને પકડવાને માટે તત્કાલ નીકળ્યા અને ભગવાનના મસ્તકથી ચાર આંગળ દૂર રહેલ વજ્રને શક્રેન્દ્રએ પકડી લીધું. શક્રેન્દ્રની મુટ્ઠીની હવાથી ભગવાનના મસ્તકના વાળ માત્ર કંપિત થયા.

ત્યારે શક્રેન્દ્રે ભગવાનને પરિસ્થિતિનું નિવેદન કરી તેમની ક્ષમા માગી. પછી થોડે દૂર જઈ ભૂમિને ત્રણવાર ડાબા પગથી આસ્ફાલિત કરી એટલે કે ભૂમિ પર ડાબો પગ ત્રણ વાર પછાડી, ચમરેન્દ્રને સંબોધન કરીને કહ્યું કે– 'ભગવાનના પ્રભાવથી તને છોડું છું' હવે તને મારાથી કોઈ ભય નથી. એમ કહીને શક્રેન્દ્ર ચાલ્યો ગયો અને ચમરેન્દ્ર પણ શક્રેન્દ્રથી મહા અપમાનિત થઈને ચૂપચાપ ચાલ્યો ગયો.

આ ઘટના ભગવાને ગૌતમસ્વામીના પૂછવાથી વર્ણવેલ છે અને પૂછવાનું કારણ પણ એ હતું કે તે સમયે પણ રાજગૃહી નગરીમાં ચમરેન્દ્ર ભગવાનના દર્શન કરવા આવેલ અને ગૌતમ આદિ અણગારોને પોતાની ઋદ્ધિ તથા ૩૨ પ્રકારના નાટક બતાવીને ચાલ્યા ગયા હતા. તેથી તેનો ભૂતકાળ જાણવાની જિજ્ઞાસાથી ગૌતમસ્વામીએ આ પ્રશ્ન કર્યો હતો.

ઉપર જવામાં શક્રેન્દ્રની ગતિ તેજ હોય છે, ચમરેન્દ્રની ધીમી, નીચે જવામાં ચમરેન્દ્રની ગતિ તેજ અને શક્રેન્દ્રની ધીમી હોય છે. વજ્રની ગતિ નીચે કે ઉપર જવામાં બંને ઈન્દ્રોથી ઓછી જ હોય છે.

**પ્રશ્ન–૧૦ : ચમરેન્દ્રના ઉપર જવાની ઘટનામાં અરિહંત પરમાત્મા અને ભાવિતાત્મા અણગારના શરણની વાત છે તો શું મંદિર-મૂર્તિનું શરણ પણ લઈ શકાય છે ?**

**જવાબ :** (૧) આ સૂત્રની કોઈ નકલમાં 'અરિહંત ચેઈયાઈ' પાઠ પણ છે પરંતુ પ્રાચીન પ્રતોમાં એવો પાઠ નથી. (૨) અરિહંત અને અણગારને માટે એક વચનનો પ્રયોગ છે તો અરિહંત ચૈત્યમાં બહુવચનનો પાઠ પણ સંદેહ ઉત્પત્તિનું કારણ છે અને નિરર્થક છે. (૩) શરણ પોતાનાથી બળવાનનું લેવામાં આવે છે. મંદિરમૂર્તિ તો સ્વયંનું પણ રક્ષણ કરી શકતી નથી, ચોર ચોરી કરી જાય છે, સરકાર જપ્ત કરી લે છે. (૪) કોઈ મૂર્તિ દેવાધિષ્ઠિત હોય તોપણ તે દેવ ભૂત કે યક્ષ હોવાથી ચમરેન્દ્ર આગળ તુચ્છ હોય છે અને અરિહંત સિદ્ધ ભગવાન તો તે મૂર્તિમાં ક્યારે ય હોતા નથી. તેથી ચમરેન્દ્રને શક્રેન્દ્રની આશાતના કરવામાં શરણું તો શક્રેન્દ્રથી પણ બળવાનનું જોઈએ. તેવું મૂર્તિમાં ક્યારે ય પણ સંભવ નથી. તેથી અરિહંત અને ભાવિતાત્મા અણગાર બેના શરણનો એકવચનવાળો પાઠ ઉપયુક્ત-યોગ્ય છે. (૫) શક્રેન્દ્રે વજ્ર ફેંક્યા પછી ચિંતન કર્યું કે કોઈના શરણ વિના ચમરેન્દ્ર આવે નહિ તો એ ચિંતનના પાઠમાં અરિહંત અને ભાવિતાત્મા અણગાર બે જ શબ્દ બધી નકલોમાં-પ્રતોમાં છે. આ રીતે ચમરેન્દ્રના શરણ લેવાના ચિંતનમાં મૂર્તિનો પાઠ અને શક્રેન્દ્ર દ્વારા શરણના ચિંતનમાં મૂર્તિ વિનાનો પાઠ હોવાનું પણ શંકા ઉપજાવનાર છે. એક જ પ્રકરણમાં બે પ્રકારના પાઠ યોગ્ય કહી શકાતા નથી, માટે **અરિહંત ચૈત્ય** શબ્દ જે કોઈ પણ પ્રતમાં આવેલ છે તે યોગ્ય નથી, એમ માનવું જ સમાધાન કારક છે. જેથી બે (અણગાર અને અરિહંત)ના શરણવાળો પાઠ સંદેહ રહિત અને યોગ્ય હોવાથી સ્વીકાર્ય છે.
॥ ઉદ્દેશક–૨ સંપૂર્ણ ॥

## પ્રશ્ન–૧૧ : કાયિકી આદિ ક્રિયાઓનું શું સ્વરૂપ છે ?

**જવાબ :** કર્મબંધના કારણભૂત પ્રત્યેક મન, વચન, કાયાની અને કષાયોની પ્રવૃત્તિને ક્રિયા કહેવામાં આવે છે. પ્રસ્તુતમાં પાંચ ક્રિયાઓનું નિરૂપણ ભેદ-પ્રભેદ કરીને કરવામાં આવેલ છે.

**(૧) કાયિકી ક્રિયા–** કાયા-શરીરના નિમિત્તથી થનારી ક્રિયા કાયિકી ક્રિયા છે. તેના બે પ્રકાર છે– ૧. અનુપરત કાયિકી–આ ક્રિયા કાયા સંબંધી પ્રવૃત્તિના અત્યાગથી, અવિરતિથી જીવોને લાગે છે. ૨. દુષ્પ્રયુક્ત કાયિકી–અસાવધાની, અવિવેકથી અને સાવદ્ય પ્રવૃત્તિથી શરીર દ્વારા લાગનારી ક્રિયા.

**(૨) અધિકરણિકી ક્રિયા–** શરીર સિવાય અન્ય સાધન, ઉપકરણ કે શસ્ત્ર વગેરેના નિમિત્તથી થનારી ક્રિયા અધિકરણિકી ક્રિયા છે. તેના પણ બે પ્રકાર





છે– ૧. શસ્ત્ર ઉપકરણ વગેરેના સંયોજન–પ્રયોગથી ૨. તેના નિષ્પાદનથી થનારી ક્રિયા.

**(૩) પ્રાદ્વેષિકી ક્રિયા–** પ્રદ્વેષથી અર્થાત્ કષાયના નિમિત્તથી થનારી ક્રિયા પ્રાદ્વેષિકી ક્રિયા છે. તેના પણ બે ભેદ છે– ૧. જીવ પર દ્વેષ-કષાય કરવાથી અને ૨. અજીવ પદાર્થો પર કષાય કરવાથી.

**(૪) પારિતાપનિકી ક્રિયા–** જીવોને કષ્ટ દુઃખ પહોંચાડવાથી લાગનારી ક્રિયા. તેના બે ભેદ– ૧. સ્વહસ્તિકી-જાતે કોઈને કષ્ટ પહોંચાડવાથી કે ૨. અન્ય દ્વારા કષ્ટ પહોંચાડવાથી લાગનારી ક્રિયા.

**(૫) પ્રાણાતિપાતિકી ક્રિયા–** પ્રાણીઓના પ્રાણનો નાશ કરવાથી લાગનારી ક્રિયા. તે પણ સ્વયં દ્વારા અથવા અન્ય દ્વારા હિંસા કરવા રૂપ બે પ્રકારની છે.

આ સ્થૂળ દૃષ્ટિએ કહેલી પરિભાષા છે. સૂક્ષ્મ સિદ્ધાંતથી કાયિકી વગેરે ત્રણ ક્રિયા સંસારના સમસ્ત જીવોને અન્ય સર્વ જીવોથી નિરંતર લાગે છે, તે અપેક્ષાએ– (૧) શરીરના સદ્ભાવથી લાગનારી ક્રિયા કાયિકી ક્રિયા છે. (૨) શરીર ઉપરાંત મન, વચન, કર્મ, ઉપધિ, અધિકરણ, જીવના સાધનોના સદ્ભાવથી લાગનારી ક્રિયા અધિકરણિકી ક્રિયા છે. (૩) કષાયોના સદ્ભાવથી લાગનારી ક્રિયા પ્રાદ્વેષિકી ક્રિયા છે. એ ત્રણે ક્રિયાઓ દશમા ગુણસ્થાન સુધીના જીવોને સદા નિરંતર લાગતી રહે છે. ચોથી પાંચમી ક્રિયા સ્થૂળ રૂપથી પરિતાપ અને પ્રાણાતિપાત હોવાથી જ લાગે છે.

## પ્રશ્ન–૧૨ : શ્રમણ નિર્ગ્રંથને પણ આ ક્રિયાઓ લાગે છે ?

**જવાબ :** પ્રમાદ, કષાય અને યોગના સદ્ભાવથી શ્રમણ નિર્ગ્રંથને પણ તે પાંચે ય ક્રિયાઓ લાગે છે. પ્રમાદ રહિત અપ્રમત્ત શ્રમણ નિર્ગ્રંથને કષાય અને યોગના સદ્ભાવથી તે ક્રિયાઓ લાગે છે. પ્રમાદ અને કષાયના અભાવમાં માત્ર યોગથી આ ક્રિયાઓ લાગતી નથી. માટે કષાય રહિત વીતરાગ નિર્ગ્રંથને ૧૧ થી ૧૩ ગુણસ્થાનમાં આ પાંચે ય ક્રિયાઓ લાગતી નથી. પરંતુ આ પાંચથી ભિન્ન ઈર્યાવહિ ક્રિયા ત્યાં લાગે છે. યોગ રહિત અયોગી કેવળીને ૧૪ મા ગુણસ્થાનમાં કોઈ પણ ક્રિયા લાગતી નથી.

જ્યાં સુધી સંસારમાં જીવોનું એજન-વેજન છે અર્થાત્ શરીરની હલન-ચલન ક્રિયા અને મન,વચનના પ્રવર્તનરૂપ ક્રિયા ચાલુ રહે છે ત્યાં સુધી જીવ

(અણગાર પણ) ક્રિયાથી મુક્ત થઈ શકતા નથી. કારણ કે કોઈ (કષાય રહિત) હલન-ચલનથી ઈર્યાવહિ ક્રિયા અને કોઈ (કષાય સહિત) હલન-ચલનમાં કાયિકી આદિ પાંચે ય ક્રિયાઓ હોય છે. ક્રિયાઓથી યથાયોગ્ય કર્મબંધ થાય છે અને કર્મબંધ જ સંસાર છે, સંસાર વૃદ્ધિનું કારણ છે. ક્રિયાઓથી રહિત પ્રવૃત્તિઓથી રહિત જીવ ક્રમશઃ પાંચ ક્રિયાઓથી તેમજ અનેક ક્રિયાઓથી અને તેના સંબંધી કર્મબંધથી મુક્ત થાય છે, આગળ વધીને યોગ નિરોધ કરી, એજન વેજન દૂર કરીને તેનો નિરોધ કરીને ક્રિયાઓથી સર્વથા મુક્ત થઈ જાય છે પછી થોડા જ સમયમાં કર્મથી મુક્ત થઈ જાય છે.

**પ્રશ્ન–૧૩ : પ્રમત્ત અને અપ્રમત્ત સંયતની સ્થિતિ કઈ રીતે બને છે ?**

**જવાબ :** ત્રણ પ્રકારે આ સ્થિતિ કહી શકાય છે– (૧) એક-એક જીવની જઘન્ય ઉત્કૃષ્ટ (૨) અનેક(સર્વ) જીવોની જઘન્ય ઉત્કૃષ્ટ (૩) એક જીવની જીવનભરની જઘન્ય ઉત્કૃષ્ટ. પ્રસ્તુતમાં ***સવ્વા વિ ય ણં પમત્તદ્ધા*** અને ***સવ્વા વિ ય ણં અપમત્તદ્ધા*** શબ્દથી પૃચ્છા છે તે ત્રીજા પ્રકારની સ્થિતિ છે.

**સંપૂર્ણ જીવનમાં એક જીવનો પ્રમત્ત સંયતકાળ** જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વ થઈ શકે છે. તદનુસાર જીવ પ્રથમવારમાં જઘન્ય એક સમય છટ્ઠા ગુણસ્થાનમાં પ્રમત્ત સંયત રહીને જ કાળ કરી શકે છે.

**સંપૂર્ણ જીવનમાં એક જીવનો અપ્રમત્તકાળ** જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વ થઈ શકે છે. તદનુસાર જીવને પ્રથમવાર સાતમું ગુણસ્થાન પ્રાપ્ત થતાં ન્યૂનતમ તે અંતર્મુહૂર્ત રહે છે, તે એક સમયમાં નથી છૂટતું તેમજ પ્રથમવારના એક સમયમાં તેનું મૃત્યુ પણ થતું નથી. ઉત્કૃષ્ટ અપ્રમત્તકાળ દેશોન ક્રોડપૂર્વનો છે તે તેરમા ગુણસ્થાનની અપેક્ષા છે. શેષ સાતમા આદિ અપ્રમત્ત ગુણસ્થાનોમાં જીવ લગાતાર અંતર્મુહૂર્તથી વધુ રહેતો નથી. બીજી ત્રીજી વાર ક્યારે ય પણ જીવ છટ્ઠા ગુણસ્થાનથી કે આઠમા ગુણસ્થાનેથી સાતમા ગુણસ્થાને આવે ત્યારે તેમાં જઘન્ય એક સમય પણ રહી શકે છે.

સંયમમાં પ્રવેશના પ્રથમ વખતમાં સાતમું ગુણસ્થાન જ આવે છે અને તે સમયે તે ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત રહે જ છે, તે પહેલાં તે છટ્ઠા ગુણસ્થાનમાં કે આઠમા ગુણસ્થાનમા નથી જાતો અને અંતર્મુહૂર્તની પહેલાં તેનું મૃત્યુ પણ નથી થતું. તેના પછી જીવનમાં ક્યારે ય પણ બીજી ત્રીજી વાર સાતમું ગુણસ્થાન આવે ત્યારે તે જઘન્ય એક સમય પણ રહી શકે છે. તેથી સાતમા ગુણસ્થાનની





કાયસ્થિતિ જઘન્ય એક સમયની કહેવામાં આવી છે પરંતુ પ્રસ્તુત સૂત્રમાં કાયસ્થિતિની પૃચ્છા ન હોઈને ***સવ્વા વિ ય ણં અપમત્તદ્ધા*** જીવનના સંપૂર્ણ અપ્રમત્તકાળના જઘન્ય-ઉત્કૃષ્ટની પૃચ્છા છે.

અનેક જીવોની અપેક્ષા પ્રમત્ત સંયત(છટ્ઠું ગુણસ્થાન) શાશ્વત છે અને અપ્રમત્ત સંયત પણ તેરમા ગુણસ્થાનની અપેક્ષા શાશ્વત છે. ૭ થી ૧૨ સુધીના અપ્રમત્ત ગુણસ્થાનો અશાશ્વત છે. ॥ ઉદ્દેશક-૩ સંપૂર્ણ ॥ (આ સંપૂર્ણ ઉદ્દેશકમાં છટ્ઠા ગણધર મંડિતપુત્ર અણગારના પ્રશ્નોના ઉત્તર છે. )

**પ્રશ્ન–૧૪ : ભાવિતાત્મા અણગારને લઈને અહીં શું નિરૂપણ કરવામાં આવ્યું છે ?**

**જવાબ :** સંયમ-તપમાં દત્તચિત્ત થઈને, તલ્લીન થઈને, પોતાના આત્માને તેમાં લગાવી રાખનારાને અર્થાત્ ઉચ્ચકોટિના સંયમ આરાધકને **ભાવિતાત્મા અણગાર** કહેવાય છે. તે અણગાર સામાન્ય કે વિશેષ અવધિજ્ઞાની અથવા મનઃપર્યવજ્ઞાની, પૂર્વધર, વિશિષ્ટ જ્ઞાની હોઈ શકે છે, વૈક્રિય આદિ લબ્ધિ-સંપન્ન યા અસંપન્ન પણ હોઈ શકે છે.

તેથી કોઈ પણ દેવ-દેવી, યાન-વિમાનની વિકુર્વણા કરીને ક્યાંય જઈ રહ્યા હોય તો ભાવિતાત્મા અણગારો દ્વારા તેઓના જાણવા નહિ જાણવા સંબંધી કથનમાં તેઓ યાનને જાણે જુએ યા દેવ દેવીને જાણે જુએ યા બંનેને જાણે જુએ અથવા બંનેને પણ ન જાણે જુએ એવો સંભવ છે. અવધિજ્ઞાનની ભજનાથી અથવા વિવિધતાથી એવા ચારે ય ભંગ સ્વીકારી શકાય છે.

આ જ રીતે વૃક્ષના ૧૦ વિભાગમાંથી બે-બે વિભાગોને લઈને પણ એવી જ પૃચ્છા કરવામાં આવી છે. (૧) અણગાર વૃક્ષની અંદર જોતાં કે બહાર જુએ કે નહિ જુએ તેની ચૌભંગી (૨) મૂળને જોતાં કંદને જોવા ન જોવાની ચૌભંગી (૩) મૂળને જોતાં સ્કંધને જુએ કે નહિ તેની ચૌભંગી. આ જ રીતે મૂળની સાથે ૯ ભંગોની ચૌભંગી કહેવી. તે જ રીતે કંદની સાથે સ્કંધ વગેરેના ૮ ભંગોમાં ૮ ચૌભંગી, ત્યાર પછી વળી સ્કંધની સાથે શાખા આદિના ૭ ભંગ એમ ૯,૮,૭,૬,૫,૪,૩,૨ અને અંતિમ ૧ ભંગ ફળ બીજની સાથે થાય. તેમ કુલ મળીને ૪૫ ભંગોની સાથે જોવા સંબંધી ૪૫ ચૌભંગી થાય છે. ભાવિતાત્મા અણગારના જ્ઞાન ક્ષયોપશમની વિવિધતાના કારણે વૃક્ષ અને તેના વિભાગોને જોવા સંબંધી આ ૪૫ ચૌભંગી સ્વીકાર કરવામાં આવી છે.

તાત્પર્ય એ છે કે ભાવિતાત્મા અણગાર સંયમ તપમાં શ્રેષ્ઠતા ઉચ્ચતા રાખનારા હોય છે. તોપણ જ્ઞાનમાં કે લબ્ધિમાં તેઓ સામાન્ય કે વિશેષ અનેક વિકલ્પવાળા હોઈ શકે છે. તે જ કારણે અહીં બધા વિકલ્પોવાળા પ્રશ્નોના ઉત્તરમાં જાણવાની અપેક્ષા ચારે ય ભંગ સ્વીકારતાં ચૌભંગીઓ કહેલ છે.

**પ્રશ્ન–૧૫ : અહીં વાયુકાયની વિકુર્વણા સંબંધી શું નિરૂપણ કરવામાં આવ્યું છે ?**

**જવાબ :** વાયુકાયનું વૈક્રિય શરીર ભવપ્રત્યયિક નથી કારણ કે વાયુમાં જન્મવા માત્રથી બધાને આ શરીર હોતું નથી માટે આ ક્ષયોપશમજન્ય છે. સમસ્ત વાયુ જીવોના અસંખ્યાતમા ભાગવાળા બાદર પર્યાપ્ત જીવોને વૈક્રિયલબ્ધિ હોય છે. સૂક્ષ્મને અને બાદરમાં અપર્યાપ્ત જીવોને વૈક્રિય લબ્ધિ હોતી નથી. બાદર પર્યાપ્તમાં પણ તેના અસંખ્યાતમા ભાગના જીવોને હોય છે.

વાયુકાય, સ્ત્રી, પુરુષ વગેરેના કોઈ રૂપ બનાવી શકતા નથી. એક માત્ર એક દિશામાં ધજાપતાકાના આકારમાં રૂપ બનાવી શકે છે. તે ધજા નમેલી (સ્થિર) અથવા ફરકતી બંને આકારની હોઈ શકે છે. એવા રૂપની વિકુર્વણા કરીને વાયુકાયના જીવ પોતાની રિદ્ધિથી અનેક યોજન સુધી જઈ શકે છે. તે વિકુર્વણા પ્રત્યેક વાયુ જીવના જઘન્ય-ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગની જ હોય છે. પ્રાયઃ અસંખ્ય વાયુજીવો મળીને જ વૈક્રિય રૂપ અને ગમન કરતા હોય છે.

વાદળ પોતે સ્ત્રી આદિ અનેક રૂપોમાં પરિણત થઈ શકે છે અને તે પરપ્રયોગથી એટલે કે હવા વગેરેથી પ્રેરિત થઈને અનેક યોજન ગમન કરી શકે છે. જાતે ગમન કરવાની શક્તિ વાદળાઓમાં હોતી નથી.

વાયુકાય વૈક્રિયથી પતાકાનો આકાર બનાવે છે તોપણ તે વાયુજીવ કહેવાય છે, પતાકા કહેવાતા નથી. વાદળ પણ સ્ત્રી આદિ રૂપોમાં પરિણત દેખાય છે તોપણ તે વાદળ જ કહેવાય છે, સ્ત્રી આદિ હોતા નથી.(માત્ર આકાર કલ્પિત હોય છે.)

**પ્રશ્ન–૧૬ : વિકુર્વણાનો માયા-અમાયાથી કઈ રીતે સંબંધ બતાવ્યો છે ?**

**જવાબ :** અહીં માયી શબ્દ પ્રમાદીને માટે વપરાયો છે. જેનાથી સમજાવ્યું છે કે પ્રમાદી વ્યક્તિ(અણગાર)જ સારા-સારા ગરિષ્ઠ-ભારે આહાર કરીને વમન





વગેરે કરે છે. અપ્રમાદી વ્યક્તિ(અણગાર) રૂક્ષ આહાર કરીને પ્રમાદની વૃદ્ધિ કરના નથી, માટે વિક્રિયા પણ પ્રમાદી અણગાર જ કરે છે. અપ્રમાદીમાં કુતૂહલ આદિ હોતા નથી. તેથી તે વિકુર્વણા કરતા નથી.

વિકુર્વણા કરનારા પ્રમાદી અણગારમાં પણ જે અમાયી અથવા સરળ આત્માર્થી હોય છે તેઓ આલોચના પ્રાયશ્ચિત્ત કરી લે છે પરંતુ જે માયી-અનાત્માર્થી અસરળ હોય છે તે આલોચના-પ્રાયશ્ચિત્તની ઉપેક્ષા કરે છે. આ પ્રમાણે માયી-અમાયી શબ્દોનો સાપેક્ષ અર્થમાં પ્રયોગ કરવામાં આવ્યો છે. ॥ ઉદ્દેશક–૪ સંપૂર્ણ ॥

ભાવિતાત્મા અણગારનું સામર્થ્ય જંબૂદ્વીપ જેટલા ક્ષેત્રને વૈક્રિય રૂપોથી ભરવાનું હોય છે પરંતુ એવું ક્યારે ય કરતા નથી અને તે અણગાર આભિયોગિક પ્રવૃત્તિ રૂપે પોતાના વિવિધ રૂપ બનાવીને ગમનાગમન કરી શકે છે.

આભિયોગિક ક્રિયામાં મંત્રતંત્ર વિદ્યા વગેરેથી અશ્વાદિ રૂપ બનાવીને તેમાં પ્રવેશ કરવામાં આવે છે. વિક્રિયામાં વૈક્રિય લબ્ધિથી તેવા રૂપ બનાવવામાં આવે છે અને અનેક યોજન ગમન કરાય છે. એ બંને પ્રકારની ક્રિયા માયી–પ્રમાદી સાધુ કરે છે, અપ્રમાદી સાધુ કરતા નથી.

ઉપરોક્ત પ્રક્રિયા કર્યા પછી જે માયી, અસરળ, અનાત્માર્થી અણગાર આલોચના પ્રાયશ્ચિત્ત કરતા નથી, તે વિરાધક બને છે અને આભિયોગિક દેવોમાં અર્થાત્ નોકર દેવોમાં ઉત્પન્ન થાય છે. જે અમાયી–સરલ આત્માર્થી અણગાર આલોચના પ્રાયશ્ચિત્ત કરી લે છે તે આભિયોગિક દેવો સિવાય કોઈપણ પ્રકારના દેવ બને છે. ॥ ઉદ્દેશક–૫ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૭ : મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દષ્ટિના વૈક્રિય પ્રયોગમાં અને જાણવા જોવા-સમજવામાં શું તફાવત-અંતર હોય છે ?**

**જવાબ :** અહીં મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દષ્ટિ બંને પ્રકારના ભાવિતાત્મા અણગાર કહેલ છે. પોતાની સ્વીકારેલી સાધનામાં તલ્લીન અન્ય મતાવલંબીને મિથ્યા-દષ્ટિ ભાવિતાત્મા અણગાર સમજવા અને સ્વમતના જૈન શ્રમણોને સમ્યગ્દષ્ટિ ભાવિતાત્મા અણગાર સમજવા.

વૈક્રિય લબ્ધિ બંનેને હોઈ શકે છે. બંને રાજગૃહી કે વારાણસી કોઈપણ નગરીનું રૂપ બનાવી શકે છે. સમ્યગ્દષ્ટિ જેવું રૂપ બનાવે તેવું જ જાણે સમજે

છે. મિથ્યાદષ્ટિ અયથાર્થ(ઊલટું-સુલટું) જાણે સમજે છે. તે પોતે જ વૈક્રિયથી બનાવેલા નગરને વાસ્તવિક માની લે છે અને વાસ્તવિકને વિકુર્વિત સમજી લે છે. આ રીતે તેના જ્ઞાનમાં ભ્રમ હોય છે અને દર્શનમાં પણ ભ્રમ કે વિરોધાભાસ હોય છે. જે મિથ્યાત્વના પ્રભાવથી અને અજ્ઞાનના કારણે થાય છે. સમ્યગ્દષ્ટિને આ રીતે ભ્રમ અને મિથ્યાભાસ હોતો નથી. તે યથાર્થ જ જાણે સમજે છે.

**પ્રશ્ન–૧૮ : શક્રેન્દ્રના લોકપાલોનો સંક્ષિપ્ત પરિચય શું છે ?**

**જવાબ :** ભવનપતિ અને વૈમાનિકમાં દરેક ઈન્દ્રને ૪-૪ લોકપાલ હોય છે. શક્રેન્દ્રના ચાર લોકપાલ– સોમ, યમ, વઢણ, વૈશ્રમણ. તેઓના ક્રમશઃ પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં પોતાની માલિકીના વિમાન હોય છે. તે વિમાનના નામ ક્રમશઃ (૧) સંધ્યાપ્રભ (૨) વરશિષ્ટ (૩) સ્વયંજ્વલ (૪) વલ્ગુ. તે ચારે ય વિમાન શક્રેન્દ્રના સૌધર્માવતંશક નામના વિમાનથી અસંખ્ય યોજન દૂર ઉપરોક્ત ક્રમથી ચારે ય દિશાઓમાં હોય છે. સૌધર્માવતંશક વિમાન પ્રથમ દેવલોકની મધ્યમાં હોય છે. તે ચારે વિમાનોનો વિસ્તાર સાડા બાર લાખ યોજનનો હોય છે. વિમાન વર્ણન સૌધર્માવતંશક વિમાનની સમાન છે. એ ચારે લોકપાલોની રાજધાનીઓ તેના વિમાનોની સીધમાં નીચે તિરછાલોકમાં છે. તે એક લાખ યોજનની લાંબી, પહોળી, ગોળ છે. કોટ વગેરે શક્રેન્દ્રની રાજધાનીથી અર્ધા છે. ઉપકારિકાલેન(રાજભવન) સોળહજાર યોજન વિસ્તારવાળા છે. તેમાં ચાર પ્રાસાદોની હાર છે. શેષ ઉપપાત સભા વગેરે ત્યાં નથી.

**પ્રશ્ન–૧૯ : શક્રેન્દ્રના ચારે લોકપાલોના વિષય અને આધિપત્ય સંબંધી શું વર્ણન છે ?**

**જવાબ :** મેઢ પર્વતથી દક્ષિણ તરફનો સંપૂર્ણ લોક દક્ષિણાર્ધ લોક છે. તેના પર શક્રેન્દ્રનું આધિપત્ય હોય છે, તે અર્ધચંદ્રકાર હોય છે. આ ક્ષેત્રમાં શક્રેન્દ્રના ચારે ય લોકપાલોનો જુદા જુદા વિષયમાં અધિકાર, આધિપત્ય હોય છે.

**સોમ લોકપાલ–** પોતાના વિમાનવાસી દેવ-દેવી અને ભવનપતિમાં વિદ્યુત્કુમાર અગ્નિકુમાર, વાયુકુમાર જાતિના દેવ દેવી; ચંદ્ર, સૂર્ય આદિ સર્વ જ્યોતિષી દેવ દેવી **સોમ લોકપાલ** ને આધીન હોય છે. મેઢ પર્વતના દક્ષિણ વિભાગમાં ગ્રહોની અનેક પ્રકારની સ્થિતિઓ, અભ્રવિકાર, ગર્જના, વીજળી, ઉલ્કાપાત, ગંધર્વનગર, સંધ્યા, દિગ્દાહ, યક્ષોદીપ્ત, ધુમ્મસ, મહિકા, રજઉદ્ઘાત, ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ, જલકુંડાદિ, પ્રતિચંદ્ર-પ્રતિસૂર્ય, ઈન્દ્રધનુષ્ય, બધા પ્રકારની હવાઓ,





ગ્રામદાહ વગેરે પ્રાણક્ષય, ધનક્ષય, કુલક્ષય આદિ સોમ લોકપાલની જાણમાં હોય છે. અંગારક(મંગળ), વિકોલિક, લોહિતાક્ષ, શનિશ્ચર, ચંદ્ર, સૂર્ય, શુક્ર, બુધ, બૃહસ્પતિ, રાહુ આ **જ્યોતિષી દેવો** સોમ લોકપાલના **પુત્ર સ્થાને** માનવામાં આવ્યાં છે. સોમ લોકપાલની **સ્થિતિ** પલ્યોપમનો ત્રીજો ભાગ અધિક એક પલ્યોપમની છે.

**યમ લોકપાલ–** પોતાના વિમાનવાસી દેવ-દેવી તથા પ્રેતકાયિક વ્યંતર દેવ, અસુરકુમાર જાતિના ભવનપતિ દેવ-દેવી, પરમાધામી દેવ, કંદર્પિક, આભિયોગિક દેવ, યમ લોકપાલની અધીનતામાં હોય છે. મેઢથી દક્ષિણ વિભાગમાં થનારા નાના-મોટા કલહ, યુદ્ધ, સંગ્રામ, વિવિધ રોગ, યક્ષભૂત આદિના ઉપદ્રવ, મહામારી આદિ અને તેનાથી થનારા કુલ ક્ષય, ગ્રામક્ષય, ધનક્ષય વગેરે આ લોકપાલની જાણથી થાય છે. પંદર **પરમાધામી** દેવ તેના **પુત્ર સ્થાને** માનવામાં આવેલ છે. તેની સ્થિતિ સોમ લોકપાલની સમાન હોય છે.

**વઢણ લોકપાલ–** સ્વયંના વિમાનવાસી દેવ દેવી તથા નાગકુમાર, ઉદધિકુમાર, સ્તનિતકુમાર જાતિના ભવનપતિ દેવ દેવી, વઢણ લોકપાલને આધીન હોય છે. મેઢથી દક્ષિણમાં અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, સુવૃષ્ટિ, કુવૃષ્ટિ, ઝરણા, તળાવ આદિ અને એનાથી થનાર જનક્ષય, ધનક્ષય આદિ વઢણ લોકપાલની જાણમાં થાય છે. કર્કોટક, કર્દમક, અંજન, શંખ, પાલક, પુંડ, પલાશ, મોદ, જય, દધિમુખ, અયંપુલ, કાતરિક એ તેના પુત્રસ્થાને માનવામાં આવેલ છે. વઢણ લોકપાલની સ્થિતિ દેશોન બે પલ્યોપમની છે, તેના **પુત્રસ્થાનીય** દેવોની **એક પલ્યોપમ**ની સ્થિતિ છે.

**વૈશ્રમણ લોકપાલ–** સ્વયંના વિમાનવાસી દેવ દેવી તથા સુવર્ણકુમાર, દ્વીપકુમાર, દિશાકુમાર જાતિના ભવનપતિ દેવદેવી, વાણવ્યંતર દેવ દેવી આદિ વૈશ્રમણ લોકપાલને આધીન હોય છે. મેઢથી દક્ષિણમાં સોના ચાંદી આદિ અનેક પ્રકારની ખાણો, દટાયેલ–પડેલ ધન, માલિક રહિત ધન, ધનવૃષ્ટિ, સોનૈયા આદિની વૃષ્ટિ, પુષ્પાદિની વૃષ્ટિ, ગંધમાલા ચૂર્ણ આદિ સુગંધી પદાર્થની વૃષ્ટિ, ભાજન(પાત્ર)અને ક્ષીર(દૂધ)ની વૃષ્ટિ, સુકાળ, દુષ્કાળ, સુભિક્ષ, દુર્ભિક્ષ, સસ્તાઈ, મોંઘવારી અને નિધાન, સ્મશાન, પર્વત, ગુફા, ભવન આદિમાં સંઘરેલ ધન, મણિ, રત્ન ઈત્યાદિ વૈશ્રમણ લોકપાલની જાણમાં હોય છે. પૂર્ણભદ્ર, માણિભદ્ર, શાલિભદ્ર, સુમનભદ્ર, ચક્ર, રક્ષ, પૂર્ણરક્ષ, સદ્વાન,

સર્વજશ, સર્વકામ, સમૃદ્ધિ, અમોઘ, અસંગ એ તેના **પુત્રસ્થાને** દેવ માનેલ છે. વૈશ્રમણ લોકપાલની સ્થિતિ બે પલ્યોપમની હોય છે. તેના પુત્રસ્થાનીય દેવોની સ્થિતિ એક પલ્યોપમની હોય છે. ॥ ઉદ્દેશક-૭ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૨૦ : ચારે ય જાતિના દેવોમાં કુલ અધિપતિ દેવ કેટલા હોય છે ?**

**જવાબ :** ઈન્દ્ર અને લોકપાલોને અધિપતિ દેવ ગણવામાં આવ્યા છે. સોમ, યમ આદિને સૂત્રમાં **મહારાજા** કહેલા છે. યથા– **सक्कस्स देविंदस्स देवरण्णो सोमस्स महारण्णो स जप्पभे णाम महाविमाणे पण्णत्ते ।** એથી એક એક ઈન્દ્ર સ્થાનમાં કુલ ૫-૫ અધિપતિ દેવ હોય છે. વ્યંતર-જ્યોતિષીમાં લોકપાલ નહિ હોવાથી માત્ર ઈન્દ્ર જ અધિપતિ દેવ હોય છે. ભવનપતિ+વૈમાનિકના ઈન્દ્ર ૨૦+૧૦=૩૦×૫=૧૫૦ અધિપતિદેવ+ વ્યંતરેન્દ્ર–૧૬ + ૨ જ્યોતિષેન્દ્ર = ૧૬૮ અધિપતિ દેવ. આ પ્રમાણે ચારે ય જાતિના દેવોમાં ૬૪ ઈન્દ્ર સહિત કુલ ૧૬૮ અધિપતિ દેવ છે.

લોકપાલોના નામ વૈમાનિકમાં એક સરખા હોય છે– સોમ,યમ, વઢણ અને વૈશ્રમણ. ત્રીજા ચોથા લોકપાલના નામનો ક્રમ વ્યત્યય-વ્યતિક્રમ ઉલટા સુલટા હોય છે, યથા– બીજા દેવલોકમાં સોમ, યમ, વૈશ્રમણ અને વઢણ એ જ પ્રમાણે ત્રીજા, પાંચમા, સાતમા અને નવમા, દસમા દેવલોકના ઈન્દ્રના લોકપાલોના નામ પહેલા દેવલોકના લોકપાલ સમાન છે. બાકીના નામ બીજા દેવલોકની સમાન છે. દશ ભવનપતિમાં લોકપાલોના નામ અલગ-અલગ છે પરંતુ ઉત્તર-દક્ષિણના બંને ઈન્દ્રોના લોકપાલોના નામ સમાન છે.

**અસુરકુમારના લોકપાલ–** સોમ, યમ, વઢણ, વૈશ્રમણ. **નાગકુમારના–** કાલપાલ, કોલપાલ, શૈલપાલ, શંખપાલ. **સુવર્ણકુમારના–** ચિત્ર, વિચિત્ર, ચિત્રપક્ષ, વિચિત્રપક્ષ. **વિદ્યુત્કુમારના–** પ્રભ, સુપ્રભ, પ્રભકાંત, સુપ્રભકાંત, **અગ્નિકુમારના–** તેજસ, તેજસસિંહ, તેજકાંત, તેજપ્રભ. **દ્વીપકુમારના–** રૂપ, રૂપાંશ, રૂપકાંત, રૂપપ્રભ. **ઉદધિકુમારના–** જલ, જલરૂપ, જલકાંત, જલપ્રભ. **દિશાકુમારના–** ત્વરિતગતિ, ક્ષિપ્રગતિ, સિંહગતિ, સિંહવિક્રમ ગતિ. **પવનકુમારના–** કાલ, મહાકાલ, અંજન, અરિષ્ટ. **સ્તનિતકુમારના–** આવર્ત, વ્યાવર્ત, નંદિકાવર્ત, મહાનંદિકાવર્ત.

વ્યક્તિગત અપેક્ષાએ જ્યોતિષીના અસંખ્ય અધિપતિ દેવ હોય છે. કારણ કે પ્રત્યેક સૂર્યચંદ્રને પોતાના જ્યોતિષ મંડલનું સ્વતંત્ર આધિપત્ય હોય





છે. તિરછાલોકમાં અસંખ્ય સૂર્ય-ચંદ્ર ઈન્દ્ર છે. જાતિવાચક અપેક્ષાએ ૬૪ ઈન્દ્રોમાં તેના બે ની ગણત્રી થાય છે. ॥ ઉદ્દેશક–૮ સંપૂર્ણ ॥ ઉદ્દેશક–૯,૧૦ સંક્ષિપ્ત ॥

# શતક–૪ : ઉદ્દેશક–૧ થી ૧૦

**પ્રશ્ન–૧ : ઈશાનેન્દ્રના લોકપાલોનું વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ :** બીજા દેવલોકના અધિપતિ ઈશાનેન્દ્ર ઉત્તરાર્ધ લોકાધિપતિ છે. તેના ચારે લોકપાલોના અધિકાર અને આધિપત્ય શક્રેન્દ્રના લોકપાલોની સમાન છે. શક્રેન્દ્રના લોકપાલોના અધિકાર અને આધિપત્યમાં આવનાર દેવ તથા પુત્ર સમાન દેવ એ બધા દક્ષિણ દિશાવર્તી હોય છે અને ઈશાનેન્દ્રના ઉત્તર દિશાવર્તી હોય છે. ભવનપતિ અને વ્યંતર સર્વ જાતિ વિભાગના દેવ દક્ષિણ અને ઉત્તર બંને દિશાઓમાં હોય છે. તિરછા લોકમાં મેઢથી દક્ષિણ દિશાનું ભરતક્ષેત્ર આદિ શક્રેન્દ્રના લોકપાલોનો વિષય બને છે અને ઉત્તર દિશાનું ઐરવત ક્ષેત્ર આદિ ઈશાનેન્દ્રના લોકપાલોના વિષય-અધિકાર ક્ષેત્ર બને છે.

ઈશાનેન્દ્રના ચારે ય લોકપાલોના વિમાન ઈશાનાવતંસક વિમાનની ચારે તરફ ચારે દિશાઓમાં અસંખ્ય યોજન દૂર છે. તે ક્રમશઃ પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તરમાં છે. તેના નામ ક્રમશઃ સુમન, સર્વતોભદ્ર, વલ્ગુ અને સુવલ્ગુ છે. એ જ પ્રમાણે ચારે ય લોકપાલના નામ ક્રમશઃ સોમ, યમ, વૈશ્રમણ અને વઢણ છે. ॥ ઉદ્દેશક ૧ થી ૪ સંપૂર્ણ ॥

તેઓની રાજધાનીઓ પોતપોતાના વિમાનની સીધમાં નીચે તિરછા લોકમાં છે. તેનું એક-એક લાખ યોજન જંબૂદ્વીપ પ્રમાણ વગેરે વર્ણન શક્રેન્દ્રના લોકપાલોની રાજધાની સમાન છે. ઈશાનેન્દ્રના લોકપાલોની સ્થિતિ સોમ, યમ લોકપાલની બે પલ્યોપમમાં પલ્યોપમનો ત્રીજો ભાગ ઓછો, વૈશ્રમણની બે પલ્યોપમની અને વઢણની પલ્યોપમનો ત્રીજોભાગ અધિક બે પલ્યોપમની છે. ચારે ય લોકપાલોના પુત્રસ્થાનીય દેવોની સ્થિતિ એક પલ્યોપમની છે. ॥ ઉદ્દેશક-૫ થી ૮ સંપૂર્ણ ॥ ॥ ઉદ્દેશક-૯ અને ૧૦ સંક્ષિપ્ત ॥

અહીં ચાર લોકપાલોના વર્ણનના ચાર ઉદ્દેશક છે અને ચારેયની રાજધાનીઓના વર્ણન સંબંધી ચાર ઉદ્દેશક છે. અંતિમ બે ઉદ્દેશકમાં પ્રજ્ઞાપના પદ-૧૭, ઉદ્દેશક-૩, ૪ નું સંસૂચન છે.

# શતક–૫ : ઉદ્દેશક–૧ થી ૧૦

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આ શતકના ૧૦ ઉદ્દેશક છે, જેમાં અનેક વિષય વર્ણિત છે. શતકના પ્રારંભમાં વિષય સૂચક એક ગાથા છે. તદનુસાર ઉદ્દેશક નામ અને વિષય આ પ્રમાણે છે–

**(૧) ચંપરવિ–** પ્રથમ ઉદ્દેશકમાં ચંપાનગરીમાં સૂર્ય, સૂર્યોદય અને સૂર્યાસ્ત સંબંધી નિરૂપણ છે. અઢીદ્વીપમાં ચારે ય દિશાઓથી કાલમાનનું કથન છે.

**(૨) અનિલ–** બીજા ઉદ્દેશકમાં વાયુસંબંધી અને અચિત્ત પદાર્થ કોના મુક્કેલગ હોય, તે સંબંધી વર્ણન છે.

**(૩) ગ્રંથી(ગ્રથિત)–** ત્રીજા ઉદ્દેશકમાં ગ્રથિત આયુષ્ય કથનનું ખંડન તથા આયુ સંબંધી સત્ય નિરૂપણ છે.

**(૪) શબ્દ–** ચોથા ઉદ્દેશકમાં છદ્મસ્થ અને કેવલી દ્વારા શબ્દ સાંભળવા-જાણવા; હસવું, નિદ્રા લેવી આદિ તથા હરિણૈગમેષીની ગર્ભ સંહરણ શક્તિ, એવંતાકુમાર, દેવોની મનોવર્ગણા લબ્ધિ વગેરે અનેક વિષયોનું પ્રતિપાદન છે.

**(૫) છદ્મસ્થ–** આ ઉદ્દેશકમાં છદ્મસ્થની અમુક્તિ અને એવંભૂત-અનેવંભૂત વેદનાનું વર્ણન છે તથા કુલકર આદિ વર્ણનને માટે સમવાયાંગ સૂત્રના સંસૂચન (અતિદેશ) યુક્ત સંક્ષિપ્ત પાઠ છે.

**(૬) આયુષ્ય–** આ ઉદ્દેશકમાં અલ્પાયુ-દીર્ઘાયુ બંધ, ખોવાયેલી વસ્તુ, ક્રેતા-વિક્રેતા તથા ધનુષ્યબાણના સંબંધમાં આરંભિકી આદિ પાંચ ક્રિયા ઈત્યાદિ વિષયોનું કથન છે. ૪૦૦-૫૦૦ યોજન ક્ષેત્ર જીવોથી ખીચોખીચ ભરેલ, અગ્નિ સળગવા, બુઝાવા સંબંધમાં અલ્પ-મહાક્રિયા, આધાકર્મ સેવનની આલોચના, આચાર્ય ઉપાધ્યાયની ગતિ અને અસત્ય આરોપ લગાવવાનું ફળ ઈત્યાદિ વિષય વર્ણિત છે.

**(૭) એજન–** આ ઉદ્દેશકમાં પુદ્ગલના કંપન, દેશકંપ, સર્વકંપ, પરમાણુ આદિનું વિભાજન, એની પરસ્પર સ્પર્શનાના ભંગ વિકલ્પ, તેની સ્થિતિ, અંતર, અલ્પબહુત્વ આદિ વર્ણન છે. અંતમાં ૨૪ દંડકમાં આરંભ પરિગ્રહનું અને પાંચ હેતુ અહેતુનું નિરૂપણ છે.





**(૮) નિર્ગ્રંથ–** આ ઉદ્દેશકમાં બે નિર્ગ્રંથોની આપસમાં પુદ્ગલ દ્રવ્ય સંબંધી ચર્ચા, ૨૪ દંડકના જીવોમાં હાનિ-વૃદ્ધિ અવસ્થિતિ, સોપચય-નિઢપચય આદિ વર્ણન છે.

**(૯) રાજગૃહ–** આ ઉદ્દેશકમાં રાજગૃહી નગરી, પ્રકાશ-અંધકાર, સમયનું જ્ઞાન, પાર્શ્વાપત્ય સ્થવિરોનું ભગવાન મહાવીરની સેવામાં સમર્પણ ઈત્યાદિ વર્ણન છે.

**(૧૦) ચંપ-ચંદ્ર–** આમાં ચંપાનગરીમાં ચંદ્ર સંબંધી સંક્ષિપ્ત કથન છે.

**પ્રશ્ન–૨ : જંબૂદ્વીપના ચાર વિભાગની અપેક્ષા સૂર્યોદય-સૂર્યાસ્ત, દિવસ-રાતનો અને વર્ષ આદિનો પ્રારંભ ક્યારે, ક્યાં, કેવી રીતે થાય છે ?**

**જવાબ : (૧) ઉદય-અસ્ત–** જંબુદ્વીપમાં ચાર કોણ-ખૂણા છે– ઈશાન, અગ્નિ, નૈઋત્ય અને વાયવ્ય. જંબૂદ્વીપના ચાર વિભાગ છે– પૂર્વ મહાવિદેહ, ભરત, પશ્ચિમ મહાવિદેહ, એરવત ક્ષેત્ર. સૂર્ય પ્રથમ વિભાગની અપેક્ષા ઈશાન ખૂણામાં ઉદય પામીને અગ્નિખૂણામાં અસ્ત થાય છે. બીજા વિભાગની અપેક્ષા અગ્નિ ખૂણામાં ઉદય પામીને નૈઋત્ય ખૂણામાં અસ્ત થાય છે. ત્રીજા વિભાગની અપેક્ષા નૈઋત્ય ખૂણામાં ઉદય પામીને વાયવ્ય ખૂણામાં અસ્ત થાય છે. ચોથા વિભાગની અપેક્ષા સૂર્ય વાયવ્ય ખૂણામાં ઉદય પામીને ઈશાન ખૂણામાં અસ્ત થાય છે. આ રીતે પૂર્વ વિભાગની અપેક્ષા જ્યાં અસ્ત થાય છે ત્યાં આગલા વિભાગની અપેક્ષા સૂર્ય ઉદય થાય છે. આ ચાર વિભાગોની અપેક્ષા કથન છે.

**બીજી અપેક્ષાએ** સૂર્ય પ્રત્યેક ક્ષણ એક ક્ષેત્રમાં અસ્ત થાય છે. બીજા આગળના ક્ષેત્રમાં ઉદય થાય છે.

**ત્રીજી અપેક્ષાએ** વાસ્તવમાં સૂર્ય સ્વયં તો સદા એક સરીખો ઉદયમાન જ રહે છે. અસ્ત–ઉદય તો પોતપોતાના ક્ષેત્રોની અપેક્ષામાં કલ્પના કરવામાં આવે છે. અમુક અંતરને(દૂરીના) કારણે જ સૂર્ય ઉદય-અસ્ત થતો જોવા મળે છે. ખરેખર સૂર્ય હંમેશાં એક સરીખો પ્રકાશ ફેલાવતો ગતિમાન રહે છે.

**(૨) દિન-રાત–** જંબૂદ્વીપમાં બે સૂર્ય છે. તેથી ઉપર કહેલા ચાર વિભાગમાંથી બે વિભાગમાં બે સૂર્ય જ્યારે દિવસ કરે છે ત્યારે બે વિભાગમાં સૂર્યના અભાવમાં રાત્રિ હોય છે. જ્યારે એક સૂર્ય એક વિભાગમાં ૧૮ મુહૂર્તનો દિવસ કરે છે ત્યારે બીજો સૂર્ય તેની સામેના વિભાગમાં ૧૮ મુહૂર્તનો દિવસ કરે છે.

ત્યારે અન્ય બંને વિભાગોમાં સૂર્યના અભાવે ૧૨-૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે. આ આભ્યંતર પ્રથમ મંડલમાં સૂર્યના ભ્રમણ સમયની અપેક્ષા કથન છે. ત્યાર પછી જેમ જેમ બંને સૂર્ય ક્રમશઃ બહારના મંડલોમાં આગળ વધતા રહે છે ત્યારે દિવસ ૧૮ મુહૂર્તમાં ઓછા થતા જાય છે અને રાત્રિ ૧૨ મુહૂર્તથી વધતી રહે છે અર્થાત્ જ્યારે ૧૭ મુહૂર્તના દિવસ બે વિભાગમાં થાય છે ત્યારે શેષ બે વિભાગમાં ૧૩ મુહૂર્તની રાત્રિ થઈ જાય છે. જ્યારે જે મંડલમાં બંને સૂર્ય ૧૬ મુહૂર્તના દિવસ બે વિભાગમાં કરે છે ત્યારે અન્ય બે વિભાગમાં રાત્રિ ૧૪ મુહૂર્તની થાય છે. રાત્રિ દિવસનો યોગ સદા સર્વત્ર ૩૦ મુહૂર્ત જ હોય છે. અંતિમ બહારના મંડલમાં રહીને જ્યારે બંને સૂર્ય બે વિભાગમાં ૧૨ મુહૂર્તનો દિવસ કરે છે ત્યારે અન્ય બે વિભાગમાં ૧૮ મુહૂર્તની રાત્રિ હોય છે.

એક મંડલનું અર્ધુ મંડલ ચાલીને જ્યારે એક સૂર્ય બે વિભાગમાં દિવસ કરે છે ત્યારે બીજો સૂર્ય તે જ મંડલની સામેનું અર્ધુ મંડલ ચાલીને બે વિભાગોમાં દિવસ કરી દે છે. આમ બંને સૂર્ય એક મંડલનો અર્ધો અર્ધો ભાગ પાર કરીને પછી એક મંડલથી બીજા મંડલમાં પ્રવેશ કરે છે અને ત્યાંથી જ બીજા મંડલમાં ગતિ પ્રારંભ કરે છે.

**(૩) વર્ષ આદિનો પ્રારંભ–** પૂર્વ પશ્ચિમ વિભાગમાં જ્યારે વર્ષનો પ્રારંભ (પ્રથમ સમય) થાય છે તેના પછીના સમયમાં ઉત્તર દક્ષિણ વિભાગમાં વર્ષનો પ્રારંભ(પ્રથમ સમય) થાય છે. પૂર્વ પશ્ચિમમાં સાથે જ થાય છે અર્થાત્ પૂર્વ પશ્ચિમ વિભાગના અંતિમ કિનારામાં જ્યારે વર્ષનો પ્રારંભ થાય છે તેના પછીના સમયમાં ઉત્તર દક્ષિણ વિભાગના પ્રાથમિક કિનારામાં વર્ષનો પ્રારંભ થાય છે, એમ સમજવું જોઈએ. વર્ષના પ્રારંભના સમાન વર્ષાકાલ, ગ્રીષ્મકાલ, હેમંત કાલનો પ્રથમ સમય સમજી લેવો જોઈએ. તેમ જ પ્રથમ સમયની જેમ જ પ્રથમ આવલિકા, દિન, પક્ષ, માસ, ઋતુ વગેરે સાગરોપમ સુધી સમજવા. **પૂર્વ-પશ્ચિમ** વિભાગમાં ઉત્સર્પિણી-અવસર્પિણી હોતી નથી.

જંબૂદ્વીપની જેમ જ લવણસમુદ્રના ચાર વિભાગોનું ઉપર પ્રમાણે વર્ણન સમજી લેવું જોઈએ. ત્યાં પણ પૂર્વ-પશ્ચિમ વિભાગમાં ઉત્સર્પિણી-અવસર્પિણી હોતી નથી. વિશેષતા આ છે કે લવણ સમુદ્રમાં મેઢ પર્વત નહિ કહીને દિશાના વિભાગથી જ કથન કરવામાં આવે છે.

ઘાતકી ખંડ દ્વીપનું કથન જંબૂદ્વીપની સમાન અને કાલોદધિ સમુદ્રનું





કથન લવણ સમુદ્રની સમાન છે. ઘાતકી ખંડની સમાન આભ્યંતર પુષ્કર દ્વીપનું કથન છે. ॥ ઉદ્દેશક–૧ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૩ : વાયુકાયના સંબંધમાં અહીં શું નિરૂપણ છે ?**

**જવાબ : પુરોવાત–** પરવાયુ, સ્નિગ્ધતા યુક્ત વાયુ. **પથ્યવાયુ–** વનસ્પતિ આદિ માટે પથ્યકારી હવા. **મંદવાયુ–** ધીમે-ધીમે ચાલવા વાળી વાયુ. **મહા વાયુ–** પ્રચંડ તોફાની હવા. એ ચારે પ્રકારની હવા બધી દિશા વિદિશામાં દ્વીપમાં સમુદ્રમાં ચાલી શકે છે પરંતુ એક સાથે એક સમયમાં બે વિરોધી દિશાઓમાં ચાલતી નથી. એ બધી વાયુકાય– (૧) સ્વાભાવિક પણ હોઈ શકે છે, (૨) વાયુકાયના ઉત્તર વૈક્રિય રૂપવાળી પણ હોઈ શકે છે અને (૩) વાયુ કુમાર આદિ દેવકૃત પણ હોય છે. લવણ સમુદ્રમાં ચાલવા વાળી વાયુ **વૈલા**થી અવરૂદ્ધ થઈ જાય છે. એટલે તેનાથી આગળ જાતી નથી પરંતુ ત્યાં જ રોકાઈ જાય છે, ભલે ને તે મંદ વાયુ હોય કે પ્રચંડ. લવણ સમુદ્રની વચમાં જે ૧૬ હજાર યોજન ઊંચાઈમાં **પાણી** ઉઠેલું છે તેને **વૈલા** કહેવામાં આવે છે.

**પ્રશ્ન–૪ : કોઈપણ અચિત્ત બનેલ પદાર્થ કોનું ત્યક્ત(મુકકેલગ) શરીર કહેવાય છે ?**

**જવાબ :** પૃથ્વી, પાણી, મીઠું, વનસ્પતિના ફૂલ-પાંદડા આદિ સચિત્ત પદાર્થ અગ્નિ ઉપર ચડયા વિના સૂર્યના તાપથી કે અન્ય તીક્ષ્ણ ક્ષાર-અમ્લ પદાર્થોથી અચિત્ત થઈ જાય તો તે પોતાના મૂળભૂત-પૃથ્વી પાણીનું અથવા વનસ્પતિનું શરીર(મુક્ત શરીર) કહેવાય છે. જ્યારે કોઈ પણ મીઠું, પાણી કે વનસ્પતિ પદાર્થ આદિ અગ્નિથી તપીને અચિત્ત બને છે ત્યારે તે અગ્નિનું મુક્ત શરીર કહેવાય છે. પૂર્વભાવની અપેક્ષાએ તેને પૃથ્વી, પાણી અથવા વનસ્પતિનું શરીર કહી શકાય છે પરંતુ વર્તમાનમાં તો તે પદાર્થ અગ્નિ પરિણામિત થઈ જવાથી અગ્નિનું પરિત્યક્ત શરીર કહેવાય છે. તેનું કારણ એ છે કે કોઈપણ પદાર્થ અગ્નિથી પરિતપ્ત થાય છે ત્યારે અમુક માત્રામાં ગરમ થવાથી તે પદાર્થ પૂરો અગ્નિ જીવોથી ગ્રહિત થઈ જાય છે તે પૂરો પદાર્થ અગ્નિ જીવ પિંડ બની જાય છે અને અગ્નિ પરથી હટાવી લીધા પછી તરત અચિત્ત થઈ જાય છે. જેમ કે દીપક-ટયૂબલાઈટ-બલ્બ બુઝાતાં જ પૂર્ણ અચિત્ત થઈ જાય છે. અગ્નિ જીવોનો એવો જ સ્વભાવ હોય છે કે અગ્નિ પ્રદીપ્ત થતાં જ જીવ આવીને જન્મી જાય છે અને અગ્નિ બુઝાતાં જ બધા અગ્નિ જીવ મરી જાય છે. આ જ કારણે અગ્નિ

પર તપ્ત થનારા પદાર્થ અમુક અંશ તાપમાનમાં અગ્નિકાય જીવમય બની જાય છે અને અગ્નિથી અલગ કરી દેતાં જ તત્કાલ અચિત્ત થઈ જાય છે. યથા– ગરમ દૂધ અગ્નિથી તપ્ત થતાં અગ્નિ જીવમય બને છે અને ત્યાંથી ઉતાર્યા પછી અગ્નિજીવના અચિત્ત શરીર રૂપ બને છે. પરંપરાએ પૂર્વભાવની અપેક્ષાએ તે દૂધ પંચેન્દ્રિય ત્યક્ત શરીર પણ કહી શકાય છે. વર્તમાન પરિણામે તે ગરમ દૂધ **અગ્નિકાય જીવ મુક્કેલગ શરીર** કહેવાય છે. ॥ ઉદ્દેશક-૨ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૫ : શું કોઈ એક સાથે હજારો આયુષ્ય બંધ થવાનું માને છે ખરા ?**

**જવાબ :** અહીં ત્રીજા ઉદ્દેશકમાં એવી માન્યતાનો ઉલ્લેખ છે કે એક જીવને હજારો આયુષ્યની સાંકળ બાંધેલી હોય છે. દૃષ્ટાંત રૂપે તેઓ જાળનું કથન કરે છે. જાળમાં અનેક ગાંઠો હોય છે તે પ્રમાણે અનેક આયુષ્ય પણ ગ્રંથીના રૂપમાં બંધાએલ રહે છે.

આ પ્રકારનું કથન મિથ્યા અને મનઘડંત માત્ર છે. પરભવનું આયુષ્ય જીવ આ ભવમાં બાંધે છે. તે આયુબંધને યોગ્ય આચરણ પણ જીવ આ ભવમાં કરે છે. એક સમયમાં બે આયુષ્ય એકી સાથે ભોગવી શકાતા નથી. એક ભવનું આયુષ્ય પૂર્ણ થાય છે ત્યારે બીજા ભવનું આયુષ્ય પ્રારંભ થાય છે. બીજા ભવનું આયુષ્ય સમાપ્ત થવાના પહેલાં જીવ અવશ્ય ત્રીજા ભવનું આયુષ્ય બાંધી લે છે. પછી બીજા ભવનું આયુષ્ય સમાપ્ત થાય છે ત્યારે ત્રીજા ભવના આયુષ્યનો ઉદય પ્રારંભ થાય છે. આ પ્રમાણે આયુબંધ અને આયુ ઉદયની સાંકળ(શૃંખલા) અનાદિ કાળથી ચાલે છે પરંતુ હજારો આયુષ્ય અનેક જીવોના આપસમાં ગુંથાયેલ ગ્રંથી રૂપમાં હોતા નથી. એક ભવમાં એક જ આયુષ્યનું વેદન થાય છે, બે આયુષ્યનું વેદન થતું નથી. આગળના ભવનો જે આયુષ્યબંધ થઈ ગયો હોય છે તેનો પ્રદેશોદય થાય છે અને પ્રદેશોદયને વેદન રૂપે ગણવામાં આવતું નથી. ॥ ઉદ્દેશક-૩ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૬ : છદ્મસ્થ અને કેવલી દ્વારા શબ્દ ગ્રહણ કરવા, હસવું, નિદ્રા લેવી વગેરે વિષયોમાં અહીં શું નિરૂપણ છે ?**

**જવાબ :** છદ્મસ્થ મનુષ્ય વાજિંત્ર આદિ કોઈપણ શબ્દ મર્યાદિત ક્ષેત્ર સીમાથી પોતાના ક્ષયોપશમ અનુસાર સાંભળે છે તથા તે શબ્દ પણ તેની શ્રોતેન્દ્રિયમાં આત્મપ્રદેશોમાં સ્પૃષ્ટ થવા પર-સ્પર્શ થયા પછી જ તેના વિષયભૂત બને છે– સાંભળવામાં આવે છે. મર્યાદિત સીમાથી બહાર યા શ્રોતેન્દ્રિયમાં સ્પર્શાયા





વિનાના શબ્દોને છદ્મસ્થ સાંભળી શકતો નથી. કેવલીને ક્ષાયિક અને સંપૂર્ણ અનંતજ્ઞાન દર્શન હોવાથી નજીકના-દૂરના સર્વ શબ્દોને તેઓ જાણે-જુએ છે. તેના માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ આદિની સીમા હોતી નથી.

છદ્મસ્થ મનુષ્ય હસે છે, ઉત્સુક બને છે, કુતૂહલને પ્રાપ્ત કરે છે; કારણ કે તેને તે પ્રકારના હાસ્ય મોહનીય રૂપ ચારિત્ર મોહનીય કર્મ ઉદયમાં આવતા રહે છે. કેવલીનું મોહનીય કર્મ નષ્ટ થઈ ગયું હોય છે. તેથી તેને હસવા વગેરેની પ્રવૃત્તિ હોતી નથી. હસતો જીવ પ્રમાદી હોવાથી સાત અથવા આઠ કર્મનો બંધ કરે છે. એવા કર્મબંધ ચોવીસે ય દંડકમાં થતાં રહે છે.

હસવાની જેમ નિદ્રા લેવા સંબંધી કથન પણ છદ્મસ્થ અને કેવલીના વિષયમાં સમજી લેવું જોઈએ. છદ્મસ્થને નિદ્રા લેવામાં દર્શનાવરણીય કર્મોદયનું કારણ હોય છે. કેવલીને તે કર્મ ક્ષય થઈ ગયું હોય છે. નિદ્રા લેતો જીવ પ્રમાદી હોવાથી સાત અથવા આઠ કર્મનો બંધ કરે છે, એવું ૨૪ દંડકમાં સમજી લેવું કારણ કે બધા દંડકમાં દર્શન મોહનીય કર્મનો ઉદય છે. કેવલીને હાસ્ય, નિદ્રા આદિનું અસ્તિત્વ જ નહિ હોવાથી તેને માટે તત્સંબંધી કર્મબંધની કોઈ વિચારણા કરવામાં આવતી નથી.

**પ્રશ્ન–૭ : હરિણૈગમેષી દેવનું સાચું નામ, કાર્ય અને પરિચય શું છે ?**

**જવાબ :** તે માટે અહીં ઉદ્દેશક–૪માં પાઠ આ પ્રમાણે છે– **हरी ण हरिणेगमेसी सक्कदूए इत्थि गब्भ स हरमाणे..।** **હરી** એ વ્યક્તિગત વિશેષ નામ છે. **हरिणेगमेसी**– આ હરીના વિશેષ ગુણને પ્રગટ કરનાર વિશેષણ છે. જેમાં ત્રણ શબ્દનો પદચ્છેદ થાય છે. હરિ=ઈન્દ્ર, નૈગમ=નિર્દેશવચન, આદેશ વચન, એસી=અપેક્ષા રાખનારા સ્વીકારનારા. પ્રથમ દેવલોકના ઈન્દ્ર શક્રેન્દ્રના આદેશને સ્વીકારનારા અર્થાત્ શક્રેન્દ્રના આજ્ઞાકારી દેવ. **सक्कदूए**– દૂત કર્મ કરનારા, સંદેશવાહક. પોતાના વિશ્વસ્ત વ્યક્તિ દૂતકર્મ યોગ્ય હોય છે.– (૧) તે શક્રેન્દ્રની સાત સેનામાંથી પાયદળ સેનાના અધિપતિ-મુખી એટલે સેનાપતિ દેવ પણ છે, એવું અન્યત્ર વર્ણનમાં આવે છે. (૨) અહીંના શબ્દપ્રયોગ અનુસાર એ શક્રેન્દ્રનો વિશ્વસ્ત સેવક–દૂત પણ છે. (૩) ગુણસંપન્ન વ્યુત્પત્તિ અર્થવાળું પ્રસિદ્ધ નામ છે હરિણૈગમેષી દેવ. (૪) વ્યક્તિગત નામકરણથી આ **હરી** નામવાળા હરિણૈગમેષી દેવ છે.

પ્રસ્તુતમાં આ દેવની પોતાની વિશેષ કાર્યકુશળતા દર્શાવી છે. પાયદળ

સેનાના અધિપતિ અને શક્રેન્દ્રના દૂત હોવા છતાં પણ આ દેવ ગર્ભ સંહરણની કલામાં સિદ્ધહસ્ત(સ્પેશ્યાલીસ્ટ-વિશેષજ્ઞ) હોય છે. કોઈપણ ગર્ભને અન્યત્ર લઈ જવાને માટે તે યોનીદ્વારથી જ ગર્ભને બહાર કાઢે છે, તોપણ તે નખથી અથવા શરીરના રોમથી પણ ગર્ભને કાઢી શકે છે અને નિકાલતી વખતે ગર્ભને જરા પણ કષ્ટ થવા દેતા નથી એટલી સૂક્ષ્મતાથી ગર્ભ સંહરણનું કાર્ય કરવામાં આ દેવ દક્ષ હોય છે.

તે જ કારણે ગર્ભસંહરણના પ્રસંગવાળા આગમ કથાનકોમાં આ જ દેવનો નામોલ્લેખ છે. અંતગડ સૂત્રમાં કૃષ્ણ વાસુદેવના પૌષધ સમયમાં આ જ દેવ ઉપસ્થિત થયેલ, તેના સૂચન અનુસાર ગજસુકુમાલનો જન્મ અને દીક્ષા થઈ હતી. કૃષ્ણના છ મોટા ભાઈઓનું પણ સંહરણ સ્થાનાંતરણ આ જ દેવે કર્યું હતું. ભગવાન મહાવીરને દેવાનંદાના ગર્ભમાંથી ઉઠાવીને ત્રિશલા માતાના શરીરમાં શક્રેન્દ્રની આજ્ઞાથી આ જ દેવે રાખ્યા હતા.

આ દેવના નામની અન્ય પણ અર્થની કલ્પના પરંપરામાં ચાલે છે કે હરિણના જેવું રૂપ ધારણ કરીને આવાગમન કે કાર્ય કરનાર દેવ. આ અર્થને લઈને ચિત્રની કલ્પનામાં લોકો હરણના જેવા લાંબાં શિંગ યુક્ત હરણમુખાકૃતિ સહિત આ દેવના આકારના ચિત્રની કલ્પના કરે છે.

સંહરણ કરનારા, હરણ કરનારા હોવાથી લખવા યા ઉચ્ચારણ કરવામાં ક્યારેક **હરણગમેષી દેવ** એમ પણ ચાલે છે. સત્ય આગમ સમ્મત વ્યુત્પત્તિ પરક શબ્દ રચના ઉપર સ્પષ્ટ કરવામાં આવેલ છે.

**પ્રશ્ન–૮ : બાલ દીક્ષિત એવંતા મુનિવરનું વર્ણન અંતગડ સૂત્રમાં છે તો અહીં શું છે ?**

**જવાબ :** અંતગડ સૂત્રમાં એવંતામુનિના દીક્ષાની પહેલાં માતા પાસેથી દીક્ષાની આજ્ઞા લેવી વગેરેનું વિસ્તૃત વર્ણન છે. પરંતુ તે વર્ણન પછી દીક્ષાનું તથા અધ્યયન અને સંયમતપથી મુક્તિ સુધીનું ત્યાં સંક્ષિપ્ત વર્ણન છે. તેના બાલ જીવનની અર્થાત્ દીક્ષા સમયના પ્રારંભ કાલની એક ઘટના અહીં આ ચોથા ઉદ્દેશકમાં નિરૂપિત છે, તે આ પ્રમાણે છે–

એક વખત વરસાદ થયા પછી એવંતાકુમાર શ્રમણ વડીલ સંતોની સાથે નગરની બહાર સ્થંડિલ(વડીનીત) માટે ગયા. એવંતામુનિને નજીકમાં બેસાડીને વડીલ સંત તેનાથી થોડે દૂર ચાલ્યા ગયા. તેઓ શૌચ નિવૃત્ત થઈ





આવે તે પહેલાં એવંતામુનિ શૌચથી નિવૃત્ત થઈ માર્ગમાં આવીને સ્થવિર સંતોની પ્રતીક્ષા કરવા લાગ્યા. નજીકમાં જ વરસાદનું પાણી લઘુ નાલીના રૂપે વહી રહ્યું હતું. એવંતા બાલમુનિએ માટીની પાળ બાંધીને પાણીને આગળ જતું રોકી દીધું અથવા તો પાત્રી આગળ ન ચાલી જાય તે માટે માટીની પાળ કરી દીધી પછી તે રોકાએલ પાણીમાં પોતાની પાસેની પાત્રી છોડીને ધક્કા દઈને તરાવવા લાગ્યા. એ પ્રમાણે મારી નાવ, મારી નાવ એમ બોલતાં બોલતાં પાત્રને પાણીમાં તરાવતાં રમવા લાગ્યા. દૂરથી આવતા શ્રમણોએ આમ કરતા એવંતાકુમારને જોઈ લીધા. પછી એવંતાની નજર સંતો પર પડી તો તેમણે તત્કાલ પોતાની પાત્રી ઝોળીમાં મૂકીને સંતોની સાથે ચાલવા લાગ્યા. સંતોએ બાલમુનિને કંઈ પણ ન કહ્યું.

સ્થવિર શ્રમણોએ ભગવાન મહાવીરની સેવામાં પહોંચીને વંદન નમસ્કારપૂર્વક પોતાનો મનોગત પ્રશ્ન નિવેદન કર્યો કે– હે ભંતે ! આપ દેવાનુપ્રિયના અંતેવાસી અતિમુક્તકુમાર શ્રમણ કેટલા ભવ કરીને મોક્ષ જશે ? ભગવાને સ્થવિરોને કહ્યું– હે આર્યો ! મારો અંતેવાસી અતિમુક્તકુમાર શ્રમણ આ જ ભવમાં સંપૂર્ણ કર્મ ક્ષય કરીને મુક્ત થશે, સર્વ કર્મોનો અંત કરશે. આપ લોકો એવંતાકુમાર શ્રમણ પ્રત્યે હીલના નિંદા આદિ વ્યવહાર નહિ કરીને તે બાલમુનિને પૂરૂં સંરક્ષણ આપીને સર્વપ્રકારે સુશિક્ષિત કરો. મનમાં કોઈપણ પ્રકારનો હીન ભાવ ન લાવતાં તેની યોગ્ય દેખરેખ જવાબદારીના કર્તવ્યનું પાલન કરો. આહાર પાણી વગેરેથી પણ તેની યથાયોગ્ય સારસંભાળ રાખો અર્થાત્ બાલદીક્ષિત મુનિ પ્રત્યે પૂર્ણ અહોભાવ સાથે તેની ખામીઓને શિક્ષા-સંભાળપૂર્વક સુધારીને તે સંયમ તપમાં પ્રગતિશીલ બને તેવું ધ્યાન રાખો. આ અતિમુક્તકુમાર શ્રમણ ચરમશરીરી મોક્ષગામી જીવ છે.

તાત્પર્ય એ છે કે બાલમુનિ નવદીક્ષિત મુનિ પ્રત્યે વડીલોનું કર્તવ્ય જવાબદારી હોય છે પરંતુ તેની અણસમજ-નાસમજની નિંદા-હીલના કરવાનું જરા પણ યોગ્ય હોતું નથી. પ્રસ્તુતમાં કાચા પાણી, સચિત્ત પાણીમાં પાત્રી તરાવવા માટે એવંતામુનિએ ઠપકા–ઉપાલંભની વાત ભગવાને યા શ્રમણોએ કોઈએ પણ કરી નહિ. બુઝુર્ગ-સ્થવિર સંતોની માનસિકતા કંઈક સંદેહશીલ બની હતી પરંતુ ભગવાનને પ્રશ્ન પૂછવાથી તેઓને વિસ્તૃત ઉત્તર વડે સાચું માર્ગદર્શન મળી ગયું હતું કે એ બાલમુનિ હળુકર્મી જીવ છે, તેના પ્રત્યે આપણે

જ આપણું કર્તવ્ય પાલન કરીને, તેને શિક્ષિત અને સંયમ સમાચારીથી અભ્યસ્ત કરાવવા જોઈએ.

આમ આ ઘટનાના વર્ણનમાં જિનશાસનની એક બાલમુનિ અને નવ દીક્ષિત મુનિ પ્રત્યે પરમ ઉદાર વૃત્તિનું દર્શન થાય છે. ઉપાલંભ યા દંડ પ્રાયશ્ચિત્તની અહીં કોઈ ચર્ચા નથી. ભગવાનના આદેશનો શ્રમણોએ સ્વીકાર કર્યો અને એવંતા મુનિની સારી રીતે સેવા-સંભાળ કરવા લાગ્યા.

એવંતામુનિની અત્યંત બાળ ઉંમર હતી. તે જમાનાને અનુરૂપ હજુ તેનો સાંસારિક અભ્યાસ પણ ચાલૂ ન થયો હતો, એવું અંતગડ સૂત્રના વર્ણનથી પ્રતીત થાય છે. એવંતા રાજકુમાર હતા અને એ સમયે રાજકુમારને આઠ વર્ષની વય આસપાસ જ વિદ્યાગુઢની પાસે અધ્યયનાર્થ મોકલવામાં આવતા હતા. વર્તમાન આગમોમાં બાલ દીક્ષાનું આ આદર્શ ઉદાહરણ અનેકાંગી પાસાઓ વાળું છે. એકાંતવાદી માનસિકતાવાળાઓને આ દષ્ટાંતથી સાચું માર્ગદર્શન મળે છે અને સુઝાડી પણ શકાય છે. આવા અનેકાંતદષ્ટિના આગમ પ્રમાણોના હોવા છતાં પણ કેટલાક લોકો તેની ઉપેક્ષા કરીને પોતાની છાદ્મસ્થિક માનસિકતાને આગળ ધરીને સમયે સમયે સમાજમાં દીક્ષાનો વિરોધ ઉભો કરે છે, તેઓએ આ આગમ વર્ણનથી સાચી શિખામણ લેવાની અત્યંત આવશ્યકતા છે.

**પ્રશ્ન–૯ : શું દેવોને કોઈના મનને જાણવાની ક્ષમતા હોય છે ? શું તેઓને મનઃપર્યવ જ્ઞાન હોય છે ?**

**જવાબ :** મનઃપર્યવ જ્ઞાન મુનિઓને, શ્રમણોને જ થઈ શકે છે. દેવોને વિશિષ્ટ અવધિજ્ઞાન હોય તો તેઓ મનમાં મનન કરેલ રૂપી દ્રવ્યોને જાણી દેખી શકે છે. રૂપી દ્રવ્યોને જાણવું અવધિજ્ઞાનનો વિષય છે. મન વચન પણ રૂપી જ છે, અરૂપી નથી. આ વિષયને દર્શાવનારી અનેક ઘટના અહીં ચોથા ઉદ્દેશકમાં વર્ણવેલ છે. તે આ પ્રમાણે છે– એકવાર બે દેવ ભગવાનની સેવામાં આવ્યા, મનથી જ વંદન નમસ્કાર કર્યા, મનથી જ પ્રશ્ન પૂછયા, ભગવાને પણ મનથી ઉત્તર આપ્યો, દેવ સંતુષ્ટ થયા, વંદન નમસ્કાર કરી યથાસ્થાને બેસી પર્યુપાસના કરવા લાગ્યા. ગૌતમસ્વામીને જિજ્ઞાસા થઈ કે એ દેવ કયા દેવલોકથી આવ્યા ? ગૌતમસ્વામી ઉઠીને ભગવાનની નજીક ગયા, વંદન કરીને પૂછવા ઈચ્છતા હતા ત્યાં તો ભગવાને પોતે જ સ્પષ્ટીકરણ કરી દીધું કે તમને આવી જિજ્ઞાસા થઈ છે. એ દેવ જ તમારી જિજ્ઞાસાનું સમાધાન કરી દેશે. ગૌતમસ્વામીએ ફરી





ભગવાનને વંદન નમસ્કાર કર્યા અને દેવોની નજીક જવા તત્પર બન્યા. દેવો પોતાની તરફ આવતા ગૌતમસ્વામીને જોઈને જાતે પ્રસન્ન વદને ગૌતમ સ્વામીની નજીક ગયા, વંદન નમસ્કાર કર્યા અને કહ્યું– અમે આઠમા સહસ્રાર દેવલોકના દેવ છીએ. અમે મનથી જ વંદન નમસ્કાર કરીને પ્રશ્ન પૂછયો, સમાધાન પણ મનથી જ મેળવ્યું અને પર્યુપાસના કરી રહ્યા છીએ. અમારો પ્રશ્ન હતો કે ભગવાનના શાસનમાં ભગવાનના જીવન કાલમાં કેટલા જીવ મોક્ષ જશે. ઉત્તર મળ્યો કે મારા શાસનમાં **૭૦૦ શ્રમણ** આ ભવમાં મોક્ષ જશે. ***(આ પાઠ અનુસાર ગૌતમસ્વામી માટે ૧૫૦૦ કેવળીને લઈને ભગવાનના સમવસરણમાં આવવાની કથાની વાત બરોબર નથી. કારણ કે તે સમયે પણ ભગવાનનું શાસન જ ચાલતું હતું.)***

અહીં દેવો સંબંધી વર્ણન કરતાં એ પણ સમજાવવામાં આવ્યું છે કે ભલે એ સ્પષ્ટ છે કે દેવ અસંયત હોય છે, તેઓમાં ૪ ગુણસ્થાન જ હોય છે. છતાં પણ ભગવાને ગૌતમ સ્વામીના પૂછવા પર એ જ સમજાવ્યું કે દેવોને અર્થાત્ તેઓની સમક્ષ તેઓને અસંયત નહિ કહેવા કારણ કે તે નિષ્ઠુર વચન છે. પુણ્યવાન પુઢષોને તેઓની સમક્ષ નિષ્ઠુર વચન કહેવા એ અવિવેક અને અસભ્યતાનું દ્યોતક છે. તે જ સત્ય ભાવને અન્ય શબ્દોમાં, ભાષામાં કહી શકાય છે અર્થાત્ દેવને **નોસંયત** કહી શકાય છે. સંયત અને સંયતાસંયત એ બંને પણ દેવતાને માટે કહી શકાતા નથી. કારણ કે એવું કહેવામાં અસત્ય વચનનો દોષ લાગે છે.

દેવોની ભાષા અર્ધમાગધી છે. જેમ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ આદિ ભાષા કોઈ દેશ વિશેષથી સંબંધિત નથી કોઈપણ ક્ષેત્રથી અપ્રતિબદ્ધ સ્વતંત્ર ભાષા છે તેમજ અર્ધમાગધી દેવોની ભાષા મનુષ્ય લોકના કોઈ ક્ષેત્રથી પ્રતિબદ્ધ ન હોઈ સ્વતંત્ર અનાદિ શાશ્વત ભાષા છે.

વ્યુત્પત્તિ અર્થ કરતાં તેને માગધ દેશની મુખ્યતાવાળી મિશ્રિત ભાષા પણ માનવામાં આવે છે. તોપણ બધા તીર્થંકરો અને દેવોની અનાદિ ભાષા હોવાની દષ્ટિએ કોઈ દેશવિશેષથી સંબંધિત નહીં કરવાનું જ ઉચિત લાગે છે.

કેવલીનું મન અને વચન પ્રકૃષ્ટ અર્થાત્ સ્પષ્ટ હોય છે. જેને વૈમાનિક સમ્યગ્દષ્ટિ દેવ પર્યાપ્ત અને ઉપયોગવંત બને તો અવધિજ્ઞાનથી પણ જાણી શકે છે. મિથ્યાદષ્ટિ આદિ જાણી શકતા નથી.

અનુત્તરવિમાનના દેવોને પણ અવધિજ્ઞાન વિશિષ્ટ હોય છે. જેનાથી તેઓને મનોદ્રવ્ય વર્ગણા લબ્ધિ પ્રાપ્ત થાય છે. તેથી તે દેવ ત્યાં રહેલા જ મનુષ્ય લોકમાં વિચરણ કરનાર કેવળજ્ઞાનીથી વાર્તાલાપ પ્રશ્નોત્તર કરી શકે છે. અનુત્તર વિમાનના દેવોનું મોહકર્મ અત્યંત ઉપશાંત હોય છે. પૂર્વભવની સમ્યક આરાધનાનો એ પ્રભાવ છે.

**પ્રશ્ન–૧૦ : કેવલી સંબંધી અહીં શું શું વિશેષતાઓ કહી છે ?**

**જવાબ :** (૧) આ જીવ ચરમશરીરી છે, આ જ ભવમાં મોક્ષ જશે એવું કેવલ જ્ઞાની જાણે છે. છદ્મસ્થ સ્વયં–પોતાના જ્ઞાનથી નથી જાણી શકતા, કોઈની પાસેથી સાંભળી પરંપરાથી જાણી શકે છે. (૨) ચરમ નિર્જરા પુદ્ગલોને કેવલી જાણી શકે છે, છદ્મસ્થ જાણી શકતા નથી. (૩) કેવલી અપ્રત્યક્ષ દેવોને મનથી ઉત્તર આપી શકે છે, વચનથી વાર્તાલાપ પણ કરી શકે છે, પ્રત્યક્ષ ઉપસ્થિત દેવથી મનોમન સવાલ જવાબ કરી શકે છે. (૪) કેવલીઓનું જ્ઞાન નિરાવરણ હોય છે, ઈન્દ્રિયાતીત હોય છે અને સીમાતીત હોય છે. તેઓને જાણવા જોવાની કોઈ ક્ષેત્ર મર્યાદા હોતી નથી. જાણવા જોવામાં તેઓને ઈન્દ્રિયોના સહયોગની પણ જરૂરત હોતી નથી.તેઓ કેવલજ્ઞાન-દર્શનથી સર્વ ભાવોને જાણે-જુએ છે.

કેવલીઓને પણ કાયયોગની ચંચળતા અસ્થિરતા સ્વવશ હોતી નથી. છદ્મસ્થની જેમ તેઓ પણ એક સ્થાનેથી હાથ ઉઠાવીને પુનઃ એ જ પ્રદેશો પર રાખી શકતા નથી. પુનઃ એ જ આકાશ પ્રદેશોપર સ્થિર થવું, અવગાહન કરવું તેઓને માટે પણ શક્ય નથી; આ કાયયોગની ચંચળતા નામ કર્મથી હોય છે.

**પ્રશ્ન–૧૧ : 'ઉત્કરિકા ભેદ' લબ્ધિ શું છે ?**

**જવાબ :** આ લબ્ધિવાળા એક ઘડામાંથી હજાર ઘડા, એક વસ્ત્રમાંથી હજાર વસ્ત્ર, એક ચટ્ટાઈમાંથી હજાર ચટ્ટાઈ બનાવી શકે છે. તેમજ એક-એક રથ, છત્ર, દંડ આદિમાંથી પણ હજાર-હજાર નંગ બનાવી શકે છે. તાત્પર્ય એ છે કે તે જ લાગેલા પુદ્ગલોને ઉત્કીર્ણ કરીને(સઘનને વિરલ કરીને) અનેક બનાવી શકે છે. આ લબ્ધિ ચૌદપૂર્વી શ્રુતજ્ઞાની મુનિરાજને હોય છે. અન્ય કોઈને હોય છે કે નહિ તેનો ઉલ્લેખ અહીં છે નહિ. ॥ ઉદ્દેશક-૪ સંપૂર્ણ ॥ ॥ ઉદ્દેશક-૫ સંક્ષિપ્ત ॥

**પ્રશ્ન–૧૨ : આરંભિકી આદિ પાંચ ક્રિયાઓનું શું સ્વરૂપ છે અને ખોવાયેલ વસ્તુની શોધ કરનારને તથા વસ્તુને વેચનાર ખરીદનારને તે પાંચમાંથી કેટલી ક્રિયા લાગે છે ?**





**જવાબ :** પ્રસ્તુત ઉદ્દેશક–૬માં કાયિકી આદિથી ભિન્ન પાંચ ક્રિયાનું નિરૂપણ છે. તે ક્રિયાઓ આ પ્રમાણે છે– **(૧) આરંભિકી ક્રિયા–** જીવ હિંસાના પરિણામોથી તથા અવિવેક વૃત્તિ કે ઉપેક્ષા વૃત્તિથી જીવની હિંસા હોય કે ન પણ હોય તો આ આરંભિકી ક્રિયા લાગે છે. આ ક્રિયા છટ્ઠા પ્રમત્ત ગુણસ્થાન સુધીના જીવોને લાગે છે. સાતમા આદિ અપ્રમત્ત ગુણસ્થાનોમાં જીવને આ ક્રિયા સંબંધી કોઈ લક્ષણ હોતા નથી.

**(૨) પરિગ્રહિકી ક્રિયા–** મૂર્ચ્છા અને આસક્તિના પરિણામોથી, સંયમના આવશ્યક ઉપકરણો ઉપરાંત અતિસંગ્રહવૃત્તિથી જીવને પરિગ્રહિકી ક્રિયા લાગે છે. પાંચમા ગુણસ્થાન સુધીના જીવોને આ ક્રિયા લાગે છે. છટ્ઠા ગુણસ્થાન વાળા કોઈપણ પ્રકારના પ્રવાહમાં સંયમ મર્યાદા ઉપરાંત પદાર્થોની સંગ્રહવૃત્તિમાં લાગી જાય અથવા ક્ષેત્ર, શિષ્ય, સમુદાય, શ્રાવક, ખાદ્ય વગેરે પદાર્થોમાં મમત્વ આસક્તિ ભાવોની પરિણતી થઈ જાય તો તેને પણ આ પરિગ્રહિકી ક્રિયા લાગે છે ત્યારે તેઓ છટ્ઠા ગુણસ્થાનેથી હટીને પાંચમા ગુણસ્થાનમાં પ્રવિષ્ટ થઈ જાય છે. કારણ કે પરિગ્રહિકી ક્રિયા યોગ્ય લક્ષણ પાંચમા ગુણસ્થાન સુધી જ શક્ય છે. છટ્ઠા ગુણસ્થાનમાં તેવા પરિણામ હોતા નથી અને આ ક્રિયા લાગતી નથી. તેથી આવા આસક્તિ, મમતા, પરિગ્રહના લક્ષણથી જીવનું છટ્ઠું ગુણ-સ્થાન છૂટી જાય છે.

**(૩) માયા પ્રત્યયિકી ક્રિયા–** આ ક્રિયા ચાર કષાયમાંથી કોઈ પણ કષાયની વિદ્યમાનતા-અસ્તિત્વ-ઉપસ્થિતિમાં લાગતી રહે છે. તેથી આ ક્રિયાનું અસ્તિત્વ ૧૦મા ગુણસ્થાન સુધી હોય છે. સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતમ ક્રોધાદિ કોઈ પણ કષાયમાં આ ક્રિયા ચાલુ રહે છે.

**(૪) અપ્રત્યાખ્યાન ક્રિયા–** વ્રતપ્રત્યાખ્યાનના ભાવોના અભાવમાં ચોથા ગુણસ્થાન સુધી આ ક્રિયા લાગે છે. પાંચમા ગુણસ્થાનમાં વ્રત-પ્રત્યાખ્યાનના ભાવ અને પ્રવૃત્તિ ચાલુ થઈ જવાથી આ ક્રિયા અટકી જાય છે. તેઓ જે પદાર્થોનો ત્યાગ નથી કરતા તેને પણ તે સંબંધી આ ક્રિયા નહિ લાગતા પરિગ્રહિકી, આરંભિકી આદિ ક્રિયા લાગે છે. આ ક્રિયાનું એવું જ સ્વરૂપ છે કે સર્વથા વ્રતના અભાવમાં આ ક્રિયા જીવને ચોથા ગુણસ્થાન સુધી જ લાગે છે. એક પણ ત્યાગ કે વ્રતના પરિણામ ટકી જાય ત્યારે આ ક્રિયા લાગતી નથી.

**(૫) મિથ્યાત્વ ક્રિયા(મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા)–** આ ક્રિયા મિથ્યાત્વની

હાજરીમાં જીવને પ્રથમ ગુણસ્થાનમાં જ મુખ્ય રૂપે લાગે છે. મિથ્યાત્વના અભિમુખ–સંમુખ જીવને પણ સૂક્ષ્મ દષ્ટિએ આ ક્રિયા લાગે છે. ખાસ કરીને સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાનથી લઈને આગળના બધા ગુણસ્થાનમાં જીવોને આ ક્રિયા લાગતી નથી. મિથ્યાત્વ ગુણસ્થાનના લક્ષણ, જૈનાગમ નવનીત પ્રશ્નોત્તરી, ભાગ-૨, પૃષ્ટ-૨૨૦ માં વિસ્તારથી આપવામાં આવેલ છે.

(૧) ખોવાયેલી વસ્તુની ગોત-શોધ કરનારા અવ્રતી વ્યક્તિના પ્રયત્નોમાં તેને આરંભિકી આદિ ચારે ક્રિયાઓ વિશેષ લાગે છે, જો તે મિથ્યાત્વી હોય તો પાંચે ક્રિયાઓ લાગે છે. ખોવાયેલ વસ્તુ મળી જવા પર તે વ્યક્તિ સહજ અવસ્થામાં આવી જાય છે ત્યારે તે બધી (૪ કે ૫) ક્રિયાઓ સૂક્ષ્મ રૂપે લાગે છે. (૨) વેચેલી વસ્તુ જ્યાં સુધી વિક્રેતાની પાસે પડી છે તો વિક્રેતાને ૪ કે ૫ વિશેષ ક્રિયા ચાલુ રહે છે, લેનાર-ખરીદનારને સૂક્ષ્મ રૂપે લાગે છે. ખરીદનાર વસ્તુ લઈ જાય તો તેને ૪ કે ૫ ક્રિયા લાગે છે. વિક્રેતાને સૂક્ષ્મ રૂપે ૪ કે ૫ ક્રિયા લાગે છે.

જો કિંમત નથી ચૂકવી તો તે ધનથી ખરીદનારને વિશેષ ક્રિયા અને વિક્રેતાને સૂક્ષ્મ ૪ કે ૫ ક્રિયાઓ લાગે છે. કિંમત મળી જવા પર ધન નિમિત્તે ૪ કે ૫ ક્રિયાઓ વિક્રેતાને લાગે છે. વસ્તુથી હવે તેનો કોઈ સંબંધ નહિ હોવાથી ક્રિયા લાગતી નથી.(૩) પ્રજ્વલિત થતા– સળગતા અગ્નિકાયના જીવ વિશેષ વિરાધના કરનારા હોવાથી મહાઆશ્રવ મહાક્રિયા વાળા હોય છે અને જ્યારે અગ્નિ બુઝાવા લાગે છે ત્યારે તે અગ્નિકાયિક જીવ અલ્પક્રિયા અલ્પ આશ્રવ વાળા હોય છે. (૪) ધનુષ, બાણ વગેરે જે જીવોના શરીરમાંથી બને છે તે જીવોને પણ હિંસક-હિંસા કરનારના જેટલી જ કાયિકી આદિ પાંચ ક્રિયાઓમાંથી ત્રણ, ચાર કે પાંચ ક્રિયાઓ લાગે છે. જ્યારે ફેંકવામાં આવેલ બાણ પોતાના ભારથી નીચે પડતાં હિંસા કરે તો બાણના પૂર્વ જીવોને પાંચ ક્રિયા અને હિંસક અને ધનુષના જીવોને ૪ ક્રિયા લાગે છે.

**પ્રશ્ન–૧૩ : નારકી જીવ પરસ્પર દૂર-દૂર હોય છે કે નજીક ?**

**જવાબ :** શેરીઓમાં કૂતરા જેમ દૂર-દૂર રહે છે તેમજ નારકી જીવ એકલા-એકલા સ્વતંત્ર દૂર-દૂર રહે છે. આપસમાં મળતા રહે છે, ઝગડતા રહે છે, છતાં પણ **પહેલી નરકમાં** એક સ્થળ લગભગ ૪૦૦–૫૦૦ યોજનનું એવું પણ છે કે જ્યાં મેળામાં ખીચોખીચ ભરેલ લોકોની ભીડની જેમ નૈરયિક પણ





નજીક-નજીક ભરેલ રહે છે. આ વાતને જ્ઞાનના વિભ્રમથી અન્ય મતવાળા એમ માને છે કે મનુષ્ય લોકનું ૪૦૦–૫૦૦ યોજનનું એક ક્ષેત્ર એવું છે જ્યાં મનુષ્ય ખીચોખીચ ભરેલા રહે છે પરંતુ તેઓનું આ કથન ભ્રામક છે, મિથ્યા છે.

**પ્રશ્ન–૧૪ : આધાકર્મી આદિ આહારના દોષોની ઉપેક્ષા કરવાથી શું થાય છે ?**

**જવાબ :** અહીં ઉદ્દેશક–૬માં એ સમજાવ્યું છે કે ગવેષણાના મુખ્ય દોષ– આધાકર્મ, ક્રીત, સ્થાપના, રચિત દોષ અને કંતારભક્ત, દુર્ભિક્ષ ભક્ત, બદ્દલિયા ભક્ત, ગ્લાન ભક્ત, શય્યાતરપિંડ, રાજપિંડ આદિના વિષયમાં જે શ્રમણ (૧) આમાં કોઈપણ દોષ નથી એવું મનમાં વિચારે (૨) એવું વિચારીને ખાય (૩) એવું વિચારીને અન્યને આપે (૪) અનેક લોકોમાં એવી પ્રરૂપણા કરે; આ પ્રકારના પ્રવર્તનોમાં જો તે કાળ કરી જાય તો વિરાધક થાય છે પરંતુ પોતાની ભૂલ સ્વીકાર કરીને આલોચના પ્રાયશ્ચિત્ત કરી લે તો તે આરાધક થાય છે.

**પ્રશ્ન–૧૫ : આચાર્ય ઉપાધ્યાયને પોતાના ગચ્છની જવાબદારી સંભાળવાથી શું લાભ મળે ?**

**જવાબ :** અહીં ઉદ્દેશક-૬ના અંતમાં બતાવ્યું છે કે જે આચાર્ય, ઉપાધ્યાય રુચિપૂર્વક, ઉત્સાહપૂર્વક, ખેદ વિના પોતાની જવાબદારીનું યથાર્થ પાલન કરે; પોતાનો સંયમ ઉન્નત રાખતા નિશ્રાગત બધા શ્રમણ-શ્રમણીઓનો સંયમ પણ ઉન્નત થાય તેનું ધ્યાન રાખે; આ પ્રકારના કર્તવ્ય પાલન અને સંયમનું પાલન કરતા તે આચાર્ય-ઉપાધ્યાય સર્વ કર્મ ક્ષય કરે તો તે જ ભવમાં મુક્ત થાય, એટલો લાભ પ્રાપ્ત કરે છે; કર્મ બાકી રહે તો બીજા કે ત્રીજા મનુષ્ય ભવ દ્વારા અવશ્ય મુક્ત થઈ જાય છે. વચ્ચેના બે ભવ દેવના ગણવાથી ઉત્કૃષ્ટ પાંચ ભવ કરીને અવશ્ય મુક્ત થાય છે. જો આચાર્ય આદિ કોઈ પણ શ્રમણ કે શ્રાવકાદિ કોઈના ઉપર જૂઠો આક્ષેપ લગાવે તો તેને તેવા જ પ્રકારનો આરોપ લાગવાનું ફળ શીઘ્ર મળે છે. ॥ ઉદ્દેશક-૬ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૬ : પરમાણુ, દ્વિપ્રદેશી આદિના વિષયમાં અહીં શું સમજાવ્યું છે ?**

**જવાબ : (૧) સકંપ-અકંપ–** પરમાણુ આદિ જે આકાશપ્રદેશો પર સ્થિત છે ત્યાંથી દેશ યા સર્વ ચલિત થવાને અહીં દેશકંપ અને સર્વકંપ કહેલ છે. **પરમાણુ** એક જ આકાશપ્રદેશ પર રહે છે તેથી સર્વ સકંપ અને સર્વ અકંપ એવા બે ભંગ જ પરમાણુમાં હોય છે.

**દ્વિપ્રદેશી સ્કંધ** જ્યારે બે આકાશપ્રદેશ પર સ્થિત થાય ત્યારે એક આકાશપ્રદેશ પર સ્થિર રહીને બીજા આકાશપ્રદેશને છોડીને અન્ય આકાશ પ્રદેશને અવગાહિત કરી લે તો તેનો દેશ અકંપ અને દેશ સકંપ થાય છે. જ્યારે દ્વિપ્રદેશી યથાસ્થાન સ્થિત રહે તો સર્વ અકંપ થાય છે અને જ્યારે પૂર્ણ રૂપથી પોતાના સ્થાનથી ચલિત થઈ જાય તો સર્વ સકંપ થાય છે. આ રીતે **દ્વિપ્રદેશીમાં ત્રણ** વિકલ્પ હોય છે.

**ત્રણ પ્રદેશી** સ્કંધમાં ઉપરોક્ત ત્રણે વિકલ્પ તો થાય જ છે. તેના ઉપરાંત **ચોથો** વિકલ્પ એક દેશ અકંપ અને અનેક દેશ સકંપનો તથા **પાંચમો** ભંગ અનેક દેશ અકંપ અને એક દેશ સકંપનો પણ થાય છે. આમ કુલ **પાંચ વિકલ્પ ત્રણ પ્રદેશીમાં** હોય છે. આમ ત્રણપ્રદેશી ઉત્કૃષ્ટ ત્રણ આકાશપ્રદેશ પર સ્થિત થઈ શકે છે ત્યારે તેનો કોઈ એક પ્રદેશ સ્થિત રહે અને એક અથવા અનેકપ્રદેશ ચલિત થાય અથવા બધા પ્રદેશ ચલિત થઈ સ્થાનાંતરિત થાય અથવા તો બધા પ્રદેશ સ્થિત રહે; એમ કુલ મળીને **પાંચ વિકલ્પ** થઈ શકે છે.

**ચાર** પ્રદેશીથી **અનંત** પ્રદેશી સુધી ઉપરોક્ત પાંચ વિકલ્પ તો થાય જ અને **છટ્ઠો** વિકલ્પ અનેક પ્રદેશ સકંપ અને અનેક પ્રદેશ અકંપનો પણ થાય છે ત્યારે ચારમાં બે પ્રદેશ ચલિત અને બે પ્રદેશ સ્થિત રહે છે.

આ પ્રમાણે સકંપ-અકંપના કુલ–૬ વિકલ્પમાંથી પરમાણુમાં–૨, દ્વિપ્રદેશીમાં–૩, ત્રણપ્રદેશીમાં–૫ અને ચાર પ્રદેશીથી અનંતપ્રદેશી સ્કંધ સુધીમાં–૬ વિકલ્પ સકંપ-અકંપના થાય છે. ૬ વિકલ્પો આ પ્રમાણે છે–

(૧) સર્વસકંપ– પરમાણુથી અનંતપ્રદેશી સુધી બધામાં.

(૨) સર્વ અકંપ– પરમાણુથી અનંતપ્રદેશી સુધી બધામાં.

(૩) દેશ સકંપ–દેશ અકંપ– દ્વિપ્રદેશીથી અનંતપ્રદેશી સુધી બધામાં.

(૪) દેશ સકંપ– અનેક દેશ અકંપ–ત્રણ પ્રદેશીથી આગળ બધામાં.

(૫) અનેક દેશ સકંપ, એક દેશ અકંપ– ત્રણપ્રદેશીથી આગળ બધામાં.

(૬) અનેક દેશ સકંપ અનેક દેશ અકંપ– ચાર પ્રદેશીથી આગળ બધામાં.

**વિશેષ–** પરમાણુથી લઈને અનંતપ્રદેશી સુધીના બધા પ્રકારના સ્કંધ એક આકાશ પ્રદેશ પર સ્થિત થઈ શકે છે. તાત્પર્ય એ છે કે દ્વિપ્રદેશી આદિ કોઈપણ સ્કંધ પોતાના પ્રદેશ સંખ્યાથી ઓછા આકાશપ્રદેશ પર (જઘન્ય એક આકાશ





પ્રદેશ પર પણ) સ્થિત થઈ શકે છે પરંતુ પોતાના પ્રદેશ સંખ્યાથી અધિક આકાશ પ્રદેશનું અવગાહન કરતા નથી.

**(૨) છેદન-ભેદન વિભાગ–** પરમાણુથી લઈને અસંખ્ય પ્રદેશી સ્કંધ સુધીનું તલવાર આદિ શસ્ત્રથી છેદન-ભેદન થતું નથી. અનંતપ્રદેશીમાં સૂક્ષ્મ અને બાદર બે પ્રકારના સ્કંધ હોય છે. જેમાં સૂક્ષ્મ અનંતપ્રદેશીનું છેદન-ભેદન થતું નથી. બાદર સ્કંધોનું શસ્ત્રથી છેદન-ભેદન વગેરે થઈ શકે છે. અગ્નિમાં બળવું, પાણીથી ભીંજાવું આદિ પણ બાદર અનંતપ્રદેશી સ્કંધોનું થાય છે, સૂક્ષ્મ અનંત પ્રદેશી સ્કંધો અને પરમાણુ આદિનું ભીંજવું, બળવું વગેરે થતું નથી.

પરમાણુ તથા ત્રણ, પાંચ, સાત, નવ આદિ એકી સંખ્યાવાળા પ્રદેશમય સ્કંધોના બે સમાન, અર્ધા વિભાગ થતા નથી અર્થાત્ અર્ધા-અર્ધા, દોઢ-દોઢ, અઢી-અઢી, સાડાત્રણ-સાડાત્રણ એવા વિભાગ ક્યારે ય થતા નથી પરંતુ બેકી સંખ્યાવાળા દ્વિ પ્રદેશી, ચારપ્રદેશી એમ છ, આઠ,દસ,બાર,ચૌદ પ્રદેશી સ્કંધોના અર્ધા-અર્ધા બે વિભાગ થઈ શકે છે. સંખ્યાત, અસંખ્યાત અને અનંતપ્રદેશી સ્કંધોના પણ એકી સંખ્યાવાળામાં અર્ધા-અર્ધા બે વિભાગ થતા નથી અને બેકી સંખ્યાવાળામાં અર્ધા-અર્ધા બે વિભાગ થાય છે.

**સમધ્ય–** એકી સંખ્યાવાળા પરમાણુથી અનંતપ્રદેશી સુધીના સ્કંધ સમધ્ય હોય છે અને બેકી સંખ્યામાં દ્વિ પ્રદેશીથી લઈને અનંતપ્રદેશી સુધીના સ્કંધ સમધ્ય હોતા નથી.

**(૩) પુદ્‌ગલોની પરસ્પર સ્પર્શના–** એક પરમાણુ બીજા પરમાણુને, દ્વિપ્રદેશી સ્કંધને યાવત્ અનંતપ્રદેશી સ્કંધને સ્પર્શ કરી શકે છે. એ જ પ્રમાણે દ્વિપ્રદેશી, ત્રણપ્રદેશી આદિ સ્કંધ પણ પરમાણુથી લઈને અનંતપ્રદેશી સુધીના સ્કંધોને સ્પર્શ કરી શકે છે. આ સ્પર્શના કોઈ કોઈને દેશથી કરે છે, કોઈ ક્યારેક સર્વથી કરે છે. પોતાના અથવા અન્યના દેશ સર્વ એમ કુલ ૯ વિકલ્પોમાંથી એ પરમાણુ આદિ અલગ અલગ સંખ્યાના વિકલ્પોથી એક બીજાને સ્પર્શ કરે છે. નવ વિકલ્પ–ભંગ આ પ્રમાણે છે– (૧) દેશથી દેશ (૨) દેશથી અનેક દેશ (૩) દેશથી સર્વ (૪) અનેક દેશથી દેશ (૫) અનેક દેશથી અનેક દેશ (૬) અનેક દેશથી સર્વ (૭) સર્વથી દેશ (૮) સર્વથી અનેક દેશ (૯) સર્વથી સર્વ.

પરમાણુમાં સર્વ જ હોય છે, એક દેશ કે અનેક દેશ હોતા નથી. દ્વિ પ્રદેશીમાં સર્વ અને એક દેશ હોય છે અનેક દેશ હોતા નથી. કારણ કે તેમાં

અનેક દેશથી સ્પર્શના હોવાનો અર્થ સર્વથી જ સ્પર્શના હોવાનો છે. તેને બે પ્રદેશ જ સર્વ છે. ત્રણપ્રદેશી વગેરેમાં સર્વ, એક દેશ અને અનેક દેશ ત્રણે હોય છે. તેથી પરમાણુમાં સ્પર્શનાના ઉત્કૃષ્ટ સર્વના ત્રણ ભંગ થાય છે. દ્વિ પ્રદેશીમાં ઉત્કૃષ્ટ ૬ ભંગ થાય છે–ત્રણ સર્વના ત્રણ દેશના. ત્રણ પ્રદેશીથી અનંતપ્રદેશી સુધીમાં સ્પર્શનાના નવે ય ભંગ હોય છે, યથા–

પરમાણુ– પરમાણુને– ૯મા ભંગથી સ્પર્શ કરે છે.

પરમાણુ– દ્વિપ્રદેશીને– ૭મા, ૯મા ભંગથી સ્પર્શ કરે છે.

પરમાણુ– ત્રણપ્રદેશીને– ૭ મા, ૮મા અને ૯મા ભંગથી સ્પર્શ કરે છે.

દ્વિપ્રદેશી– પરમાણુને– ત્રીજા અને ૯ મા ભંગથી સ્પર્શ કરે છે.

દ્વિપ્રદેશી– દ્વિપ્રદેશીને– ૧,૩,૭ અને ૯ મા ભંગથી સ્પર્શ કરે છે.

દ્વિપ્રદેશી– ત્રણપ્રદેશીને– ૧,૨,૩,૭,૮,૯ મા ભંગથી સ્પર્શ કરે છે.

ત્રણપ્રદેશી– પરમાણુને– ૩,૬ અને ૯ મા ભંગથી સ્પર્શ કરે છે.

ત્રણપ્રદેશી– દ્વિપ્રદેશીને– ૧,૩,૪,૬,૭, ૯ મા ભંગથી સ્પર્શ કરે છે.

ત્રણપ્રદેશી– ત્રણપ્રદેશીને– બધા (૯)ભંગ દ્વારા સ્પર્શ કરે છે.

**(૪) પુદ્‌ગલ સ્કંધોની કાયસ્થિતિ અને અંતર–** (૧) પરમાણુની કાયસ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્ય કાલ. **અંતર–** જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યકાલ. દ્વિપ્રદેશી આદિની કાયસ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્ય કાલ. અંતર– જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અનંતકાલ.

(૨) એક પ્રદેશાવગાઢ સ્વસ્થાન, પરસ્થાન સકંપમાનની કાયસ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગે. અકંપમાન(સ્થિર)ની કાયસ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યકાલ. એક પ્રદેશાવગાઢની જેમ જ અસંખ્ય પ્રદેશાવગાઢ સુધી બધાનું કથન છે, જે સકંપની કાયસ્થિતિ છે, તે જ અકંપનું અંતર છે અને જે અકંપની કાયસ્થિતિ છે, તે જ સકંપનું અંતર છે.

(૩) એક ગુણ કાલા યાવત્ અનંતગુણ કાલાની કાયસ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યકાલ. એજ પ્રમાણે વર્ણાદિ ૨૦ બોલ સમજવા. કાયસ્થિતિની જેમ જ તેનું અંતર છે.

(૪) સૂક્ષ્મ પરિણત પુદ્‌ગલ અને બાદર પરિણત પુદ્‌ગલની કાયસ્થિતિ અને અંતર જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યકાલ છે.





(૫) શબ્દ પરિણત પુદ્‌ગલની કાયસ્થિતિ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગ. અશબ્દ પરિણતની જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યકાલ. એકની કાયસ્થિતિ જ બીજાનું અંતર છે.

**અલ્પબહુત્વ–** બધાથી અલ્પ કાયસ્થિતિ ક્ષેત્ર પુદ્‌ગલની, તેનાથી અવગાહિત પ્રદેશ સંખ્યા સ્થાનમાં સ્થિત પુદ્‌ગલની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્યગુણી, તેનાથી પરમાણુ આદિ દ્રવ્યરૂપમાં સ્થિત પુદ્‌ગલની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્ય ગુણી, તેનાથી એક ગુણ વર્ણાદિની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્યગુણી છે. તાત્પર્ય એ છે કે કોઈ પણ પુદ્‌ગલ સ્કંધનું સ્થાન પરિવર્તન જલ્દી થાય છે. તેનાથી તે સ્કંધ પ્રદેશોની અવગાહનાનું પરિવર્તન અધિક સમયથી થાય છે. તેનાથી પણ સ્કંધગત પ્રદેશોનું પરિવર્તન અધિક સમયથી થાય છે. તેનાથી પણ સ્કંધગત વર્ણાદિનું પરિવર્તન અધિક સમયથી થાય છે.

જેમ કે કોઈ ચાર પ્રદેશાવગાઢી ૨૦ પ્રદેશી સ્કંધ તિરછાલોકના કોઈ સ્થાન પર છે તો તેની તે સ્થાનમાં રહેવાની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ બધાથી ઓછી છે. તેનાથી ચાર પ્રદેશ અવગાહનમાં અધિક રહી શકે છે, તેનાથી ૨૦ પ્રદેશી રૂપમાં અધિક રહી શકે છે અને પછી પ્રદેશ સંખ્યામાં ઘટ-વધ થઈ જવા પર પણ એક ગુણ કાલા વર્ણાદિ વધુ સમય સુધી રહી શકે છે. આ રીતે ક્રમશઃ ક્ષેત્ર, અવગાહના, દ્રવ્ય(પ્રદેશ) અને ભાવ(ગુણ)ની સ્થિતિ અધિક અધિક બની જાય છે.

**પ્રશ્ન–૧૭ : ચોવીસ દંડકમાં આરંભ અને પરિગ્રહ કેવી રીતે બતાવ્યા છે ?**

**જવાબ : આરંભ–** કોઈ દંડકમાં અવ્રતની અપેક્ષા જીવ આરંભથી યુક્ત છે અને કોઈ સાક્ષાત્ છકાય જીવોની હિંસા કરવામાં આરંભયુક્ત છે. કુલ મળીને ચોવીસે ય દંડકના જીવ આરંભી છે, અનારંભી નહિ. માત્ર મનુષ્યમાં આરંભી પણ છેઅને અનારંભી પણ છે. અપ્રમત્ત સંયત ગુણસ્થાન આદિ ઉપરના ગુણસ્થાન વર્તી મનુષ્ય અનારંભી હોય છે. છટ્ઠા ગુણસ્થાનના મનુષ્ય આરંભી-અનારંભી બંને હોય છે. પાંચ ગુણસ્થાનના બધા જીવ આરંભી છે, અનારંભી નહિ. જોકે પાંચમા ગુણસ્થાનવાળા પૌષધમાં અને આજીવન અનસનમાં અનારંભી હોઈ શકે છે, તેને અહીં ગૌણ સમજવું તથા શ્રાવકના કેટલાક કરણ યોગ પૌષધમાં ખુલ્લા હોય છે અને સંથારામાં ગૃહસ્થ સેવા પરિચર્યા કરે છે જેથી સૂક્ષ્મ-અનુમોદન રૂપ આરંભ ચાલુ રહેવાથી તેઓ પૂર્ણ અનારંભી હોતા નથી.

**પરિગ્રહ–નારકી અને એકેન્દ્રિયોમાં**– શરીર, કર્મ અને સચિત્ત-અચિત્ત, મિશ્રદ્રવ્યોનો પરિગ્રહ હોય છે. **દેવતાઓમાં**– શરીર, કર્મ, ભવન, વિમાન, દેવ-દેવી, મનુષ્ય-મનુષ્યાણી, તિર્યંચ-તિર્યંચાણી, આસન, શયન, ભંડોપકરણ તેમજ અન્ય સચિત્ત અચિત્ત કે મિશ્ર દ્રવ્યોનો પરિગ્રહ હોય છે. **વિકલેન્દ્રિયોમાં**– શરીર, કર્મ અને સચિત્ત, અચિત્ત, મિશ્રદ્રવ્ય, તથા બાહ્ય ભંડોપકરણ, સ્થાન આદિનો પરિગ્રહ થઈ શકે છે. **તિર્યંચ પંચેંદ્રિયોમાં**– શરીર, કર્મ, સચિત્ત, અચિત્ત, મિશ્રદ્રવ્ય તથા જળના સ્થાન– તળાવ, નદી આદિ. સ્થળના સ્થાન– પર્વત, ગ્રામ આદિ, વન ઉપવન આદિ, ઘર-મકાન, દુકાન આદિ, ખાડા, ખાઈ, કોટ વગેરે ત્રણ રસ્તા, ચાર રસ્તા–ચોક, ચતુષ્ક આદિ, વાહન, વાસણ આદિ, **દેવ-દેવી મનુષ્ય મનુષ્યાણી,** તિર્યંચ તિર્યંચાણી, આસન, શયન, ભંડોપકરણ. **મનુષ્યમાં**– તિર્યંચ પંચેન્દ્રિયની સમાન છે. વિશેષતા– ધન, સંપત્તિ, સોના, ચાંદી આદિ, ખાદ્યસામગ્રી, વ્યાપાર, કારખાના આદિ બધા પરિગ્રહ તિર્યંચથી વિશેષ અને સ્પષ્ટ રૂપથી હોય છે. આમ ચોવીસે ય દંડકમાં પરિગ્રહ સંજ્ઞા સ્વીકારેલ છે. કોઈમાં સ્થૂલદષ્ટિએ અને કોઈમાં સૂક્ષ્મ-સૂક્ષ્મતમ દષ્ટિએ પરિગ્રહ સંજ્ઞા સમજવામાં આવે છે. ॥ ઉદ્દેશક-૭ સંપૂર્ણ ॥

***નોંધ– હેતુ અહેતુ સંબંધી વિષય જૈનાગમ નવનીત પ્રશ્નોત્તરી ભાગ-ર, પૃષ્ટ– ૧૩૧ માં જુઓ.***

**પ્રશ્ન–૧૮ : 'સપ્રદેશી–અપ્રદેશી' તે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવથી શું છે ?**

**જવાબ : દ્રવ્યથી**– પરમાણુ અપ્રદેશી છે, શેષ બધા સ્કંધ સપ્રદેશી છે. ક્ષેત્રથી એક આકાશ પ્રદેશાવગાઢ બધા સ્કંધ અપ્રદેશી છે અને અનેક આકાશ પ્રદેશ અવગાઢ બધા સ્કંધ સપ્રદેશી છે. **કાલથી**– એક સમયની સ્થિતિના પુદ્ગલ અપ્રદેશી છે અને શેષ બધી સ્થિતિના પુદ્ગલ સપ્રદેશી છે. **ભાવથી**– એક ગુણ કાલા, નીલા આદિ ૨૦ બોલ અપ્રદેશી છે. દ્વિગુણ કાલા આદિ બધા વર્ણાદિ સપ્રદેશી છે. **સપ્રદેશ–અપ્રદેશ પરસ્પર**– (૧) દ્રવ્ય અપ્રદેશ=પરમાણુ–તે ક્ષેત્રથી અપ્રદેશ હોય છે, કાલથી સપ્રદેશ–અપ્રદેશ બંને હોય છે અને ભાવથી પણ બંને. (૨) ક્ષેત્ર અપ્રદેશ=એક પ્રદેશાવગાઢ–દ્રવ્યથી બંને, કાલથી બંને, ભાવથી બંને. (૩) કાલ અપ્રદેશ=એક સમય સ્થિતિક– દ્રવ્યથી બંને, ક્ષેત્રથી બંને, ભાવથી બંને.(૪) ભાવથી અપ્રદેશ=એક ગુણ કાલા આદિ દ્રવ્યથી બંને, ક્ષેત્રથી બંને, કાલથી બંને, ભાવથી ખુદમાં અપ્રદેશ, શેષ ૧૯ માં બંને. (૫)





દ્રવ્ય સપ્રદેશ= દ્વિપ્રદેશી આદિ–ક્ષેત્રથી બંને, કાલથી બંને, ભાવથી બંને. (૬) ક્ષેત્ર સપ્રદેશ=અનેક પ્રદેશાવગાઢ–દ્રવ્યથી સપ્રદેશ, કાલથી બંને, ભાવથી બંને. (૭) કાલથી સપ્રદેશ-દ્રવ્યથી બંને, ક્ષેત્રથી બંને અને ભાવથી બંને. (૮) ભાવથી સપ્રદેશ=દ્રવ્યથી બંને, ક્ષેત્રથી બંને, કાલથી બંને અને ભાવથી ખુદમાં સપ્રદેશ અન્ય ૧૯ માં સપ્રદેશી અપ્રદેશી બંને. **અલ્પબહુત્વ**– (૧) બધાથી થોડા ભાવ અપ્રદેશ (૨) કાલઅપ્રદેશ અસંખ્યગુણા (૩) દ્રવ્ય અપ્રદેશ અસંખ્યગુણા (૪) ક્ષેત્ર અપ્રદેશ અસંખ્યગુણા (૫) ક્ષેત્ર સપ્રદેશ અસંખ્યગુણા (૬) દ્રવ્ય સપ્રદેશ વિશેષાધિક (૭) કાલસપ્રદેશ વિશેષાધિક (૮) ભાવસપ્રદેશ વિશેષાધિક.

**પ્રશ્ન–૧૯ : વર્ધમાન–હાયમાન જીવો કેવી રીતે સમજવા ?**

**જવાબ :** દંડકોમાં જીવ વધે તો **વર્ધમાન** અને જીવ ઘટે તો **હાયમાન** તથા વધ-ઘટ ન થાય તો **અવસ્થિત** જીવ કહેવાય છે. નવા જીવ જન્મે તો વધે છે, જીવ મરીને અન્યત્ર જાય તો ઘટે છે, ન જન્મે અને ન મરે તો અવસ્થિત સંખ્યા રહે છે. ૨૪ દંડકમાં જીવ ઘટે પણ છે, વધે પણ છે અને વિરહકાલમાં અવસ્થિત પણ રહે છે. સિદ્ધ વધે છે અને અવસ્થિત પણ રહે છે; ઘટતા નથી. સમુચ્ચય જીવ છે તેટલા જ રહે છે તેમાં ઘટ-વધ થતી નથી.

**સ્થિતિ**– ૨૪ દંડકમાં વર્ધમાન અને હાયમાનની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગની છે, એટલા સમય સુધી જીવ ઘટતા કે વધતા રહી શકે છે. સિદ્ધોમાં વર્ધમાનની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આઠ સમય એટલા સુધી નિરંતર સિદ્ધ થઈ શકે છે, પછી વિરહ પડી જાય છે.

**અવસ્થાન કાલ– (સંખ્યાનો અવસ્થિત રહેવાનો કાલ)**– સમુચ્ચય જીવમાં સર્વદ્ધા(સદા કાલ), સિદ્ધોમાં અવસ્થાન કાલ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ–૬ મહિના, સિદ્ધ થવાના વિરહ પડવાની અપેક્ષા. ૧૯ દંડકમાં અવસ્થાન કાલ પોતપોતાના વિરહકાલથી બમણો. કારણ કે એક વાર ઉત્કૃષ્ટ વિરહ પડે પછી એકવાર જેટલા જન્મે એટલા જ મરી જાય, ત્યાર પછી ફરી ઉત્કૃષ્ટ વિરહ પડી જાય તો જીવોનો ઉત્કૃષ્ટ અવસ્થાન કાલ વિરહકાલથી બમણો થઈ જાય છે. **એકેન્દ્રિયમાં**– વર્ધમાન હાયમાન અને અવસ્થિત ત્રણે કાલ ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગ છે. ત્યાર પછી પરિવર્તન થઈ જાય છે.

**પ્રશ્ન–૨૦ : સોવચય–સાવચય જીવ કેવી રીતે સમજવા ?**

**જવાબ :** તેને ચાર વિકલ્પથી સમજાવ્યા છે–(૧) સોવચય– જીવ આવે, જન્મે (૨) સાવચય– જીવ નીકળે, મરે (૩) સોવચય-સાવચય– જીવ જન્મે પણ, મરે પણ(આવે અને જાય) (૪) નિઢવચય-નિરવચય– જીવ ન જન્મે ન મરે (ન આવે ન જાય) એટલે છે એટલા જ રહે.

**૨૪ દંડકમાં–** પાંચ સ્થાવરમાં જન્મ-મરણ નિરંતર ચાલુ હોય છે એથી સોવચય-સાવચયનો ત્રીજો ભંગ માત્ર જ થાય છે. શેષ ૧૯ દંડકમાં ચારે ય વિકલ્પ હોય છે. સિદ્ધોમાં પહેલો સોવચય અને ચોથો નિઢવચય-નિરવચય એ બે વિકલ્પ થાય છે.

**સ્થિતિ–** એકેન્દ્રિયોમાં ત્રીજા ભંગની સ્થિતિ સર્વદ્ધા– સદાકાલની હોય છે. સિદ્ધોમાં પહેલા ભંગની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આઠ સમય અને ચોથા ભંગની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ છ મહિનાની હોય છે. શેષ ૧૯ દંડકોમાં ત્રણ ભંગોની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગની. ચોથા ભંગની સ્થિતિ વિરહકાલની સમાન છે અથવા ઉપરોક્ત અવસ્થાન કાલથી અર્ધી હોય છે. જઘન્ય સ્થિતિ બધા વિકલ્પોમાં એક સમયની હોય છે. ॥ ઉદ્દેશક-૮ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૨૧ : રાજગૃહ નગર કોને કહેવામાં આવે છે ?**

**જવાબ :** રાજગૃહ નગરમાં રહેલા પૃથ્વી, પાણી, પર્વત, ઉદ્યાન, અગ્નિ, હવા, વનસ્પતિ, સ્મશાન, મનુષ્ય, પશુ આદિ બધા સચિત્ત અચિત્ત, મિશ્ર પદાર્થ રાજગૃહ નગર છે અર્થાત્ બધા મળીને રાજગૃહ નગરનું અસ્તિત્વ છે. તેના અભાવમાં સ્વતંત્ર રાજગૃહ કોઈ વસ્તુ નથી. એથી ઉપરોક્ત રાજગૃહની બધી વસ્તુઓને એક અપેક્ષાએ રાજગૃહનગર કહી શકાય છે.

**પ્રશ્ન–૨૨ : અંધકાર–ઉદ્યોતનું ૨૪ દંડકમાં કઈ રીતે નિરૂપણ છે ?**

**જવાબ :** શુભ પુદ્‍ગલોથી અને શુભ પુદ્‍ગલ પરિણમનથી દિવસમાં પ્રકાશ થાય છે અને અશુભ પુદ્‍ગલના પરિણમનથી રાત્રિમાં અંધકાર થાય છે.

નારકી, એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય માટે અશુભ પુદ્‍ગલ પરિણામ થવાથી અંધકાર જ કહેવામાં આવેલ છે તેને અંધકારની જ અનુભૂતિ થાય છે. નારકીમાં આંખ છે પરંતુ પ્રગાઢ અંધકાર હોય છે તેથી પ્રકાશનો અનુભવ નથી, એકેન્દ્રિયાદિમાં આંખ નહિ હોવાથી શુભાશુભ પુદ્‍ગલ પરિણમન થવા પર પણ અંધકારનો જ અનુભવ થાય છે.





ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય અને મનુષ્યમાં શુભાશુભ બંને પ્રકારના પુદ્‍ગલ પરિણમન છે અને આંખો પણ છે એથી તેઓને અંધકાર ઉદ્યોત બંનેની અનુભૂતિ થાય છે.

દેવોને શુભ પુદ્‍ગલ પરિણમન હોવાથી અને કેવલ પ્રકાશનો અનુભવ હોવાથી એક માત્ર પ્રકાશ જ માનવામાં આવેલ છે.

આમ પ્રકાશની અનુભૂતિને માટે આંખ અને શુભ પુદ્‍ગલ સંયોગ બંને જરૂરી હોય છે.

**પ્રશ્ન–૨૩ : દિન, રાત, વર્ષ આદિની અનુભૂતિ કયા જીવોને થાય છે ?**

**જવાબ :** સમય આદિ અર્થાત્ દિવસ-રાત્રિની અભિવ્યક્તિ સૂર્યની ગતિથી થાય છે. સૂર્ય ભ્રમણ કેવલ મનુષ્યલોકમાં જ હોય છે. તેથી મનુષ્ય ક્ષેત્રમાં જ તેનું જ્ઞાન છે. જેથી મનુષ્યને સમય, આવલિકા, મુહૂર્ત, રાત-દિવસ, વર્ષ આદિ વીતવાનું જ્ઞાન અને અનુભવ થાય છે. શેષ બધા દંડકોમાં કાલનું વર્તન છે પરંતુ જીવોને તેનું જ્ઞાન-અનુભવ નથી. દેવોને પણ મુહૂર્ત, દિવસ, મહિના, વર્ષ આદિનું જ્ઞાન અને ઉપયોગ નથી. અવધિજ્ઞાનમાં ઉપયોગ જોડવાથી તેઓ મનુષ્ય લોકમાં થનારા રાત-દિવસ, મહિના આદિ જાણી શકે છે અને તેઓ મનુષ્ય લોકમાં આવે ત્યારે પણ અહીંના દિવસ-રાત આદિ કાલમાનને જાણે છે, સમજે છે પરંતુ તેઓને દેવલોકમાં આ કાલમાનની કોઈ ગણત્રી નથી અને ઉપયોગિતા પણ નથી. દિવસથી પણ અધિક અજવાળું ત્યાં નિરંતર રહે છે.

મનુષ્ય લોકમાં જે તિર્યંચ પંચેન્દ્રિય છે, તેઓ દિવસ, રાતને દેખે-જાણે છે તોપણ ક્ષયોપશમની મંદતાથી તેઓને મુહૂર્ત, દિવસ, મહિના, વર્ષ વગેરેની ગણતરીનું જ્ઞાન હોતું નથી અને આ વિષયનું કોઈ પ્રયોજન પણ તેઓને હોતું નથી.

આમ કાલનું વાસ્તવિક સહજ જ્ઞાન મનુષ્યલોકમાં મનુષ્યોને હોય છે. દેવોને-તિર્યંચોને અપેક્ષાથી અલ્પતમ હોય છે. શેષ દંડકોમાં કાલજ્ઞાનનો અભાવ છે. તેમ છતાં કાલનું સ્થિતિઓનું વર્તન વીતવાનું તો સર્વત્ર હોય છે.

**પ્રશ્ન–૨૪ : ભગવાન મહાવીર સ્વામીએ સ્વયં કેવલી હોવા છતાં ૨૩ મા તીર્થંકર પાર્શ્વપ્રભુના નામથી શું નિરૂપણ કર્યું હતું અને શા માટે ?**

**જવાબ :** ઘટના એ સમયની છે જ્યારે ગોશાલક પણ ૨૪ મા તીર્થંકરના

નામથી વિચરણ કરી રહ્યો હતો. પાર્શ્વપ્રભુના શાસનના કેટલાક સ્થવિર પોતાના યથાયોગ્ય સંઘાડામાં વિચરણ કરી રહ્યા હતા. તેઓએ બે-બે ૨૪ મા તીર્થંકરના વિચરણની વાત જાણી. એકવાર કોઈ નગરીમાં ભગવાન મહાવીર સ્વામીના બિરાજવાની જાણ થઈ. તેઓને કયા તીર્થંકર સાચા છે એ વિષયમાં શંકા હતી. તેઓ કોઈ સમયે ભગવાનની સમીપે પહોંચી વંદન વ્યવહાર કર્યા વિના જ ઊભા રહીને સીધા જ ભગવાનને પ્રશ્ન પૂછવા લાગ્યા. ભગવાન તો સર્વજ્ઞ હતા. તેઓને તો એવા વ્યવહારથી કોઈ નવાઈ થતી નથી. પ્રશ્ન પણ જિજ્ઞાસાવાળો નહિ પણ પરીક્ષાત્મક હતો. એથી સરલ વાત પણ ફેરવીને પૂછી હતી– ભંતે ! શું અસંખ્યલોકમાં અનંત રાત-દિવસ વીત્યા છે, વીતશે, થયા છે, થશે અને પરિત્ત રાત-દિવસ પણ વીત્યા છે, વીતશે ?

સ્થવિરોના મનના–અંતરના આશયને સમજીને પ્રભુએ લોકનું સ્વરૂપ પાર્શ્વનાથ ભગવાનના નામથી નિરૂપિત કર્યું કે– પાર્શ્વનાથ પુરુષાદાનીય અર્હંત ભગવંતે શાશ્વત અનાદિ અનવદગ્ર(અનંત) લોક કહેલ છે. ક્ષેત્રથી પરિમિત ગોલાકાર લોક કહ્યો છે, જે નીચે વિસ્તીર્ણ, મધ્યમાં સંક્ષિપ્ત અને ઉપર વિશાલ છે, નીચે પલ્યંક સંસ્થાન, મધ્યમાં શ્રેષ્ઠ વજ્રાકાર, ઉપર ઉભા મૃદંગાકાર છે. તેમાં અનંત જીવ પણ ઉત્પન્ન થાય છે, મરે છે; પરિત્ત જીવ પણ ઉત્પન્ન થાય છે, મરે છે. જીવો અજીવોથી ઓળખાતો આ લોક છે. અનંત જીવો પર દિવસ રાત વીતે છે અને પરિત્ત જીવો પર પણ દિવસ-રાત વીતે છે અને લોક અસંખ્ય પ્રદેશાત્મક જ છે. એથી અસંખ્યપ્રદેશી આ લોકમાં અનંત જીવોની અપેક્ષા અનંત રાત-દિવસ અને પરિત્ત જીવોની અપેક્ષા પરિત્ત રાત-દિવસ થયા છે, થાય છે, વીત્યા છે, વીતે છે, નષ્ટ થયા છે અને નષ્ટ થશે.

આ પ્રમાણે વિના કોઈ ગડમથલ, સહજ સરલતા યુક્ત અને ભગવાન પાર્શ્વપ્રભુ પ્રત્યે સન્માનથી ભરેલ ઉત્તર સાંભળીને સ્થવિર સંતુષ્ટ થયા અને પોતાના મતિશ્રુતની નિર્મળતાથી નિર્ણય પણ કરી શક્યા કે આ જ ચોવીસમા તીર્થંકર છે. આ પ્રકારનો નિર્ણય થઈ જવાથી વંદન નમસ્કાર કરીને તેઓ પ્રભુ મહાવીરના શાસનમાં મહાવ્રતારોપણ કરી દીક્ષિત થઈ ગયા. છેદોપસ્થાપનીય ચારિત્રની મર્યાદામાં ઉપસ્થિત થઈ તપ-સંયમની આરાધના કરી, કેટલાય શ્રમણ તે જ ભવમાં મોક્ષગામી થયા અને કેટલાક દેવલોકમાં ઉત્પન્ન થયા.

એવા ભવ્ય જીવોના સમાધાન અને ઉદ્ધારનો પ્રસંગ કેવળજ્ઞાનથી





જાણીને તીર્થંકર પણ પૂર્વ તીર્થંકરના નામે નિરૂપણ કરી શકે છે. ક્યારેય એવા પ્રસંગે સામે અન્યમતાવલંબી હોય તો તેઓના માન્ય શાસ્ત્રોના સ્થળ નિર્દેશ પૂર્વક પણ તત્ત્વ નિરૂપણ અને શંકાનું સમાધાન કરી શકાય છે. ઉદ્દેશ્ય સાચો હોય તો સામાવાળા પર સત્યપ્રભાવ થાય છે અને તેનું ભલું પણ થાય છે, ઉદ્ધાર થઈ જાય છે. ॥ ઉદ્દેશક–૯ સંપૂર્ણ ॥ ॥ ઉદ્દેશક–૧૦ સંક્ષિપ્ત ॥

# શતક–૬ : ઉદ્દેશક–૧ થી ૧૦

**પ્રશ્ન–૧ : આ છટ્ઠા શતકનો શું પરિચય છે ?**

**જવાબ :** આ શતકમાં પણ ૧૦ ઉદ્દેશકોના વિભાજનથી અનેક વિષયોને લઈને નિરૂપણ કરવામાં આવ્યું છે. માત્ર બીજા ઉદ્દેશકમાં પ્રજ્ઞાપના સૂત્રની ભલાવણ પૂર્વક સંક્ષિપ્ત આહાર વર્ણનનું સૂચન છે. શતકના પ્રારંભમાં ઉદ્દેશકોના નામ અને વિષયોની સૂચના આપનારી એક સંગ્રહણી ગાથા છે. તદનુસાર ઉદ્દેશકોના નામ અને વિષય આ પ્રમાણે છે–

**(૧) વેદના–** આ ઉદ્દેશકમાં મહાવેદના, મહાનિર્જરા અને પ્રશસ્ત નિર્જરા સંબંધી નિરૂપણ છે. **(૨) આહાર–** સંક્ષિપ્ત સૂચન છે.

**(૩) મહાશ્રવ–** આ ઉદ્દેશકમાં મહાકર્મ-અલ્પકર્મના વિષયને સમજાવ્યો છે અને કર્મ સંબંધી અન્ય વિષય પણ સ્પષ્ટ કરેલ છે.

**(૪) સપ્રદેશ–** આ ઉદ્દેશકમાં જીવના પરિણામરૂપ ૧૪ બોલ(દ્વાર) માં સ્થિતિની અપેક્ષા સપ્રદેશી–અપ્રદેશીનું નિરૂપણ, સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના જીવ અને સિદ્ધોના આધારથી કરવામાં આવ્યું છે.

**(૫) તમસ્કાય–** આ ઉદ્દેશકમાં તમસ્કાય, કૃષ્ણરાજિ અને લોકાંતિક વિમાન સંબંધી તથા લોકાંતિક દેવ પરિવાર સંબંધી વર્ણન છે.

**(૬) ભાવિક–** આ ઉદ્દેશકમાં જીવોના આવાસનું તથા મારણાંતિક સમુદ્‌ઘાતમાં આહાર વિષયક વર્ણન છે.

**(૭) શાલી–** શાલી આદિ ધાન્યોની યોનિનો સચિત્ત રહેવાનો કાલ તથા ગણનાકાલ અને ઉપમાકાલનું સ્વરૂપ વગેરે વર્ણન છે અને અવસર્પિણીના પ્રથમ આરાના ભાવોનું સંક્ષિપ્ત કથન છે.

**(૮) પૃથ્વી–** નરકપૃથ્વી અને દેવલોકમાં ઘર, ગામ, વાદળ આદિની પૃચ્છા; આયુબંધના ૧૨ આલાપક; અસંખ્યદ્વીપ–સમુદ્રનું વર્ણન છે.

**(૯) કર્મ–** આ ઉદ્દેશકમાં એક કર્મબંધમાં અન્ય કર્મબંધની નિયમા-ભજના, અવધિજ્ઞાન સામર્થ્ય, વિકુર્વણા સામર્થ્ય આદિ વિષય નિરૂપિત છે.

**(૧૦) અન્યતીર્થિક–** અન્યતીર્થિકોની માન્યતાનું નિરાકરણ કરવામાં આવ્યું છે. જીવ સ્વરૂપ, સુખ-દુઃખનું વેદન, કેવલીના પ્રત્યક્ષ જ્ઞાનની વિશેષતા વગેરે વર્ણન નિરૂપિત છે.

**પ્રશ્ન–૨ : વેદના અને નિર્જરાનું પરસ્પર સામંજસ્ય કેવી રીતે કર્યું છે ?**

**જવાબ :** નૈરયિકોની વેદના અને શ્રમણોના કષ્ટ-ઉપસર્ગના સમયે વેદના તીવ્ર તીવ્રતમ હોય છે. ત્યારે ઉદયમાં આવેલ અશાતા વેદનીય કર્મોની નિર્જરા પણ મહાન હોય છે પરંતુ મહાવેદના અલ્પવેદના, મહાનિર્જરા અલ્પ નિર્જરામાં જે પ્રશસ્ત નિર્જરા હોય છે, તે જ શ્રેષ્ઠ હોય છે.

જો નારકીની મહાવેદના, નિર્જરા અને અણગારની અલ્પ વેદના-નિર્જરાની તુલના કરવામાં આવે તો અણગારની પ્રશસ્ત નિર્જરા છે તે શ્રેષ્ઠ છે અને તેની જ મહત્તા છે. નારકીમાં કર્મવેદનથી તે કર્મોની નિર્જરા થાય છે, સત્તા નષ્ટ થાય છે તોપણ જેમ એરણ પર જોર-જોરથી પ્રહાર કરવા છતાં પણ ઓછા જ પુદ્ગલ ક્ષીણ થાય છે, તેમજ નારકીના આત્માથી કર્મનિર્જરા અલ્પ થાય છે, કારણ કે તેઓના કર્મ ચીકણા અને ગાઢ હોય છે.

જેવી રીતે અગ્નિમાં ઘાસ, ગરમ તવા ઉપર પાણી તત્કાલ નાશ પામે છે તેમજ અણગારના તપસંયમથી મહાન કર્મ શીઘ્ર ક્ષય થાય છે.

**કરણ વેદના–** મન, વચન, કાયા અને કર્મ એ ચાર કરણ છે. એ ચારે ય અશુભ હોવાથી નારકી જીવ અશાતા વેદના વેદે છે. દેવ શુભ કરણોથી શાતાવેદના વેદે છે અને તિર્યંચ, મનુષ્ય શુભાશુભ કરણોથી શાતા-અશાતા બંને વેદના વેદે છે.

**વેદના-નિર્જરાની ચૌભંગી–** (૧) કેટલાક જીવ મહાવેદના મહાનિર્જરાવાળા હોય છે, જેમ કે પડિમાધારી સાધુ. પડિમા સંબંધી નિયમ જ કષ્ટ સાધ્ય હોય છે તેથી વેદના પણ બહુ જ હોય છે તથા તેઓ સમ્યગ્જ્ઞાનપૂર્વક સમ્યક રૂપે સહન કરે છે. તેથી પ્રશસ્ત નિર્જરા થાય છે. (૨) કેટલાક જીવ મહાવેદના અલ્પ નિર્જરાવાળા હોય છે, જેમ કે નારકી જીવ. (૩) કેટલાક જીવ અલ્પવેદના મહાનિર્જરાવાળા હોય છે, જેમ કે શૈલેશીપ્રતિપન્ન અણગાર. (૪) અલ્પવેદના અલ્પનિર્જરાવાળા કેટલાક જીવ હોય છે, યથા– અનુત્તર વિમાનના દેવ. ॥ ઉદ્દેશક–૧ સંપૂર્ણ ॥ ॥ ઉદ્દેશક–૨ સંક્ષિપ્ત ॥





**પ્રશ્ન–૩ : કર્મોપચય આદિમાં વસ્ત્રની સાથે તુલના કેવી રીતે કરી છે ?**

**જવાબ :** જેમ નવું વસ્ત્ર ઉપયોગમાં આવતા મેલનો સંગ્રહ કરીને એક દિવસ મસોતા(મેલા ચીથરા) જેવું થઈ જાય છે અને તે જ ખારમાં ભીંજવી દેવાથી અને પાણીથી ધોવાથી ધીરે-ધીરે મેલરહિત, હળવું થઈ જાય છે. તેમ મહાશ્રવ મહાક્રિયા વાળાને કર્મસંગ્રહ નિરંતર થતો રહે છે અને અલ્પક્રિયા અલ્પાશ્રવવાળા નિર્ગ્રંથોના કર્મ નિરંતર ક્ષીણ થતા રહેવાથી આત્મા હળુકર્મી પવિત્ર બની જાય છે.

વસ્ત્રમાં પુદ્ગલોપચય વિશ્રસા–સ્વાભાવિક અને પ્રયોગસા–પ્રયત્નથી એમ બંને પ્રકારે થાય છે પરંતુ જીવનો કર્મોપચય કેવલ પ્રયોગથી જ થાય છે, વિશ્રસા–સ્વાભાવિક એટલે પ્રયત્ન વિના કર્મોપચય થતો નથી.

વસ્ત્રનો પુદ્ગલોપચય, સ્થિતિની અપેક્ષા સાદિ સાંત હોય છે પરંતુ જીવનો કર્મોપચય ત્રણ પ્રકારનો હોય છે– (૧) અનાદિ અનંત– અભવીમાં પરંપરાથી (૨) અનાદિ સાંત– ભવીમાં પરંપરાથી (૩) સાદિસાંત– ઈર્યાવહિ બંધ અથવા પ્રત્યેક કર્મબંધની અપેક્ષા બધા કર્મ સાદિ સાંત બંધાય છે. પરંપરાની અપેક્ષા બે ભંગ થાય છે– ૧. અનાદિ સાંત ભવીની અપેક્ષા ૨. અનાદિ અનંત અભવીની અપેક્ષા. સાદિ અનંતનો ભાગ કર્મબંધમાં હોતો જ નથી. કારણ કે આદિ છે તો અંત હશે જ. **વસ્ત્ર** સ્વયં સાદિ સાંત જ હોય છે. જીવ પણ ગતિ દંડકની અપેક્ષા આદિ સાંત હોય છે. સિદ્ધ સાદિ અનંત છે. ભવી જીવ લબ્ધિની અપેક્ષા અનાદિ સાંત છે અને અભવી જીવ સંસારીની અપેક્ષા અનાદિ અનંત છે. આમ વસ્ત્રમાં **એક** ભંગ અને જીવના ચાર **ભંગ હોય છે.**

**પ્રશ્ન–૪ : કર્મોની બંધ સ્થિતિની સાથે અबाहा,अबाहुणिया कम्म ठिई कम्मणिसेगो એ શબ્દોનો શું આશય છે ?**

**જવાબ :** આઠે ય કર્મોના અહીં ત્રીજા ઉદ્દેશકમાં જઘન્ય ઉત્કૃષ્ટ બંધકાલ બતાવેલ છે. ઉત્કૃષ્ટ સ્થિતિની સાથે પ્રશ્નોક્ત વાક્ય છે, યથા– જ્ઞાનાવરણીય કર્મબંધમાં– **उक्कोसेण तीस सागरोवम कोडाकोडीओ, तिण्णि य वाससहस्साइ अबाहा, अबाहुणिया कम्मठिई कम्मणिस्सेगो। અર્થ–** જ્ઞાનાવરણીય કર્મનો ઉત્કૃષ્ટ બંધ ૩૦ કોડાકોડી સાગરોપમનો હોય છે તેમાંથી ત્રણ હજાર વર્ષનો અબાધાકાળ હોય છે. આ અબાધાકાળ જેટલા છોડીને શેષ કર્મસ્થિતિમાં કર્મ પુદ્ગલોની નિષેક રચના થાય છે.

તાત્પર્ય એ છે કે અબાધાકાલ જેટલી ૩ હજાર વર્ષની સ્થિતિમાં કર્મપ્રદેશ બંધ ન થતાં શેષ સ્થિતિમાં એટલે તીન હજાર વર્ષ ન્યૂન ૩૦ કોડાકોડી સાગરોપમની

સ્થિતિમાં કર્મપ્રદેશોની નિષેક રચના યુક્ત બંધ થાય છે. આ કથનથી એ સ્પષ્ટ થાય છે કે ૩૦૦૦ વર્ષની સ્થિતિ સુધી પ્રદેશબંધ પણ નહિ હોવાથી પ્રદેશોદય કે વિપાકોદય કંઈ પણ હોતો નથી. સાત કર્મોને માટે ઉપરોક્ત સ્પષ્ટ પાઠ છે તેથી તે સાતે ય કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધમાં અબાધાકાલ જેટલા ઓછા સમયની જ કર્મ પુદ્‌ગલોના બંધની નિષેક રચના થાય છે અને તે અબાધાકાલનો સમય વીત્યા પછી જ પ્રદેશોદય અથવા વિપાકોદયનો જેવો પણ સંયોગ હોય છે, તે કર્મ ઉદયમાં આવે છે.

આયુષ્ય કર્મના અબાધાકાલનો હિસાબ સાત કર્મોથી જુદા જ પ્રકારનો છે. સાત કર્મોમાં ઉત્કૃષ્ટ જેટલા ક્રોડાક્રોડી સાગરોપમ હોય છે તેના પ્રમાણમાં અબાધાકાલ એક નિશ્ચિત હિસાબથી થાય છે, યથા– ૭૦ ક્રોડાક્રોડ સાગરબંધના ૭૦૦૦ વર્ષ, ૨૦ ક્રોડાક્રોડ સાગરબંધના ૨૦૦૦ વર્ષ, ૧૫ ક્રોડાક્રોડ સાગરબંધના ૧૫૦૦ વર્ષ, ૧૦ ક્રોડાક્રોડ સાગરબંધના ૧૦૦૦ વર્ષનો અબાધાકાલ હોય છે. આ એક નિશ્ચિત ગણિત–હિસાબવાળો અબાધાકાલ છે.

આયુષ્ય કર્મમાં એવું કંઈ નથી. તેમાં તો જીવ પોતાના ચાલુ ભવનો જેટલો સમય બાકી રહેવા પર આયુષ્ય બાંધે એટલો જ અબાધાકાલ કહેવાય છે. યથા– ઉંમરના અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે ૩૩ સાગરોપમનો આયુષ્યબંધ થાય તો અબાધાકાલ અંતર્મુહૂર્તનો જ કહેવાય. ૧૦ વર્ષ મનુષ્યની ઉંમર બાકી રહે ત્યારે ૩૩ સાગરોપમનો આયુષ્યબંધ કર્યો હોય તો ૧૦ વર્ષનો જ અબાધાકાલ કહેવાશે. એક ક્રોડપૂર્વનો ત્રીજો ભાગ શેષ રહેવા પર કોઈ ૧૦૦૦૦ વર્ષ દેવાયુનો બંધ કરે તો અબાધાકાલ ક્રોડપૂર્વનો ત્રીજો ભાગ કહેવાય. કોઈ જીવે ૫૦૦૦૦ (પચાસ હજાર) વર્ષની ઉંમર બાકી રહેતાં ૧૦૦૦૦ વર્ષ દેવાયુનો બંધ કર્યો હોય તો ૫૦૦૦૦ વર્ષનો અબાધાકાલ કહેવાય. અર્થાત્ તેમાં આગલા ભવના આયુ-બંધથી તેનો કહેવાતો અબાધાકાલ જ અધિક થઈ જાય છે. ક્યારેક અત્યંત અલ્પ જ અબાધાકાલ હોય છે. એ માટે શાસ્ત્રકારે આયુષ્ય કર્મમાં ઉક્ત પાઠમાં ભિન્નતા રાખી છે. તેમાં **અબાહુણિયા કમ્મઠિઈ કમ્મણિસેગો** એમ ન કહેતા **કમ્મઠિઈ કમ્મણિસેગો** કહ્યું છે અર્થાત્ સંપૂર્ણ કર્મ સ્થિતિમાં કર્મપ્રદેશોની નિષેક રચના થાય છે. એથી આયુષ્ય કર્મમાં અબાધાકાલને છોડીને નિષેક રચનાની વાત નથી. અબાધાકાલ સહિત સંપૂર્ણ સ્થિતિમાં કર્મપ્રદેશોની નિષેક રચના થાય છે.

વાસ્તવમાં તો આયુષ્ય કર્મમાં અબાધાકાલ કહેવાની પરંપરા માત્ર બની ગઈ છે. શાસ્ત્રમાં તો આયુષ્ય કર્મનો અબાધાકાલ કહ્યો જ નથી, કેવલ ઉત્કૃષ્ટ





સ્થિતિબંધ જ કહેલ છે અને તે સ્થિતિબંધમાં સર્વત્ર નિષેક રચના થાય છે તેમ કહેલ છે. તે આયુષ્ય કર્મના ઉદય યોગ્ય સંયોગ નહિ હોવાથી અને પૂર્વના આયુ-કર્મનો ક્ષય નહિ થાય ત્યાં સુધી આગળના આયુષ્યનો વિપાકોદય ચાલુ થતો નથી. પ્રદેશોદય તો આયુષ્ય કર્મબંધ પછી તુરત જ ચાલુ થઈ જાય છે. સ્ત્રીવેદનો બંધ કરનારા ત્રીજા આદિ દેવલોકમાં ચાલ્યા જાય છે તો તેનો અબાધાકાલ સમાપ્ત થવા પર અનેક સાગરોપમ સુધી સ્ત્રીવેદનો વિપાકોદય ન થતાં પ્રદેશોદય જ હોય છે. તે જ રીતે આયુષ્યકર્મનો કોઈ અબાધાકાલ શાસ્ત્રકારે તો કહ્યો જ નથી, તેથી ચાલુ આયુકર્મના સદ્‌ભાવમાં આગલા આયુષ્યનો પ્રદેશોદય થાય છે. તેમાં અબાધાકાલ માનવાની જરૂરત જ નથી. મૂળપાઠ જોવાથી જ આ વાસ્તવિકતા સમજી શકાય છે. કોઈપણ પ્રતમાં આયુષ્યકર્મનો અબાધાકાલ કહ્યો જ નથી, માત્ર ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહીને **કમ્મઠિઈ કમ્મણિસેગો** કહી દીધું છે. તેમ છતાં આયુષ્યકર્મનો અબાધાકાલ કહેવાની ખોટી પરંપરા અતિ રૂઢ થઈ ગઈ છે. માટે આગળના ભવનું આયુષ્ય કર્મ બાંધ્યા પછી તુરત જ તેનો પ્રદેશોદય ચાલુ થાય છે, મૃત્યુ થયા પછી જ આગળના ભવના આયુષ્યના વિપાકોદયનો પ્રારંભ થાય છે, ત્યારે કર્મનું વેદન કહેવાય છે– **ઉદઓ વિવાગ વેયણો–** વિપાકથી કર્મવેદન જ ઉદયની ગણતરીમાં ગણવામાં આવે છે.

અન્ય સાત કર્મોના જે પણ નવા બંધ થાય છે તેના અબાધાકાલનો સમય વીત્યા પછી જ પ્રદેશોદય ચાલુ થાય છે. વિપાકોદય પ્રસંગ સંયોગ થવા પર જ થાય છે, યથા– અશાતાવેદનીય કર્મનો કોઈએ ૩૦ ક્રોડાક્રોડ સાગરોપમનો બંધ કર્યો, કાલાંતરે સંયમનો આરાધક થઈને અને મરીને અનુત્તરવિમાનમાં દેવ બન્યો, તો ૩૦૦૦ વર્ષ સુધી પ્રદેશોદય પણ નહિ થાય. ત્યાર પછી તે દેવનો પ્રદેશોદય અશાતાવેદનીયનો થતો રહેશે પરંતુ અશાતાનો વિપાક ઉદય ૩૩ સાગરની ઉંમર પૂરી થયા પછી મનુષ્ય બન્યા બાદ જ થશે. અનુત્તર દેવોને અશાતાનો પ્રસંગ સંયોગ નહિ હોવાથી વિપાકોદય પૂરા ભવ સુધી થતો નથી. પ્રદેશોદયથી તે કર્મ પુદ્‌ગલ ક્ષીણ થઈ જાય છે. તે ૩૩ સાગરના પ્રદેશોદયને અબાધાકાલ નથી કહેવાતો.

**પ્રશ્ન–૫ : '૫૦ બોલની બંધી' તેનો શું અર્થ થાય છે ?**

**જવાબ :** પ્રસ્તુત ત્રીજા ઉદ્દેશકમાં ૧૫ દ્વારોના ૫૦ બોલ પર આઠ કર્મબંધની નિયમા–ભજના અથવા અબંધનું નિરૂપણ કરવામાં આવ્યું છે. એવું સમુચ્ચય જીવનું કથન કરીને પછી ૨૪ દંડકમાં પણ ૫૦ બોલમાંથી જેને જેટલા બોલ

હોય તે બોલ પર આઠ કર્મબંધની નિયમા-ભજના અથવા અબંધનું નિરૂપણ કરવામાં આવ્યું છે. માટે આ પુરા પ્રકરણને **"૫૦ બોલની બંધી"** કહેવામાં આવે છે. તે **૧૫ દ્વાર અને ૫૦ બોલ આ પ્રમાણે છે–**

| | | | |
|---|---|---|---|
| (૧) | વેદ | ત્રણ વેદ અને અવેદી | ૪ |
| (૨) | સંયત | સંયત, અસંયત, સંયતાસંયત, નોસંયતાદિ | ૪ |
| (૩) | દૃષ્ટિ | સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ | ૩ |
| (૪) | સંજ્ઞી | સંજ્ઞી, અસંજ્ઞી, નોસંજ્ઞી નોઅસંજ્ઞી | ૩ |
| (૫) | ભવી | ભવી, અભવી, નોભવી નોઅભવી | ૩ |
| (૬) | દર્શન | ચક્ષુ આદિ ચાર દર્શન | ૪ |
| (૭) | પર્યાપ્ત | પર્યાપ્ત, અપર્યાપ્ત, નોપર્યાપ્ત નોઅપર્યાપ્ત | ૩ |
| (૮) | ભાષક | ભાષક, અભાષક | ૨ |
| (૯) | પરિત્ત | પરિત્ત, અપરિત્ત, નોપરિત્ત નોઅપરિત્ત | ૩ |
| (૧૦) | જ્ઞાન | પાંચ જ્ઞાન, ૩ અજ્ઞાન | ૮ |
| (૧૧) | યોગ | મન, વચન, કાયા, અયોગી | ૪ |
| (૧૨) | ઉપયોગ | સાકારોપયોગ, અનાકારોપયોગ | ૨ |
| (૧૩) | આહારક | આહારક, અનાહારક | ૨ |
| (૧૪) | સૂક્ષ્મ | સૂક્ષ્મ, બાદર, નોસૂક્ષ્મ નોબાદર | ૩ |
| (૧૫) | ચરમ | ચરમ, અચરમ | ૨ |
| | | **સમુચ્ચય જીવમાં** | **૫૦ બોલ** |

**૫૦ બોલમાંથી નારકી આદિમાં**–પહેલી નારકીમાં–૩૪, શેષ ૬ નરકમાં–૩૩, ભવનપતિ વ્યંતરમાં–૩૫, જ્યોતિષી અને બે દેવલોકમાં–૩૪, ત્રીજા દેવલોકથી ગ્રૈવેયક સુધી–૩૩, અનુત્તર દેવોમાં–૨૫, પાંચ સ્થાવરમાં–૨૩, અસંજ્ઞી મનુષ્યમાં–૨૨, બેઈન્દ્રિય–તેઈન્દ્રિયમાં–૨૭, ચૌરેન્દ્રિય–અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં–૨૮, સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં–૩૬, સંજ્ઞી મનુષ્યમાં–૪૩, સમુચ્ચય જીવોમાં–૫૦, સિદ્ધોમાં–૧૬.

સમુચ્ચય જીવમાં ૫૦ બોલમાંથી પ્રત્યેક બોલમાં આઠ કર્મોમાંથી કેટલા કર્મનો બંધ નિયમાથી થાય છે, કેટલા કર્મનો બંધ ભજનાથી થાય છે અથવા અબંધ-બંધ થતો જ નથી ઈત્યાદિ વિવરણ આ પ્રકરણમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે. યથા– ત્રણવેદમાં સમુચ્ચય જીવને આયુષ્ય કર્મબંધની ભજના(કારણ કે જીવનભરમાં એક વાર જ થાય) સાત કર્મબંધની નિયમા, અવેદીમાં–સાત કર્મની





ભજના, આયુષ્યનો અબંધ. આ પ્રમાણે જે જીવમાં જેટલા બોલ પ્રાપ્ત થાય તે બધા બોલમાં આઠ કર્મના બંધની ભજના-નિયમા અહીં બતાવવામાં આવી છે.

## ૫૦ બોલમાં કર્મ બંધની ભજના નિયમા :–

| ક્રમાંક | ૫૦ બોલ | ભજના | નિયમા | અબંધ |
|---|---|---|---|---|
| ૧–૩ | ત્રણ વેદમાં | આયુષ્યની | ૭ કર્મ | નહીં |
| ૪ | અવેદી | ૭ કર્મની | નહીં | આયુષ્ય |
| ૫ | સંયત | ૮ કર્મ | –– | –– |
| ૬–૭ | અસંયત–સંયતા સંયત | આયુષ્ય | ૭ કર્મ | –– |
| ૮ | નોસંયત૦ | –– | –– | ૮ કર્મ |
| ૯ | સમ્યગ્દૃષ્ટિ | ૮ કર્મ | –– | –– |
| ૧૦ | મિથ્યાદૃષ્ટિ | આયુષ્ય | ૭ કર્મ | –– |
| ૧૧ | મિશ્રદૃષ્ટિ | –– | ૭ કર્મ | આયુષ્ય |
| ૧૨ | સંજ્ઞી | ૭ કર્મ | વેદનીય | –– |
| ૧૩ | અસંજ્ઞી | આયુષ્ય | ૭ કર્મ | –– |
| ૧૪ | નોસંજ્ઞી૦ | વેદનીય | –– | ૭ કર્મ |
| ૧૫ | ભવી | ૮ કર્મ | –– | –– |
| ૧૬ | અભવી | આયુષ્ય | ૭ કર્મ | –– |
| ૧૭ | નોભવી૦ | –– | –– | ૮ કર્મ |
| ૧૮–૨૦ | ત્રણ દર્શન | ૭ કર્મ | વેદનીય | –– |
| ૨૧ | કેવલ દર્શન | વેદનીય | –– | ૭ કર્મ |
| ૨૨ | પર્યાપ્ત | ૮ કર્મ | –– | –– |
| ૨૩ | અપર્યાપ્ત | આયુષ્ય | ૭ કર્મ | –– |
| ૨૪ | નોપર્યાપ્ત૦ | –– | –– | ૮ કર્મ |
| ૨૫ | ભાષક | ૭ કર્મ | વેદનીય | –– |
| ૨૬ | અભાષક | ૮ કર્મ | –– | –– |
| ૨૭ | પરિત્ત | ૮ કર્મ | –– | –– |
| ૨૮ | અપરિત્ત | આયુષ્ય | ૭ કર્મ | –– |
| ૨૯ | નોપરિત્ત૦ | –– | –– | ૮ કર્મ |

| ક્રમાંક | ૫૦ બોલ | ભજના | નિયમા | અબંધ |
|---|---|---|---|---|
| ૩૦–૩૩ | ચાર જ્ઞાન | ૭ કર્મ | વેદનીય | –– |
| ૩૪ | કેવલ જ્ઞાન | વેદનીય | –– | ૭ કર્મ |
| ૩૫–૩૭ | ત્રણ અજ્ઞાન | આયુષ્ય | ૭ કર્મ | –– |
| ૩૮–૪૦ | ત્રણ યોગ | ૭ કર્મ | વેદનીય | –– |
| ૪૧ | અયોગી | –– | –– | ૮ કર્મ |
| ૪૨–૪૩ | ઉપયોગ બે | ૮ કર્મ | –– | –– |
| ૪૪ | આહારક | ૭ કર્મ | વેદનીય | –– |
| ૪૫ | અનાહારક | ૭ કર્મ | –– | આયુષ્ય |
| ૪૬ | સૂક્ષ્મ | આયુષ્ય | ૭ કર્મ | –– |
| ૪૭ | બાદર | ૮ કર્મ | –– | –– |
| ૪૮ | નો સૂક્ષ્મ૦ | –– | –– | ૮ કર્મ |
| ૪૯–૫૦ | ચરમ–અચરમ | ૮ કર્મ | –– | –– |

॥ ઉદ્દેશક–૩ સંપૂર્ણ ॥

## પ્રશ્ન–૬ : કાલાદેશથી સપ્રદેશી અપ્રદેશી શું હોય છે ?

**જવાબ :** જે જીવને પોતાના સ્થાનમાં, દંડકમાં પ્રથમ સમય છે તો તે કાલાદેશથી અપ્રદેશી છે. જો એક સમયથી અધિક સમય છે તો તે કાલાદેશથી સપ્રદેશી છે. એક વચનની પૃચ્છામાં અર્થાત્ એક જીવના પ્રશ્નમાં સર્વત્ર તે સપ્રદેશી કે અપ્રદેશી કોઈ એક હોય છે અને બહુવચનની પૃચ્છામાં એકેન્દ્રિયમાં અનેક સપ્રદેશી અને અનેક અપ્રદેશી સદા મળવાથી આ એક ભંગ જ છે ત્યાં અનેક ભંગ વિકલ્પ નહિ હોવાથી અભંગ કહેવાય છે. કારણ કે એકેન્દ્રિયમાં અનંત અસંખ્ય જીવોનું જન્મવા-મરવાનું નિરંતર ચાલુ હોય છે, વિરહ પણ પડતો નથી.

શેષ ૧૯ દંડકોમાં જન્મ-મરણનો વિરહ હોવાથી અપ્રદેશી(એક સમય વાળા) ક્યારેક ન હોય, ક્યારેક એક હોય, ક્યારેક અનેક હોય અને અનેક સમય વાળા પુરાણા જીવ તો બધા(૧૯) દંડકોમાં હોય જ છે કારણ કે તે બધા દંડક શાશ્વત છે. તેથી ત્રણ ભંગ તે દંડકોમાં થાય છે– (૧) બધા સપ્રદેશી (૨) સપ્રદેશી અનેક અપ્રદેશી એક (૩) સપ્રદેશી–અપ્રદેશી બંને અનેક.

૨૪ દંડકોમાં જે બોલ અશાશ્વત હોય છે તેમાં સપ્રદેશીના હોવા, નહિ





હોવાના ત્રણ ભંગ બને છે અને તે મળી જવાથી કુલ ૬ ભંગ થાય છે, યથા– ૧૯ દંડકમાં અનાહારક; પૃથ્વી, પાણી, વનસ્પતિમાં તેજોલેશ્યા; નારકી દેવતા અને મનુષ્યમાં અસંજ્ઞી; પાંચ પ્રકારના અપર્યાપ્ત; એ અશાશ્વત છે અર્થાત્ ક્યારેક હોય છે ક્યારેક એ બોલ હોતા નથી. તેથી એમાં અપ્રદેશી સંબંધી ૩ અને સપ્રદેશી સંબંધી ત્રણ એમ કુલ–૬ ભંગ થાય છે.

પ્રસ્તુત ચોથા ઉદ્દેશકમાં ૧૪ દ્વારના ૯૬ બોલ પર કાલાદેશથી એટલે કાલની અપેક્ષા સપ્રદેશી-અપ્રદેશીનું નિરૂપણ છે, તે દ્વાર અને બોલ આ પ્રમાણે છે–

| | | | |
|---|---|---|---|
| (૧) | જીવ | ૨૪ દંડક, સમુચ્ચય જીવ, સિદ્ધ | ૨૬ |
| (૨) | આહારક | આહારક, અનાહારક | ૨ |
| (૩) | ભવી | ભવી, અભવી, નોભવી નોઅભવી | ૩ |
| (૪) | સંજ્ઞી | સંજ્ઞી, અસંજ્ઞી, નોસંજ્ઞી નોઅસંજ્ઞી | ૩ |
| (૫) | લેશ્યા | ૬ લેશ્યા, અલેશી, સલેશી | ૮ |
| (૬) | દૃષ્ટિ | ત્રણ દૃષ્ટિ | ૩ |
| (૭) | સંયત | સંયત, અસંયત, સંયતાસંયત, નોસંયતાદિ | ૪ |
| (૮) | કષાય | ચાર કષાય, સકષાયી, અકષાયી | ૬ |
| (૯) | જ્ઞાન | ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન, સજ્ઞાની, અજ્ઞાની | ૧૦ |
| (૧૦) | યોગ | ૩ યોગ, સયોગી, અયોગી | ૫ |
| (૧૧) | ઉપયોગ | સાકારોપયોગ, અનાકારોપયોગ | ૨ |
| (૧૨) | વેદ | ૩ વેદ, સવેદી, અવેદી | ૫ |
| (૧૩) | શરીર | પાંચ શરીર, અશરીરી, સશરીરી | ૭ |
| (૧૪) | પર્યાપ્તિ | ૬ અપર્યાપ્તિ, ૬ પર્યાપ્તિ | ૧૨ |
| | | **કુલ :** | **૯૬** |

સમુચ્ચય જીવના બોલમાં જીવત્વભાવથી બધા જીવોના અનાદિ હોવાથી તેને સપ્રદેશી જ કહ્યા છે.

એ ૯૬ બોલોમાં એક જીવની અપેક્ષા સપ્રદેશી અપ્રદેશીમાંથી કોઈ એક હોય છે અને અનેક જીવોની પૃચ્છામાં એકેન્દ્રિયમાં પ્રાપ્ત થનારા બોલોમાં ૧ ભંગ(અભંગ). શેષ ૧૯ દંડકમાં પ્રાપ્ત થનારા બોલોમાં શાશ્વત મળનારા બોલોમાં ૩ ભંગ અને અશાશ્વત મળનારા બોલોમાં ૬ ભંગ થાય છે, તે ૬ ભંગ આ પ્રમાણે છે–

(૧) બધા સપ્રદેશી (૨) બધા સપ્રદેશી (૩) અપ્રદેશી એક અપ્રદેશી એક (૪) સપ્રદેશી અનેક અપ્રદેશી એક (૫) સપ્રદેશી એક અપ્રદેશી અનેક (૬) સપ્રદેશી અનેક અપ્રદેશી અનેક.

**બહુવચનની અપેક્ષા સપ્રદેશી અપ્રદેશી કાલાદેશના ભંગ :–**

| ક્રમાંક | બોલ | દંડક | ભંગ |
|---|---|---|---|
| ૧ | સમુચ્ચય | જીવ | સપ્રદેશી નિયમા |
| | સમુચ્ચય | ૧૯ દંડક સિદ્ધ | ૩ ભંગ |
| | સમુચ્ચય | એકેન્દ્રિય(પાંચ દંડકમાં) | ૧ ભંગ |
| ૨ | આહારક | ૧૯ દંડક | ૩ ભંગ |
| | આહારક | જીવ એકેન્દ્રિય | ૧ ભંગ |
| ૩ | અનાહારક | ૧૯ દંડક | ૬ ભંગ |
| | અનાહારક | જીવ એકેન્દ્રિય | ૧ ભંગ |
| | અનાહારક | સિદ્ધ | ૩ ભંગ |
| ૪–૫ | ભવી અભવી | પ્રથમ બોલના સમાન | = |
| ૬ | નોભવી૦ | જીવ,સિદ્ધ | ૩ ભંગ |
| ૭ | સન્ની | જીવ–૧૬ દંડક | ૩ ભંગ |
| ૮ | અસન્ની | જીવ એકેન્દ્રિય | ૧ ભંગ |
| | અસન્ની | નારકી દેવતા મનુષ્ય | ૬ ભંગ |
| | અસન્ની | શેષ તિર્યંચ | ૩ ભંગ |
| ૯ | નોસન્ની૦ | જીવ,સિદ્ધ | ૩ ભંગ |
| ૧૦ | સલેશી | પ્રથમ બોલ સમાન | = |
| ૧૧–૧૩ | કૃષ્ણાદિ ૩ લેશ્યા | જીવ એકેન્દ્રિય | ૧ ભંગ |
| | કૃષ્ણાદિ ૩ લેશ્યા | ૧૭ દંડક | ૩ ભંગ |
| ૧૪ | તેજો લેશ્યા | પૃથ્વી,પાણી,વનસ્પતિ | ૬ ભંગ |
| | તેજો લેશ્યા | શેષમાં | ૩ ભંગ |
| ૧૫–૧૬ | પદ્મ, શુકલ લેશ્યા | જીવ,૩ દંડક | ૩ ભંગ |
| ૧૭ | અલેશી | જીવ, સિદ્ધ | ૩ ભંગ |
| | અલેશી | મનુષ્ય | ૬ ભંગ |





| ક્રમાંક | બોલ | દંડક | ભંગ |
|---|---|---|---|
| ૧૮ | સમ્યગ્દષ્ટિ | વિકલેન્દ્રિય | ૬ ભંગ |
| | સમ્યગ્દષ્ટિ | શેષ બધામાં | ૩ ભંગ |
| ૧૯ | મિથ્યાદષ્ટિ | જીવ, એકેન્દ્રિય | ૧ ભંગ |
| | મિથ્યાદષ્ટિ | ૧૯ દંડક | ૩ ભંગ |
| ૨૦ | મિશ્રદષ્ટિ | જીવ, ૧૬ દંડક | ૬ ભંગ |
| ૨૧ | સંયત | જીવ, મનુષ્ય | ૩ ભંગ |
| ૨૨ | અસંયત | જીવ, એકેન્દ્રિય | ૧ ભંગ |
| | અસંયત | ૧૯ દંડક | ૩ ભંગ |
| ૨૩ | સંયતાસંયત | જીવ, ૨ દંડક | ૩ ભંગ |
| ૨૪ | નોસંયત૦ | જીવ, સિદ્ધ | ૩ ભંગ |
| ૨૫ | સકષાયી | એકેન્દ્રિય | ૧ ભંગ |
| | સકષાયી | જીવ, ૧૯ દંડક | ૩ ભંગ |
| ૨૬ | ક્રોધી | જીવ એકેન્દ્રિય | ૧ ભંગ |
| | ક્રોધી | દેવમાં | ૬ ભંગ |
| | ક્રોધી | શેષમાં | ૩ ભંગ |
| ૨૭–૨૮ | માન, માયા | જીવ, એકેન્દ્રિય | ૧ ભંગ |
| | માન, માયા | દેવ, નરક | ૬ ભંગ |
| | માન, માયા | શેષમાં | ૩ ભંગ |
| ૨૯ | લોભ | જીવ, એકેન્દ્રિય | ૧ ભંગ |
| | લોભ | નરકમાં | ૬ ભંગ |
| | લોભ | શેષમાં | ૩ ભંગ |
| ૩૦ | અકષાયી | જીવ,મનુષ્ય,સિદ્ધ | ૩ ભંગ |
| ૩૧–૩૨ | સજ્ઞાની, ૨ જ્ઞાન | વિકલેન્દ્રિય | ૬ ભંગ |
| | સજ્ઞાની, ૨ જ્ઞાન | શેષમાં | ૩ ભંગ |
| ૩૩–૩૬ | શેષ ત્રણ જ્ઞાન | બધામાં | ૩ ભંગ |
| ૩૭–૩૯ | અજ્ઞાની, બે અજ્ઞાન | એકેન્દ્રિય | ૧ ભંગ |
| | અજ્ઞાની, બે અજ્ઞાન | શેષમાં | ૩ ભંગ |
| ૪૦ | વિભંગ જ્ઞાન | બધામાં | ૩ ભંગ |

| ક્રમાંક | બોલ | દંડક | ભંગ |
|---|---|---|---|
| ૪૧ | સજોગી | પ્રથમ બોલની જેમ | = |
| ૪૨ | કાય યોગ | એકેન્દ્રિય | ૧ ભંગ |
| | કાયયોગ | શેષમાં | ૩ ભંગ |
| ૪૩–૪૪ | મન,વચનયોગ | બધામાં | ૩ ભંગ |
| ૪૫ | અયોગી | જીવ,સિદ્ધ | ૩ ભંગ |
| | અયોગી | મનુષ્યમાં | ૬ ભંગ |
| ૪૬–૪૭ | બે ઉપયોગ | જીવ એકેન્દ્રિય | ૧ ભંગ |
| | બે ઉપયોગ | ૧૯ દંડક સિદ્ધ | ૩ ભંગ |
| ૪૮ | સવેદક | સકષાયીના સમાન છે. | = |
| ૪૯ | નપુંસક વેદ | એકેન્દ્રિય | ૧ ભંગ |
| | નપુંસક વેદ | શેષમાં | ૩ ભંગ |
| ૫૦–૫૧ | સ્ત્રી,પુરૂષવેદ | બધામાં | ૩ ભંગ |
| ૫૨ | અવેદક | જીવ,મનુષ્ય,સિદ્ધ | ૩ ભંગ |
| ૫૩ | સશરીરી | પ્રથમ બોલનીજેમ | = |
| ૫૪–૫૫ | બે શરીર | જીવ એકેન્દ્રિય | ૧ ભંગ |
| | બે શરીર | બધામાં | ૩ ભંગ |
| ૫૬ | આહારક શરીર | જીવ મનુષ્ય | ૬ ભંગ |
| ૫૭–૫૮ | તેજસ કાર્મણ | પ્રથમ બોલનીજેમ | = |
| ૫૯ | અશરીર | જીવ સિદ્ધ | ૩ ભંગ |
| ૬૦–૬૩ | ૪ પર્યાપ્તિ | જીવ એકેન્દ્રિય | ૧ ભંગ |
| | ૪ પર્યાપ્તિ | શેષમાં | ૩ ભંગ |
| ૬૪ | ભાષા, મન પર્યાપ્તિ | જીવ ૧૬ દંડક | ૩ ભંગ |
| ૬૫ | આહાર અપર્યાપ્તિ | અણાહારકની જેમ | = |
| ૬૬–૬૮ | ત્રણ અપર્યાપ્તિ | જીવ એકેન્દ્રિય | ૧ ભંગ |
| | ત્રણ અપર્યાપ્તિ | નરક, દેવ, મનુષ્ય | ૬ ભંગ |
| | ત્રણ અપર્યાપ્તિ | શેષમાં | ૩ ભંગ |
| ૬૯ | ભાષા મન અપર્યાપ્તિ | નરક, દેવ, મનુષ્ય | ૬ ભંગ |
| | ભાષા મન અપર્યાપ્તિ | શેષમાં ત્રણ | ૩ ભંગ |





*નોંધ :– જે બોલમાં જેટલા દંડક હોય તેટલાજ સમજવા.*

*(એક ભંગ) અભંગ = સપ્રદેશી ઘણાં, અપ્રદેશી પણ ઘણાં.*

*ત્રણ ભંગ = ૧. બધા સપ્રદેશી ૨. સપ્રદેશી અનેક અપ્રદેશી એક ૩. સપ્રદેશી અનેક અપ્રદેશી અનેક.*

*છ ભંગ = ૧. બધાં સપ્રદેશી ૨. બધા અપ્રદેશી ૩. સપ્રદેશી એક અપ્રદેશી એક ૪. સપ્રદેશી એક અપ્રદેશી અનેક ૫. સપ્રદેશી અનેક અપ્રદેશી એક ૬. સપ્રદેશી અનેક અપ્રદેશી અનેક.*

*જો બોલ સ્વયં અશા✓ત હોયતો ૬ ભંગ થાય છે. જે બોલમાં સપ્રદેશી શા✓ત હોય અને અપ્રદેશી અશા✓ત હોય તો તેમાં ૩ ભંગ થાય છે.જે બોલમાં બે શા✓ત હોય તો તેમાં અભંગ (એક ભંગ) હોય છે.*

**પ્રશ્ન–૭ : જીવોને માટે પ્રત્યાખ્યાન અપ્રત્યાખ્યાનના વિષયમાં અહીં શું નિરૂપણ છે ?**

**જવાબ :** પ્રસ્તુત છટ્ઠા ઉદ્દેશકમાં પ્રત્યાખ્યાન સંબંધી વિવરણ આ પ્રમાણે છે– સમુચ્ચય જીવ પ્રત્યાખ્યાની(શ્રમણ)પણ છે, અપ્રત્યાખ્યાની અવ્રતી પણ છે અને દેશ પ્રત્યાખ્યાની(શ્રાવક) પણ છે. નારકી આદિ ૨૨ દંડકના જીવ અપ્રત્યાખ્યાની જ છે. તિર્યંચ પંચેન્દ્રિય અપ્રત્યાખ્યાની અને દેશ પ્રત્યાખ્યાની છે. મનુષ્ય ત્રણે પ્રકારના છે.

પંચેન્દ્રિય બધા પ્રત્યાખ્યાન આદિ ત્રણેયને જાણે સમજે છે અને જાણી–સમજી શકે છે. એકેન્દ્રિય વિકલેન્દ્રિય આ વિષયને જાણી શકતા નથી અને સમજી પણ શકતા નથી. તિર્યંચ પંચેન્દ્રિય દેશ પ્રત્યાખ્યાન સ્વીકારી શકે છે અને અપ્રત્યાખ્યાનમાં પણ રહી શકે છે. મનુષ્ય ત્રણે કરી શકે છે. શેષ ૨૨ દંડક કેવલ અવ્રત જ સ્વીકારે છે એટલે કે અવ્રતમાં જ રહી જાય છે, વ્રત સ્વીકારી શકતા નથી.

વૈમાનિક દેવોનું આયુષ્ય પ્રત્યાખ્યાન નિવર્તિત પણ હોય છે. અપ્રત્યાખ્યાન નિવર્તિત તથા દેશ પ્રત્યાખ્યાન નિવર્તિત એમ ત્રણે ય પ્રકારનું હોય છે, શેષ ૨૩ દંડકનું આયુષ્ય માત્ર અપ્રત્યાખ્યાન નિવર્તિત જ હોય છે અર્થાત્ વૈમાનિકનું આયુષ્ય વ્રતી-અવ્રતી બધા જીવ બાંધી શકે છે. શેષ ૨૩ દંડકનું આયુષ્ય કેવલ અવ્રતી જ બાંધે છે. ।। ઉદ્દેશક–૪ સંપૂર્ણ ।।

**પ્રશ્ન–૮ : તમસ્કાય શું છે અને તે ક્યાં, ક્યારે હોય છે ?**

**જવાબ :** તમસ્કાય પાણીનું પરિણામ છે, પાણી સ્વરૂપ છે. લોકમાં પાણીના

વિભિન્ન પરિણામ છે, યથા– (૧) અનેક પ્રકારના વાદળના રૂપમાં પરિણત. જેમાં કેટલાક વાદળ મૂસળધાર વરસે, કેટલાક રિમઝિમ, ધીમે ધીમે વરસે, કેટલાક બારીક ફુવારા જેમ ફોરાના રૂપમાં ઉડવાની જેમ વરસે. (૨) ધૂંઅર–ધૂમ્મસ રૂપ પાણી (૩) કરા–હિમપાત રૂપ પાણી, બરફની દીવાલ રૂપ પર્વતીય પાણી (૪) ઓસ–ઝાકળ (૫) લવણ–શિખારૂપ પાણી (૬) પાતાળકળશોમાં ભરેલ પાણી (૭) આકાશથી વરસનારું પાણી (૮) પર્વતમાંથી નિરંતર નીકળ નારું ઝરણાનું પાણી (૯) મહોતપોપ તીર ઝરણાનું ગરમ પાણી અને (૧૦) આ તમસ્કાય રૂપ. આવા પ્રકારના પાણીના પરિણામોથી એ સ્પષ્ટ થાય છે કે પાણી માત્ર સમતલ જ રહેતુ નથી પરંતુ ઊંચે-નીચે પણ રહે છે. ઊંચે ઉઠેલું પણ રહી શકે છે અને આકાશમાં ચાલી પણ શકે છે. આ ક્રમમાં આ તમસ્કાય રૂપ પાણી ધૂંઅર, ધૂમ્મસ, ફુવારા જેવું ઉપર ઊઠેલું હોય છે.

જંબુદ્વીપથી અસંખ્યાત દ્વીપ સમુદ્ર પછી અસંખ્યાતમો અઢણોદક સમુદ્ર ચૂડીના આકારનો છે, તેની બાહ્ય જગતી–વેદિકાથી બધી દિશાઓમાં ૪૨૦૦૦ યોજન અંદર આવવાથી અહીંથી સંખ્યાતા યોજન જાડી અસંખ્ય યોજનના પરિમંડલાકારની એક અપ્કાયમય ધુંઅર–ધૂમ્મસ જેવી જલભીંત સમુદ્રજળની ઉપરની સપાટીથી એક સમાન પ્રદેશવાળી શ્રેણીરૂપ અર્થાત્ ચારે તરફ સમાન વિસ્તારવાળી પરિમંડલાકાર ગોળાઈમાં ઉપર ઊઠેલી છે. જે ૧૭૨૧ યોજન ઊંચાઈ સુધી એક સરખી પહોળાઈવાળી ભીંત જેવી છે. તેના પછી બહારની તરફ ઊંધા રાખેલ ઘડાના આકાર જેવી તીરછી–ત્રાંસી વિસ્તૃત છે અને ઘડાની ઠીકરી સ્થાનીય જળભીંત પણ જાડાઈમાં સંખ્યાતથી વધતી અસંખ્ય યોજનની જાડાઈવાળી છે જે પાંચમા દેવલોક સુધી ફેલાયેલ છે, પાંચમા દેવલોકના ત્રીજા રિષ્ટ પાથડા સુધી વ્યાપ્ત છે. સંપૂર્ણ તમસ્કાય ઊંધા–ઉલટા રાખેલ માટીના ઘડા કે સુરાહી–કૂંજાના આકારમાં છે પરંતુ પાંચમા દેવલોકની પાસે કુક્કડ પંજરના ઉપરના ભાગના આકાર જેવી કહેલ છે. અર્થાત્ ઉપર ઘડા જેવી ગોળાઈ નથી પરંતુ સમતલ છે. તે સદા એક સરખી એ જ આકારમાં અનાદિકાળથી લોક સ્વભાવથી રહેલી છે, આપણે ત્યાં દેખાતી ધૂંઅર–ધૂમ્મસથી પણ તેમાં અંધકાર પ્રગાઢ હોય છે.

આ તમસ્કાયના ૧૩ નામમાંથી અધિક નામ અંધકારની મુખ્યતાવાળા છે. તેરમું નામ **અઢણોદક સમુદ્ર** એ પાણીરૂપ નામ છે અર્થાત્ આ તમસ્કાય





કોઈ અલગ વસ્તુ નથી પરંતુ અઢણોદક સમુદ્રનો જ એક વિચિત્ર અંશ છે.

વૈમાનિક જ્યોતિષી દેવોને જંબુદ્વીપમાં આવવાને માટે આ તમસ્કાયને પાર કરવી પડે છે ત્યારે તે દેવ અંધકારથી ભયભીત–સંભ્રાત થઈને શીઘ્ર નીકળે છે. કોઇ દેવ એમાં વાદળ ગર્જન વિદ્યુત પણ કરી શકે છે. તે દેવકૃત વિદ્યુત અચિત્ત સમજવી કારણ કે બાદર અગ્નિકાય તો અઢીદ્વીપમાં જ હોય છે. દેવોના પોતાના શરીર વસ્ત્રાદિનો પ્રકાશ પણ તેના અંધકારથી હતપ્રભ થાય છે. ૯૦૦ યોજનની ઊંચાઈ સુધીના ક્ષેત્રમાં ત્યાં જે જ્યોતિષી વિમાન છે તે પણ આ તમસ્કાયની બહાર છે, અંદર નથી, કિનારા પર છે, તેની પ્રભા પણ તમસ્કાયમાં થોડી જઈને અંધકારથી નિષ્પ્રભ–નિસ્તેજ થઈ જાય છે.

આ તમસ્કાયમાં બાદર પૃથ્વી અને અગ્નિ હોતી નથી. અપ્કાય, વાયુ કાય, વનસ્પતિકાય અને ત્રસકાયના જીવ એમાં હોય છે. (ત્રસ જીવ તિરછા લોકની અપેક્ષા સમજવા) સંસારના બધા જીવ તમસ્કાયમાં ઉત્પન્ન થઈ ચૂક્યા છે. તમસ્કાયના નામ આ પ્રમાણે છે– (૧) તમ (૨) તમસ્કાય (૩) અંધકાર (૪) મહાઅંધકાર (૫) લોકઅંધકાર (૬) લોકતમિશ્ર (૭) દેવ અંધકાર (૮) દેવતમિશ્ર (૯) દેવઅરણ્ય (૧૦) દેવવ્યૂહ (૧૧) દેવપરિઘ (૧૨) દેવ પ્રતિક્ષોભ (૧૩) અઢણોદ સમુદ્ર.

**પ્રશ્ન–૯ : કૃષ્ણરાજિ ક્યાં અને કેવી હોય છે ?**

**જવાબ :** કાળા રંગની પૃથ્વીકાયમય, રેખા જેવી લાંબી અને ઓછી પહોળી ચટ્ટાન જેવી, પાંચમા દેવલોકની સીમાના કિનારે, લોકાંતની નિકટ, રિષ્ટ નામના ત્રીજા પાથડામાં આઠ પૃથ્વીશીલાઓ(કૃષ્ણરાજિઓ) છે. તે ચારે દિશાઓમાં બબ્બે છે. અંદરની ચારેય કૃષ્ણરાજિઓ ચારે તરફથી ઘેરાયેલ છે. બહારની ચાર પણ પહેલાઘેરાની ચારેતરફ ઘેરાયેલી છે. આ પ્રમાણે બે ઘેરામાં આઠ કૃષ્ણરાજિઓ છે. અંદરની ચારે ય સમચતુષ્કોણ–આયત છે. બાહ્યમાં બે ઉત્તર-દક્ષિણની ત્રિકોણ અને પૂર્વ-પશ્ચિમમાં ષટ્કોણવાળી છે.

આ કૃષ્ણરાજિઓ સંખ્યાતા યોજનની પહોળી અને અસંખ્યાતા યોજનની લાંબી રેખા જેવી છે. એક દિશાની આભ્યંતર કૃષ્ણરાજિ આગલી દિશાની બાહ્ય કૃષ્ણરાજિને સ્પર્શ કરે છે, અર્થાત્ (૧) દક્ષિણની આભ્યંતર–પશ્ચિમની બાહ્ય કૃષ્ણરાજિને, (૨) પશ્ચિમની આભ્યંતર–ઉત્તરની બાહ્ય કૃષ્ણરાજિને, (૩) ઉત્તરની આભ્યંતર–પૂર્વની બાહ્ય કૃષ્ણરાજિને, (૪) પૂર્વની

આભ્યંતર–દક્ષિણની બાહ્ય કૃષ્ણરાજિને સ્પર્શ કરે છે. આ આઠે ય કૃષ્ણરાજિથી ઘેરાયેલ વચ્ચેનું ક્ષેત્ર પણ તેઓની કૃષ્ણઆભાથી ડરામણું–બીહામણું બને છે. ત્યાંથી નીકળતાં દેવ વાદળ, ગર્જના, વીજળી આદિ કરી શકે છે. સર્વ જીવ પૃથ્વીરૂપે અને વચ્ચેના ક્ષેત્રમાં વાયુરૂપે ઉત્પન્ન થઈ ગયા છે.

**પ્રશ્ન–૧૦ : લોકાંતિક દેવ ક્યાં રહે છે અને તેઓની શું વિશેષતા છે ?**

**જવાબ :** આઠ કૃષ્ણરાજિઓના આઠ આકાશાંતરમાં આઠે ય દિશાઓમાં ક્રમશઃ આઠ લોકાંતિક દેવોના આઠ વિમાન છે. કૃષ્ણરાજિઓના ઘેરાવની વચ્ચે જે મેદાન છે તેની મધ્યમાં પણ એક વિમાન છે. એ નવ વિમાનોમાં ૯ લોકાંતિક દેવ રહે છે, ઉત્પન્ન થાય છે.

**લોકાંતિક વિમાનોના સ્થળો :–**

| દિશા | વિમાન | લોકાંતિક | કૃષ્ણરાજિની પાસે |
|---|---|---|---|
| ૧. ઈશાનખૂણો | અર્ચિ | સારસ્વત | ૮/૧ સ્પર્શનો ખૂણો |
| ૨. પૂર્વ | અર્ચિમાલી | આદિત્ય | બીજીની મધ્યે |
| ૩. અગ્નિખૂણો | વૈરોચન | વન્હિ | ૨/૩ સ્પર્શનો ખૂણો |
| ૪. દક્ષિણ | પ્રભંકર | વઢણ | ચોથીની મધ્યે |
| ૫. નૈઋત્યખૂણો | ચંદ્રાભ | ગર્દતોય | ૪/૫ સ્પર્શનો ખૂણો |
| ૬. પશ્ચિમ | સૂર્યાભ | તુષિત | છટ્ઠીની મધ્યે |
| ૭. વાયવ્યખૂણો | શુકાભ | અવ્યાબાધ | ૬/૭ સ્પર્શનો ખૂણો |
| ૮. ઉત્તર | સુપ્રતિષ્ટાભ | મઢત | આઠમીની મધ્યે |
| ૯. વચમાં | રિષ્ટાભ | રિષ્ટ | વચ્ચે મેદાનમાં |

પહેલા બીજા લોકાંતિક દેવોના સાત મુખ્ય દેવ અને તેઓને ૭૦૦નો પરિવાર છે. ત્રીજા, ચોથા લોકાંતિક દેવોના ૧૪ મુખ્ય દેવ અને ૧૪૦૦૦નો પરિવાર, પાંચમા, છટ્ઠા લોકાંતિકમાં ૭ મુખ્ય દેવ અને ૭૦૦૦નો પરિવાર છે. સાતમા, આઠમા, નવમા લોકાંતિકમાં ૯ મુખ્ય દેવ અને ૯૦૦નો પરિવાર છે. લોકાંતિક વિમાન વાયુ પ્રતિષ્ઠિત છે. દેવોની ઉંમર–સ્થિતિ ૮ સાગરોપમની છે. લોકાંત આ વિમાનોથી અસંખ્ય યોજન દૂર છે. ॥ ઉદ્દેશક–૫ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૧ : જીવ મારણાંતિક સમુદ્ઘાત ક્યારે કરે છે તથા આગલા ભવમાં ઉત્પત્તિ તથા આહાર ક્યારે હોય છે ?**





**જવાબ :** વર્તમાન ભવનું અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે ત્યારે કોઈ-કોઈ જીવ મારણાંતિક સમુદ્ઘાત કરે છે. આ અંતર્મુહૂર્તની સમુદ્ઘાતથી અગાઉ જીવે ક્યારનું ય આગામી ભવનું આયુષ્ય બાંધી લીધું હોય છે ત્યારે મારણાંતિક સમુદ્ઘાતથી, પોતાના નિજ શરીરને છોડયા વિના, કેટલાક આત્મપ્રદેશોને આગામી જન્મસ્થાન સુધી ફેલાવે(લંબાવે) છે અને આયુષ્ય કર્મની ઉદીરણા કરી પુનઃ શરીરસ્થ થઈ પછી આયુષ્યને પૂર્ણ કરીને મરવા રૂપમાં) સમુદ્ઘાત કરીને અર્થાત્ મરીને(કારણ કે બીજીવાર સમુદ્ઘાતનું પ્રયોજન નથી રહેતું) ઉત્પત્તિ સ્થાનમાં જાય છે અને ત્યાં આહાર, તેનું પરિણમન અને શરીર નિર્માણ આદિ કરે છે.

વર્તમાન ભવનું આયુષ્ય રહે છે ત્યાં સુધી આગામી જન્મસ્થાન પર ગએલા આત્મપ્રદેશ ત્યાં આહારાદિ ગ્રહણ, પરિણમન કરતા નથી. કારણ કે અહીં વર્તમાન ભવના શરીરમાં આહારાદિ ચાલુ હોય છે.

કેટલાક જીવ મારણાંતિક સમુદ્ઘાત કરતા નથી. તેઓ પ્રથમવારમાં જ આયુષ્ય પૂર્ણ થતાં મરીને(આગમ શબ્દોમાં મરણ સમુદ્ઘાત કરીને) આગામી જન્મસ્થાનમાં પહોંચીને આહાર–પરિણમન આદિ કરે છે.

શાસ્ત્રપાઠમાં સીધા મરીને જવા અને ઉત્પન્ન થઈ આહાર કરવાના કથનમાં પણ સમુદ્ઘાત શબ્દનો પ્રયોગ કર્યો છે. એમ જ કેવલીના મોક્ષ થવા સમયમાં પણ મરણ સમુદ્ઘાત શબ્દપ્રયોગ જોવા મળે છે. એથી એ શબ્દોના આગ્રહમાં નહિ જતા સાચો આશય સમજવો જોઈએ કે– (૧) કોઈ જીવ આયુષ્ય સમાપ્ત કરી સીધા જ મરણ પ્રાપ્ત કરી આગામી સ્થાનમાં પહોંચીને આહાર અને પરિણમન કરે છે. (૨) કેટલાક જીવ મૃત્યુના અંતર્મુહૂર્ત પહેલાં મારણાંતિક સમુદ્ઘાત કરીને, આગામી જન્મસ્થાન સુધી આત્મપ્રદેશ ફેલાવીને, આયુષ્ય કર્મની ઉદીરણા કરી, પુનઃ શરીરસ્થ થઈ, પછી આયુષ્ય સમાપ્ત થતાં મરણ પ્રાપ્ત કરીને આગામી સ્થાનમાં ઉત્પન્ન થઈ આહાર, પરિણમન વગેરે કરે છે.

પૃથ્વીકાય આદિ પાંચ સ્થાવર જીવ છએ દિશાઓમાં લોકાંત સુધી ઉત્પન્ન થાય છે. ત્રસ જીવ છએ દિશાઓમાં ત્રાસનાડીમાં જ પોત પોતાને ઉત્પત્તિ યોગ્ય સ્થળો સુધી ઉત્પન્ન થાય છે.

મૃત્યુ પ્રાપ્ત કરી એક સ્થાનથી બીજા સ્થાન સુધી જનારા બધા જીવ

માર્ગમાં અવગાહનાનો સંકોચ વિસ્તાર નહિ કરતાં એક સરખી વિસ્તૃત(ચૌડી) શ્રેણી આત્મપ્રદેશોની અવગાહનાથી જ જન્મસ્થાન સુધી પહોંચે છે. મૂળ પાઠમાં **एगपएसिय सेढि मोत्तूण । एगपएसिय** =એક સરખી. પૂર્વ પાંચમા ઉદ્દેશકમાં પણ **एगपएसियाए सेढीए**=એક સરખી પહોળાઈવાળી ભીંત રૂપમાં તમસ્કાય સમુદ્રી જલસપાટીથી ઉપર ઉઠેલી છે. આ રીતે જ શબ્દનો પ્રયોગ થયો છે. માટે શાસ્ત્રકારની શબ્દપ્રયોગની પદ્ધતિને ધ્યાનમાં રાખીને જ યોગ્ય અર્થ કરવો સંગત થાય છે. ॥ ઉદ્દેશક–૬ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૨ : ધાન્ય આદિ અખંડ બીજ કેટલા સમય સુધી સચિત્ત–સજીવ રહી શકે છે ?**

**જવાબ :** વનસ્પતિના ૧૦ વિભાગ મૂળથી લઈને બીજ સુધી હોય છે. તેમાંથી ૯ વિભાગ તો સુકાઈ જવાથી અચિત્ત થઈ જાય છે પરંતુ દશમો બીજ વિભાગ છે તે સુકાઈ જવા છતાં પણ વર્ષો સુધી સચિત્ત રહી શકે છે. તેની ઉંમર જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ સાત વર્ષની હોય છે. પ્રસ્તુત સાતમા ઉદ્દેશકમાં બતાવ્યું છે કે ધાન્ય આદિ સમસ્ત બીજ વિભાગ જો સુરક્ષિત કોઠી વગેરેમાં રાખી દેવામાં આવે અને તેના પર કોઈપણ પ્રકારનું શસ્ત્ર ન લાગે તો તેના સચિત્ત રહેવાની ઉત્કૃષ્ટ સ્થિતિ બને છે. પ્રસ્તુતમાં અને સ્થાનાંગ સૂત્રમાં આ ધાન્યાદિ બીજ વિભાગોની સ્થિતિની અપેક્ષાએ ત્રણ વિભાગ કરવામાં આવ્યા છે– (૧) ઘઉં, ચોખા આદિ ધાન્ય ઉત્કૃષ્ટ ૩ વર્ષ સચિત્ત રહી શકે છે. (૨) મગ, ચણા, અડદ વગેરે દ્વિદળ(કઠોળ) ઉત્કૃષ્ટ પાંચ વર્ષ સચિત્ત રહી શકે છે અને (૩) શેષ બધા પ્રકારના બીજ અળસી, સરસવ, રાઈ, મેથી વગેરે ઉત્કૃષ્ટ સાત વર્ષ સુધી સચિત્ત યોનિ રૂપમાં, સજીવ રૂપમાં રહી શકે છે. ત્યાર પછી એ પદાર્થોની સચિત્ત યોનિ નષ્ટ થઈ જાય છે. સચિત્તતાની અપેક્ષાએ તે બીજ નથી રહેતા.

પ્રજ્ઞાપના સૂત્રમાં ઉગનારા પદાર્થ સચિત્ત, અચિત્ત, મિશ્ર ત્રણે પ્રકારની યોનિવાળા કહ્યા છે. તદનુસાર એ અચિત્ત બનેલા ધાન્યાદિનું શરીર બંધન સંઘાતન વિશિષ્ટ હોય, સુરક્ષિત રાખવામાં આવેલ હોય તો ૧૦–૨૦ પ્રતિશત બીજોમાં અચિત્ત થયા પછી પણ ઊગવાની ક્ષમતા રહે છે. તે અચિત્ત યોનિક બીજ કહેવાય છે. અહીં બંને શાસ્ત્રોમાં સચિત્તતાની અપેક્ષા જ સંપૂર્ણ વિશેષણમય કથન છે પરંતુ પ્રજ્ઞાપના સૂત્રાનુસાર અચિત્તયોનિક ઉગનારી વનસ્પતિઓનું અસ્તિત્વ સંભવ છે અને બીજ વિજ્ઞાનકેન્દ્રમાંથી જાણકારી





મેળવવાથી એ સ્પષ્ટ થાય છે કે 'કેટલાક સારા પરિપક્વ બીજ ૫–૧૦ વર્ષ સુધી પણ ઉગે છે.' સુરક્ષિત રાખેલા બધા બીજ લાંબા સમય સુધી નથી ઉગતા, પ્રતિવર્ષ ૫–૧૦ પ્રતિશત ઓછા થતાં થતાં ૮–૧૦ વર્ષ સુધીમાં તો ઉગી શકનારા બીજોની સંખ્યા નહિવત્ થઈ જાય છે. એનું કારણ એ છે કે તે બીજોનું પુદ્ગલમય બંધન સંઘાતન પણ ધીરે ધીરે ૫–૧૦ વર્ષમાં ક્ષીણ થઈ જાય છે અને ઉત્પાદન ક્ષમતા–અંકુરિત થવાની યોગ્યતા નષ્ટ થઈ જાય છે.

પ્રસ્તુતમાં જ્ઞાતવ્ય–જાણવા યોગ્ય એ છે કે ઉગવાની ક્ષમતા કોઈની કેટલી–ગમે તેટલી પણ રહે પરંતુ સચિત્ત યોનિભૂતતા પ્રસ્તુત સૂત્ર કથન અનુસાર ત્રણ, પાંચ અને સાત વર્ષની ઉત્કૃષ્ટ સમજવી જોઈએ.

**પ્રશ્ન–૧૩ : ગણનાકાળ અને ઉપમાકાળ શું છે ?**

**જવાબ :** સમય, આવલિકા, શ્વાસોશ્વાસ, સ્તોક, લવ, મુહુર્ત, દિન-રાત, માસ, વર્ષ, ૮૪ લાખ વર્ષનું પૂર્વાંગ, ૮૪ લાખ પૂર્વાંગનું એક પૂર્વ, એમ (એક કરોડ પૂર્વ પ્રસિદ્ધ છે.) ત્રુટિતાંગ-ત્રુટિત આદિ ૮૪ લાખ ગણા ક્રમશઃ હોય છે. અંતિમ ગણના સંખ્યા **શીર્ષ પ્રહેલિકાંગ-શીર્ષ પહેલિકા** હોય છે. તે ૧૯૪ આંકમાં બને છે. તેમાં ૫૪ અંક અને ૧૪૦ બિંદી હોય છે. એટલા વર્ષોની શીર્ષ પ્રહેલિકા સુધી સંખ્યાની ગણતરી શાસ્ત્રમાં કરી છે. ત્યાર પછી પલ્યની ઉપમાથી પલ્યોપમની ગણના બતાવવામાં આવે છે.

**પલ્યોપમ–** એને માટે એક યોજન લાંબા, પહોળા, ઊંડા પલ્ય જેવા ખાડાની કલ્પના કરવામાં આવી છે. એવા પલ્યને દેવકુરુ-ઉત્તરકુરુ ક્ષેત્રના મનુષ્યોના ઉત્કૃષ્ટ સાત દિવસના જન્મેલા બાળકના બાલાગ્રોના અસંખ્ય ટુકડા કરીને તેનાથી અત્યંત ઠાંસી ઠાંસીને ભરવામાં આવે. પછી એમાંથી એક-એક વાળ ખંડને ૧૦૦–૧૦૦ વર્ષે કાઢતાં જ્યારે તે પલ્ય(કૂવો) ખાલી થઈ જાય, તેટલા વર્ષોને પલ્યની ઉપમાથી પલ્યોપમ કહેવામાં આવે છે, એવા ૧૦ ક્રોડાક્રોડ પલ્યોપમનો એક સાગરોપમ થાય છે.

આ પ્રમાણે ગણનાકાલ શીર્ષ પ્રહેલિકા સુધી છે. ઉપમાકાલમાં પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી, અવસર્પિણી, કાલચક્ર આદિ છે. ॥ ઉદ્દેશક–૭ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૪ : દેવતા ઉપર અને નીચે અર્થાત્ નરક અને દેવલોકમાં ક્યાં સુધી જઈ શકે છે ?**

**જવાબ :** વાણવ્યંતર દેવતા નીચે પ્રથમ નરક સુધી જઇ શકે છે. નવનિકાયના ભવનપતિ દેવ બીજી નરક સુધી જઇ શકે છે. અસુરકુમાર દેવ ત્રીજી નરક સુધી જઇ શકે છે અને વૈમાનિક દેવ સાતમી નરક સુધી જઇ શકે છે. ઉપર પ્રથમ દ્વિતીય દેવલોક સુધી અસુરકુમાર અને વૈમાનિક દેવ જઇ શકે છે. આગળના દેવલોકોમાં કેવલ વૈમાનિક દેવ જ જાય છે, અસુરકુમાર દેવ જઇ શકતા નથી.

વ્યંતર દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમની હોય છે. નવનિકાય દેવોની ઉત્કૃષ્ટ દેશોન બે પલ્યોપમની સ્થિતિ હોય છે. અસુરકુમારોની ઉત્કૃષ્ટ એક સાગરોપમથી અધિક સ્થિતિ હોય છે. વૈમાનિકમાં આવ-જા કરનારા દેવોની ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમની સ્થિતિ હોય છે. માટે પલ્યોપમની ઉંમરવાળા પ્રથમ નરક, અનેક પલ્યોપમવાળા બે નરક, સાગરોપમ(એક)વાળા ત્રણ નરક સુધી જઇ શકે.

દેવોની વૈક્રિય શક્તિ, ઋદ્ધિ આદિ તેઓની સ્થિતિ અનુસાર હીનાધિક હોય છે. તેથી દશહજાર વર્ષ આદિ સ્થિતિવાળા વ્યંતર દેવોની ક્ષમતા ઓછી હોય છે અને ક્રમશઃ એક પલ્યોપમની સ્થિતિવાળા વ્યંતર દેવોની ક્ષમતા અધિક હોય છે. આ જ રીતે ભવનપતિ અસુરકુમારોમાં પણ ૧૦ હજાર વર્ષથી પલ્યોપમ અને એક સાગરોપમ સુધીની સ્થિતિ હોય છે. વૈમાનિકમાં એક પલ્યોપમથી બે સાગરોપમ યાવત્ ૨૨ સાગરોપમ સુધીની સ્થિતિ બારમા દેવલોક સુધી હોય છે. તદનુસાર જ એ દેવોમાં ગમનાગમન ક્ષમતા અને ઋદ્ધિની ભિન્નતા હોય છે.

પ્રસ્તુતમાં વ્યંતરો, અસુરકુમારો, નવનિકાયો અને વૈમાનિકોની ઉપર નીચે જવાની જે ક્ષમતા દર્શાવી છે તે ઉત્કૃષ્ટ સ્થિતિ ઋદ્ધિની અપેક્ષાથી કહી છે. તેને તે જાતિના અલ્પર્ધિક-મહર્ધિક બધા દેવોને માટે સ્થિતિનો વિચાર કર્યા વિના માની લેવાનું ઉચિત હોતું નથી.

અસુરકુમારોનું નીચે ત્રીજી નરક સુધી જવાનું કહ્યું છે તો તેને ઉત્કૃષ્ટ એક સાગરોપમની સ્થિતિવાળાની અપેક્ષા સમજવું જોઇએ પરંતુ દશહજાર વર્ષ કે એક પલ્યોપમ અથવા ૫–૧૦ પલ્યોપમવાળાઓને પણ ત્રીજી નરક સુધી જવાનું માની લેવું યોગ્ય નથી. વૈમાનિકોનું સાતમી નરક સુધી જવાનું કહ્યું છે તો બધા વૈમાનિકોને એક સમાન નહિ સમજીને તેઓની ભિન્નતા સમજવી જોઇએ અર્થાત્ પહેલા બીજા દેવલોકના દેવ સાતમી નરક સુધી





જતા નથી. તેઓ ત્રીજી નરક સુધી જ જઇ શકે છે, આગળ ક્રમશઃ વધતા-વધતા ઉપર-ઉપરના દેવ આગળ-આગળની નરક સુધી જઇ શકે છે.

નવનિકાયના દેવ બીજી નરક સુધી જાય છે તો ત્યાં પણ દેશોન બે પલ્યોપમની સ્થિતિની અપેક્ષા સમજવી. બધી સ્થિતિવાળા નવનિકાય દેવ જાય એવું નહિ સમજવું. કારણ કે એક પલ્યોપમની સ્થિતિવાળા વ્યંતર પહેલી નરક સુધી જ જાય છે. દેવોની ગતિ-ઋદ્ધિ આદિ સ્થિતિ સાપેક્ષ જ હોય છે. તેથી એક પલ્યોપમથી અધિક સ્થિતિવાળા નવનિકાયના દેવોને જ બીજી નરક સુધી જવાનું સમજવું અને ૧૦ હજાર વર્ષથી એક પલ્યોપમ સુધીની સ્થિતિ વાળાનું પ્રથમ નરક સુધી જ જવાનું સમજવું જોઇએ.

ઉપરોક્ત વર્ણનથી એ તાત્પર્ય સમજવું જોઇએ કે એક પલ્યોપમ સુધીની સ્થિતિવાળા દેવ પ્રથમ નરક સુધી, અનેક પલ્યોપમવાળા દેવ બીજી નરક સુધી અને એક-બે સાગરોપમની સ્થિતિવાળા દેવ ત્રીજી નરક સુધી જઇ શકે છે. એમ વૈમાનિકમાં પણ સ્થિતિના પ્રમાણમાં ચોથી, પાંચમી, છટ્ઠી આદિ નરક સુધી જવાનું સમજવું જોઇએ.

આ પ્રકારની વિચારણા ઉપરથી એ પણ સમજી શકાય છે કે એક પલ્યોપમની સ્થિતિવાળા પરમાધામી દેવને માટે ત્રીજી નરક સુધી જવાનું કહેવાની પરંપરાને પકડી રાખવાનું કંઇ જરૂરી નથી. વાસ્તવમાં તેઓ પોતાની સ્થિતિ, રિદ્ધિ, ક્ષમતા અનુસાર પ્રથમ નરક સુધી જ જઇ શકે છે, આગળ બીજીથી સાતમી નરક સુધી પરસ્પરોદીરિત વેદના અને ક્ષેત્ર વેદના હોય છે.

**પ્રશ્ન–૧૫ : નરક અને દેવલોકના ક્ષેત્રમાં બાદર પૃથ્વીકાય આદિ પાંચ સ્થાવર ક્યાં-ક્યાં હોય છે ?**

**જવાબ :** નરકપૃથ્વી પિંડોમાં બાદર પૃથ્વીકાયના જીવ હોય છે. નરકની અંદરની ભૂમિ અને કુંભીઓ પણ બાદર પૃથ્વીકાય જીવમય હોય છે. પૃથ્વીપિંડોની નીચે ઘનોદધિમાં અને ચારે તરફ ઘનોદધિ વલયોમાં બાદર અપ્કાયના જીવ હોય છે. પૃથ્વીપિંડની નીચે ઘનવાય, તનુવાય અને ચારે તરફના ઘનવાય, તનુવાયના વલયોમાં વાયુકાયના જીવ હોય છે તથા નરક પાથડાઓની અંદર જે પણ પોલાણ ભાગ હોય છે તેમાં તથા ભવનપતિઓના ભવનોના પોલાણ ભાગમાં અને સાતે ય આકાશાંતરના પોલાણમાં બાદર વાયુકાયના જીવ હોય છે. જ્યાં બાદર અપ્કાયના જીવ કહ્યા છે ત્યાં બાદર વનસ્પતિકાય

પણ અનંતકાયની અપેક્ષા સમજવું. પ્રત્યેક વનસ્પતિ નરક ક્ષેત્રમાં હોતી નથી અને બાદર અગ્નિ જીવ પણ નરકમાં હોતા નથી.

તે ઉપરાંત જ્યાં ક્યાંય પણ નરક વર્ણનમાં અગ્નિનું કે પાણીનું, નદીનું વર્ણન મળે છે તે દેવકૃત સમજવું તથા અચિત્ત સમજવું. વૃક્ષ અને વૃક્ષોના ખરવાવાળા પાંદડા પણ દેવકૃત સમજવા.

રત્નપ્રભા પૃથ્વીની ઉપરની છત ૧૦૦૦ યોજનની મોટી છે. તેમાં સમુદ્રનું પાણી તથા વરસાદનું પાણી જે ભૂમિમાં જાય છે અને ભૂમિમાં જે પાણીનો પ્રવાહ ચાલે છે, જેનું પાણી પાતાળ કુવાઓમાં કે બોરમાં આવે છે, તે બધુ અપ્કાય જીવમય છે.

તિરછાલોકમાં બાદર પૃથ્વીકાય આદિ પાંચે ય સ્થાવર યથાસ્થાન હોય છે. યુગલિક ભૂમિ ૩૦+૫૬=૮૬માં બાદર અગ્નિકાય હોતી નથી. તેના સિવાય તિરછાલોકમાં પોતપોતાને યોગ્ય સ્થળોમાં પૃથ્વી, પાણી, અગ્નિ, હવા, વનસ્પતિ (સાધારણ-પ્રત્યેક બંનેના)જીવ હોય છે.

ઊંચા લોકમાં–દેવલોકોની નીચે ઘનોદધિમાં, તમસ્કાયમાં દેવલોકોની વાવોમાં બાદર અપ્કાયના જીવ હોય છે. દેવલોકોના પૃથ્વીપિંડ, વિમાન, શય્યા આદિ પૃથ્વીકાયમય હોય છે. કૃષ્ણરાજીઓ પણ પૃથ્વીકાયમય હોય છે. બાદર અગ્નિ જીવ દેવલોકોમાં, ઊંચા લોકમાં નથી હોતા. વાયુકાયના જીવ સર્વત્ર પોલાણમાં અને ઘનવાયમાં હોય છે. વનસ્પતિ અનંતકાય જીવ પાણીના સ્થાનોમાં હોય છે. પ્રત્યેક વનસ્પતિ દેવલોકોમાં હોતી નથી. ત્યાંની વાવોમાં કમલ આદિ જે હોય છે તે પૃથ્વીકાય જીવમય હોય છે. ત્રસ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય પણ દેવલોકમાં હોતા નથી ત્યાં ભ્રમર વગેરેના જે વર્ણન મળે છે તે પૃથ્વીકાયના યંત્રમય સમજવા.

પહેલો, બીજો દેવલોક ઘનોદધિના આધારે છે અર્થાત્ તેની નીચે સંલગ્ન ઘનોદધિ છે. ત્રીજા, ચોથા, પાંચમા દેવલોકની નીચે ઘનવાય–સઘન વાયુ છે. છટ્ઠો, સાતમો, આઠમો દેવલોક, ઘનોદધિ-ઘનવાય બંનેના આધારે રહેલ છે. જે પણ દેવતા પોતાની ક્ષમતા અનુસાર જ્યાં સુધી ગમનાગમન કરે છે ત્યાં વચમાં વાદળ, ગર્જના, વિદ્યુત અને વર્ષા કરી શકે છે. દેવકૃત હોવાથી તે સર્વે અચિત્ત સમજવા જોઈએ.





**પ્રશ્ન–૧૬ : અસંખ્ય સમુદ્રોમાં જળ, સમતલ કે ઉન્નત કેમ છે ?**

**જવાબ :** લવણ સમુદ્રનું પાણી અનાદિ લોક સ્વભાવથી ઉન્નત–ઉપર ઉઠેલું છે. બાકી બધા સમુદ્રોનું પાણી સમતલ રહેલું છે. લવણ સમુદ્રનું પાણી સમયે સમયે ક્ષુભિત થાય છે, તેમાં ભરતી-ઓટ થતા રહે છે, બાકી બધા સમુદ્રોનું પાણી સદા શાંત રહે છે.

અઢણોદક સમુદ્રમાં તમસ્કાય ઉપર ગઈ છે, તેને અહીં ઉન્નત જળ માં ગણેલ નથી. કારણ કે લવણ સમુદ્રનો ઉન્નત ભાગ લવણ સમુદ્રી અન્ય જળની સમાન જળરૂપ જ છે. જ્યારે તમસ્કાય અઢણોદક સમુદ્રની જળસપાટીથી ઉપર ઉઠેલી ધૂંઅર–ધુમ્મસ સમાન છે તેથી એ સમુદ્રના પાણીને ઉન્નત નહિ કહીને સમતલ જ ગણવામાં આવેલ છે. અઢણોદક સમુદ્રીજલ અને તમસ્કાયના સ્વરૂપમાં એકરૂપતા નથી, ભિન્નતા છે અર્થાત્ સમુદ્રી જળ પાણી રૂપ છે અને તમસ્કાય ધૂંઅર–ધુમ્મસ રૂપ છે. ॥ ઉદ્દેશક–૮ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૭ : આ શતકમાં અન્ય પણ કયા જ્ઞેય તત્ત્વ દર્શાવવામાં આવ્યા છે ?**

**જવાબ :** અન્ય અનેક વિષય આ પ્રમાણે કહ્યા છે– **(૧)** આયુષ્યકર્મના બંધ સમયે નામકર્મ અને ગોત્રકર્મની અનેક પ્રકૃતિઓનો આયુષ્યને યોગ્ય સંયોજના રૂપ બંધ થાય છે તેને નિધત્ત અને નિયુક્ત ક્રિયાની સાથે કહેલ છે. નિધત્ત= સંયોજનરૂપ બંધ, નિયુક્ત=નિકાચિત બંધ. જાતિ, ગતિ આદિ ૬ પ્રકારના આયુષ્ય બંધ હોય છે. નિધત્ત–નિકાચિતથી તેના બે પ્રકાર હોવાથી ૧૨ ભેદ થાય છે, જેને અહીં ૨૪ દંડકમાં કહેવામાં આવેલ છે. **(૨)** કોઈ પણ પુદ્ગલોને ગ્રહણ કરીને દેવતા એક રૂપમાંથી અનેક રૂપ બનાવી શકે છે. એ જ પ્રમાણે એક ગંધ, રસ, સ્પર્શને અનેકમાં પરિણત કરી શકે છે. વિરોધી વર્ણાદિરૂપમાં પણ પરિણત કરી શકે છે. **(૩)** અવિશુદ્ધલેશી દેવ અર્થાત્ વિભંગજ્ઞાની મિથ્યાદષ્ટિ દેવ અન્ય દેવ-દેવી કે અણગારને સાચા રૂપમાં જાણી-દેખી શકતા નથી. અવધિજ્ઞાની સમ્યગ્દષ્ટિ દેવ અનુપયોગ દશામાં હોય તો ન જાણે-દેખે અને ઉપયોગવંત હોય તો દેવ-દેવી યા અણગારને યથાર્થ રૂપે જાણી-દેખી શકે છે. **(૪)** જીવના સુખદુઃખને કોઈ કાઢીને બતાવી શકતા નથી કારણ કે જીવના સુખાનુભવ-દુઃખાનુભવ રૂપ આત્મપરિણામ અરૂપી હોય છે. **(૫)** જીવમાં ચેતનાગુણની નિયમા છે. જીવમાં દસ પ્રાણની ભજના છે, એ દસ

દ્રવ્યપ્રાણ સિદ્ધોમાં હોતા નથી. નૈરયિક આદિનું જીવ હોવું નિયમા છે. જીવનું નૈરયિક હોવું નિયમા નથી. ભવીનું નૈરયિક હોવું પણ ભજના છે અને નૈરયિકનું ભવી હોવું પણ ભજના છે. **(૬)** નૈરયિક એકાંત દુઃખરૂપ વેદના વેદે છે, દેવ એકાંત સુખરૂપ વેદના વેદે છે અને મનુષ્ય-તિર્યંચ વિમાત્રાથી બંને વેદના વેદે છે. **(૭) બધા** જીવ અવગાઢ–અવગાહિત આત્માવગાહિત પુદ્ગલોનો આહાર ગ્રહણ કરે છે. અવગાહિતમાં અપેક્ષાએ અનંતર અવગાહિતને આહાર રૂપમાં ગ્રહણ કરે છે. પરંપરાવગાઢ પુદ્ગલોને સીધા ગ્રહણ કરવામાં આવતા નથી. ॥ ઉદ્દેશક–૯, ૧૦ સંપૂર્ણ ॥

# શતક–૭ : ઉદ્દેશક–૧ થી ૧૦

**પ્રશ્ન–૧ : આ શતકનો શું પરિચય છે ?**

**જવાબ :** આમાં ૧૦ ઉદ્દેશકોના માધ્યમથી અક્રમિક અનેક વિષય છે. શતકના પ્રારંભમાં દસ ઉદ્દેશકોના નામ-વિષય સૂચક એક સંગ્રહણી ગાથા છે. તદનુસાર ઉદ્દેશકોના નામ અને વિષય આ પ્રમાણે છે–

**(૧) આહાર–** આ ઉદ્દેશકમાં જીવની અનાહારક અવસ્થા, અલ્પાહારતા, શ્રાવકને ક્રિયા, શ્રમણને આહાર દાનનો લાભ, શ્રમણનો આહાર, સદોષ નિર્દોષ વગેરે વિષય નિરૂપિત છે.

**(૨) વિરતિ–** આ ઉદ્દેશકમાં સુપ્રત્યાખ્યાન-દુષ્પ્રત્યાખ્યાન સંબંધી અને મૂલગુણ-ઉત્તરગુણ પ્રત્યાખ્યાનનું ભેદ પ્રભેદ યુક્ત વર્ણન છે.

**(૩) સ્થાવર–** આમાં સ્થાવર જીવરૂપ વનસ્પતિ સંબંધી વિવિધ વર્ણન છે.

**(૪) જીવ–** જીવાભિગમ સૂત્રના સૂચનથી છકાય જીવોનું સંક્ષિપ્ત વર્ણન છે.

**(૫) પક્ષી–** જીવાભિગમ સૂત્રના સૂચનથી પક્ષીઓનું સંક્ષિપ્ત વર્ણન છે.

**(૬) આયુષ્ય–** આયુષ્ય કર્મ, વેદનીય કર્મ અને છટ્ઠા આરાનું વર્ણન છે.

**(૭) અણગાર–** આ ઉદ્દેશકમાં સંવૃત્ત-અસંવૃત્ત અણગાર, કામ-ભોગ, ક્ષીણભોગી અને વેદના ઈત્યાદિ વિષયોનું નિરૂપણ છે.

**(૮) છદ્મસ્થ–** આમાં છદ્મસ્થ, હાથી-કુંથુમાં જીવ, દુઃખ-સુખ, ૧૦ સંજ્ઞા, ૧૦ વેદના, અપ્રત્યાખ્યાનક્રિયા, આધાકર્મી ઈત્યાદિ વિષયોનું વર્ણન છે.





**(૯) અસંવૃત્ત–** આ ઉદ્દેશકમાં અસંવૃત્ત અણગારની વિકુર્વણા, મહાશિલા કંટક સંગ્રામ, રથમૂસલ સંગ્રામ, લોકવાદ, વઢણનાગ નટવા આદિ કથાનું વર્ણન છે.

**(૧૦) અન્યતીર્થિક–** આ ઉદ્દેશકમાં કાલોદાઈ સંન્યાસીનું પ્રભુ પાસે આગમન, શંકા-સમાધાન, દીક્ષા અને મુક્તિ થવા સુધીનું વર્ણન છે.

**પ્રશ્ન–૨ : વાટે વહેતા જીવ કેટલો સમય અનાહારક રહે છે ?**

**જવાબ :** કોઈ જીવ ઋજુગતિથી જન્મ સ્થાનમાં એક સમયમાં પહોંચી જાય છે તે અનાહારક હોતા નથી. જે વક્રગતિએ અર્થાત્ વળાંકવાળી ગતિથી જાય છે તે એક,બે અથવા ત્રણ સમય અનાહારક રહી શકે છે. ત્રસકાયમાં ઉત્પન્ન થનારા જીવ એક અથવા બે સમય અનાહારક હોઈ શકે છે. સ્થાવરકાયમાં ઉત્પન્ન થનારા એક, બે અથવા ત્રણ સમય અનાહારક હોઈ શકે છે. ચાર સમય પણ અનાહારક હોઈ શકવાનું વર્ણન આગમ સિવાયના ગ્રંથોમાં છે.

જીવ ઉત્પત્તિ સમયમાં અને મૃત્યુ સમયમાં પોતાના પૂરા ભવની અપેક્ષા અલ્પાહારી હોય છે, પ્રથમ સમયમાં અવગાહના નાની હોવાથી અને અંતિમ સમયમાં શરીરમાં શિથિલતા પ્રવાહિત થઈ જવાથી અને આત્મ-પ્રદેશોના ચલવિચલ થવાથી, જીવનના અન્ય સમયોમાં વિશેષ, વિશેષતર આહાર વૃદ્ધિ હાનિ થતી રહે છે. ૨૪ દંડકના જીવોમાં પણ એમ જ સમજવું.

**પ્રશ્ન–૩ : શ્રમણોપાસકને માટે ક્રિયાઓ સંબંધી વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ :** શ્રમણોપાસકનું જીવન પાંચમા ગુણસ્થાનવર્તી છે, તેમાં દેશવિરતિ પ્રત્યાખ્યાન છે. તે સિવાય જો શ્રમણના ઉપાશ્રયમાં તથા સામાયિકની સાધનામાં શ્રમણોપાસક બેઠા હોય તોપણ તે દેશવિરતિ જ ધારણ કરેલ હોય છે. તેમને ઘર-સંસાર, વ્યાપાર આદિ પ્રવૃત્તિઓ ચાલુ હોય છે, સંબંધ છૂટ્યો હોતો નથી. તે એક મુહૂર્ત આદિ સમય માત્રને માટે ૨ કરણ ૩ યોગથી સાવદ્યત્યાગી હોય છે. કષાય પણ ૧૬ માંથી ૮નો ક્ષય આદિ કરેલ હોય છે. આઠ કષાય અને નવ નોકષાય આદિ પ્રકૃતિઓ ક્ષય નથી કરી હોતી. તેથી સામાયિકમાં પણ તેને સાંપરાયિક ક્રિયાઓમાંથી જ કેટલીય ક્રિયાઓ લાગે છે. જેથી તેને સામાયિકમાં પણ માત્ર ઈર્યાવહિયા ક્રિયા જ લાગે છે એવી કક્ષા હોતી નથી. આ કારણે જ અહીં શ્રાવકને માટે ઈર્યાવહિ ક્રિયા, જે ૧૧ થી ૧૩ ગુણસ્થાન સુધી હોય છે, તેનો નિષેધ કર્યો છે, કારણ કે તે ક્રિયા વીતરાગ શ્રમણને જ હોઈ શકે છે.

શ્રાવકને કોઈપણ ત્રસ જીવોની હિંસાના સંકલ્પનો ત્યાગ હોય છે. અર્થાત્ મારવાના સંકલ્પથી મારવાનો ત્યાગ હોય છે. તો જ્યારે તે પૃથ્વી ખોદી રહ્યો હોય તે સમયે અચાનક કોઈ ત્રસ જીવ ત્યાં મરી જાય તો તેનું અહિંસાવ્રત ખંડિત થતું નથી, જીવ વિરાધનાનો દોષ અને કર્મબંધ થઈ શકે છે. આ જ રીતે શ્રાવક કોઈ વનસ્પતિની હિંસાનો ત્યાગી હોય અને તે જ વનસ્પતિની જડ ભૂમિ ખોદવા સમયે કપાઈ જાય તો તેનો ત્યાગ ખંડિત થતો નથી.

અણગાર પણ જો ઉપયોગ વિના(વિવેક વિના) ચાલે, બેસે, સૂએ, ભંડોપકરણ પણ વિવેક વિના રાખે, અયતનાથી બધી પ્રવૃત્તિઓ કરે તો જીવરક્ષાનું લક્ષ્ય ન હોવાથી, સંયમનું લક્ષ્ય નહિ હોવાથી તેની તે પ્રવૃત્તિ સૂત્ર વિપરીત થાય છે, સૂત્રાનુસાર થતી નથી. જેથી તેને પણ સાંપરાયિક ક્રિયા લાગે છે. ઉપયોગ સહિત વિવેક યુક્ત અપ્રમત્ત ભાવથી વર્તન કરનાર શ્રમણ જ આગળ વધીને વીતરાગ દશા પ્રાપ્ત કરી ઈર્યાવહિ ક્રિયા કરે છે, તે સૂત્રાનુસાર પ્રવૃત્તિ કરનારા બને છે. અપ્રમત્ત ભાવોથી સૂત્રાનુસાર આચરણ હોવાથી તેના કષાય પણ ક્ષીણ થઈ જાય છે. ત્યારે તેને વીતરાગ દશા પ્રાપ્ત થઈ જવાથી ઈર્યાવહિ ક્રિયા લાગે છે અને સંપરાય ક્રિયા તેને બંધ થઈ જાય છે.

**પ્રશ્ન–૪ : શ્રમણ-નિર્ગ્રંથને પ્રાસુક એષણીય આહારાદિ પ્રદાન કરવાથી શ્રમણોપાસક શું પ્રાપ્ત કરે છે ?**

**જવાબ :** શ્રમણોપાસક પ્રાસુક-એષણીય આહાર શ્રમણ નિર્ગંથને પ્રતિલાભિત કરીને તેના સંયમમાં સમાધિ પહોંચાડે છે અને તેને સમાધિ પહોંચાડીને પોતે પણ એવી સમાધિને પ્રાપ્ત કરે છે અર્થાત્ સંયમ પાલનની અનુમોદનાનો સંયમ લાભ પ્રાપ્ત કરે છે.

તે શ્રમણોપાસક શ્રમણને વહોરાવીને પોતાના જીવન નિર્વાહના સાધનનો દેશત્યાગ કરે છે. બીજાને જે વસ્તુ આપી નથી શકતો ત્યાં સુધી કે ઘરના બાળકોને પણ આપવામાં જેનું મન ઓછું ચાલે છે એવા દુષ્ત્યાજ્ય પદાર્થ શ્રમણને સહર્ષ ભાવથી આપી દે છે. આમ અન્યથી દુષ્કર એવા કાર્યને કરે છે. ભાવ સહિત પોતાના પદાર્થોનો મોહ દૂર કરીને શ્રમણોને પ્રદાન કરતા શ્રાવક શ્રેષ્ઠ ત્યાગ કરે છે, જેથી દુર્લભ અને શ્રેષ્ઠ લાભ પ્રાપ્ત કરે છે, મહાન નિર્જરા અને સહજ પુણ્ય સંચય કરે છે, ધર્મભાવોની વૃદ્ધિ કરે છે યાવત્ એક દિવસ સર્વ કર્મ ક્ષય કરનાર બને છે.





**પ્રશ્ન–૫ : કર્મ ક્ષય કરીને કર્મ રહિત બની ગયા પછી જીવ ગતિ કેવી રીતે કરે છે ? મોક્ષમાં લોકાગ્રે કેવી રીતે જાય છે ?**

**જવાબ :** વાસ્તવમાં કર્મ રહિત જીવની ગતિ આદિ કોઈ પ્રવૃત્તિ હોતી નથી. તેથી સિદ્ધ ભગવંત અનંતકાલ સુધી એક સમાન સ્થિતિમાં શાશ્વત સ્થિત રહે છે. તોપણ અકર્મા જીવની એક વાર પ્રારંભમાં એક સમય માત્રની જે ગતિ હોય છે તેના કારણ આ પ્રમાણે દર્શાવ્યા છે– **(૧) નિસ્સંગતાથી–** કર્મ લેપ હટીજવાથી. જે પ્રમાણે માટી અને ઘાસના આઠ લેપ સૂકવી સૂકવીને લગાડેલ તુંબડાને પાણીમાં છોડી દેવાથી તે નીચી ગતિ કરીને ડૂબી જાય છે. પછી પાણીથી લેપ ઉતરી જતાં અને માટી ઘાસના બંધનનો સંગ છૂટી જતાં, સ્વતઃ ઊંચી ગતિ કરીને ઉપર આવી જાય છે. એ જ ન્યાયે કર્મલેપ છૂટી જવાથી જીવની એક વાર સ્વતઃ ઉર્ધ્વગતિ થાય છે. **(૨) બંધન-છેદનથી–** મગ આદિની શિંગ તડકામાં સુકાઈ જતાં તેમાંથી બી ઉછળીને ગતિ કરે છે તે જ રીતે કર્મના બંધન તૂટી જતાં જીવની એક વાર ઉર્ધ્વગતિ થાય છે. (૩) નિરંધનતાથી– ઈંધનનો સાથ છૂટી જવાથી ધુમાડો ઉપરની તરફ ગતિ કરે છે તે જ ન્યાયે કર્મ ઈંધનથી રહિત થઈ જવા પર જીવની ઉર્ધ્વગતિ થાય છે. (૪) પૂર્વ પ્રયોગથી– ધનુષ ખેંચીને બાણ ફેંકયા પછી પણ તે બાણ કેટલીય વાર સુધી ગતિ કરતું રહે છે, તે જ પ્રમાણે કર્મ આત્માથી પૂર્ણપણે છૂટી જતાં પણ તે પૂર્વ પ્રયોગથી કર્મ મુક્ત જીવની એક સમયને માટે ગતિ થાય છે. આમ એ ચાર પ્રકારના હેતુઓથી કર્મરહિત જીવ પણ એક સમય માત્રને માટે ગતિ કરે છે.

કર્મ સહિત જીવ જ અહીં સંસારમાં રહીને દુઃખી સુખી થાય છે, દુઃખથી સ્પૃષ્ટ–અભિભૂત થાય છે. એ જ રીતે ૨૪ દંડકના જીવનું સમજી લેવું. ૧. આ જ રીતે સકર્મા જીવ દુઃખથી સ્પૃષ્ટ થવા સમાન, ૨. સકર્મા જીવ જ કર્માશ્રવ કરે છે, ૩. અને કર્મોની ઉદીરણા, ૪. વેદના ૫. નિર્જરા પણ સકર્મા જીવ કરે છે.

**પ્રશ્ન–૬ : શ્રમણ પોતાના આહારને સદોષ કરીને કેવી રીતે ખાય છે અને નિર્દોષ ભોજન કેવી રીતે કરે છે ?**

**જવાબ :** ગોચરીમાં લઈ આવેલ નિર્દોષ ખાદ્યપદાર્થ કે પેયપદાર્થને શ્રમણ (૧) સારા મનોજ્ઞ પદાર્થ આવતાં ખુશ–ખુશ થાય; તે આહારની, દાતાની, બનાવનારની પ્રસંશા,અનુમોદના કરે; તે પુદ્ગલોને આસક્તિ ભાવથી,

મૂર્ચ્છિત બનીને, ગૃદ્ધિપણું કરીને ખાય તો તે નિર્દોષ પ્રાપ્ત આહારને **ઈંગાલ** નામના દોષવાળો બનાવી લે છે. (૨) આ જ રીતે અમનોજ્ઞ પદાર્થના સંયોગથી મનમાં દુ:ખી થાય; અપ્રીતિ ભાવ કરે; મસ્તક, હાથ, શબ્દ આદિથી નાખુશી બતાવે; ગુસ્સાપૂર્વક નારાજગી, ખેદ, ખિન્નતા દેખાડે; આમ મન વિના, દુ:ખી મનથી આહાર કરે તો તે નિર્દોષ પ્રાપ્ત આહારને **ધૂમદોષ**વાળો બનાવી લે છે. (૩) પ્રાપ્ત આહારમાં સ્વાદવૃદ્ધિ હેતુ મીઠું, મરચું, ખાંડ, ગોળ આદિ સંયોજ્ય– મેળવણી યોગ્ય પદાર્થ ઉમેરીને ભોજનને સ્વાદિષ્ટ બનાવીને, પુદ્ગલોમાં આનંદાનુભૂતિ કરતાં ખાય તો તે પોતાના નિર્દોષ આહારને **સંયોજનાદોષ** વાળો બનાવીને ખાય છે.

જે શ્રમણ આ પ્રમાણે નહિ કરતા પ્રાપ્ત આહારને અનાસક્તિપૂર્વક હર્ષ-શોક કર્યા વિના ખાય છે, વિરક્તિ ભાવ સ્થિર રાખીને ખાય છે, પુદ્ગલા-નંદી બનતો નથી, ખિન્ન પણ નહિ થતાં, શાંત સમાધિ ભાવ રાખીને, સ્વાદનું લક્ષ્ય નહિ રાખતા, દેહપૂર્તિ માટે જરૂરી હોવાથી, જે જેવું પ્રાપ્ત થયું છે તેને સારું ખરાબ કંઈ પણ નહિ બોલીને કે વિચારીને આહાર કરે છે, તે શ્રમણને ઉપરના ત્રણે ય દોષ લાગતા નથી, દોષથી બચી જાય છે.

જે શ્રમણ નિર્દોષ પ્રાપ્ત આહારને (૧) બે ગાઉ ઉપરાંત આગળ લઈ જઈને ખાય-પીએ (૨) પ્રથમ પ્રહરમાં લાવીને ચોથા પ્રહરમાં તે ખાય-પીએ (૩) દિવસમાં પ્રાપ્ત આહારને સૂર્યાસ્ત પછી કે રાત્રિમાં ખાય (૪) શરીરને અનાવશ્યક એવી અધિક માત્રામાં બિનજરૂરી ખાય તો તે શ્રમણ આ ચારે ય દોષ યુક્ત આહાર કરનાર બને છે. ૧. સાધુએ અન્યત્ર આહાર લઈ જવાની ક્ષેત્રમર્યાદા બે કોશની છે. ૨. નવકારશીમાં લાવેલ પદાર્થ ત્રણ પ્રહર સુધી ખાવા-પીવાની જ કાલ મર્યાદા છે. ૩. રાત્રિ ભોજનનો સાધુને ત્યાગ આજીવન હોય છે. ૪. બ્રહ્મચર્ય સમાધિ અને સ્વાસ્થ્ય સુરક્ષાને માટે તથા સદા ઊણોદરી તપને માટે શ્રમણે અલ્પ અથવા મર્યાદિત આહાર કરવાનો હોય છે. વિવેક વિના કે આસક્તિથી અમર્યાદિત ખાવું શ્રમણ જીવનને માટે યોગ્ય હોતું નથી.

**શ્રમણનો પૂર્ણ નિર્વદ્ય–નિર્દોષ આહાર–** સાવદ્ય પ્રવૃત્તિઓના પૂર્ણ ત્યાગી, સંસ્કાર શૃંગારથી રહિત શ્રમણ-નિર્ગ્રંથ અચિત્ત અને ત્રસ જીવ રહિત, ૪૨ દોષ રહિત આહાર કરે, જાતે આરંભ કરે–કરાવે નહિ, સંકલ્પ કરે નહિ, નિમંત્રિત- ક્રીત–ઉદ્દિષ્ટ આહાર ગ્રહણ ન કરે. નવકોટિ શુદ્ધ આહાર સંયમયાત્રા





નિર્વાહ માટે કરે; સુડ-સુડ કે બચ-બચ અવાજ નહિ કરીને, નીચે નહિ ઢોળતાં, અલ્પ માત્રામાં પણ સ્વાદ નહિ માણતા આહાર કરે; માંડલાના પાંચ દોષ ન લગાડે. જલ્દી-જલ્દી કે અત્યંત ધીમે-ધીમે આહાર ન કરે; વિવેકયુક્ત સમ-પરિણામોથી આહાર કરે, તો એ શાસ્ત્રાનુસાર, નિર્વદ્ય આહાર કર્યો કહેવાય છે. ।। ઉદ્દેશક–૧ સંપૂર્ણ ।।

**પ્રશ્ન–૭ : પચ્ચક્ખાણના કેટલા પ્રકાર છે અને સુપ્રત્યાખ્યાન કોને કહે છે ?**

**જવાબ :** જેણે જીવ-અજીવ, ત્રસ-સ્થાવર પ્રાણીઓને, તેઓના સ્વરૂપને સારી રીતે જાણી લીધું છે અને તેને સમજીને તે સર્વ પ્રાણીઓની હિંસાનો ત્યાગ કરે છે, તેના પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન છે. તે પોતાને હિંસા ત્યાગી કહે, માને, તોપણ તેનું કહેવું અને માનવું સત્ય છે. આ જ રીતે જે અસત્ય, ચોરી, કુશીલ, પરિગ્રહ આદિનું યથાર્થ સ્વરૂપ સમજીને તે પાપોનો ત્યાગ કરે છે તો તેના પ્રત્યાખ્યાન યથાર્થ છે. તે સિવાય અન્ય જે પણ વ્રત-નિયમ, તપ-ત્યાગ કરે છે, તેના સ્વરૂપને અને વિધિ-વિધાનને પણ સારી રીતે સમજીને કરે તથા લીધેલા તે ત્યાગ પ્રત્યાખ્યાનોનું યથાર્થ પાલન ભાવપૂર્વક કરે છે, તો તેના પચ્ચક્ખાણ સુપચ્ચક્ખાણ છે અને આચરણ પણ શ્રેષ્ઠ આરાધનારૂપ હોવાથી તે જ સાચો પંડિત છે અને તે જ વાસ્તવમાં સંવૃત્ત કહેવાય છે.

**પચ્ચક્ખાણના ભેદ-પ્રભેદ–** પ્રત્યાખ્યાનના બે પ્રકાર છે– દેશ પ્રત્યાખ્યાન અને સર્વપ્રત્યાખ્યાન. દેશપ્રત્યાખ્યાન શ્રાવકના અને સર્વપ્રત્યાખ્યાન શ્રમણના હોય છે. ફરી તે બંનેના બે બે ભેદ છે– (૧) દેશમૂલ ગુણ પ્રત્યાખ્યાન (૨) દેશ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન. (૧) સર્વ મૂલગુણ પ્રત્યાખ્યાન અને (૨) સર્વ ઉત્તર ગુણ પ્રત્યાખ્યાન.

(૧) દેશ મૂલગુણ પ્રત્યાખ્યાનમાં શ્રાવકના પાંચ અણુવ્રત છે. (૨) દેશ ઉત્તરગુણ પ્રત્યાખ્યાનમાં શ્રાવકના ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત છે તથા અન્ય પણ ત્યાગ-તપ-નિયમ દેશ ઉત્તરગુણ પ્રત્યાખ્યાનમાં સમાવિષ્ટ થાય છે. (૩) શ્રમણના પાંચ મહાવ્રત અને રાત્રિભોજન ત્યાગ સર્વ મૂલગુણ પ્રત્યાખ્યાન છે. (૪) શ્રમણના અન્ય ત્યાગ તપ આદિ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન છે. અહીં મૂલપાઠમાં ૧૦ પ્રત્યાખ્યાન ઉત્તરગુણમાં કહ્યા છે, જેનું સ્વરૂપ પ્રશ્નોત્તરી ભાગ–૨, પૃષ્ટ–૧૯૧માં સ્થાનાંગ સૂત્રના દશમા સ્થાનમાં

સમજાવેલ છે. સ્વાધ્યાય ધ્યાન આદિ પણ શ્રમણના ઉત્તરગુણમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે. *–ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન–૨૯.*

૨૪ દંડકમાં ૨૨ દંડકવર્તી જીવ અપ્રત્યાખ્યાની જ હોય છે. **તિર્યંચ પંચેન્દ્રિય** અપ્રત્યાખ્યાની, દેશ મૂલગુણ પ્રત્યાખ્યાની અને દેશ ઉત્તરગુણ પ્રત્યાખ્યાની હોય છે. મનુષ્ય અપ્રત્યાખ્યાની, દેશ મૂલગુણ, દેશ ઉત્તરગુણ, સર્વમૂલગુણ, સર્વ ઉત્તરગુણ પ્રત્યાખ્યાની એમ પાંચે ય પ્રકારના હોઈ શકે છે.

**અલ્પબહુત્વ–તિર્યંચ પંચેન્દ્રિયમાં–** દેશ મૂલગુણ પ્રત્યાખ્યાની અલ્પ હોય છે, તેનાથી દેશ ઉત્તરગુણ પ્રત્યાખ્યાની અસંખ્યગુણા, અપ્રત્યાખ્યાની અસંખ્ય ગુણા. **મનુષ્યમાં–** સર્વ મૂલગુણ પ્રત્યાખ્યાની(શ્રમણ)અલ્પ હોય છે, દેશ મૂલગુણ પ્રત્યાખ્યાની(શ્રાવક)સંખ્યાતગુણા, અપ્રત્યાખ્યાની(સમુચ્છિંમ મનુષ્ય) અસંખ્યાતગુણા. આ જ રીતે ઉત્તરગુણ પ્રત્યાખ્યાની પણ જાણવા.

મનુષ્યમાં પ્રત્યાખ્યાની, અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાના-પ્રત્યાખ્યાની એ ત્રણે વિકલ્પ હોય છે તેમજ સંયત, અસંયત અને સંયતાસંયત એ ત્રણે ભેદ હોય છે. તિર્યંચ પંચેન્દ્રિયમાં બે–બે ભેદ હોય છે, તેમાં સંયત અને પ્રત્યાખ્યાની(સર્વની અપેક્ષા) હોતા નથી. ॥ ઉદ્દેશક–૨ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૮ : વનસ્પતિના આહાર સંબંધમાં અહીં શું નિરૂપણ છે?**

**જવાબ :** અહીં ત્રીજા ઉદ્દેશકમાં અપેક્ષાથી વનસ્પતિના આહાર સંબંધી વિશેષતાઓ કહી છે, યથા– (૧) વર્ષામાં વનસ્પતિ બહુ આહારી હોય છે. એથી જલ અને જલની સ્નિગ્ધતા પ્રધાન આહાર વનસ્પતિનો દર્શાવેલ છે. (૨) ગરમીમાં કેટલીય વનસ્પતિઓ અધિક લીલી, ખીલેલી–વિકસેલી દેખાય છે. તે વનસ્પતિઓ ઉષ્ણયોનિક પુદ્‌ગલને વિશેષ ગ્રહણ કરે છે. તેમાં ઉષ્ણ યોનિક જીવો અને પુદ્‌ગલોનો અધિક ચય-ઉપચય થાય છે. (૩) વનસ્પતિના દસ વિભાગ કહ્યા છે, તે પોતાના પૂર્વ-પૂર્વ (પહેલાં-પહેલાં)ના વિભાગમાંથી આહાર ગ્રહણ કરી પરિણમાવે છે. કંદના જીવ મૂળના જીવોથી આહાર ગ્રહણ કરી પરિણમાવે છે. આ રીતે યાવત્ બીજના જીવ ફળના જીવોથી આહાર ગ્રહણ કરે છે, કારણ કે તેઓ ફળના જીવોથી પરિવેષ્ટિત–બંધાએલ હોય છે.

અહીં સાપેક્ષ કથન કરતાં દર્શાવ્યું છે કે વર્ષાઋતુ પછી ક્રમશઃ વનસ્પતિ અલ્પ-અલ્પ આહારી બને છે, અંતમાં ગ્રીષ્મઋતુમાં પ્રાયઃ વનસ્પતિઓ અલ્પ





આહારી રહે છે. તોપણ ઉષ્ણયોનિક વનસ્પતિઓ તે સમયે પણ ઉષ્ણયોનિક જીવોની ઉત્પત્તિથી અને ઉષ્ણયોનિક પુદ્‌ગલ સંયોગથી અધિક ફાલે-ફૂલે છે.

બધા વિભાગના જીવોના આત્મપ્રદેશ પોતાના વિભાગ સુધી સ્પૃષ્ટ અને અવગાહિત હોય છે. છતાં પણ પોતાના પૂર્વ વિભાગથી તે વિભાગ સંલગ્ન(પ્રતિબદ્ધ-સંબદ્ધ) હોય છે. જેનાથી તે આહાર પ્રાપ્ત કરે છે. અનંત-કાયિક સાધારણ વનસ્પતિમાં એક એક શરીરમાં અનંત-અનંત જીવ હોય છે તે જીવોનું ઔદારિક શરીર, જન્મ-મરણ, શ્વાસોશ્વાસ આદિ એકરૂપ હોય છે તોપણ તેજસ-કાર્મણ શરીર, અધ્યવસાય, કર્મ અને આત્મતત્ત્વની અપેક્ષા બધાનું પોતાનું અલગ અસ્તિત્વ પણ હોય છે.

**પ્રશ્ન–૯ : લેશ્યાની સાથે અલ્પકર્મી-મહાકર્મીની તુલના કેવી રીતે થાય છે ?**

**જવાબ :** સ્વાભાવિક રીતે નારકીમાં કૃષ્ણલેશી મહાકર્મી અને ક્રમશઃ નીલ અને કાપોતલેશી તેનાથી અલ્પકર્મી મનાય છે. તોપણ સ્થિતિની અપેક્ષા જે નૈરયિકની સ્થિતિ આયુષ્યનો વધુ કાલ વીતી ચૂકયો હોય છે, અલ્પ ઉંમર જ બાકી રહી હોય તે અપેક્ષા કૃષ્ણલેશીથી નીલલેશી નૈરયિક ક્યારેક મહાકર્મી હોઈ શકે છે અને કૃષ્ણલેશીથી કાપોતલેશી અધિકકર્મી હોઈ શકે છે. આમ કુલ ૨૩ દંડકમાં લેશ્યાથી તુલના કરાય છે. જ્યોતિષી દેવોમાં કેવલ એક તેજોલેશ્યા હોવાથી તેમાં તુલના હોતી નથી. તાત્પર્ય એ છે કે કોઈ પણ લેશ્યા વાળા અલ્પકર્મી યા મહાકર્મી કોઈને કોઈ અપેક્ષાએ થઈ શકે છે. ત્રેવીસે ય (જ્યોતિષી વિના) દંડકમાં એકાંત નહિ માનીને સર્વત્ર અનેકાંતિક વિકલ્પ સમજવો જોઈએ.

**પ્રશ્ન–૧૦ : વેદના-નિર્જરાનો પરસ્પર શું સંબંધ છે ?**

**જવાબ :** કર્મોની વેદના પછી નિર્જરા થાય છે. વેદનાનો સમય પહેલાં છે, નિર્જરાનો સમય તેના પછી છે. વેદના, આત્મામાં લાગેલ કર્મોની થાય છે. વેદન પછી કર્મ, નોકર્મરૂપ બની જાય છે. તે નોકર્મસ્વરૂપની નિર્જરા થાય છે. આ પ્રકારે ચોવીસે ય દંડકમાં કર્મની વેદના પહેલાં અને નોકર્મસ્વરૂપની નિર્જરા પછીના સમયમાં થાય છે. કર્મવેદન પછી આત્મામાંથી તે કર્મની સ્થિતિ સમાપ્ત થઈ જાય છે. તેથી તેને નોકર્મ કહેવામાં આવેલ છે.

૨૪ દંડક, સર્વ જીવોની અપેક્ષા શાશ્વત છે. એક જીવની અપેક્ષા

અને પર્યાયની અપેક્ષા અશાશ્વત છે. કારણ કે એક જીવ અધિકતમ ૩૩ સાગરોપમ સુધી જ નરકમાં રહે છે. આમ ચોવીસે ય દંડકમાં મર્યાદિત સ્થિતિ હોય છે. ॥ ઉદ્દેશક–૩ સંપૂર્ણ ॥ ॥ ઉદ્દેશક–૪,૫ સંક્ષિપ્ત ॥

**પ્રશ્ન–૧૧ : આયુષ્ય કર્મવેદન અથવા આયુષ્ય કર્મબંધના વિષયમાં અહીં શું નિરૂપણ કરવામાં આવ્યું છે ?**

**જવાબ :** જીવ આ ભવમાં રહેતા થકાં જ આગળના ભવનું આયુષ્ય બાંધે છે. મૃત્યુ સમયે અથવા મર્યા પછી ઉત્પત્તિ સ્થાનમાં ત્યાંનુ આયુષ્ય નથી બાંધતો. અહીંનું આયુષ્ય પૂર્ણ થયા પછી માર્ગમાં જીવ પરભવના(આગળના) આયુષ્યનું વેદન કરે છે અને જન્મ સ્થળમાં પહોંચીને પણ ત્યાં પરભવના(અહીંના મરવાના સ્થાનની અપેક્ષા) આયુષ્યનું વેદન કરે છે.

નરકમાં ઉત્પન્ન થનારા જીવ પોતાના પૂર્વભવના અંતિમ સમયમાં અલ્પ વેદનાવાળો અથવા મહાવેદનાવાળો કંઈ પણ થઈ શકે છે. નરકમાં ઉત્પન્ન થતાં વાટે વહેતામાં પણ અલ્પવેદના અથવા મહાવેદનાવાળો થઈ શકે છે પરંતુ ઉત્પન્ન થયા પછી જીવનભર તે એકાંત દુઃખરૂપ વેદના વેદે છે. કદાચિત્ દેવ સંયોગે(દેવકૃપાથી)શાતા વેદના વેદે છે. આ જ રીતે દેવમાં ઉત્પન્ન થનારા જીવના સંબંધમાં પણ સમજી લેવું. દેવ ઉત્પન્ન થયા પછી જીવનભર એકાંત સુખરૂપ વેદના વેદે છે કદાચિત્ દેવકોપથી અશાતા વેદના પણ વેદે છે.

પ્રત્યેક જીવ પોતાના જીવનમાં ક્યારે ય પણ એકવાર આગળના ભવનું આયુષ્ય બાંધે છે પરંતુ કોઈને એ જાણવા નથી મળતું કે હું અત્યારે આયુષ્ય બાંધી રહ્યો છું કે મારું આગળનું આયુષ્ય બંધાઈ ગયું. આ જ કારણે આયુષ્ય બંધને અનાભોગ નિવર્તિત કહેલ છે. કેવલી ભગવાન જાણી શકે છે કે આ જીવ આયુષ્ય બાંધી રહ્યો છે કે એણે આયુષ્ય બાંધી લીધું છે.

૧૮ પાપના ત્યાગથી જીવ સુખરૂપ શાતા વેદનીય કર્મોનો સંગ્રહ–બંધ કરે છે. પાપોના સેવનથી જીવ દુઃખરૂપ ફળવાળા અશાતા વેદનીય–**કર્કશ વેદનીય** કર્મ બાંધે છે.

પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ એ બધા જીવોને સુખ પહોંચાડવાથી, તે જીવોના જીવનની અપેક્ષા રાખવાથી, અનુકંપા–દયા કરવાથી, તે જીવોને દુઃખ, સંતાપ કે પરિતાપ નહિ પહોંચાડવાથી જીવ શાતાવેદનીય કર્મ બાંધે છે, સંગ્રહ કરે છે. એનાથી વિપરીત તે જીવોને દુઃખ પહોંચાડવાથી અને શોક,





સંતાપ, પરિતાપ પહોંચાડવાથી જીવ અશાતા વેદનીય કર્મબંધ કરે છે.

**પ્રશ્ન–૧૨ : આપણે ત્યાં છટ્ઠા આરામાં ભૂમિની અને મનુષ્યોની શી દશા થશે ?**

**જવાબ : છટ્ઠો આરો–દુષમ-દુષમાકાલ–** આપણે ત્યાં ભરતક્ષેત્રમાં આ પાંચમા આરા પછી છટ્ઠો આરો આવશે. એ કાળ મનુષ્ય, પશુ-પક્ષીઓ માટે દુઃખજનક હાહાકાર શબ્દથી વ્યાપ્ત હશે. આ આરાના પ્રારંભમાં ધૂળયુક્ત ભયંકર આંધી ચાલશે, પછી સંવર્તક વાયરો ચાલશે. અરસ, વિરસ, અગ્નિ, વીજળી મિશ્રિત વર્ષા થશે. જીવજંતુ, વનસ્પતિઓ, મનુષ્ય, પશુ-પક્ષી, પર્વત, નગર, નદીઓ બધું નષ્ટ ભ્રષ્ટ થઈ જશે. કેવલ શાશ્વત ગંગાસિંધુ નદી અને વૈતાઢ્ય પર્વત રહેશે. તે વૈતાઢ્ય પર્વતમાં ગુફારૂપમાં ૭૨ બિલ બંને નદીઓના કિનારે છે. તેમાં કેટલાક મનુષ્ય તિર્યંચ રહેશે. બંને નદીઓના પાણીનો પાટ (પહોળાઈ) રથના બંને પૈડાના અંતર જેટલો રહેશે અને રથની ધરી પ્રમાણ પાણી ઊંડુ રહેશે; જેમાં ઘણા મચ્છ-કચ્છ હશે. એ સમયે મનુષ્ય દીન, હીન, કાળા, કુરૂપ હશે. ઉત્કૃષ્ટ એક હાથપ્રમાણ શરીરની અવગાહના હશે અને અધિકતમ(વધારેમાં વધારે) ૨૦ વર્ષની ઉંમર હશે. એ સમયે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંહનન, સંસ્થાન સર્વ અશુભ હશે.

તે મનુષ્ય બહુ રોગી, ક્રોધી, માની, માયી, લોભી હશે. તેઓ સવારે-સાંજે બિલોમાંથી બહાર નીકળશે અને મચ્છ કચ્છને પકડીને જમીનમાં દાટી દેશે. સવારે દાટેલાને સાંજે કાઢીને ખાશે અને સાંજે દાટેલાને સવારે કાઢીને ખાશે. સૂર્ય ખૂબ તપશે અને ચંદ્ર અત્યંત શીતળ(રાત્રિ અત્યંત ઠંડી) થશે. જેથી દાટેલા મચ્છ કચ્છ આદિ પાકી જશે. તે સમયે અગ્નિ નહિ હોય. વ્રત પચ્ચક્ખાણથી રહિત તે મનુષ્યો માંસાહારી સંક્લિષ્ટ પરિણામી હશે અને મરીને પ્રાયઃ નરક તિર્યંચ ગતિમાં જશે. આ આરો ૨૧ હજાર વર્ષનો હશે. મનુષ્યોનો વધેલો-બચેલો આહાર, હાડકાં, માંસ, ચામડું આદિ પશુ-પક્ષી ખાઈને રહેશે–જીવશે. તેઓ પણ પ્રાયઃ નરક, તિર્યંચમાં જશે. ॥ ઉદ્દેશક–૬ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૩ : કામ અને ભોગનું વર્ણન અહીં કઈ અપેક્ષાએ છે ?**

**જવાબ :** પ્રસ્તુત ઉદ્દેશક–૭માં પાંચ ઈન્દ્રિયના વિષયોની અપેક્ષા કામ અને ભોગનું વર્ણન છે. કાન અને આંખના વિષય–શબ્દ અને રૂપને કામ કહેલ છે તથા નાક, જીભ અને શરીરના વિષય ગંધ, રસ અને સ્પર્શને ભોગ કહેલ છે.

તેથી કાન અને આંખવાળા જીવને કામી કહ્યા છે અને નાક, જીભ અને શરીર વાળા જીવને ભોગી કહ્યા છે. કામથી કેવલ ઈચ્છા-મનની તૃપ્તિ થાય છે અને ભોગથી પ્રાપ્ત પુદ્ગલોથી શરીરની પણ તુષ્ટિ-પુષ્ટિ થાય છે. કામ અને ભોગની વૃત્તિ પ્રવૃત્તિ જીવોને જ હોય છે, અજીવોને હોતી નથી. પરંતુ કામ-ભોગના પદાર્થ અર્થાત્ ઈન્દ્રિય વિષયરૂપ પદાર્થ સજીવ-અજીવ બંને પ્રકારના હોઈ શકે છે.

૨૪ દંડકમાં એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય જીવ કેવલ ભોગી જ હોય છે; ચૌરેન્દ્રિય-પંચેન્દ્રિય કામી-ભોગી બંને હોય છે.

**અલ્પબહુત્વ–** (૧) કામી ભોગી અલ્પ હોય છે અને (૨) ભોગી તેનાથી અનંતગણા હોય છે. સિદ્ધ જીવોને પણ સાથે રાખવાથી બધાથી થોડા કામી ભોગી, નોકામી નોભોગી સિદ્ધ અનંતગણા, ભોગી જીવ અનંતગણા.

સ્વેચ્છાથી અને ઉપલબ્ધ ભોગોનો ત્યાગ કરવાથી મહાનિર્જરા થાય છે અથવા તો કર્મોનો અંત પણ થાય છે જેથી જીવ દેવગતિમાં કે મોક્ષગતિમાં જાય છે.

છદ્મસ્થ મનુષ્ય અને આધોવધિ જ્ઞાની મનુષ્ય જો દેવલોકમાં ઉત્પન્ન થાય તો તેઓ ત્યાં ક્ષીણભોગી હોતા નથી કારણ કે તેઓ ત્યાં વિપુલ કામભોગોનું સેવન કરે છે. જો આગામી (દેવ પછીના) ભવમાં તેઓ ભોગોનો પરિત્યાગ કરે તો મહાનિર્જરા અને મુક્તિ પ્રાપ્ત કરે છે.

પરમ અવધિજ્ઞાની અને કેવળજ્ઞાની એ જ ભવમાં મુક્ત થાય છે એથી તેઓ ક્ષીણભોગી કહેવાય છે. તેઓ કામભોગોનું સેવન કરતા નથી. આ શાસ્ત્રપાઠના પ્રશ્ન-ઉત્તરથી સ્પષ્ટ થાય છે કે પરમાવધિજ્ઞાની તે જ ભવમાં મુક્ત થાય છે તેઓ ચરમ શરીરી હોય છે.

અસંજ્ઞી જીવ ઈચ્છા અને જ્ઞાનના અભાવમાં ઈચ્છિત સુખ ભોગવી શકતા નથી અને સંજ્ઞી જીવ આળસ અને અનુપયોગથી ઈચ્છિત સુખ ભોગવી શકતા નથી. આ તેઓની **અકામ નિકરણ વેદના** છે. સંજ્ઞી જીવ ઈચ્છા– અભિલાષા હોવા છતાં સાધનોના અભાવમાં કે ક્ષમતાના અભાવમાં ઈચ્છિત સુખ ભોગવી શકતા નથી. એ તેઓની **પ્રકામ નિકરણ વેદના** કહી છે. યથા– સમુદ્ર પારની વસ્તુઓ જોવી તથા દેવલોકના સુખોને પ્રાપ્ત કરવાના સાધન અથવા ક્ષમતા સંજ્ઞી મનુષ્યમાં પણ હોતી નથી. ॥ ઉદ્દેશક–૭ સંપૂર્ણ ॥





**પ્રશ્ન–૧૪ : આત્મા અને ક્રિયાના વિષયમાં સમાનતા કઈ રીતે કહી છે ?**

**જવાબ :** હાથી અને કીડીમાં આત્મા સમાન હોય છે. બધા આત્માઓના આત્મપ્રદેશ એક સમાન અસંખ્ય હોય છે. જેમ એક દીપકનો પ્રકાશ કમરામાં ફેલાએલ છે તેને કોઠી (બેરલ–પીપડા)માં રાખી દઈએ તો તેનો પ્રકાશ તેમાં સમાઈ જશે, ઘડામાં રાખી દઈએ તો તેમાં સમાઈ જશે અને નાની ડબ્બીમાં રાખી દઈએ તો તેમાં સમાઈ જશે. તેની જેમ આત્મપ્રદેશોનો સ્વભાવ સંકોચ વિસ્તારવાળો છે. તેને જેવું શરીર પ્રાપ્ત થશે તેમાં સમાવિષ્ટ થઈ જશે. માટે એમ કહ્યું છે કે હાથી અને કીડીમાં આત્મા એક સમાન છે. અપ્રત્યાખ્યાન ક્રિયા હાથી અને કીડી-કંથવાને સમાન જ લાગે છે. કારણ કે અવિરતિભાવની અપેક્ષા બંને સમાન છે. ॥ ઉદ્દેશક–૮ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૫ : મહાશિલાકંટક અને રથમૂસલસંગ્રામનું શું વર્ણન છે ?**

**જવાબ :** હાર અને હાથીને માટે કોણિક રાજા અને ચેડા રાજા વચ્ચે યુદ્ધ થયું. દસ દિવસમાં કોણિકના દસ ભાઈ ચેડારાજાના હાથે માર્યા ગયા. અગિયારમાં દિવસે કોણિકનો વારો હતો પરંતુ તેણે ત્રણ દિવસ યુદ્ધ સ્થગિત રાખ્યું અને અટ્ઠમ કરીને શક્રેન્દ્ર તથા ચમરેન્દ્રને આહ્વાન કર્યું. બંને પૂર્વભવના મિત્ર હતા. કોણિકના આગ્રહથી બંને યુદ્ધમાં સામેલ થયા. પહેલા દિવસે શક્રેન્દ્રની મદદથી **મહાશિલાકંટકસંગ્રામ** થયો. જેમાં કોણિકના સૈનિક ઘાસ, પથ્થર, કાંકરા કંઈ પણ ફેંકે, ચેડાની સેનામાં મહાશિલા પડયા જેવું થાય. આ યુદ્ધમાં એક જ દિવસમાં ચોરાસી લાખનો જનસંહાર થયો. પ્રથમ દિવસે ચમરેન્દ્ર કેવલ દર્શક રહ્યો. **બીજા દિવસે** ચમરેન્દ્રની મદદથી **રથમૂસલસંગ્રામ** થયો. એમાં યાંત્રિક રથ ચાલતો હતો તેની આગળ મૂસલ–સાંબેલું લગાડેલ હતું તે ફરતું હતું. રથ જ્યાં પણ જતો ત્યાંસાંબેલા દ્વારા જનસંહાર થતો હતો. એ રથમાં કોઈ પણ સૈનિકની આવશ્યકતા ન હતી. દેવનામી તે રથ સ્વયં ચાલતો હતો. ઘણી ઝડપથી દિવસભર ચાલતા રહેવાથી તે દિવસે ૯૬ લાખનો જનસંહાર થયો. બંને દિવસે ચેડારાજાની હાર થઈ, કોણિકની જીત થઈ ગઈ. ચેડા રાજાએ યુદ્ધ બંધ કરી નગરરોધ કરી દીધો. ચમરેન્દ્ર શક્રેન્દ્ર બંને ચાલ્યા ગયા. બે દિવસમાં ૧ કરોડ ૮૦ લાખનો કચ્ચરઘાણ નીકળી ગયો.

**પ્રશ્ન–૧૬ : ચેડા રાજાએ બંને દિવસમાં કોણિકને પોતાના અમોઘ બાણનું નિશાન કેમ ન બનાવ્યો ?**

**જવાબ :** શક્રેન્દ્રે વજ્રમય અમોઘ કવચની વિકુર્વણા કરી અને કોણિકની આગળ રહીને તેની સુરક્ષા કરી. આ પ્રમાણે બંને દિવસ શક્રેન્દ્રની સુરક્ષાના કારણે કોણિક પર ચેડાનું અચૂક બાણ લાગવાનો અવસર જ મળ્યો નહિ.

**પ્રશ્ન–૧૭ : ચમરેન્દ્ર અને શક્રેન્દ્ર બંને સમ્યગ્દષ્ટિ દેવ હતા અને ભગવાન મહાવીરના શ્રદ્ધાવાન હતા તો એવો ખોટો સહયોગ કેમ કર્યો ?**

**જવાબ :** ચમરેન્દ્ર પૂર્વભવનો તાપસી પ્રવ્રજ્યાનો કોણિકનો સાથી હતો અને શક્રેન્દ્ર પૂર્વભવે મિત્ર હતો અને ભગવાનની સેવામાં ક્યારેક કોણિકને વચન આપી ચૂક્યા હતા. વચનબદ્ધ બંને ઈન્દ્રોએ કોણિકના આગ્રહમાં સંમત થવું પડયું. રાજનીતિની પ્રમુખતામાં માન-અપમાનના નશામાં ધર્મનીતિ રીતિ નષ્ટ થઈ જાય છે, બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. આમ તો કોણિક અને ચેડા રાજા આદિ બધા પ્રમુખ જૈન, મહાવીરના પરમ ભક્ત હતા. સંસારી નીતિ કે રાજનીતિના પ્રભાવે કષાયોની તીવ્રતામાં ધર્મ અને ધર્મગુઢ તેમજ તીર્થંકર આદિ કંઇ પણ દેખાતું નથી. તે લોકો કષાય અંધ બની જાય છે. વળી વિના ઈચ્છાએ મિત્રે મિત્રતાનું કર્તવ્ય નિભાવવું પડે છે. દ્રોપદીનું હરણ પણ મિત્ર દેવતાને ઈચ્છા વિના, વનચબદ્ધતાના કારણે કરવું પડયું હતું.

આ જ રીતે રાજનીતિમાં મહાભારતના વર્ણન અનુસાર પાંડવોને સત્ય પક્ષવાળા સમજતા હોવા છતાં પણ દ્રોણાચાર્ય, ભીષ્મપિતા વગેરેને અર્જુનની સામે પ્રતિપક્ષમાં યુદ્ધ ખેલવું પડયું અને દુર્યોધનના અસત્ય પક્ષે હથિયાર ઉઠાવીને પાંડવોની સેનાનો સંહાર કરવો પડેલ. આ બધું હોનહારની પ્રમુખતાથી બનાવ રૂપે બની જાય છે.

**પ્રશ્ન–૧૮ : યુદ્ધમાં મરનારા વીરગતિ પામીને શું દેવગતિમાં જાય છે ?**

**જવાબ :** કષાયના પરિણામોથી તીવ્ર ક્રોધમાં, હિંસક અને રૌદ્રભાવોમાં મરવાથી પ્રાયઃ દુર્ગતિ જ થાય છે. ચેડા-કોણિકના આ યુદ્ધમાં એક જીવ દેવ-લોકમાં ગયો સંલેખના સંથારો કરીને. એક જીવ મિત્રના ધર્મની નકલ કરવાથી મનુષ્યભવ પામ્યો. દસ હજાર જીવ એક માછલીના ગર્ભમાં ગયા. બાકી બધા પ્રાયઃ અલગ-અલગ નરક તિર્યંચમાં ગયા. તાત્પર્ય એ છે કે– 'લડાઈમાં લાડુ નથી વેંચાતા' આ કહેવત છે અર્થાત્ યુદ્ધમાં સારી ગતિ ઓછી થતી હોય છે, દુર્ગતિ વધારે થાય છે. કારણ કે ક્લિષ્ટ, ક્રૂર, હિંસક પરિણામ હોય છે તે નરકગામી બનાવે છે.





**પ્રશ્ન–૧૯ : બે દિવસમાં ૧ કરોડ ૮૦ લાખ સૈનિક મર્યા એ વાત પ્રેક્ટિકલ માનસથી વિચારીને ૧ લાખ ૮૦ હજાર માની શકાય ?**

**જવાબ :** આજ સુધીની કોઈ પણ પ્રાચીન પ્રતમાં એવો પાઠ મળતો નથી, બધી પ્રતોમાં આ જ સંખ્યા મૂળપાઠમાં મળે છે. આ સંખ્યા બે દિવસની છે. અન્ય ૧૦ દિવસના યુદ્ધ અગાઉ પણ થયા હતા જેમાં મળીને ૨ કરોડ મર્યા હોય તો યુદ્ધમાં કેટલા કરોડ આવ્યા હોય ? યુદ્ધનું મેદાન બે ચાર કરોડ ઉભા રહે, છાવણી બાંધે એવા કેટલા મોટા હશે વગેરે બધા પ્રશ્નોનું સમાધાન એ છે કે મૂલપાઠ એમ જ છે તેમાં કોઈ ભેદ વિકલ્પ કે પાઠાંતર નથી. માટે આગમ શ્રદ્ધાથી સ્વીકારવું જ રહ્યું. **सहस्साइ** ના સ્થાને **सयसहस्साइ** ભૂલથી લખાઈ ગયું હોય એવું માનવા માટે અન્ય પ્રતોનું પાઠાંતર પણ કોઈ મળવું જોઈએ. કોઈ આધાર મળ્યા વિના માત્ર તર્ક-વિતર્કથી માની લેવું વ્યક્તિગત કોઈના અધિકારની વાત નથી.

**તર્ક–** ચક્રવર્તી રાજાનું ૯૬ કરોડ મનુષ્યોનું પાયદળ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં કહ્યું છે જે ૬ ખંડની ચક્રવર્તીની ઋદ્ધિ રૂપ છે. અહીં યુદ્ધમાં બંને પક્ષથી આવેલ મનુષ્યોની સંખ્યા ૯૦ કરોડ કહી છે જે કેવલ એક ખંડના આર્યક્ષેત્ર માત્રની સંભવ છે. તો ચક્રવર્તીના ૯૬ કરોડની સામે માત્ર બે પ્રતિપક્ષી રાજાઓની ૯૦ કરોડની પાયદળ સેનાનું કથન શું વિચારણીય નથી બનતું ?

**સમાધાન–** ભગવતી સૂત્રમાં ૯૦ કરોડની સંખ્યાનો પાઠ નથી, ઉપાંગસૂત્રમાં છે. એક કરોડ ૮૦ લાખના મરવાનું કથન પણ ભગવતીસૂત્રમાં જોડીને નથી કહ્યું, ૯૬ લાખ અને ૮૪ લાખ એ બે જ સંખ્યા છે. આ પાઠને હજાર માની લેવાથી મરનારાની સંખ્યા ૧ લાખ ૮૦ હજાર થાય અને પાયદળ સેનાની કરોડની સંખ્યા લાખમાં માનવામાં આવે તો ૯૦ લાખની થાય, જેનો ચક્રવર્તીની ૯૬ કરોડની ૬ ખંડની પાયદળની સંખ્યા સાથે મેળ ખાય. વળી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં ચક્રવર્તીના ઘોડા, હાથીની સંખ્યા લાખોમાં છે તો અહીં કોણિક આદિના ઘોડા આદિની સંખ્યા હજારોમાં છે. એ જ પ્રમાણે ચક્રવર્તીના પાયદળની સંખ્યા કરોડોમાં છે તો એ રાજાઓની લાખોમાં માનવાનું યોગ્ય લાગે છે. આ પ્રમાણ વજનવાળું છે. *तत्त्व केवली गम्यं (तमेव सच्चं णिस्संकं ...)*

**તારણ– सयसहस्साइ** પાઠની જગ્યાએ **सहस्साइ** પાઠ અહીં ભગવતી સૂત્રમાં સ્વીકારવાથી તર્કસંગત શંકાઓનું સમાધાન થઈ જાય છે અને

જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિના ચક્રવર્તીની સેનાના પાઠથી પણ સામંજસ્ય થઈ જાય છે.

**પ્રશ્ન–૧૯ : આ યુદ્ધમાં દેવગતિ તથા મનુષ્યગતિમાં કોણ કેવી રીતે ગયું ?**

**જવાબ :** આ સંગ્રામમાં ચેડા રાજા તરફથી એક શ્રાવક આવેલ હતો જેનું નામ **વઢણનાગનત્તુવા** હતું. તે શ્રાવક નિરંતર છટ્ઠ-છટ્ઠના પારણા કરતો હતો. યુદ્ધમાં જવાના દિવસે તેણે અટ્ઠમ કરેલ. પ્રથમ દિવસે જ તેને છાતીમાં બાણ લાગ્યું, મૃત્યુ સમય નિકટ જાણીને રથ ફેરવ્યો અને એકાંતમાં જઈને આજીવન સંથારાના પચ્ચક્ખાણ કરી બાણ કાઢયું. બાણ કાઢતા જ ઘોર વેદનાની સાથે આયુષ્ય સમાપ્ત થઈ ગયું. તે દેવલોકમાં ઉત્પન્ન થયો. તેના એ પંડિતમરણ પર દેવોએ પુષ્પવૃષ્ટિ આદિ કરી અને દિવ્યગીત ધ્વનિ કર્યો, એ જોઈને લોકો એમ કહેવા લાગ્યા કે યુદ્ધમાં મરનારાની સદ્ગતિ થાય છે. આવા કથનનો લોકોમાં પ્રચાર પણ ઘણો થઈ જાય છે. તે શ્રાવકનો જીવ પ્રથમ દેવલોકમાં ચાર પલ્યોપમની ઉંમર પૂર્ણ કરીને મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય ભવ પ્રાપ્ત કરીને મુક્ત થશે.

આ શ્રમણોપાસકનો અજૈન મિત્ર પણ યુદ્ધમાં આવેલ હતો. ધર્મ-તત્ત્વોને સારી રીતે સમજવાનો તેણે ક્યારેય પ્રયત્ન કર્યો ન હતો પરંતુ યુદ્ધમાં તેણે મિત્ર શ્રાવકની પ્રક્રિયા પર ધ્યાન રાખ્યું હતું. તેમને પણ અચાનક બાણ લાગ્યું, એકાંતમાં જઈને મિત્ર શ્રાવકની ધર્મક્રિયા ઉપર શ્રદ્ધા કરીને તેણે સંક્ષિપ્તમાં પ્રત્યાખ્યાન કર્યા કે– 'મારા મિત્ર શ્રાવકે જે પચ્ચક્ખાણ કર્યા તે જ હું પણ ધારણ કરું છું' આ પ્રકારની શ્રદ્ધા, સરલતા, શાંતિના પરિણામોથી તે આયુષ્ય પૂર્ણ કરીને મનુષ્ય થયો, ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને મોક્ષ જાશે.

આ યુદ્ધ શા માટે થયું હતું તે વિષયક કોણિકના જન્મથી લઈને યુદ્ધની તૈયારી સુધીનું વિસ્તૃત વર્ણન નિરયાવલિકા સૂત્રમાં છે. વચ્ચેનું વર્ણન અહીં ભગવતીસૂત્રમાં કોણિકની જીત અને ચેડાની હાર સુધીનું છે. ત્યાર પછી ચેડા રાજાએ કેવી રીતે નગરરોધ કર્યો આદિ વર્ણન અને હાર-હાથી, વૈહાયસકુમારનું શું થયું, ચેડા રાજા ક્યાં ગયા, કોણિકે નગરનું ભેદન અને સર્વનાશ કેવી રીતે કર્યો વગેરે વર્ણન કથા ગ્રંથોમાં મળે છે. ।। ઉદ્દેશક–૯ સંપૂર્ણ ।।

**પ્રશ્ન–૨૦ : કાલોદાયી અણગારનો શું પરિચય છે અને તેણે ભગવાન સમક્ષ શું શું પ્રશ્ન કર્યા ?**





**જવાબ :** રાજગૃહી નગરીનાં ગુણશીલ ઉદ્યાનની નજીક અન્યતીર્થિકોનો આશ્રમ હતો. ત્યાં કાલોદાયી આદિ અનેક સંન્યાસી રહેતા હતા. એકવાર તેઓમાં પરસ્પર ચર્ચા થઈ કે જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન પંચાસ્તિકાય બતાવે છે તેમાં એક રૂપી ચાર અરૂપી અને એક જીવ, ચાર અજીવ છે વગેરે. તો એવું કેમ માની શકાય ?

સંયોગવશ ભગવાન મહાવીર સ્વામી રાજગૃહીમાં પધાર્યા અને ગુણશીલ ઉદ્યાનમાં બિરાજ્યા. ગૌતમ સ્વામી નગરીમાંથી પોતાના છટ્ઠના પારણાની ગોચરી લઈને આવી રહ્યા હતા. સંન્યાસીઓએ ગૌતમ સ્વામીને આવતા જોયા, આપસમાં વાત કરી કે આપણને અસ્તિકાયની વાત સમજાતી નથી, તો ગૌતમ સ્વામીને પૂછી લેવી જોઈએ. તત્કાલ નિર્ણય કરી કેટલાક સંન્યાસી માર્ગમાં જ ગૌતમસ્વામી પાસે પહોંચી ગયા અને પોતાની શંકા વ્યક્ત કરી. ગૌતમસ્વામીએ વિષયને નહિ લંબાવતા કહ્યું કે–અમે અસ્તિ-ભાવને જ અસ્તિભાવ કહીએ છીએ અને નાસ્તિભાવને નાસ્તિભાવ કહીએ છીએ, અમે કોઈ વિપરીત કથન કરતા નથી, આપ લોકો જાતે તેનો પોતાના જ્ઞાનથી વિચાર કરો.

કાલોદાયીની જિજ્ઞાસા દૃઢ થઈ. તે ભગવાનના સમવસરણમાં ગયા. ભગવાને પોતે જ સંબોધન કરી તેની જિજ્ઞાસા પ્રગટ કરતાં સમજાવ્યું કે– પંચાસ્તિકાયની વાત સત્ય છે. જીવાસ્તિકાય સિવાય ધર્માસ્તિકાય આદિ ચાર અજીવ છે. પુદ્ગલાસ્તિકાયના સિવાય ચાર અરૂપી અસ્તિકાય છે. જીવાસ્તિકાય અરૂપી જીવ છે અને પુદ્ગલાસ્તિકાય રૂપી અજીવ છે.

(૧) ત્યારે કાલોદાયીએ ફરી પૂછયું કે એ પંચાસ્તિકાય છે તો શું એ જીવોને બેસવા, ઉઠવા, સૂવા આદિના ઉપયોગમાં આવે છે ? ભગવાને ફરમાવ્યું કે પાંચમાંથી એક પુદ્ગલાસ્તિકાય જે રૂપી અજીવકાય છે તેના ઉપર જીવોના રહેવા, બેસવા, સૂવા આદિની પ્રવૃત્તિ થઈ શકે છે. શેષ ચાર અરૂપી છે તેના પર એવી કોઈ ક્રિયા થઈ શકતી નથી. કાલોદાયીએ ફરી પ્રશ્ન કર્યો કે–

(૨) હે ભગવન્ ! જીવને અશુભ ફળ આપનારા પાપકર્મ શું આ રૂપી અજીવ પુદ્ગલાસ્તિકાયથી લાગે છે ? ભગવાને કહ્યું– કાલોદાયી ! અજીવ પુદ્ગલાસ્તિ-કાયથી નહિ પરંતુ જીવાસ્તિકાયથી જીવોને હિંસાદિના પાપકર્મ લાગે છે.

સ્કંધક સંન્યાસીની સમાન ભદ્ર પરિણામી કાલોદાયીએ સરલતાપૂર્વક

ઉપદેશ સાંભળ્યો અને વૈરાગ્ય ભાવોથી સંયમ સ્વીકાર્યો. અગિયાર અંગોનું અધ્યયન કર્યું.સંયમ પાલન કરતા કાલોદાયી અણગારે યથાસમય અન્ય પણ પ્રશ્ન ભગવાનને પૂછ્યા હતા, તેના સમાધાનના ભાવ આ પ્રમાણે છે–

(૩) કોઈ સરસ સ્વાદિષ્ટ ભોજન કરે છે જે વિષ મિશ્રિત છે, ખાવામાં તે ભલે સુખકર લાગે છે પરંતુ જ્યારે તેનું પરિણમન થાય છે ત્યારે તે અશુભ ફળદાયી હોય છે. એ જ રીતે જીવને અઢાર પાપોનું સેવન ભલે પ્રારંભમાં સારું લાગે છે પરંતુ તેના પાપનું ફળ ઉદયમાં આવતા જીવે દુઃખરૂપમાં ભોગવવું પડે છે. પરંતુ ઔષધમિશ્રિત ભોજન ખાદ્યપદાર્થ ભલે કડવું અને અપ્રિય પણ લાગી શકે છે પરંતુ તેનું પરિણમન થતાં તે જીવને હિતકારી સુખકારી બને છે. તે જ રીતે ૧૮ પાપના ત્યાગરૂપ ધર્માચરણ ભલે જીવને કઠિન અને દુષ્કર લાગે પરંતુ તેનું પરિણામ જીવને સુખકર કે મોક્ષગતિ પ્રદાન કરનારું હોય છે.

(૪) અગ્નિ પેટાવવામાં–સળગાવવામાં પૃથ્વીકાય આદિ ત્રસકાય પર્યંતનો અધિક આરંભ થાય છે અને અગ્નિને બુઝાવવા–ઠારવામાં અન્ય કાયોનો આરંભ અલ્પ અથવા નથી પણ થતો. એથી અગ્નિ જલાવવામાં આશ્રવ, કર્મ, ક્રિયા અધિક-અધિક થાય છે પરંતુ અગ્નિ ઠારવામાં માત્ર અગ્નિકાય જીવોનો આરંભ જ વિશેષ થાય છે.

(૫) તેજોલેશ્યા લબ્ધિથી છોડવામાં આવેલ પુદ્‌ગલ અચિત્ત હોવા છતાં પ્રકાશિત હોય છે. કાલાસ્યવેષી અણગારની જેમ સંલેખના સંથારો કરીને કાલોદાયી અણગાર એ જ ભવમાં સંપૂર્ણ કર્મ ક્ષય કરી મુક્ત થયા.

## શતક–૮ : ઉદ્દેશક–૧ થી ૧૦

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આમાં ૧૦ ઉદ્દેશકોના માધ્યમથી વિવિધ વિષયોનું સંકલન છે. શતકના પ્રારંભમાં ઉદ્દેશકોનાં નામ-વિષયનો નિર્દેશ કરનારી એક સંગ્રહણી ગાથા છે. તદનુસાર ઉદ્દેશક પરિચય આ પ્રમાણે છે–

**(૧) પુદ્‌ગલ–** આ ઉદ્દેશકમાં પુદ્‌ગલ પરિણમનના મુખ્ય ત્રણ પરિણામ બતાવીને તેના ભેદ-પ્રભેદ અને તત્ત્વનો વિસ્તાર કરવામાં આવ્યો છે.

**(૨) આશીવિષ–** આ ઉદ્દેશકમાં જાતિ અને કર્મ આશીવિષનું વર્ણન કરીને,





જ્ઞાનસંબંધી વિષયનું અનેક પ્રકારે નિરૂપણ છે. **જ્ઞાનલબ્ધિ**નું પ્રકરણ છે.

**(૩) વૃક્ષ–** આ ઉદ્દેશકમાં સંખ્યાત જીવી આદિ વૃક્ષોનું અને શરીરથી કપાઈને અલગ થયેલ અંગની વચમાં આત્મપ્રદેશોનું નિરૂપણ છે તથા રત્નપ્રભા પૃથ્વીના ચરમ-અચરમ સંબંધી સંક્ષિપ્ત વર્ણન પ્રજ્ઞાપનાસૂત્ર પદ–૧૦ ની ભલાવણ (નિર્દેશ) યુક્ત છે.

**(૪) ક્રિયા–** પ્રજ્ઞાપના પદ–૨૨ ના સંક્ષિપ્ત સૂચન યુક્ત કથન છે.

**(૫) આજીવ–** આમાં આજીવિકોપાસકોના સિદ્ધાંત–આચારનું વર્ણન છે તથા શ્રમણોપાસકની સામાયિક અને વ્રતસંબંધી નિરૂપણ છે.

**(૬) પ્રાસુક–** આમાં શ્રમણોને પ્રાસુક આહાર દાનનું ફળ, સ્થવિરને માટે આહાર, જીવોને પરસ્પર કાયિકી આદિ પાંચ ક્રિયા, આલોચના સંબંધી આરાધના-વિરાધના આદિ વિષયોનું વર્ણન છે.

**(૭) અદત્ત–** આમાં અન્યતીર્થિકો દ્વારા અદત્તના આક્ષેપ યુક્ત વાર્તાલાપ છે.

**(૮) પ્રત્યનીક–** આ ઉદ્દેશકમાં પ્રત્યનીકના પ્રકાર, પાંચ વ્યવહાર, ઈર્યા-પથિક તથા સાંપરાયિક બંધ, કર્મ અને પરીષહ તથા સૂર્યનો પ્રકાશ ઈત્યાદિ વિષયોનું વર્ણન છે.

**(૯) બંધ–** આ ઉદ્દેશકમાં વિશ્રસાબંધ અને પ્રયોગબંધ તથા પાંચ શરીર પ્રયોગબંધ સંબંધી વર્ણન છે.

**(૧૦) આરાધના–** આમાં શ્રુતશીલની આરાધના, જ્ઞાનદર્શન, ચારિત્રની આરાધના સંબંધી વર્ણન પછી પુદ્‌ગલ–પુદ્‌ગલાસ્તિકાય, કર્મની પરસ્પર નિયમા ભજના અને જીવના પુદ્‌ગલ–પુદ્‌ગલી હોવાનું કથન છે.

**પ્રશ્ન–૨ : પુદ્‌ગલ પરિણમન કેટલા પ્રકારના છે ? તેનું સ્વરૂપ શું છે ?**

**જવાબ :** પરિણમનની અપેક્ષા પુદ્‌ગલ ત્રણ પ્રકારના હોય છે– (૧) **પ્રયોગ પરિણત–** જીવના પ્રયત્નથી પરિણમનને પ્રાપ્ત અર્થાત્ જીવથી ગ્રહિત પરિણામિત પુદ્‌ગલ, પ્રયોગ પરિણત છે. (૨) **મિશ્ર પરિણત–** ભૂતકાલીન જીવનો પ્રયોગ પણ રહે અને વિશ્રસા પરિણમન પણ થાય. યથા– મૃત કલેવર આદિ. (૩) **વિશ્રસા પરિણત–** જીવના પ્રયોગ વિના સ્વાભાવિક પુદ્‌ગલ પરિણમન, વર્ણાદિ પરિણમન, સડન, ગલન, વિધ્વંસન, સ્કંધોનું બનવું–વિખરાવું, વાદળ વગેરે એ વિશ્રસા પરિણત પુદ્‌ગલ કહેવાય છે.

**પ્રશ્ન–૩ : પ્રયોગ પરિણત પુદ્ગલોના કેટલા ભેદ-પ્રભેદ છે ?**

**જવાબ :** જીવથી ગ્રહિત પરિણામિત હોવાથી જીવના ભેદ અનુસાર પ્રયોગ પરિણતના ભેદ થાય છે.

(૧) પ્રસ્તુતમાં પ્રથમ દ્વારથી જીવના ૮૧ ભેદની વિવક્ષા કરવામાં આવી છે તેથી પ્રયોગ પરિણતના ૮૧ ભેદ થાય છે. યથા– પાંચ એકેન્દ્રિયના સૂક્ષ્મ–બાદરના ભેદ–૧૦, ત્રણ વિકલેન્દ્રિયના–૩, નરકના–૭, તિર્યંચ પંચેન્દ્રિયના–૫, સંજ્ઞી ૫ અસંજ્ઞી એમ ૧૦, મનુષ્યના સંજ્ઞી-અસંજ્ઞી–૨, દેવોમાં ભવનપતિના–૧૦, વ્યંતરના–૮, જ્યોતિષીના–૫, વૈમાનિકના–૧૨ દેવલોક, ગ્રૈવેયક–૯, અનુત્તર વિમાન–૫, એમ ૨૬ ભેદ. કુલ–૧૦+૩+૭+૧૦+૨+૧૦+૮+૫+૨૬ = ૮૧.

(૨) બીજા દ્વારમાં જીવોના પર્યાપ્ત અપર્યાપ્ત ભેદની વિવક્ષાથી ૮૧×૨=૧૬૨ ભેદ. પરંતુ અસંજ્ઞી મનુષ્યમાં અપર્યાપ્ત જ છે તેથી એક ઘટાડવાથી ૧૬૨–૧= ૧૬૧ ભેદ પ્રયોગ પરિણતના થાય છે.

(૩) ત્રીજા દ્વારમાં જીવોના ૧૬૧ ભેદમાં શરીરની અપેક્ષાએ ભેદ કર્યા છે. ત્રણ શરીર ઓછામાં ઓછા બધાને હોવાથી ૧૬૧×૩=૪૮૩ થયા. એમાં સંજ્ઞી મનુષ્ય પર્યાપ્તને પાંચ શરીર હોવાથી બે અધિક છે, પાંચે ય સંજ્ઞી તિર્યંચમાં ૪ શરીર હોવાથી એક વધુ હોતાં કુલ–૫ વધ્યા તથા વાયુકાયમાં ૧ વધતા કુલ–૨+૫+૧=૮ વધ્યા. એથી ૪૮૩+૮=૪૯૧ શરીર પરિણત પુદ્ગલ થાય છે.

(૪) ચોથા દ્વારમાં ૧૬૧ જીવોના ઈન્દ્રિયોની અપેક્ષા પ્રયોગ પરિણતના ૭૧૩ ભેદ કર્યા છે. પર્યાપ્ત-અપર્યાપ્ત ૨૦ એકેન્દ્રિયની ૨૦ ઈન્દ્રિયો, ત્રણ વિકલેન્દ્રિય પર્યાપ્ત-અપર્યાપ્ત–૬ના ૨×૨+૩×૨+૪×૨=૧૮ ઈન્દ્રિયો. ૧૬૧–૨૬= ૧૩૫ પંચેન્દ્રિય જીવોને પાંચ ઈન્દ્રિય હોવાથી ૧૩૫×૫=૬૭૫+૨૦+૧૮ = ૭૧૩ ઈન્દ્રિયાપેક્ષા પ્રયોગ પરિણત પુદ્ગલ થાય છે.

(૫) પાંચમા દ્વારમાં ૪૯૧ શરીરોની ઈન્દ્રિયો અલગ-અલગ ગણવાથી શરીરની ઈન્દ્રિયોના પ્રયોગ પરિણત પુદ્ગલ ૨૧૭૫ પ્રકારના થાય છે. ૨૦ એકેન્દ્રિયના ૬૧ શરીરોની ૬૧ ઈન્દ્રિયો.બેઈન્દ્રિયના બે ભેદમાં ત્રણ ત્રણ શરીરોની બે બે ઈન્દ્રિયો હોવાથી ૨×૩×૨=૧૨; તેઈન્દ્રિયમાં ૨×૩×૩=૧૮; ચૌરેન્દ્રિયમાં ૨×૩×૪=૨૪ ઈન્દ્રિયો થાય છે. એમ કુલ– ૬૧+૧૨+૧૮+૨૪=૧૧૫ ઈન્દ્રિયો ૭૯ શરીર(૬૧+૧૮)ની થાય છે. પંચેન્દ્રિયના ૪૯૧–૭૯=૪૧૨ શરીરની





૪૧૨×૫=૨૦૬૦ ઈન્દ્રિયો થાય છે. તેથી ૨૦૬૦+૧૧૫=૨૧૭૫(શરીરના) ઈન્દ્રિય પ્રયોગ પરિણત પુદ્ગલ થાય છે.

(૬) છટ્ઠા દ્વારમાં જીવોના વર્ણાદિ ૨૫ બોલની અપેક્ષા ૧૬૧ જીવોના ૨૫ બોલ હોવાથી ૧૬૧×૨૫=૪૦૨૫(જીવોના) વર્ણાદિ પ્રયોગ પરિણત પુદ્ગલ થાય છે.

(૭) સાતમા દ્વારમાં શરીરના વર્ણાદિ ૨૫ બોલોની અપેક્ષા ૪૯૧ શરીરના ૨૫ બોલ હોવાથી ૪૯૧×૨૫=૧૨૨૭૫ ભેદ થાય છે. કાર્મણ શરીરમાં ૪ સ્પર્શ ઓછા હોવાથી ૧૬૧ જીવોના કાર્મણ શરીર હોવાથી ૧૬૧×૪=૬૪૪ ઓછા કરતા ૧૨૨૭૫–૬૪૪=૧૧૬૩૧ શરીરોના વર્ણાદિ પ્રયોગ પરિણત પુદ્ગલ થાય છે.

(૮) આઠમા દ્વારમાં ઈન્દ્રિયોના વર્ણાદિ ૨૫ બોલની અપેક્ષા ૭૧૩ ઈન્દ્રિય હોવાથી ૭૧૩×૨૫=૧૭૮૨૫ ઈન્દ્રિયોના વર્ણાદિ પ્રયોગ પરિણત પુદ્ગલ થાય છે.

(૯) નવમા દ્વારમાં શરીરની ઈન્દ્રિયોના વર્ણાદિ ૨૫ બોલોની વિવક્ષા કરવામાં આવી છે. શરીરની ઈન્દ્રિયો ૨૧૭૫×૨૫ વર્ણાદિ=૫૪૩૭૫ ભેદ થાય છે. જેમાં કાર્મણ શરીર ૭૧૩ના ચાર સ્પર્શ ઓછા = ૭૧૩×૪ = ૨૮૫૨ ઘટાડવાથી ૫૪૩૭૫–૨૮૫૨=૫૧૫૨૩ શરીરની ઈન્દ્રિયોના વર્ણાદિ પ્રયોગ પરિણત પુદ્ગલ થાય છે.

આમ ૯ દ્વારોથી ૯ અપેક્ષાએ પ્રયોગ પરિણત પુદ્ગલના ભેદ કહ્યા છે. સંક્ષેપમાં પ્રથમ દ્વાર અનુસાર ૮૧ જીવોની અપેક્ષા ૮૧ પ્રકારના પ્રયોગ પરિણત પુદ્ગલ થાય છે.

**પ્રશ્ન–૪ : મિશ્ર પરિણત અને વિશ્રસાપરિણતના કેટલા ભેદ-પ્રભેદ છે ?**

**જવાબ :** મિશ્રપરિણતમાં જીવનો પ્રયોગ અવશેષ હોય છે. તેથી પ્રયોગ પરિણતના ભેદ-પ્રભેદ જેમજ મિશ્ર પરિણતના ભેદ થાય છે. વિશ્રસા પરિણતમાં રૂપી અજીવના ૫૩૦ ભેદની અપેક્ષા ૫૩૦ પ્રકાર કહ્યા છે. જેમાં પાંચ વર્ણના–૧૦૦, બે ગંધના–૪૬, પાંચ રસના–૧૦૦, આઠ સ્પર્શના–૨૩×૮= ૧૮૪ અને પાંચ સંસ્થાનના ૨૦×૫=૧૦૦ ભેદ એકઠા કરવાથી કુલ–૧૦૦+૪૬+૧૦૦+૧૮૪+૧૦૦=૫૩૦ ભેદ થાય છે.

**પ્રશ્ન–૫ : પ્રયોગ પરિણત આદિને અન્ય પણ કઈ કઈ અપેક્ષાએ કહ્યા છે ?**

**જવાબ :** પંદર યોગ અને તેના સંરંભ, સમારંભ, આરંભ; અસંરંભ, અસમારંભ, અનારંભની અપેક્ષા એક દ્રવ્યના પ્રયોગ પરિણત આદિના અસંયોગી ભંગ કહ્યા છે. જેમાં પ્રયોગ પરિણત–૪૭૪, મિશ્રપરિણત પણ ૪૭૪ અને વિશ્રસા પરિણત–૫૩૦ ભંગ હોય છે. તેથી કુલ : ૪૭૪+૪૭૪+૫૩૦=૧૪૭૮ એક દ્રવ્યના પરિણમનના વિકલ્પ થઈ શકે છે.

આ રીતે બે દ્રવ્ય, ત્રણ દ્રવ્ય અને ચાર દ્રવ્યથી અનંત દ્રવ્યો સુધીનું કથન છે. તેના પણ અસંયોગી, દ્વિસંયોગી, ત્રણસંયોગી, ચાર સંયોગી આદિથી ભંગ બને છે. તે ગાંગેય અણગારના ભંગોની સમાન જાણવા. [***અહીં મૂળ પાઠના દશ સંયોગી પછી બાર સંયોગી પાઠ છે, અગિયાર સંયોગી ભંગ નહિ હોવાનું કોઈ કારણ સ્પષ્ટ નથી પરંતુ ગાંગેય અણગારના ભંગોનો અતિદેશ કરેલ હોવાથી અગિયાર સંયોગી શબ્દ લિપિદોષથી છૂટી ગયો હોય એવો સંભવ લાગે છે. તોપણ વિશેષ જ્ઞાની ગમ્ય. કારણ કે કોઈપણ ઉપલબ્ધ પ્રતિમાં એ શબ્દ મળતો નથી.***]

**અલ્પબહુત્વ–** (૧) સહુથી અલ્પ પ્રયોગ પરિણત પુદ્‌ગલ (૨) મિશ્રપરિણત પુદ્‌ગલ અનંતગણા (૩) વિશ્રસાપરિણત પુદ્‌ગલ અનંતગણા.

**પ્રશ્ન–૬ : આશીવિષ કેટલા પ્રકારના કહ્યા છે ? એનું તાત્પર્ય શું છે ?**

**જવાબ :** આશી=શીઘ્ર. શીઘ્ર વિષમય બનાવી દેવાની શક્તિ–ક્ષમતાને આશીવિષ કહેવાય છે. અથવા આશી=દાઢ. દાઢ સંબંધી વિષ–આશીવિષ. એ બે પ્રકારના હોય છે–જાતિ આશીવિષ અને કર્મ આશીવિષ. (૧) જન્મ સ્વભાવથી જ પ્રાણીના મુખમાં ડંખમા/દાઢમાં વિષ હોય છે, તે જાતિ આશીવિષ છે. બધા જીવોને અલ્પાધિક માત્રામાં આ વિષ હોય છે. વિશેષતાની અપેક્ષા પ્રસ્તુત ઉદ્દેશક–૨માં વિંછી, દેડકા, સર્પ અને માનવનું આશીવિષ કહેવામાં આવેલ છે. આ વિષે સ્પષ્ટીકરણ પ્રશ્નોત્તરી ભાગ–૨, પૃષ્ટ ૧૧૪માં કરવામાં આવ્યું છે.

(૨) કર્મ આશીવિષ– આ લબ્ધિ સંબંધી આશીવિષ છે. એવી આશીવિષ લબ્ધિ મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયને હોય છે. જે પ્રમાણે તેજોલેશ્યા લબ્ધિના પ્રયોગથી કોઈ પણ વ્યક્તિ અથવા પદાર્થને તપાવી કે બાળીને ભસ્મ કરી શકાય છે તે જ રીતે આ લબ્ધિવાળા કષાયના પરિણામોમાં લબ્ધિપ્રયોગ કરીને કોઈપણ વ્યક્તિ આદિને વિષમય બનાવીને પીડિત અથવા નષ્ટ કરી શકે છે.





કષાયના પરિણામોમાં લબ્ધિપ્રયોગ કરનારાઓમાં ઉદ્દેશ્યની ભિન્નતાથી શુભ યા અશુભ કોઈ પણ લેશ્યા હોઈ શકે છે. જેમ કે પુલાક લબ્ધિ પ્રયોગ આક્રોશભાવ યુક્ત અવસ્થામાં કરાય છે તોપણ પુલાકલબ્ધિ પ્રયોગમાં ઉદ્દેશ્ય શુદ્ધિના કારણે ત્રણ શુભ લેશ્યા જ હોય છે. તેવી જ રીતે પ્રસ્તુત આશીવિષ લબ્ધિવાળામાં છએ લેશ્યા હોઈ શકે છે. જેથી તે લબ્ધિપ્રયોગ અવસ્થામાં કાળ કરીને ભવનપતિથી આઠમા દેવલોક સુધી પણ જઈ શકે છે. પુલાક લબ્ધિવાળા નિર્ગ્રંથની પણ ઉત્કૃષ્ટ આઠમા દેવલોક સુધીની ગતિ બતાવી છે.

આમ આ કર્મ આશીવિષ લબ્ધિપ્રયોગ કરનાર મનુષ્ય યા તિર્યંચ કાળ કરીને ભવનપતિથી લઈને આઠમા દેવલોક સુધીમાં ક્યાંય પણ ઉત્પન્ન થાય તો તેની આ લબ્ધિ આગળના ભવની અપર્યાપ્ત અવસ્થામાં થોડા સમય સુધી રહી શકે છે. એ જ અપેક્ષાએ ભવનપતિથી આઠમા દેવલોક સુધીના દેવોમાં અપર્યાપ્ત અવસ્થામાં કર્મ આશીવિષ માનવામાં આવેલ છે. આઠમા દેવલોકથી આગળ જવાની યોગ્યતા પુલાક અથવા કર્મ આશીવિષ લબ્ધિ પ્રયોગ કરનારના પરિણામોની હોતી નથી.

આ પ્રમાણે પ્રસ્તુતમાં કર્મઆશીવિષ, મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાપ્તામાં તથા આઠમા દેવલોક સુધીના દેવોના અપર્યાપ્તામાં માનવામાં આવેલ છે. તે સિવાય નારકી, એકેન્દ્રિય, વિકલેન્દ્રિયમાં તથા નવમા દેવલોકથી ઉપરના દેવોમાં કર્મ આશીવિષ હોતું નથી તથા ભવનપતિથી આઠમા દેવલોક સુધીના પર્યાપ્તા દેવોમાં પણ કર્મ આશીવિષનો અહીં નિષેધ કરવામાં આવ્યો છે.

**પ્રશ્ન–૭ : છદ્મસ્થ વ્યક્તિ કયા દશ તત્ત્વોને જાણી-જોઈ શકતા નથી ?**

**જવાબ :** કેવલજ્ઞાની સિવાય અહીં બધાને છદ્મસ્થ ગણ્યા છે. છદ્મસ્થોનું જ્ઞાન સીમિત હોય છે. તે સીમિતજ્ઞાન દ્વારા અત્યંત સૂક્ષ્મ તત્ત્વનું કે અરૂપી તત્ત્વોનું અથવા અનંત–વિશાળ તત્ત્વોનું જ્ઞાન થઈ શકતું નથી. કેવલજ્ઞાનથી એ બધા તત્ત્વ જાણી-જોઈ શકાય છે. કેવલજ્ઞાની સર્વજ્ઞ હોય છે. તેનાથી કોઈપણ તત્ત્વ અજ્ઞાત રહેતું નથી. તેના જ્ઞાનનું આવરણ કરવાવાળું જ્ઞાનાવરણીય કર્મ સંપૂર્ણ નષ્ટ થઈ જાય છે. તેથી પ્રસ્તુતમાં કહેલા ૧૦ તત્ત્વ છદ્મસ્થ જાણી-જોઈ શકતા નથી પરંતુ કેવલજ્ઞાની તેને સ્પષ્ટ રૂપે જાણી-દેખી શકે છે– (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) શરીર રહિત જીવ. એ ચારે ય અરૂપી છે. (૫) પરમાણુ (૬) શબ્દ (૭) ગંધ (૮) વાયુ. એ ચાર રૂપી છે પરંતુ

અત્યંત સૂક્ષ્મ તત્ત્વ છે; એ ચારેયને સામાન્ય અવધિજ્ઞાની જાણતા નથી પરંતુ વિશિષ્ટ અવધિજ્ઞાની કે પરમાવધિજ્ઞાની જે કેવલજ્ઞાનની ક્ષમતાની અત્યંત નજીક હોય છે અને છદ્મસ્થ અવસ્થાની પણ ઉપરની કક્ષાએ હોય છે તે જાણી-જોઇ શકે છે. તેઓને અહીં અપેક્ષાથી ગણ્યા નથી, નગણ્ય કર્યા છે. (૯) આ વ્યક્તિ કેવલી બનશે (૧૦) આ વ્યક્તિ મુક્ત થશે. એ બંને તત્ત્વ સર્વજ્ઞાનીનો વિષય છે. તેથી છદ્મસ્થ જાતે જાણી શકતા નથી પરંતુ કોઈથી સાંભળીને જાણી શકે છે.

**પ્રશ્ન–૮ : જ્ઞાનલબ્ધિનો થોકડો શું છે, એમાં શું સમજાવ્યું છે ?**

**જવાબ :** પ્રસ્તુત બીજા ઉદ્દેશકમાં ૫ જ્ઞાન, ૩ અજ્ઞાનને આધાર બનાવીને અનેક પ્રકારે જ્ઞાન-અજ્ઞાનની ઉપલબ્ધિ, અનુપલબ્ધિની વિચારણા કરવામાં આવી છે. જ્ઞાનની ઉપલબ્ધિ સંબંધી આ વર્ણનને કંઠસ્થ કરવાની પદ્ધતિમાં સંપાદન કરીને તેને **જ્ઞાનલબ્ધિના થોકડા–પ્રકરણ** એવી સંજ્ઞા–નામકરણ કરવામાં આવ્યું છે. પાંચે ય જ્ઞાનનું સ્વરૂપ નંદીસૂત્રમાં છે અને ત્રણ અજ્ઞાનનું સ્વરૂપ ત્રણ જ્ઞાન સમાન છે. વિશેષમાં અહીં વિભંગજ્ઞાનને માટે એ બતાવ્યું છે કે **વિભંગ જ્ઞાન વિભિન્ન આકારવાળું** હોય છે. યથા– ગ્રામ, નગર, વૃક્ષ, પર્વત, ક્ષેત્ર, સ્તૂપ, હાથી, ઘોડા, મનુષ્ય, બળદ, પશુ-પક્ષી, દેવતા, વાનર આદિ કોઈ પણ આકારનું હોઈ શકે છે; તે કોઈ પણ ક્ષેત્ર, ઘર, ઘરનો અંશ કે અન્ય વસ્તુનો અંશમાત્ર હોઈ શકે છે. તાત્પર્ય એ છે કે ઉપરોક્ત કોઈપણ વસ્તુ દેખાય એટલા પુરતું લઘુ વિભંગજ્ઞાન પણ કોઇને થઇ શકે છે. જેનાથી પરોક્ષ રહેલી એ વસ્તુઓ વિભંગ જ્ઞાનીને જ્ઞાનમાં દેખાવા લાગે છે પરંતુ તે કંઇપણ સમજી શકે અથવા ન પણ સમજી શકે કે આ મને શું દેખાઇ રહ્યું છે ? ઇત્યાદિ નિર્ણય તે વિશિષ્ટ અનુભવી હોય તો કરી શકે અથવા અજ્ઞાનને કારણે ન પણ કરી શકે .

જીવોને પાંચ જ્ઞાનમાંથી ક્યારેક બે જ્ઞાન, ક્યારેક ત્રણ જ્ઞાન, ક્યારેક ચાર જ્ઞાન હોય છે. ક્યારેક માત્ર એક જ જ્ઞાન હોય છે.અજ્ઞાનમાં બે અજ્ઞાન અથવા ત્રણ અજ્ઞાન થઇ શકે છે. જઘન્ય મતિશ્રુત બે જ્ઞાન કે બે અજ્ઞાન અવશ્ય હોય છે. અવધિ, મનઃપર્યવજ્ઞાન અને વિભંગજ્ઞાન વિકલ્પે થતા રહે છે. ત્યારે ત્રણ જ્ઞાન કે ચાર જ્ઞાન અથવા ત્રણ અજ્ઞાન થાય છે. જ્યારે જીવને કેવલજ્ઞાન થાય છે ત્યારે મતિ આદિ ચારે ય જ્ઞાનનો સમાવેશ કેવલજ્ઞાનમાં થઇ જાય છે માટે તે સમયે એક જ્ઞાન જ હોય છે. આ રીતે જ્ઞાન-અજ્ઞાનની ભજના-નિયમાની





અનેક દ્વારોથી અને તેના અંતર્ગત ભેદોથી અહીં વિચારણા કરી છે, જેમ કે–

**(૧) જીવ–** પ્રથમ નરક તથા ભવનપતિ, વ્યંતર દેવોમાંથી જન્મસમયે કોઈમાં (અસંજ્ઞીથી આવનારમાં) ૨ અજ્ઞાન હોય છે, કોઇમાં (સંજ્ઞીમાંથી આવનારમાં) ત્રણ અજ્ઞાન પ્રારંભથી હોય છે. તેથી તેનામાં ત્રણ અજ્ઞાનની ભજના અને જ્ઞાન તો તે સર્વેમાં જન્મથી ત્રણ જ હોય છે. તેથી ૩ જ્ઞાનની નિયમા, શેષ ૬ નરક અને જ્યોતિષી આદિ દેવોમાં નવગ્રૈવેયક સુધી ૩ અજ્ઞાન, ૩ જ્ઞાનની નિયમા, અનુત્તર દેવોમાં ૩ જ્ઞાનની નિયમા અને તેમાં અજ્ઞાન હોતા નથી. તિર્યંચ પંચેન્દ્રિયમાં ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાનની ભજના અર્થાત્ કોઈમાં બે જ્ઞાન અથવા બે અજ્ઞાન હોય, કોઈમાં ૩ અજ્ઞાન યા ૩ જ્ઞાન હોય. મનુષ્યમાં પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાનની ભજના. કોઈમાં ૨,૩,૪,૧ જ્ઞાન હોય અને કોઈમાં બે અજ્ઞાન કે ત્રણ અજ્ઞાન હોય. પાંચ સ્થાવરમાં માત્ર બે અજ્ઞાનની નિયમા. ત્રણ વિકલેન્દ્રિયમાં બે જ્ઞાન બે અજ્ઞાનની નિયમા, તેને ત્રણ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન હોતા નથી.

**(૨) વાટે વહેતા જીવ–** નરકગતિક, દેવગતિક, જન્મ સ્થાનમાં જવા માટે માર્ગમાં ચાલતા જીવમાં ૩ અજ્ઞાનની ભજના(અસંજ્ઞીમાંથી આવવાની અપેક્ષા બે જ હોય) અને ૩ જ્ઞાન ની નિયમા અર્થાત્ બંનેના વાટે વહેતામાં જ્ઞાન હોય તો ત્રણ જ હોય. તિર્યંચગતિક વાટે વહેતામાં બે જ્ઞાન કે બે અજ્ઞાન નિયમા હોય છે. કોઇ પણ ત્રણ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન લઇને તિર્યંચમાં આવતા નથી. મનુષ્ય ગતિમાં વાટે વહેતામાં ૩ જ્ઞાનની ભજના ૨ અજ્ઞાનની નિયમા અર્થાત્ મનુષ્યમાં ઉત્પન્ન થનારામાં જ્ઞાન બે કે ત્રણ વાટે વહેતામાં હોઇ શકે છે અને અજ્ઞાન તો નિયમતઃ બે જ હોય છે.મનુષ્યમાં ઉત્પન્ન થનાર અવધિજ્ઞાન લઇને આવી શકે છે પરંતુ વિભંગજ્ઞાન મનુષ્યને ઉત્પત્તિ સમયે હોતું નથી.

આ જ રીતે આગળ પણ અનેક (૧૪) દ્વારોના ભેદોમાં જ્ઞાન-અજ્ઞાનની નિયમા-ભજના આ પ્રકરણમાં બતાવી છે. તે દ્વાર અને તેના ભેદ આ પ્રમાણે છે– (૧) ઇન્દ્રિય–૭=સઇન્દ્રિય, એકેન્દ્રિય આદિ પાંચ અને અનિન્દ્રિય. (૨) કાયા–૮=સકાય, છ કાયા અને અકાય. (૩) સૂક્ષ્મ-બાદર–૩= સૂક્ષ્મ, બાદર, નોસૂક્ષ્મ નોબાદર. (૪) પર્યાપ્ત-અપર્યાપ્ત–૨. (૫) ભવસ્થ–૧. (૬) ભવી-અભવી–૨. (૭) સંજ્ઞી–૩. (૮) યોગ–૫=સયોગી, ત્રણયોગી, અયોગી. (૯) લેશ્યા–૮=સલેશી, ૬ લેશ્યા, અલેશી. (૧૦) કષાય–૬. (૧૧) વેદ–૫. (૧૨)

આહાર–૨. (૧૩) ઉપયોગ–૨. (૧૪) લબ્ધિ– આમાં ૬૮ ભેદ કર્યા છે, યથા– ૧૨ ઉપયોગમાં, ૮ જ્ઞાનના અભાવમાં, ૮ દર્શનમાં (સમુચ્ચયદર્શન અને સમ્યક આદિ ત્રણ દર્શન અને આ ચારેયના અભાવમાં), ૧૨ ચારિત્રમાં (સમુચ્ચય ચારિત્ર અને પાંચ ચારિત્ર અને આ છ ના અભાવમાં), પાંચ દાનાદિ લબ્ધિમાં, પાંચ અલબ્ધિમાં, ત્રણ બાલવીર્ય આદિમાં, ત્રણ બાલવીર્ય આદિના અભાવમાં, ૧૨ ઈન્દ્રિયમાં=સઈન્દ્રિય, પાંચ ઈન્દ્રિય એ ૬ અને તેના અભાવમાં. એમ કુલ ૧૨૨ ભેદોથી (બોલોથી) જ્ઞાન-અજ્ઞાનની ભજના-નિયમાનું વર્ણન કર્યું છે.

**૧૨૨ બોલોમાં જ્ઞાન અજ્ઞાનની નિયમા ભજના :–**

| | બોલ | ભજના | | નિયમા | |
|---|---|---|---|---|---|
| | | જ્ઞાન | અજ્ઞાન | જ્ઞાન | અજ્ઞાન |
| ૧ – ૨ | સઈન્દ્રિય પંચેન્દ્રિય | ૪ | ૩ | – | – |
| ૩ | એકેન્દ્રિયમાં | – | – | – | ૨ |
| ૪ – ૬ | વિકલેન્દ્રિયમાં | – | – | ૨ | ૨ |
| ૭ | અનિન્દ્રિયમાં | – | – | ૧ | – |
| ૮–૯ | સકાય ત્રસકાયમાં | ૫ | ૩ | – | – |
| ૧૦ – ૧૪ | પૃથ્વીકાય આદિ પાંચમાં | – | – | – | ૨ |
| ૧૫ | અકાયમાં | – | – | ૧ | – |
| ૧૬ | સૂક્ષ્મમાં | – | – | – | ૨ |
| ૧૭ | બાદરમાં | ૫ | ૩ | – | – |
| ૧૮ | નોસૂક્ષ્મ૦ | – | – | ૧ | – |
| ૧૯ | પર્યાપ્તમાં | ૫ | ૩ | – | – |
| ૨૦ | અપર્યાપ્તમાં | ૩ | ૩ | – | – |
| ૨૧ | ભવસ્થમાં | ૫ | ૩ | – | – |
| ૨૨ | ભવીમાં | ૫ | ૩ | – | – |
| ૨૩ | અભવીમાં | – | ૩ | – | – |
| ૨૪ | સન્નીમાં | ૪ | ૩ | – | – |
| ૨૫ | અસન્નીમાં | – | – | ૨ | ૨ |
| ૨૬ | નોસન્નીમાં૦ | – | – | ૧ | – |





| | બોલ | ભજના | | નિયમા | |
|---|---|---|---|---|---|
| | | જ્ઞાન | અજ્ઞાન | જ્ઞાન | અજ્ઞાન |
| ૨૭–૩૦ | સયોગી, ત્રણયોગમાં | ૫ | ૩ | – | – |
| ૩૧ | અયોગિમાં | – | – | ૧ | – |
| ૩૨–૩૩ | સલેશી શુક્લલેશીમાં | ૫ | ૩ | – | – |
| ૩૪–૩૮ | પાંચ લેશ્યામાં | ૪ | ૩ | – | – |
| ૩૯ | અલેશીમાં | – | – | ૧ | – |
| ૪૦–૪૪ | સકષાયી ચાર કષાયીમાં | ૪ | ૩ | – | – |
| ૪૫ | અકષાયીમાં | ૫ | – | – | – |
| ૪૬–૪૯ | સવેદી ત્રણવેદમાં | ૪ | ૩ | – | – |
| ૫૦ | અવેદીમાં | ૫ | – | – | – |
| ૫૧ | આહારકમાં | ૫ | ૩ | – | – |
| ૫૨ | અણાહારકમાં | ૪ | ૩ | – | – |
| ૫૩–૫૪ | બન્ને ઉપયોગમાં | ૫ | ૩ | – | – |
| ૫૫–૫૮ | ચારજ્ઞાનમાં | ૪ | – | – | – |
| ૫૯ | કેવલજ્ઞાનમાં | – | – | ૧ | – |
| ૬૦–૬૧ | બે અજ્ઞાનમાં | – | ૩ | – | – |
| ૬૨ | વિભંગ જ્ઞાનમાં | – | – | – | ૩ |
| ૬૩–૬૪ | ચક્ષુ અચક્ષુદર્શનમાં | ૪ | ૩ | – | – |
| ૬૫ | અવધિ દર્શનમાં | ૪ | – | – | ૩ |
| ૬૬ | કેવલ દર્શનમાં | – | – | ૧ | – |
| ૬૭–૬૮ | મતિ શ્રુતજ્ઞાનના અભાવમાં | – | ૩ | ૧ | – |
| ૬૯ | અવધિજ્ઞાનના અભાવમાં | ૪ | ૩ | – | – |
| ૭૦ | મનઃપર્યવજ્ઞાનના અભાવમાં | ૪ | ૩ | – | – |
| ૭૧ | કેવલજ્ઞાનના અભાવમાં | ૪ | ૩ | – | – |
| ૭૨–૭૩ | મતિશ્રુત અજ્ઞાનના અભાવમાં | ૫ | – | – | – |
| ૭૪ | વિભંગજ્ઞાનના અભાવમાં | ૫ | – | – | ૨ |

| | બોલ | ભજના | | નિયમા | |
|---|---|---|---|---|---|
| | | જ્ઞાન | અજ્ઞાન | જ્ઞાન | અજ્ઞાન |
| ૭૫ | સમુચ્ચય દર્શનમાં | ૫ | ૩ | – | – |
| ૭૬ | સમુચ્ચય દર્શનના અભાવમાં | – | – | – | – |
| ૭૭ | સમ્યગ્દર્શનમાં | ૫ | – | – | – |
| ૭૮ | સમ્યગ્દર્શનના અભાવમાં | – | ૩ | – | – |
| ૭૯ | મિથ્યાદર્શનના અભાવમાં | ૫ | ૩ | – | – |
| ૮૧ | મિશ્રદર્શનમાં | – | ૩ | – | – |
| ૮૨ | મિશ્રદર્શનના અભાવમાં | ૫ | ૩ | – | – |
| ૮૩ | સમુચ્ચય ચારિત્રમાં | ૫ | – | – | – |
| ૮૪ | ચારિત્રના અભાવમાં | ૪ | ૩ | – | – |
| ૮૫–૮૮ | સામાયિક આદિ ચારમાં | ૪ | – | – | – |
| ૮૯–૯૨ | સામાયિક આદિ ચારના અભાવમાં | ૫ | ૩ | – | – |
| ૯૩ | યથાખ્યાતમાં | ૫ | – | – | – |
| ૯૪ | યથાખ્યાતના અભાવમાં | ૫ | ૩ | – | – |
| ૯૫–૯૯ | દાનાદિ પાંચ લબ્ધિમાં | ૫ | ૩ | – | – |
| ૧૦૦–૧૦૪ | દાનાદિ પાંચ લબ્ધિના અભાવમાં | – | – | ૧ | – |
| ૧૦૫ | બાલવીર્યમાં | ૩ | ૩ | – | – |
| ૧૦૬ | બાલવીર્યના અભાવમાં | ૫ | – | – | – |
| ૧૦૭ | બાલપંડિતવીર્યમાં | ૩ | – | – | – |
| ૧૦૮ | બાલપંડિતવીર્યના અભાવમાં | ૫ | ૩ | – | – |
| ૧૦૯ | પંડિતવીર્યમાં | ૫ | – | – | – |
| ૧૧૦ | પંડિતવીર્યના અભાવમાં | ૪ | ૩ | – | – |
| ૧૧૧–૧૧૨ | સઈન્દ્રિય સ્પર્શેન્દ્રિયમાં | ૪ | ૩ | – | – |
| ૧૧૩–૧૧૪ | સઈન્દ્રિય સ્પર્શેન્દ્રિયના અભાવમાં | – | – | ૧ | – |





| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧૫ | રસેન્દ્રિયમાં | ૪ | ૩ | – | – |
| ૧૧૬ | રસેન્દ્રિયના અભાવમાં | – | – | ૧ | ૨ |
| ૧૧૭–૧૧૯ | ત્રણ ઈન્દ્રિયમાં | ૪ | ૩ | – | – |
| ૧૨૦–૧૨૨ | ત્રણ ઈન્દ્રિયના અભાવમાં | – | – | ૨+૧ | ૨ |

***વિશેષ :–*** *(૧) જ્ઞાન=કેવલજ્ઞાન, (૨) જ્ઞાન=મતિ, શ્રુત, (૩) જ્ઞાન=મતિ, શ્રુત,અવધિ, (૪) જ્ઞાન=અવધિ, મનઃપર્યવ અથવા કેવલજ્ઞાન આ ત્રણમાંથી કોઈ એકના સિવાય શેષ ચાર, (૫) જ્ઞાન=પાંચે, ૨ અજ્ઞાન=મતિ, શ્રુત, ૩ અજ્ઞાન=ત્રણે.*

**જ્ઞાન–અજ્ઞાન વિષય આદિ–** જ્ઞાનના વિષયો નંદીસૂત્ર અનુસાર છે અને જ્ઞાન-અજ્ઞાનની સ્થિતિ અને અંતર જીવાભિગમ સૂત્ર અનુસાર છે. અલ્પ-બહુત્વને માટે પ્રજ્ઞાપના સૂત્રનું સૂચન છે.

મતિઅજ્ઞાની શ્રુતઅજ્ઞાની પોતાના અજ્ઞાનને વિષયભૂત દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવનું કથન કરે છે, બતાવે છે, પ્રરૂપણા કરે છે. વિભંગજ્ઞાની પોતાના વિષયગત દ્રવ્ય, ક્ષેત્ર, કાલ ભાવને જાણે-જુએ. એવું સંક્ષિપ્ત કથન કરવામાં આવ્યું છે. પણ તે સંબંધી વિવેચન ઉપલબ્ધ થતું નથી.

**પ્રશ્ન–૯ : જ્ઞાનના પર્યાય કેવી રીતે બતાવ્યા છે ?**

**જવાબ :** (૧) જ્ઞાનની અનેક અવસ્થાઓને પર્યાય કહેવાય છે. (૨) ક્ષયોપશમની વિચિત્રતાથી જ્ઞાનની અનેક અનંત અવસ્થાઓ હોય છે. (૩) મતિજ્ઞાનના વિષયભૂત પદાર્થ અનંત છે. (૪) કેવલજ્ઞાનીના જ્ઞાનમાં મતિ-જ્ઞાનના અનંત અંશ હોય છે. એ જ પ્રમાણે મતિજ્ઞાનની સમાન પાંચે ય જ્ઞાનના અનંત-અનંત પર્યાય પોતાના વિષયભૂત અનંત પદાર્થોની અપેક્ષાએ કહેલ છે.

(૨) સર્વથી થોડા મનઃપર્યવજ્ઞાનના પર્યાય છે કારણ કે તેના વિષયભૂત પદાર્થ કેવલ મનોદ્રવ્ય છે. (૨) તેનાથી અવધિજ્ઞાનના પર્યાય અનંતગણા, કારણ કે તેનો વિષય સર્વ રૂપી દ્રવ્ય છે. (૩) તેનાથી શ્રુતજ્ઞાનના પર્યાય અનંતગણા, કારણ કે તેના વિષય રૂપી-અરૂપી બંને પદાર્થ છે. (૪) તેનાથી મતિજ્ઞાનના પર્યાય અનંતગણા. કારણ કે એમાં અનભિલાપ્ય બુદ્ધિગમ્ય વિષયોનો સમાવેશ થાય છે. (૫) તેનાથી કેવલજ્ઞાનના પર્યાય અનંતગણા, કારણ કે તે સર્વ દ્રવ્ય, ક્ષેત્ર આદિ સર્વ પર્યાયોને જાણે-દેખે છે.

આ જ રીતે ત્રણ અજ્ઞાનના પર્યાય સંબંધી અલ્પબહુત્વ હોય છે, યથા– સર્વથી અલ્પ પર્યાય વિભંગજ્ઞાનના, તેનાથી શ્રુતઅજ્ઞાનના પર્યાય

અનંતગણા અને તેનાથી મતિજ્ઞાનના પર્યાય અનંતગણા છે. ॥ ઉદ્દેશક–૨ સંપૂર્ણ ॥ ઉદ્દેશક–૩, સંખ્યાતજીવી આદિ વૃક્ષોનું વર્ણન સ્થાનાંગ ૩/૧ પૃષ્ટ–૪૪માં પોઈન્ટ–૧૨ માં છે.

**પ્રશ્ન–૧૦ : શરીરથી કપાઈને જુદા થએલ અંગમાં આત્મપ્રદેશો હોય છે?**

**જવાબ :** મનુષ્ય કે પશુ આદિ કોઈ પણ પ્રાણીના શરીરનો કોઈ અવયવ કપાઈને દૂર પડી જાય તોપણ થોડા સમય સુધી તે કપાએલા ભાગમાં આત્મ-પ્રદેશ સંલગ્ન રહે છે. વચ્ચેના અંતરાળમાં પણ આત્મપ્રદેશો હોય છે. તે વચ્ચેના આત્મપ્રદેશોમાં શસ્ત્રથી અગ્નિથી અથવા કોઈના ચાલવાથી કાંઈ અડચણ કે પીડા થતી નથી અને તે આત્મપ્રદેશ તૂટતા પણ નથી. થોડીક સેકંડો પછી તે દૂર પડેલા અંગના આત્મપ્રદેશ, મૂલ અંગમાં આવી જાય છે. ત્યાર પછી તે જીવ જીવે છે અથવા મરે છે. ॥ ઉદ્દેશક–૩ સંપૂર્ણ ॥ ઉદ્દેશક–૪ સંક્ષિપ્ત ॥

**પ્રશ્ન–૧૧ : સામાયિકમાં બેઠેલ વ્યકિતને ઘર તથા સ્ત્રીનો ત્યાગ કેવો હોય છે ?**

**જવાબ :** શ્રાવક એક મુહૂર્તને માટે સામાયિક કરે છે તેટલા સમય માટે તેને ઘર, પરિવાર, સ્ત્રી, ઉપકરણોનો ત્યાગ હોય છે. તેના એવા પરિણામ હોય છે કે એ પદાર્થ, સ્ત્રી, ધન વગેરે મારા નથી. એવા પરિણામોમાં સમજપૂર્વક તે સામાયિકના તે સમય સુધી લીન રહે છે પરંતુ પૂર્ણપણે આજીવન ત્યાગ નહિ કરેલ હોવાથી તેનો તે પદાર્થોથી મમત્વ સંબંધ વ્યવછિન્ન છૂટેલો હોતો નથી. સામાયિકનો સમય પૂરો થયા પછી ફરી તે બધા પદાર્થ તેના જ હોય છે. એથી સામાયિકના સમયે તેના તે પદાર્થોનો અન્ય કોઈ માલિક બની શકતો નથી. જો સામાયિકના સમયે કોઈ તેના વસ્ત્રાદિ, ધનસામગ્રીને ચોરી લે અથવા તેની સ્ત્રીને પોતાની બનાવે તો તે સામાયિક પછી તે વસ્તુઓની શોધ, માગણી કરતા થકા, પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે ત્યારે તે પોતાની વસ્તુઓને માટે જ પ્રયત્ન કરનાર કહેવાય.

સાર એ છે કે સામાયિકની સમય મર્યાદા સુધી જ શ્રાવક સાપેક્ષ બુદ્ધિથી પરિગ્રહનો ત્યાગી હોય છે. તે મર્યાદિત સમય પછી તે મમત્વનો ત્યાગી હોતો નથી. જો શ્રાવક જીવનભરને માટે સંથારાના પચ્ચક્ખાણ કરી લે તો પછી તેનો કોઈ પણ પદાર્થમાં મમતા કે અધિકાર રહેતો નથી. જો તે શ્રાવક આજીવન ગૃહત્યાગી શ્રમણ બની જાય તોપણ તેનો કોઈ પણ પદાર્થ પર મમત્વ અધિકાર





રહેતો નથી પરંતુ સામાયિકમાં ત્યાગનો સમય મર્યાદિત હોવાને કારણે તેનો મમત્વ ત્યાગ સાપેક્ષ હોય છે, સદાને માટે પૂર્ણપણે છોડેલ હોતો નથી.

**પ્રશ્ન–૧૨ : વ્રત ધારણ કરનાર શ્રાવકના પ્રત્યાખ્યાન કેવા હોય છે ? કેટલા કરણ અને યોગથી પ્રત્યાખ્યાન હોય છે ?**

**જવાબ :** શ્રમણોપાસક વ્રત ધારણ કરતા થકા પૂર્વકૃત પાપની નિંદા કરે છે. વર્તમાનનો સંવર કરે છે અને ભવિષ્યને માટે તે પાપના પ્રત્યાખ્યાન કરે છે.

હિંસા આદિનો ત્યાગ શ્રાવકને ત્રણ કરણ ત્રણ યોગમાંથી ઈચ્છા પ્રમાણેના કરણ-યોગથી થઈ શકે છે. ન્યૂનતમ–ઓછામાં ઓછા એક કરણ એક યોગથી થઈ શકે છે, અધિકતમ–વધારેમાં વધારે ત્રણ કરણ ત્રણ યોગથી થઈ શકે છે.

**ત્રણ કરણ**– (૧) કરવું (૨) કરાવવું (૩) અનુમોદન કરવું. **ત્રણ યોગ**– (૧) મન (૨) વચન (૩) કાયા. એ કરણયોગમાંથી ઈચ્છિત એક, બે અથવા ત્રણ કરણ અને ઈચ્છિત એક, બે અથવા ત્રણ યોગથી પ્રત્યાખ્યાન કરવામાં કુલ ૯ વિકલ્પ અને ૪૯ ભાંગા–ભંગ બને છે.

**૯ વિકલ્પ**– (૧) એક કરણ એક યોગ (૨) એક કરણ બે યોગ (૩) એક કરણ ત્રણ યોગ (૪) બે કરણ એક યોગ (૫) બે કરણ બે યોગ (૬) બે કરણ ત્રણ યોગ (૭) ત્રણ કરણ એક યોગ (૮) ત્રણકરણ બે યોગ (૯) ત્રણ કરણ ત્રણ યોગ. તેના ૪૯ ભંગ આ પ્રમાણે છે–

**(૧) એક કરણ એક યોગના ૯ ભંગ**– (૧) કરવું નહિ મનથી (૨) કરવું નહિ વચનથી (૩) કરવું નહિ કાયાથી (૪) કરાવવું નહિ મનથી (૫) કરાવવું નહિ વચનથી (૬) કરાવવું નહિ કાયાથી (૭) અનુમોદન કરવું નહિ મનથી (૮) અનુમોદન કરવું નહિ વચનથી (૯) અનુમોદન કરવું નહિ કાયાથી.

**(૨) એક કરણ બે યોગના ૯ ભંગ**– (૧) કરવું નહિ મનથી વચનથી (૨) કરવું નહિ મનથી કાયાથી (૩) કરવું નહિ વચનથી કાયાથી (૪) કરાવવું નહિ મનથી વચનથી (૫) કરાવવું નહિ મનથી કાયાથી (૬) કરાવવું નહિ વચનથી કાયાથી (૭) અનુમોદન કરવુ નહિ મનથી વચનથી (૮) અનુમોદન કરવું નહિ મનથી કાયાથી (૯) અનુમોદન કરવું નહિ વચનથી કાયાથી.

**(૩) એક કરણ ત્રણ યોગના ૩ ભંગ**– (૧) કરવું નહિ મન વચન કાયાથી

(૨) કરાવવું નહિ મન વચન કાયાથી (૩) અનુમોદન કરવું નહિ મન વચન કાયાથી.

**(૪) બે કરણ એક યોગના ૯ ભંગ–** (૧) કરવું નહિ કરાવવું નહિ મનથી (૨) કરવું નહિ કરાવવું નહિ વચનથી (૩) કરવું નહિ કરાવવું નહિ કાયાથી (૪) કરવું નહિ અનુમોદન કરવું નહિ મનથી (૫) કરવું નહિ અનુમોદન કરવું નહિ વચનથી (૬) કરવું નહિ અનુમોદન કરવું નહિ કાયાથી (૭) કરાવવું નહિ અનુમોદન કરવું નહિ મનથી. (૮) કરાવવું નહિ અનુમોદન કરવું નહિ વચનથી. (૯) કરાવવું નહિ અનુમોદન કરવું નહિ કાયાથી.

**(૫) બે કરણ બે યોગના ૯ ભંગ–** (૧) કરવું નહિ કરાવવું નહિ મનથી વચનથી (૨) કરવું નહિ કરાવવું નહિ મનથી કાયાથી (૩) કરવું નહિ કરાવવું નહિ વચનથી કાયાથી (૪) કરવું નહિ અનુમોદન કરવું નહિ મનથી વચનથી (૫) કરવું નહિ અનુમોદન કરવું નહિ મનથી કાયાથી (૬) કરવું નહિ અનુમોદન કરવું નહિ વચનથી કાયાથી (૭) કરાવવું નહિ અનુમોદન કરવું નહિ મનથી વચનથી (૮) કરાવવું નહિ અનુમોદન કરવું નહિ મનથી કાયાથી (૯) કરાવવું નહિ અનુમોદન કરવું નહિ વચનથી કાયાથી.

**(૬) બે કરણ ત્રણ યોગના ૩ ભંગ–** (૧) કરવું નહિ કરાવવું નહિ મન વચન કાયાથી (૨) કરવું નહિ અનુમોદન કરવું નહિ મન વચન કાયાથી (૩) કરાવવું નહિ અનુમોદન કરવું નહિ મન વચન કાયાથી.

**(૭) ત્રણ કરણ એક યોગના ૩ ભંગ–** (૧) કરવું નહિ કરાવવું નહિ અનુમોદન કરવું નહિ મનથી (૨) કરવું નહિ કરાવવું નહિ અનુમોદન કરવું નહિ વચનથી (૩) કરવું નહિ કરાવવું નહિ અનુમોદન કરવું નહિ કાયાથી.

**(૮) ત્રણ કરણ બે યોગના ૩ ભંગ–** (૧) કરવું નહિ કરાવવું નહિ અનુમોદન કરવું નહિ મનથી વચનથી (૨) કરવું નહિ કરાવવું નહિ અનુમોદન કરવું નહિ મનથી કાયાથી (૩)કરવું નહિ કરાવવું નહિ અનુમોદન કરવું નહિ વચનથી કાયાથી.

**(૯) ત્રણ કરણ ત્રણ યોગનો ૧ ભંગ–** (૧) કરવું નહિ કરાવવું નહિ અનુમોદન કરવું નહિ મનથી વચનથી કાયાથી.

**પ્ર.૧૩ : આજીવિકોપાસકોનું અને તેઓના ત્યાગ પ્રત્યાખ્યાનનું વર્ણન કરીને શ્રમણોપાસકોને શું પ્રેરણા આપવામાં આવી છે ?**





**જવાબ :** પ્રસ્તુત પાંચમા ઉદ્દેશકમાં તે સંબંધી વર્ણન છે ત્યાં ગૌશાલકપંથી શ્રાવકોને આજીવિકોપાસક કહ્યા છે. તેમાં મુખ્ય ૧૨ આજીવિકોપાસકોના નામ અને તેઓના ત્યાગ નિયમ બતાવીને ભગવાને શ્રમણોપાસકોને ૧૫ કર્માદાનના ત્યાગી બનવાની પ્રેરણા આપી છે. તે કથન સંપૂર્ણ આ પ્રમાણે છે–

આજીવિક સિદ્ધાંત છે કે આ સંસારમાં જીવ જીવના ભક્ષક છે. બધા પ્રાણી સચિત્ત–સજીવનો આહાર કરે છે અથવા સજીવનું છેદન-ભેદન, હનન, લુંપન, વિલુંપન આદિ કરીને તે પદાર્થોનો આહાર કરે છે. એવામાં પણ તેના ૧૨ મુખ્ય શ્રાવક છે જે અરિહંત(ગોશાલક)ને પોતાના દેવ માને છે, માતા-પિતાની ભક્તિપૂર્વક સેવા-સુશ્રૂષા કરે છે, પાંચ બહુજીવી ફળોનો ત્યાગ પ્રત્યાખ્યાન કરે છે, યથા– (૧) ઉંબરફળ (૨) વડનું ફળ (૩) બોરનું ફળ (૪) શહતૂત (૫) પીપળનું ફળ. તેઓ ડુંગળી, લસણ, કંદમૂળના ત્યાગી હોય છે. બળદોને નપુંસક બનાવતા નથી, ખસી કરાવતા નથી અને નાક વીંધતા નથી, એમ જ રાખે છે અને ત્રસ પ્રાણીઓની હિંસા રહિત વ્યાપારથી આજીવિકા ચલાવે છે.

જ્યારે એ ગોશાલક પંથી પણ આ પ્રકારે હિંસાથી દૂર રહે છે, હિંસાનો વ્યાપાર કરતા નથી તો પછી શ્રમણોપાસકોએ તો ૧૫ કર્માદાન વ્યાપાર ક્યારેય પણ નહિ કરવા જોઈએ અર્થાત્ એ ૧૫ કર્માદાનરૂપ વ્યાપાર જાતે કરવા, કરાવવા, અનુમોદવાનું શ્રમણોપાસકોને કલ્પતું નથી. આ પ્રમાણે જાણીને ૧૫ કર્માદાનનો ત્યાગ કરનારા અને અન્ય શ્રાવક વ્રતોનું પાલન કરનારા શ્રાવક પોતાના આત્માને પવિત્ર, પરમ પવિત્ર બનાવીને દેવગતિના અધિકારી બને છે.

**આજીવિકોપાસક ૧૨ ના નામ–** (૧) તાલ (૨) તાલપ્રલંબ (૩) ઉદ્વિધ (૪) સંવિધ (૫) અવધિ (૬) ઉદય (૭) નામોદય (૮) નર્મોદય (૯) અનુપાલક (૧૦) શંખપાલક (૧૧) અયંપુલ (૧૨) કાતર.

**કર્માદાન પંદરના નામ–** (૧) અગ્નિ આરંભનો વ્યાપાર (૨) વનસ્પતિ આરંભનો વ્યાપાર (૩) વાહનોનું ઉત્પાદન (૪) વાહનોથી ભાડું કમાવું (૫) પૃથ્વી ખોદવા સંબંધી વ્યાપાર (૬) હાથીદાંત આદિ ત્રસ જીવોના શરીરના અવયવોનો વ્યાપાર (૭) લાખ, સાબુ–સોડા, કેમિકલ્સ(રસાયણો),પ્લાસ્ટિક ઉત્પાદનોનો વ્યાપાર આદિ (૮) રસપદાર્થ–તેલ, ઘી, ગોળ, સાકર, શરાબ આદિનો વ્યાપાર.(૯) વિષારી(ઝેરી) પદાર્થ, જીવ જંતુઓને મારવાની દવા,

શસ્ત્ર હથિયારના વ્યાપાર (૧૦) કેશવાળા જાનવર, મનુષ્યોમાં દાસ-દાસીનો વ્યાપાર અથવા કેશ–વાળ વેચવાનો વ્યાપાર (૧૧) તેલઘાણી, ફેકટરી આદિ મોટા યંત્રોના કારખાના સંબંધી વ્યાપાર (૧૨) પશુઓને નપુંસક બનાવવાનો ધંધો (૧૩) આગ લગાડવાના ઠેકા લેવાનો વ્યાપાર (૧૪) સરોવર, તળાવ, ઝીલ, નદીનું પાણી સૂકવવાનો ધંધો (૧૫) વેશ્યા, હિંસક પ્રાણી–પશુ આદિનું પાલન પોષણ કરવું, એ ૧૫ પ્રકારના વ્યાપાર શ્રાવકોને કલ્પતા નથી.

અહીં ગોશાલકના શ્રાવકોના ત્યાગ બતાવીને તે ત્યાગ સંબંધી ચર્ચા કરી નથી પરંતુ તેના દ્વારા ત્રસ જીવની હિંસાવાળા વેપાર નહિ કરવાની તુલનામાં શ્રમણોપાસકોને ૧૫ કર્માદાનના વ્યાપાર નહિ કરવાની સ્પષ્ટ પ્રેરણા કરવામાં આવી છે.

બીજી વાત એ છે કે તે ૧૨ આજીવિકોપાસકોના અર્થાત્ ગૌશાલકના મુખ્ય શ્રાવકોના એ ત્યાગ પ્રત્યાખ્યાન બતાવ્યા છે. એથી ગૌશાલકના બધા શ્રાવકોના એ બધા પ્રત્યાખ્યાન હોય એ જરૂરી નથી. ભગવાન મહાવીરના ૧૦ પ્રમુખ શ્રાવક આનંદ આદિ તો સંપૂર્ણ ગૃહસ્થ જીવનથી નિવૃત્ત થઈને સાધના કરનારા હતા. તેઓ પડિમાધારી શ્રાવક બન્યા હતા અને સંપૂર્ણ સાવદ્યના ત્યાગી બન્યા હતા. ॥ ઉદ્દેશક–૫ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૪ : શ્રમણ નિર્ગ્રંથને નિર્દોષ યા સદોષ આહાર દેવાથી અને અસંયત અવિરત કોઈપણ લિંગધારીને આપવાથી નિર્જરા પાપ શું થાય છે ?**

**જવાબ :** (૧) સાવદ્યત્યાગી શ્રમણ નિર્ગ્રંથને નિર્દોષ કલ્પનીય આહાર ગુઢ બુદ્ધિથી પ્રતિલાભિત કરવાથી એકાંત નિર્જરા થાય છે તેમાં આહાર નિર્દોષ હોવાથી કોઈ પાપ લાગતું નથી.

(૨) સાવદ્યત્યાગી શ્રમણ નિર્ગ્રંથને ઔષધ ઉપચાર અથવા અન્ય કોઈ સંકટ યુક્ત પરિસ્થિતિમાં અથવા ક્યારેક અવિવેક અજ્ઞાનપૂર્વક, ભક્તિના અતિરેકથી શ્રમણ નિર્ગ્રંથની સાતા ભાવનાથી સદોષ આહાર વહોરાવવાથી ઘણું કરીને નિર્જરા અને દોષિત આહાર હોવાથી તેમાં થનારી વિરાધના કે સમાચારી ભંગથી અલ્પ પાપ પણ થાય છે. અહીં બહુતર નિર્જરા કહેવાનો આશય એ છે કે દાતા દ્રવ્યથી સૂઝતા હોવાથી દ્રવ્ય શુદ્ધ છે અને સંયમ સાધનામાં સહાયક હોવાનો શુભ ભાવ છે એથી ભાવથી શુદ્ધ છે અને પાત્ર પણ શુદ્ધ છે. કારણ કે શ્રમણ નિર્ગ્રંથ તથારૂપના છે. માત્ર વસ્તુ દોષિત હોવાનું અહીં અલ્પ પાપ કહ્યું છે.





(૩)સાવદ્યના અત્યાગી અસંયત અવિરત કોઈપણ સંન્યાસીને ગુઢબુદ્ધિથી ત્યાગી માનીને જે આહારદાન કરે છે તે મિથ્યાત્વ ભાવના સેવનના કારણે મોક્ષ હેતુલક્ષી નિર્જરા નથી કરતો (કારણ કે એકાંત નિર્જરા તો ત્યાગી શ્રમણને આપવાથી થાય છે.) એકાંત પાપકર્મ કરે છે. આ કથનનો હેતુ મિથ્યાત્વના પોષણની અપેક્ષા છે. મિથ્યાત્વથી ભાવિત બનેલ વ્યક્તિ મોક્ષ હેતુલક્ષી સકામ નિર્જરા કરતા નથી. આમાં દાન લેનાર અસંયત હોવાથી અપાત્ર છે; દાતા તેને ગુઢત્યાગી પાત્ર સમજીને ખોટી–મિથ્યા માન્યતા રાખે છે, એથી દાતા પણ અશુદ્ધ છે ત્યારે વસ્તુ સદોષ નિર્દોષ કોઈ પણ હોય તેનું મહત્ત્વ રહેતું નથી.

એ ત્રણે પ્રકારના દાનમાં પુણ્યબંધ તો સર્વત્ર (ત્રણેયમાં) થાય જ છે કારણ કે ભાવનામાં ઉદારતા અને અનુકંપા હોય છે, લેનારને સુખ પહોંચે છે, અધ્યવસાય દાતાના શુભ હોય છે. તોપણ પ્રસ્તુત સૂત્રમાં તો પાપ અને નિર્જરાની પ્રમુખતાથી જ પ્રશ્ન અને ઉત્તર છે. એ માટે એકાંત પાપ કે એકાંત નિર્જરા શબ્દ પ્રયોગ કર્યો છે અર્થાત્ એ બેમાંથી એકનો પૂર્ણ નિષેધ દેખાડવા માટે પ્રથમમાં એકાંત નિર્જરા અને ત્રીજામાં એકાંત પાપ કહ્યું છે. પુણ્યનો અહીં પ્રસંગ જ લીધો નથી. તેથી પુણ્યના નિષેધનો અહીં આશય નથી એમ સમજવું જોઈએ. પુણ્યના પ્રસંગમાં તો શાસ્ત્રકારે ૯ પુણ્ય બતાવ્યા જ છે તેમાં ૯ પ્રકારના દાન સંસારના સમસ્ત પ્રાણીઓને માટે જિનશાસનમાં શ્રાવકોને માટે ખુલ્લા જ છે તેનો નિષેધ કોઈના માટે નથી. પ્રાચીન ટીકાકાર આચાર્યે પણ અહીંયા સ્પષ્ટ કર્યું છે કે–

**मोक्खत्थ ज पुण दाण , त पई एसो विहि समक्खाओ ।**
**अणुकम्पादाण पुण, जिणेहिं ण कयाइ पडिसिद्ध ॥**

**અર્થ–** સૂત્રોક્ત પ્રશ્નોત્તરમય વિધાન મોક્ષાર્થ દાનની અપેક્ષાથી છે પરંતુ અનુકંપાદાનનો જિનેશ્વરોએ ક્યાંય પણ નિષેધ કર્યો નથી.

**પ્રશ્ન–૧૫ : દોષની આલોચના પ્રાયશ્ચિત્ત કર્યા વિના ભાવમાત્રથી કોઈ આરાધક બની શકે છે ?**

**જવાબ :** આલોચનાનો સંકલ્પ, પ્રયત્ન, તત્પરતા હોય તો આલોચનાનો સંયોગ ન હોવા છતાં પણ દોષી વ્યક્તિ આરાધક બની શકે છે. જેમ કે કોઈ દોષી વ્યક્તિએ આલોચના પ્રાયશ્ચિત્ત કરવાને માટે સંકલ્પ પૂર્વક આલોચના સાંભળ નારની પાસે જવાનો સંકલ્પ કર્યો. એવામાં કોઈનું આયુષ્ય પૂર્ણ થઈ જાય,

વાચા બંધ થઈ જાય, કાનમાં બહેરાપણું આવી જાય. આવી રીતે કોઈ પણ પ્રકારે આલોચના પ્રાયશ્ચિત્ત કરવામાં અંતરાય આવી જાય તો તેના સંકલ્પના કારણે આલોચનાનું ફળ મળી જાય છે. જેમ અગ્નિમાં નાખેલ તંતુ બળ્યો અને રંગમાં બોળેલ તંતુ રંગાયો–રંગ્યો કહેવાય છે એ જ પ્રમાણે તે આરાધક કહેવાય છે.

**પ્રશ્ન–૧૬ : કાયિકી આદિ પાંચ ક્રિયાઓમાંથી જીવોને પરસ્પર કેટલી ક્રિયા લાગે છે ?**

**જવાબ :** ૨૪ દંડકના જીવોને જ્યાં સુધી તેઓ અવ્રતી કે સકષાયી હોય ત્યાં સુધી તે સર્વ જીવોને, ચોવીસેય દંડકના સર્વ જીવોથી ત્રણ ક્રિયા તો લાગે જ છે–કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી. તે સિવાય ઔદારિક દંડકોના જીવોથી ક્યારેક ત્રણ, ક્યારેક ચાર અને ક્યારેક પાંચ ક્રિયાઓ લાગે છે અર્થાત્ તેઓને જે કષ્ટ પહોંચાડે તેને પરિતાપનિકી ક્રિયા સહિત ચાર અને મારે તો પ્રાણાતિપાતિકી ક્રિયા સહિત ૫ ક્રિયા લાગે છે. વૈક્રિય દંડકવાળાઓથી કદાચિત્ ત્રણ કે ચાર ક્રિયા લાગે છે. તેનાથી પ્રાણાતિપાતિકી ક્રિયા લાગતી નથી કારણ કે તેઓ અપૂર્ણ આયુષ્યમાં મરતા નથી, તેઓ નિરૂપક્રમી આયુષ્યવાળા હોય છે.

સમુચ્ચય જીવ અને મનુષ્ય અક્રિય પણ હોય છે, ૧૧ થી ૧૪ મા ગુણસ્થાનની અપેક્ષા. આહારક, તૈજસ અને કાર્મણ એ ત્રણે શરીરથી ક્રિયા કોઈને ત્રણ યા ચાર ક્રિયા લાગે છે પાંચમી ક્રિયા લાગતી નથી, કારણ કે ત્રણે શરીર ચક્ષુગ્રાહ્ય નથી એટલા સૂક્ષ્મ છે. ॥ ઉદ્દેશક–૬ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૭ : રાજગૃહી નગરીમાં એકવાર અન્યતીર્થિક શ્રમણોએ આવીને ભગવાનના સ્થવિરો પર શું આક્ષેપ લગાડયો હતો ?**

**જવાબ :** રાજગૃહીના ગુણશીલ બગીચામાં પ્રાયઃ ભગવાન વિરાજમાન થતા હતા. તેની નજીકમાં જ અન્યતીર્થિકોનો આશ્રમ હતો. જેમાં અનેક સંન્યાસી રહેતા હતા. તેઓના મનમાં કેટલાય પ્રશ્ન જૈનધર્મ યા જૈન શ્રમણોથી સંબંધિત ઉત્પન્ન થતા હતા. જેની આપસમાં ચર્ચા પણ થતી રહેતી હતી. કારણ કે રાજગૃહી નગરી ધર્મની બાબતમાં ઘણી આગળ હતી.ત્યાં જૈન અજૈન બધા ધર્મોના અનુયાયી રહેતા હતા. ક્યારેક પોતાની વિશિષ્ટ પ્રકૃતિના સંન્યાસી જિજ્ઞાસા કે કુતૂહલ વધી જવાથી શ્રમણોની પાસે અથવા ક્યારેક ભગવાનની પાસે પણ પહોંચીને પ્રશ્ન ચર્ચા કરી લેતા હતા. પ્રસ્તુત સાતમા ઉદ્દેશકમાં એવી જ ઘટનાનું વર્ણન છે. એમાં કોઈ શ્રમણ કે અન્યતીર્થિક સંન્યાસીનું નામ નથી.





**(૧) પ્રથમ આક્ષેપ–** શ્રમણો ! તમે અસંયત અવિરત અને એકાંત બાલ છો કારણ કે તમે અદત્ત ગ્રહણ કરો છો. ગૃહસ્થ દ્વારા આપવામાં આવેલી ભિક્ષા તમારા પાત્રમાં પડે નહિ ત્યાં સુધી તમે તે ગૃહસ્થની માનો છો. વચમાંથી કોઈ લઈ જાય તો ગૃહસ્થની ગઈ માનો છો તો વચમાં રહેલો ગૃહસ્થનો આહાર જ તમારા પાત્રમાં પડે છે તેને તમે ગ્રહણ કરી લો છો તો તમને અદત્ત લાગે છે અને અદત્ત લેનાર અસંયત હોય છે અને અસંયતને બાલ કહેવાય છે. જેથી તમે અસંયત અને બાલ છો.

અન્યતીર્થિકોની આ ગેરસમજ હતી. સ્થવિરોએ કહ્યું કે અમે તો ગૃહસ્થના દીધા પછી **दिज्जमाणे दिण्णे**ના સિદ્ધાંતથી અમારું ગણીએ છીએ અને વચમાંથી કોઈ લઈ જાય તો અમારું જ ગયું એવું અમે માનીએ છીએ. તેથી અમે અદત્ત ગ્રહણ કરતા નથી તો અમે અસંયત અવિરત અને બાલ નથી પરંતુ અમે આપેલું દત્ત જ લઈએ છીએ. જેથી અમે સંયત, વિરત છીએ, એકાંત પંડિત છીએ પરંતુ ઉપરોક્ત માન્યતા તમારી છે, જેથી તમે જ અદત્ત ગ્રહણ કરનારા અસંયત આદિ છો. તમે લોકો જ એકાંત બાલ છો. અન્યતીર્થિકોની પાસે હવે કોઈ ઉત્તર હતો નહિ.

**(૨) બીજો આક્ષેપ–** નિરુત્તર થએલા અન્યતિર્થિકોએ બીજો આક્ષેપ લગાવ્યો કે તમે લોકો અહીંથી તહીં ફરતા જ રહો છો. વિહાર, ગોચરી, સ્થંડિલ આદિને માટે ફરવામાં તમે પૃથ્વીની અને તેના પર રહેલા કે ચાલતા જીવોની વિરાધના કરતા રહો છો. તેથી તમે અસંયત અવિરત અને એકાંત બાલ છો. સ્થવિરોએ ઉત્તર આપ્યો કે અમે શરીરની આવશ્યક ક્રિયાઓ માટે જ્યારે પણ ગમનાગમન કરીએ છીએ ત્યારે ધ્યાનપૂર્વક ઈર્યાનું શોધન કરતાં-કરતાં એકાગ્રચિત્તે શાંતિથી પૃથ્વી પર ચાલીએ છીએ. અમે જીવોના સ્વરૂપને જાણીએ છીએ અને સમસ્ત પ્રવૃત્તિ અહિંસા ધર્મનું પાલન કરતાં યતનાપૂર્વક, સંયમપૂર્વક કરીએ છીએ. તેથી અમે અસંયત આદિ નથી પરંતુ જીવોની પૂર્ણ અહિંસા પાલન કરવાથી અમે સંયત, વિરત, પંડિત છીએ. તમે લોકો પોતે જ જીવોના સ્વરૂપને પૂર્ણપણે સમજતા નથી, ઈર્યાસમિતિપૂર્વક, ધ્યાનપૂર્વક ચાલતા નથી; જેથી તમે જ અસંયત, અવિરત અને એકાંત બાલ છો.

**(૩) ત્રીજો આક્ષેપ–** નિરુત્તર થયેલા અન્યતીર્થિક ફરી ગેરસમજણથી અસત્યાક્ષેપ કરવા લાગ્યા કે શ્રમણો તમારી માન્યતાનુસાર ગમ્ય માન અગત

હોય છે, રાજગૃહનગર જવાવાળા રાજગૃહ નહિ ગયા કહો છો તો તમે ક્યારે ય ગંતવ્ય સ્થાનમાં પહોંચશો નહિ. સ્થવિરોએ કહ્યું આ પણ તમારો ભ્રમ છે. અમારી માન્યતા તો **ચલમાણે ચલે** ની છે. તે અનુસાર રાજગૃહ જવા માટે નીકળેલ વ્યક્તિ રાજગૃહ ગયો કહેવાય છે, કારણ કે તે નિરંતર રાજગૃહ પહોંચી રહ્યો છે. તેથી અમે તો અમારા ગંતવ્ય સ્થાનમાં પહોંચીએ જ છીએ પરંતુ ઉક્ત માન્યતા તમારી પોતાની છે જેથી તમે જ ક્યારેય ગંતવ્ય સ્થાનમાં પહોંચશો નહિ.

આ પ્રમાણે આક્ષેપોના પ્રત્યુત્તર દઈને સ્થવિરોએ તેઓને **ગતિ પ્રપાત** નામક પ્રજ્ઞાપના સૂત્રના ૧૬મા પદના ભાવો સમજાવ્યા. ત્યાર પછી શું થયું તેનું કોઈ વર્ણન મૂલપાઠમાં નથી. આમ છતાં એ સ્વતઃ સ્પષ્ટ થાય છે કે તેઓ જેવા આવ્યા તેવા જ નિરુત્તર થઈને ચાલ્યા ગયા. કારણ કે પ્રતિબુદ્ધ થઈ કંઈ સ્વીકારત તો તેનું વર્ણન પણ કરવામાં આવત જ; પરંતુ એવું કંઈ થયું નથી એટલે જ આગળનો કોઈ ઉલ્લેખ મૂળપાઠમાં નથી. ॥ ઉદ્દેશક–૭ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૮ : ઈર્યાવહિ બંધનું શું સ્વરૂપ છે ? કયા જીવ એનો બંધ કરે છે ?**

**જવાબ :** દસમાં ગુણસ્થાનને પાર કર્યા પછી જ્યારે સમસ્ત કર્મોનો બંધ રોકાઈ જાય છે ત્યારે ૧૧મા, ૧૨ મા, ૧૩ મા ગુણસ્થાનમાં ઈર્યાવહી બંધ થાય છે. એનો સમાવેશ શાતાવેદનીય કર્મમાં થાય છે. આ બંધ બે સમયની સ્થિતિનો હોય છે. પ્રથમ સમયમાં બંધ થાય છે, બીજા સમયમાં વેદન થાય છે અને ત્રીજા સમયમાં ક્ષય થઈ જાય છે. મોહનીય કર્મના સંપૂર્ણ ક્ષય પછી વીતરાગ=કષાય રહિત જીવોને આ ઈર્યાવહી બંધ નામ માત્રનો કર્મબંધ થાય છે. આ ૧૧ માંથી લઈને ૧૩ મા ગુણસ્થાનના અંત સુધી બંધાય છે. શૈલેષીકરણની પૂર્ણતાની સાથે ૧૪મું ગુણસ્થાન પ્રારંભ થાય છે ત્યારે શૈલેષી જીવોમાં આ બંધ પણ થતો નથી. તેથી ૧૪મા ગુણસ્થાનના શૈલેષી જીવ અબંધક હોય છે. કર્મબંધ નહિવત્ હોવા છતાં પણ ૧૧ થી ૧૩ ગુણસ્થાન સુધી જીવ દેશોન ક્રોડપૂર્વ વર્ષ જીવિત રહી શકે છે. તેઓ પોતાના આયુષ્ય, નામ, ગોત્ર તથા વેદનીય એ ચારે ય કર્મોના ઉદયથી સંસાર કાલ વ્યતીત કરે છે. નવી બંધવૃદ્ધિ નહિ હોવા છતાં પણ પુરાણા સ્ટોકના કર્મ એટલા સમય સુધી ઉત્કૃષ્ટ ચાલી શકે છે અર્થાત્ આ ઈર્યાવહી બંધ ઉત્કૃષ્ટ એક જીવની અપેક્ષા દેશોન ક્રોડ પૂર્વ વર્ષ સુધી બંધાતો રહી શકે છે. આ બંધમાં એક ભંગ સાદિ શાંતનો જ હોય છે. અન્ય અનાદિ અનંતના ભંગ આમાં હોતા નથી.





આ ઈર્યાવહિ બંધ ૪ ગતિ ૨૪ દંડકની અપેક્ષા ત્રણ ગતિ અને ૨૩ દંડકવાળા જીવ બાંધતા નથી. મનુષ્ય ગતિ અને મનુષ્ય દંડકમાં પણ ૧ થી ૧૦ ગુણસ્થાનવર્તી જીવ બાંધતા નથી. ૧૧, ૧૨, ૧૩ એ ત્રણ ગુણસ્થાનવાળા મનુષ્ય-મનુષ્યાણી બાંધે છે. પ્રથમ સમયના બંધક અર્થાત્ ૧૧મા ૧૨મા ગુણસ્થાનના પ્રથમ સમયવર્તી મનુષ્ય-મનુષ્યાણી બાંધે છે તેઓ ક્યારેક હોય છે ક્યારેક શ્રેણીનો વિરહકાલ હોય તો નથી હોતા; તેથી જ્યારે હોય છે તો એક-અનેકથી આઠ વિકલ્પ હોય છે– (૧) ક્યારેક એક મનુષ્ય (૨) ક્યારેક એક મનુષ્યાણી (૩) ક્યારેક અનેક મનુષ્ય (૪) ક્યારેક અનેક મનુષ્યાણી હોય છે. બંને હોય તો (૫) ક્યારેક એક મનુષ્ય એક મનુષ્યાણી (૬) ક્યારેક એક મનુષ્ય અનેક મનુષ્યાણી (૭) ક્યારેક અનેક મનુષ્ય એક મનુષ્યાણી અને (૮) ક્યારેક અનેક મનુષ્ય અનેક મનુષ્યાણી ઈર્યાવહિ બંધક હોય છે.

વેદની અપેક્ષા કોઈ વેદી ઈર્યાવહિ બંધ નથી બાંધતો કારણ કે ૯મા ગુણસ્થાનમાં જ વેદ ઉદય સમાપ્ત થઈ જાય છે. પૂર્વભાવની અપેક્ષા સ્ત્રી, પુરુષ, નપુંસક ત્રણે લિંગી ઈર્યાવહિ બંધ કરે છે. વિરહકાલની અપેક્ષા ત્રણે ય અશાશ્વત હોવાથી પ્રથમ સમયવર્તી ક્યારેક ન હોય, ક્યારેક એક અથવા ક્યારેક અનેક હોય તો આ બધા વિકલ્પોના કારણે કુલ ૨૬ ભંગ થાય છે. જેમાં અસંયોગી–૬, દ્વિસંયોગી–૧૨ અને ત્રિસંયોગી–૮ ભંગ થાય છે. એ ભંગ પ્રથમ સમયવર્તીની અપેક્ષા બને છે.

ત્રણ કાલની અપેક્ષા બે પ્રકારે કથન થાય છે– (૧) એક ભવની અપેક્ષા ગ્રહણાકર્ષથી (૨) અનેક ભવની અપેક્ષા ભવાકર્ષથી. ત્રણ કાલની અપેક્ષા સૂત્રમાં ઈર્યાવહિ બંધ સંબંધી આઠ વિકલ્પ આ પ્રમાણે બનાવ્યા છે–

(૧) બાંધ્યો, બાંધે, બાંધસે– તેરમા ગુણસ્થાના દ્વિચરમ સમય સુધી
(૨) બાંધ્યો, બાંધે, નહિ બાંધસે– તેરમા ગુણસ્થાનના ચરમ સમયમાં
(૩) બાંધ્યો, નહિ બાંધે, બાંધસે– ૧૧મા ગુણસ્થાનથી ગબડેલા
(૪) બાંધ્યો, નહિ બાંધે, નહિ બાંધસે– ૧૪મા ગુણસ્થાનવર્તી
(૫) નહિ બાંધ્યો, બાંધે, બાંધસે– ૧૧મા ૧૨ મા ગુણસ્થાનના પ્રારંભમાં
(૬) નહિ બાંધ્યો, બાંધે, નહિ બાંધસે–આ અનેક ભવની અપેક્ષાએ જ થાય છે
(૭) નહિ બાંધ્યો, નહિ બાંધે, બાંધસે– ૧૦મા ગુણસ્થાનના ચરમસમયવર્તી
(૮) નહિ બાંધ્યો, નહિ બાંધે, નહિ બાંધસે– અભવીમાં

ગ્રહણાકર્ષમાં પૃચ્છાના એક સમયની અપેક્ષા હોય છે તેથી છટ્ઠા ભંગ પહેલા પૂરા ભવમાં બાંધ્યો નહિ, વર્તમાન સમયમાં ૧૧મા ગુણસ્થાનના પ્રથમ સમયમાં બાંધે છે અને પછી દ્વિતીય સમયથી નહિ બાંધે, એમ હોતું નથી, તેથી એક ભવના ગ્રહણાકર્ષમાં આ ભંગ થતો નથી, ભવાકર્ષમાં થાય છે. યથા– પૂર્વ ભવોમાં બાંધ્યો નહિ વર્તમાન ભવમાં ક્ષપકશ્રેણીમાં બાંધે છે અને આગામી ભવ કરશે નહિ. એથી મોક્ષમાં બાંધશે નહિ. આમ અનેક ભવની અપેક્ષામાં છટ્ઠો ભંગ થાય છે અને ગ્રહણાકર્ષમાં એક ભવ, પ્રથમ સમય કે પૃચ્છા સમયની અપેક્ષા આ છટ્ઠો ભંગ થતો નથી.

ઈર્યાવહિ બંધમાં જીવ પોતાના સર્વ આત્મપ્રદેશોથી ગ્રહણ કરેલ સર્વ કર્મ વર્ગણા પુદ્ગલોને બાંધે છે અર્થાત્ સર્વથી સર્વબંધ કરે છે.

**પ્રશ્ન–૧૯ : સંપરાય બંધ કોને કહે છે અને તત્સંબંધી બંધકોના વિકલ્પ કેવી રીતે થાય છે ?**

**જવાબ :** દશમા ગુણસ્થાન સુધીના સકષાયી જીવ જે પણ કર્મબંધ કરે છે તેને સંપરાય બંધ કહે છે. આ બંધ ૪ ગતિ ચોવીસેય દંડકમાં શાશ્વત હોય છે.

ત્રણે ય વેદોમાં પણ આ બંધ હોય છે. અવેદીમાં પણ ૯મા ૧૦મા ગુણસ્થાનમાં બંધાય છે. અવેદીના પૂર્વ ભાવની અપેક્ષા ત્રણેય લિંગી સ્ત્રી, પુરુષ, નપુંસક આ સંપરાય કર્મ ૯મા ૧૦મા ગુણસ્થાનમાં બાંધે છે. વિરહની અપેક્ષાથી અશાશ્વત હોવાને કારણે એ ત્રણે અશાશ્વત હોવાથી પચ્છાકડની અપેક્ષા પૂર્વવત્ ૨૬ ભંગ બને છે.

સાંપરાયિક બંધ (૧) અનાદિ અનંત પણ હોય છે અભવીની અપેક્ષા (૨) અનાદિ સાંત પણ હોય છે ભવીની અપેક્ષા (૩) સાદિસાંત પણ હોય છે શ્રેણીની પડિવાઈની અપેક્ષા (૪) સાદિ અનંતનો ભંગ હોતો નથી. ત્રણ કાળ ની અપેક્ષા આમાં ૪ ભંગ થાય છે– (૧) બાંધ્યો, બાંધે, બાંધસે– અભવીની અપેક્ષા, (૨) બાંધ્યો, બાંધે, નહિ બાંધસે– ભવીની અપેક્ષા,(૩) બાંધ્યો, નહિ બાંધે, બાંધસે– ઉપશમ શ્રેણીની અપેક્ષા, (૪) બાંધ્યો, નહિ બાંધે, નહિ બાંધસે– ક્ષપક શ્રેણીની અપેક્ષા.

આ સંપરાય બંધ પણ જીવ પોતાના સર્વ આત્મપ્રદેશોથી અને ગ્રહણ કરેલ સર્વ વર્ગણાના પુદ્ગલોને બાંધે છે અર્થાત્ સર્વથી સર્વ જ બંધ થાય છે.





**પ્રશ્ન–૨૦ : બાવીસ પરીષહ કયા કર્મોના ઉદયથી આવે છે અને તેનો ગુણસ્થાનો સાથે સંબંધ કેવા પ્રકારનો હોય છે ?**

**જવાબ :** બાવીસ પરીષહ ચાર કર્મના ઉદય નિમિત્તથી આવે છે, યથા–

**(૧) જ્ઞાનાવરણીયકર્મથી ૨ પરીષહ–** (૧) મતિ-શ્રુત જ્ઞાનાવરણીયના ઉદયથી પ્રજ્ઞા પરીષહ (૨) અવધિ, મનઃપર્યવ અને કેવલ જ્ઞાનાવરણીયના ઉદયથી અજ્ઞાન પરીષહ. કોઈપણ પ્રશ્નનો ઉત્તર ન આવડવો, કોઈ વાત સમજમાં ન આવવી, કંઈ યાદ ન રહેવું, તેમાં પ્રજ્ઞા પરીષહનું કારણ છે. કઠિન તપ સંયમનું આચરણ કરવા છતાં પણ વિશિષ્ટ પરોક્ષજ્ઞાન ઉપજવું નહિ, આ અજ્ઞાન પરીષહનું કારણ બને છે.

**(૨) વેદનીય કર્મથી ૧૧ પરીષહ–** ૧. ભૂખ ૨. તરસ ૩. ગરમી ૪. ઠંડી ૫. મચ્છર ૬. ચર્યા ૭. શય્યા ૮. વધ ૯. રોગ ૧૦. તૃણસ્પર્શ ૧૧. જલ–મેલ પરીષહ, આ બધા અશાતા વેદનીય કર્મના ઉદયથી થાય છે.

**(૩) મોહનીય કર્મથી ૮ પરીષહ–** ૧. અચેલ ૨. અરતિ ૩. સ્ત્રી ૪. નિષદ્યા ૫. આક્રોશ ૬. યાચના ૭. સત્કાર–પુરસ્કાર ૮. દર્શન પરીષહ. સાત પરીષહ ચારિત્ર મોહનીયથી અને આઠમો દર્શન મોહનીયથી થાય છે. અચેલ– જુગુપ્સા મોહનીયથી, અરતિ– અરતિ મોહથી, સ્ત્રી– વેદ મોહનીયથી, નિષદ્યા– ભય મોહથી, શેષ ત્રણ માન મોહનીયથી. **(૪) અંતરાય કર્મથી–** અલાભ પરીષહ.

**ગુણસ્થાન અને પરીષહ–** પહેલાથી સાતમા ગુણસ્થાન સુધી ૨૨ પરીષહ આઠમા ગુણસ્થાનમાં ૨૧ પરીષહ; દર્શન પરીષહ નહિ. નવમામાં ૧૮ પરીષહ; અરતિ, અચેલ, નિષદ્યા પરીષહ નહિ. ૧૦ થી ૧૨ ગુણસ્થાનમાં–૧૪ પરીષહ; સ્ત્રી, આક્રોશ, યાચના, સત્કાર-પુરસ્કાર પરીષહ નહિ. ૧૩મા ૧૪ મા ગુણસ્થાનમાં ૧૧ પરીષહ, વેદનીય કર્મના. પ્રજ્ઞા, અજ્ઞાન, અલાભ ત્રણ નહિ.

એમાંથી છદ્મસ્થોને ચર્યા નિષદ્યા પરીષહ એક સાથે ન હોય અને શીત–ઉષ્ણ પરીષહ એક સાથે ન હોય. તેથી એક સાથે પરીષહ આવવામાં છદ્મસ્થોને બે–બે ઓછા કરી લેવા. ૨૨ છે ત્યાં એક સાથે ૨૦ પરીષહ, ૨૧ છે ત્યાં એક સાથે ૧૯ પરીષહ અને ૧૮ છે ત્યાં એક સાથે ૧૬ પરીષહ તથા ૧૪ છે ત્યાં એક સાથે ૧૨ પરીષહ અને ૧૧ હોય ત્યાં ૯ પરીષહ એકી સાથે આવી શકે છે. વીતરાગી ગુણસ્થાનોમાં ચર્યા-શય્યા એક સાથે ન હોય અને શીત

ઉષ્ણ પણ એક સાથે ન હોય માટે બે ઓછા થાય છે. છદ્મસ્થોને ચર્યા-શય્યા પરીષહ સાથે થઈ શકે છે. કારણ કે તેઓ ચાલવાના સમયે મકાન મળવા સંબંધી સંકલ્પ વિકલ્પ કરી શકે છે અને બેઠા હોય ત્યારે આગળના વિહાર સંબંધી સંકલ્પ વિકલ્પ કરી શકે છે.

સાત કર્મબંધક(આયુષ્ય છોડીને) અને આઠ કર્મબંધકમાં ૨૨ પરીષહ થઈ શકે. ૬ કર્મબંધક(મોહ છોડીને) અને એક કર્મબંધક છદ્મસ્થ(૧૧–૧૨ ગુણસ્થાન)માં ૧૪ પરીષહ થઈ શકે. એકવિધ બંધક કેવલીને–૧૧ પરીષહ થઈ શકે. અબંધક ૧૪મા ગુણસ્થાનમાં–૧૧ પરીષહ થઈ શકે છે. જેમાં એક સાથે ૯ પરીષહ થઈ શકે છે.

**પ્રશ્ન–૨૧ : સૂર્ય સવાર-સાંજ નિસ્તેજ દેખાય છે, બપોરે તેજ દેખાય છે તેનું શું કારણ છે અને તેનો પ્રકાશ કેટલે દૂર જાય છે ?**

**જવાબ :** સૂર્ય સદા એક સમાન પ્રકાશે છે. સવાર-સાંજ તે આપણાથી ઘણો દૂર હોવાથી લેશ્યા(તેજ)પ્રતિઘાતના કારણે નિસ્તેજ દેખાય છે અર્થાત્ અંતર અધિક હોવાથી તેનો પ્રકાશ મંદ મંદતમ લાગે છે. એ કારણે સવાર-સાંજ નિસ્તેજ અને નજીક જેવો લાગે છે, બપોરે-મધ્યાન્હે આપણા ભરતક્ષેત્ર ઉપર સીધો આવી જવાથી લેશ્યાભિતાપથી પ્રકાશ તીવ્ર તીવ્રતમ–પ્રખર થઈ જવાથી જાજ્વલ્યમાન–દેદીપ્યમાન અને દૂર ઊંચો દેખાય છે.

જેમ કોઈ સર્ચલાઈટને બે કિલોમીટર દૂરથી જુએ તો કેવી ઝાંખી દેખાય અને નજીક આવવાથી કેટલી ય તેજ–પ્રકાશિત દેખાય છે. એમ જ સૂર્યનું સમજવું. સર્ચલાઇટની સમાન સૂર્યનો પ્રકાશ સદા એક સરખો જ રહે છે, ઊંચાઈ પણ સદા પૃથ્વીથી ૮૦૦ યોજન જ રહે છે. આપણાથી તેનું ત્રાંસુ અંતર ઘટતું વધતું રહે છે, કારણ કે તે નિરંતર–૫૨૫૧ યોજનની ગતિએ ગોળાઈમાં પોતાના નિયોજિત મુકરર માર્ગે આકાશમાં આગળને આગળ વધતો રહે છે, ક્યાંય પણ રોકાતો નથી. અંતર ઘટવા-વધવાથી જ આપણને એ પરિવર્તન દેખાય છે.

સૂર્ય સદા ઉપર ૧૦૦ યોજન નીચે ૧૮૦૦ યોજન અને ત્રાંસો પ્રથમ મંડલમાં ૪૭૨૬૩ યોજન તપે છે, પોતાનો પ્રકાશ ફેલાવે છે તથા પ્રથમ મંડલમાં ૫૨૫૧ યોજન પ્રતિમુહૂર્ત(૪૮ મિનિટ)ની ગતિથી પરિક્રમા લગાવે છે. સવાર-સાંજ અર્થાત્ સૂર્યોદય સૂર્યાસ્તના સમયે ઉનાળામાં આપણાથી ૪૭૨૬૩ યોજન દૂર હોય છે, જ્યારે સૌથી મોટો-લાંબો દિવસ હોય છે.





શિયાળામાં દિવસ નાના-નાના ટૂંકા-ટૂંકા થતા જાય છે ત્યારે આ સવાર-સાંજનું અંતર ઓછું-ઓછું થતું જાય છે અને ન્યૂનતમ–ઓછામાં ઓછું ૩૧૮૩૧ યોજનનું અંતર નાનાથી નાના દિવસમાં થઈ જાય છે. ત્યારે સૂર્ય સર્વ અંતિમ મંડલમાં હોય છે અને ૫૩૦૫ યોજન પ્રતિ મુહૂર્તની ગતિથી ચાલે છે. આમ સૂર્ય સદા વર્તમાન ક્ષેત્રને અર્થાત્ જે ક્ષેત્રથી પસાર થઈ રહ્યો હોય તેને પોતાના તાપ ક્ષેત્રની મર્યાદા અનુસાર પ્રકાશિત કરતો ચાલે છે.

નીચે ૧૮૦૦ યોજન સૂર્યના તપવાનું જે કહ્યું છે તે સલિલાવતી અને વપ્રા વિજયની અપેક્ષા કહ્યું છે. આ બંને વિજયો ૧૦૦૦ યોજન સમભૂમિથી નીચે છે. સૂર્યનો તાપ તે વિજય સુધી પૂરો પહોંચે છે, જ્યારે સૂર્ય તે વિજયની સીમાવાળા આકાશ મંડલમાં ચાલે છે. ॥ ઉદ્દેશક–૮ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૨૨ : બંધના કેટલા પ્રકાર છે અને તેના ભેદ-પ્રભેદ શું હોય છે ?**

**જવાબ :** જગતના સમસ્ત પદાર્થોના બંધ મૌલિકરૂપથી સંક્ષેપમાં બે પ્રકારના હોય છે– વિશ્રસાબંધ અને પ્રયોગબંધ. વિશ્રસાબંધના પુનઃ બે પ્રકાર છે– અનાદિ વિશ્રસાબંધ અને સાદિ વિશ્રસાબંધ. અનાદિ વિશ્રસાબંધ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયનો છે અને તેનો બંધ અનંતકાલ સુધી રહેવાનો જ છે. સાદિ વિશ્રસાબંધના ત્રણ પ્રકાર છે– (૧) બંધન પ્રત્યયિક (૨) ભાજન પ્રત્યયિક (૩) પરિણામ પ્રત્યયિક.

**(૧) બંધન પ્રત્યયિક બંધ–** પરમાણુ, દ્વિપ્રદેશી યાવત્ અનંતપ્રદેશી સ્કંધ આદિનો સ્નિગ્ધતા અને રૂક્ષતાની વિમાત્રાથી જે પણ બંધ થાય છે અને તેનાથી યોગ્ય મોટો સ્કંધ બને છે તે બંધન પ્રત્યયિક વિશ્રસા સાદિ બંધ છે. એ બંધ સ્વતઃ પુદ્ગલોની યોગ્યતા સંયોગથી થયા કરે છે. એ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યકાલ સુધી રહે છે. **(૨) ભાજન પ્રત્યયિક બંધ–** ઢીલા ગોળ આદિ પદાર્થ કોઈ વાસણમાં રાખ્યા હોય તો થોડા સમય પછી તેનો આપોઆપ પિંડ બંધાઈ જાય છે, આ ભાજન પ્રત્યયિક વિશ્રસા સાદિ બંધ છે. તે જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ સંખ્યાતા કાલ સુધી રહે છે. **(૩) પરિણામ પ્રત્યયિક વિશ્રસા બંધ–** વાદળ, ઈંદ્ર ધનુષ વગેરેના જે બંધ થાય છે તે સ્વતઃ પરિણમનથી થાય છે, તેને પરિણામ પ્રત્યયિક બંધ કહે છે. તેની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ ૬ માસની હોય છે.

**પ્રશ્ન–૨૩ : પ્રયોગ બંધના કેટલા પ્રકાર કહ્યા છે ?**

**જવાબ :** પ્રયોગબંધ અર્થાત્ જીવના પ્રયત્નથી(માધ્યમથી) થવાવાળા બંધ ત્રણ પ્રકારના હોય છે– (૧) અનાદિ અનંત (૨) સાદિ અનંત (૩) સાદિ સાંત. તેમાં **અનાદિ અનંત** જીવના આઠ પ્રદેશોનો બંધ છે અને તેમાં પણ ત્રણ-ત્રણની જોડીનો બંધ અનાદિ અનંતનો છે. તે આઠે ય સદા સાથે જ રહે છે. શેષ અસંખ્ય આત્મપ્રદેશ અહીં-તહીં થયા જ કરે છે. સિદ્ધોના અસંખ્ય આત્મપ્રદેશોનો જે બંધ છે તે **સાદિઅનંત** કાલનો છે. **સાદિ સાંત** પ્રયોગ બંધના ચાર પ્રકાર છે– **(૧) આલાવણ બંધ**– ઘાસ, લાકડી આદિનો ભારો રસ્સી આદિથી બાંધવામાં આવે છે તે આલાવણ બંધ છે. **(૨) અલિયાવણ બંધ**– આ ચાર પ્રકારનો છે– ૧. માટી, ચૂનો, લાખ, શ્લેષ આદિથી કોઈ પદાર્થને ચોંટાડવાથી બંધ થાય છે તે શ્લેષણાબંધ છે. ૨. કોઈ વસ્તુનો ઢગલો કરીને તેને બહારથી બંધ કરી દેવામાં આવે છે તે 'ઉચ્ચયબંધ' છે. ૩. મકાન, તળાવ, કૂવો, વાવ, નગરકોટ, ખાઈ, મંદિર, હોલ આદિનો સઘન બંધ 'નિર્માણ સમુચ્ચય બંધ' છે. ૪. સાહણણા (સંહનન)બંધ– ગાડી, રથ, પાલખી, તગારા, ખુરશી, પલંગ આદિની વચમાં જે જોડરૂપ બંધન હોય છે તે 'દેશ સંહનન બંધ' છે અને દૂધ અને પાણીનું એકમેક થવું એ 'સર્વસંહનન'બંધ છે. **(૩) શરીરબંધ**– સમુદ્ઘાતના સમયે બહાર નીકળેલા આત્મપ્રદેશોની સાથે તૈજસ કાર્મણ શરીરનો બંધ પૂર્વપ્રયોગ, શરીર બંધ છે અને કેવલી સમુદ્ઘાતમાં ત્રીજા, ચોથા, પાંચમા સમયે સર્વલોકવ્યાપી તૈજસ કાર્મણનો જે બંધ છે તે વર્તમાન પ્રત્યયિક શરીર બંધ છે. કેવલી સમુદ્ઘાત ભૂતકાળમાં ક્યારે ય થયો નથી તેથી તેને વર્તમાન પ્રત્યયિક કહેલ છે. **(૪) પ્રયોગ શરીર બંધ**– વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી અને ઔદારિક આદિ શરીરનામ કર્મના ઉદયથી જીવ શરીર યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરીને જે બંધ કરે છે તે પ્રયોગ શરીર બંધ છે. જીવનો પાંચે ય શરીરના બંધમાં પ્રયત્ન હોવાથી તેને પ્રયોગ શરીર બંધ કહ્યો છે. તેના પાંચ પ્રકાર છે– **૧.** ઔદારિક શરીર પ્રયોગબંધ **૨.** વૈક્રિય શરીર પ્રયોગબંધ **૩.** આહારક શરીર પ્રયોગબંધ **૪.** તૈજસ શરીર પ્રયોગબંધ **૫.** કાર્મણ શરીર પ્રયોગબંધ.

**પ્રશ્ન–૨૪ : દેશબંધ અને સર્વબંધ કોને કહે છે તથા તેની બંધસ્થિતિ અને અંતર કઈ રીતે વર્ણવેલ છે ?**

**જવાબ :** પાંચ શરીરોનો પ્રથમ સમયવર્તી પ્રયોગબંધ 'સર્વબંધ' કહેવાય છે અને શેષ બધા સમયોનો પ્રયોગબંધ 'દેશબંધ' કહેવાય છે. વૈક્રિય અથવા





આહારક લબ્ધિવાળા જ્યારે શરીર બનાવે છે, ત્યારે પણ પ્રથમ સમયમાં સર્વ-બંધ થાય છે અને પછીના સમયોમાં દેશબંધ થાય છે. જીવ જ્યાં ઉત્પન્ન થાય છે, ત્યાં પ્રથમ સમયે જે આહાર ગ્રહણ કરી શરીર બનાવે છે, તે સર્વબંધ છે. શેષ પૂરા જીવનમાં (વૈક્રિય આદિ લબ્ધિ પ્રયોગના પ્રથમ સમયને છોડીને) દેશ-બંધ થાય છે. વાટે વહેતાની બે સમયની અણાહારક અવસ્થામાં ત્રણ (ઔદારિક, વૈક્રિય, આહારક) શરીરની અપેક્ષા દેશબંધ, સર્વબંધ બંને હોતા નથી. તૈજસ કાર્મણનો દેશબંધ માત્ર હોય છે.

**(૧) ઔદારિક શરીરની દેશબંધ સર્વબંધની સ્થિતિ**– સર્વબંધની સ્થિતિ નિયમતઃ એક સમયની જ હોય છે. દેશબંધની સ્થિતિ આ પ્રમાણે છે–

| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| (૧–૩) જીવ, તિર્યંચ, મનુષ્ય | ૧ સમય | ૩ પલમાં એકસમય ઓછો |
| (૪–૫) એકેન્દ્રિય, વાયુ | ૧ સમય | પોતાના આયુ.માં ૧સમય ઓછો |
| (૬–૧૨) ૪ સ્થાવર, વિકલેન્દ્રિય | ૩ સમય ન્યૂન ક્ષુલ્લકભવ | પોતાના આયુ.માં ૧સમય ઓછો |

**અંતર**– સમુચ્ચય જીવના સર્વબંધનું અંતર જઘન્ય એક ક્ષુલ્લક(નાના) ભવમાં ત્રણ સમય ઓછા, ઉત્કૃષ્ટ ૩૩ સાગરથી એક સમય અધિક(વાટે વહેતાના ૨ સમય જોડાઈ જવાથી)સમુચ્ચય જીવના દેશબંધનું અંતર જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ ૩૩ સાગરથી ત્રણ સમય અધિક(વૈક્રિય શરીર અને વાટે વહેતાની અપેક્ષા) શેષ અગિયાર બોલ(૧૦ દંડક અને સમુચ્ચય એકેન્દ્રિય)માં સ્વકાય અને પરકાય ની અપેક્ષા એમ બે પ્રકારનું અંતર થાય છે.

**સ્વકાય અંતર– સર્વબંધ**નું અંતર ૧૧ બોલમાં જઘન્ય–ક્ષુલ્લકભવમાં ૩ સમય ઓછા, ઉત્કૃષ્ટ–પોતાની સ્થિતિથી એક સમય અધિક. **દેશબંધ**નું અંતર ૪ બોલમાં એકેન્દ્રિય, વાયુ, તિર્યંચ, મનુષ્યમાં જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત, શેષ ૭ બોલમાં જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ ૩ સમય.

**પરકાય અંતર**– ૧૧ બોલમાં સર્વબંધનું જઘન્ય અંતર બે ક્ષુલ્લક ભવમાં ૩ સમય ઓછા છે. દેશબંધનું જઘન્ય એક સમય અધિક એક ક્ષુલ્લક ભવ છે. ઉત્કૃષ્ટ બંને બંધોનું એકેન્દ્રિયમાં ૨૦૦૦ સાગર સાધિક(જાજેરા), વનસ્પતિમાં– પૃથ્વીકાલ અને શેષ નવમા વનસ્પતિકાલ છે.

**(૨) વૈક્રિય શરીરના દેશબંધ સર્વબંધ–** સમુચ્ચય જીવ, નરક, દેવ, વાયુ, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય એ ૬ માં વૈક્રિય શરીર હોય છે.

**સ્થિતિ–** સર્વબંધની સર્વત્ર એક સમય હોય છે. સમુચ્ચય જીવમાં બે સમય પણ હોય છે. (મનુષ્ય કે તિર્યંચમાં વૈક્રિયનો એક સમયનો સર્વબંધ કરી, કાળ કરતાં અને ઋજુગતિથી દેવમાં ઉપજતાં પુનઃ એક સમયનો સર્વબંધ થાય છે. માટે સમુચ્ચય જીવમાં વૈક્રિયનો સર્વબંધ બે સમય થાય છે. દેશબંધની સ્થિતિ આ પ્રમાણે છે.

| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| સમુચ્ચયજીવ | એક સમય | ૩૩ સાગરમાં એક સમય ઓછો |
| તિર્યંચ,વાયુ,મનુષ્ય | એક સમય | અંતર્મુહૂર્ત |
| નારકી,દેવતા | ૧૦ હજાર વર્ષમાં ૩ સમય ઓછા | ૩૩ સાગરમાં એક સમય ઓછો |

**વૈક્રિય શરીરના દેશબંધ સર્વબંધનું અંતર–**

| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| સમુચ્ચયજીવ | એક સમય | વનસ્પતિકાલ |
| વાયુ સ્વકાય | અંતર્મુહૂર્ત | અસંખ્યકાલ(પલનો અસંખ્યાતમો ભાગ) |
| વાયુ પરકાયમાં | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ |
| તિર્યંચમનુષ્ય સ્વકાયમાં | અંતર્મુહૂર્ત | અનેક કરોડ વર્ષ |
| તિર્યંચમનુષ્ય પરકાયમાં | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ |
| સર્વબંધ નારકી દેવતા | અંતર્મુહૂર્ત સાધિક ૧ ભવ | વનસ્પતિકાલ |
| ૯મા દેવલોકથીગ્રૈવેયક | અનેક વર્ષ સાધિક ૧ભવ | વનસ્પતિકાલ |
| ૪ અનુત્તર વિમાન | અનેક વર્ષ સાધિક ૧ભવ | સંખ્યાતા સાગર |
| દેશબંધ નારકી દેવ | અંતર્મુહૂર્ત | વનસ્પતિકાલ |
| ૯મા દેવલોકથીગ્રૈવેયક | અનેકવર્ષ | વનસ્પતિકાલ |
| ૪ અનુત્તર વિમાન | અનેકવર્ષ | સંખ્યાતા સાગર |





**વિશેષ–** ઔદારિક દંડકોમાં અને સમુચ્ચય જીવમાં દેશબંધ સર્વબંધનું અંતર સમાન છે. તેથી તેનું સામાન્ય કથન જ કર્યું છે. વાયુકાયમાં અસંખ્યાતકાલથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ સમજવું.

**આહારક શરીર દેશબંધ સર્વબંધ–** સ્થિતિ સર્વબંધની એક સમય અને દેશબંધની અંતર્મુહૂર્ત છે. અંતર બંનેનું જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તન. **તૈજસ કાર્મણ શરીર** અનાદિથી બધા દંડકમાં છે માટે તેનો સર્વબંધ નથી, માત્ર દેશબંધ હોય છે. તેમાં બે ભંગ છે– અનાદિ અનંત અને અનાદિ સાંત(અંતર નથી).

**આઠ બોલના સંયોગથી શરીર બંધ–** (૧) દ્રવ્ય(પુદ્ગલ) (૨) વીર્ય(ગ્રહણ કરવું) (૩) સંયોગ(મનના પરિણામ) (૪) યોગ(કાયાની પ્રવૃત્તિ) (૫) કર્મ (શુભાશુભ) (૬) આયુષ્ય(લાંબુ) (૭) ભવ (ઔદારિકને માટે તિર્યંચ મનુષ્યનું ઈત્યાદિ)(૮) કાલ–આરાના સમય અનુસાર શરીરની અવગાહના. વૈક્રિય અને આહારક શરીરમાં નવમો બોલ લબ્ધિનો છે.

**અલ્પબહુત્વ–** સર્વબંધક અલ્પ હોય છે, દેશબંધક તેનાથી અસંખ્યગણા હોય છે. આહારક શરીરમાં દેશબંધક સંખ્યાતગણા હોય છે. ઔદારિક શરીરમાં અબંધકથી દેશબંધક અસંખ્યગણા હોય છે. વૈક્રિય અને આહારક શરીરમાં બંધકથી અબંધક અનંતગણા હોય છે. તૈજસ-કાર્મણમાં અબંધકથી બંધક અનંતગુણા હોય છે.

**પાંચ શરીર બંધક અબંધકનું અલ્પબહુત્વ–** ૧. સર્વથી ઓછા આહારકના સર્વબંધક, ૨. તેના જ દેશબંધક સંખ્યાતગણા, ૩. વૈક્રિય સર્વબંધક અસંખ્ય ગણા, ૪. તેના જ દેશબંધક અસંખ્યગણા, ૫. તૈજસ-કાર્મણના અબંધક અનંત ગણા (સિદ્ધ), ૬. ઔદારિકના સર્વબંધક અનંતગણા(સિદ્ધોથી અનંતગણા) હોય છે, ૭. તેના જ અબંધક(વૈક્રિય દંડક મળી જતાં) વિશેષાધિક, ૮.તેના (ઔદારિકના) દેશબંધક અસંખ્યગણા, ૯. તૈજસ-કાર્મણના દેશબંધક વિશેષાધિક (વૈક્રિય દંડક મળતા નથી.), ૧૦. વૈક્રિયના અબંધક વિશેષાધિક(સંપૂર્ણ વૈક્રિયબંધક નીકળતા અને ઔદારિક સર્વબંધક મળતાં), ૧૧. આહારકના અબંધક વિશેષાધિક (વૈક્રિય ફરીથી મળતા).

**પ્રશ્ન–૨૫ : આઠ કર્મોનો બંધ કયા-કયા કારણોથી થાય છે ?**

**જવાબ :** પ્રસ્તુત નવમા ઉદ્દેશકમાં કાર્મણ શરીર પ્રયોગ બંધની અંતર્ગત આઠે ય કર્મોના બાંધવા સંબંધી વિશિષ્ટ કારણ આ પ્રમાણે કહ્યા છે–

**(૧) જ્ઞાનાવરણીય કર્મ– ૧. પ્રત્યનીકતા**–વિરોધભાવ. મતિ આદિ પાંચ જ્ઞાન, જ્ઞાની અને શ્રુતજ્ઞાનના સાધન આગમશાસ્ત્ર આદિ પ્રત્યે વિરોધભાવ રાખવાથી, વિરોધ કરવાથી કે તેના વિરુદ્ધ આચરણ કરવાથી. **(૨) અપલાપ**– જ્ઞાન, જ્ઞાનીપુરુષ અને શ્રુતજ્ઞાનના સાધનો પ્રત્યે શ્રદ્ધાભાવ, બહુમાન અથવા આદર-ભાવ નહિ રાખતા અવિવેક, તિરસ્કાર કે નિંદા કરવાથી. **(૩) અંતરાય**– કોઈની જ્ઞાનવૃદ્ધિમાં કે જ્ઞાનના પ્રચાર-પ્રસારના આચરણમાં અવરોધક બનવાથી. **(૪) પ્રદ્વેષ**– જ્ઞાની પ્રત્યે ઈર્ષાભાવ, મત્સરભાવ, કષાયભાવ રાખવાથી અને કષાય યુક્ત વ્યવહાર કરવાથી. **(૫) આશાતના**– મનથી, વચનથી અને કાયાથી વિનય ભક્તિ નહિ કરતાં અવિનય, આશાતના કરવાથી, કટુવચન બોલવાથી, તેઓને સંતાપ અથવા કષ્ટ પહોંચાડવાથી. **(૬) વિસંવાદ**– જ્ઞાનીની સાથે વાતવાતમાં ખોટા ઝઘડા, વાદ અને અસંગત-ઉટપટાંગવિવાદ-ચર્ચા કરવાથી જીવ જ્ઞાનાવરણીય કર્મોનો વિશેષ બંધ કરે છે. સામાન્યતઃ અજ્ઞાનમય સંસ્કારથી એકેન્દ્રિય આદિ બધા જીવ દસમા ગુણસ્થાન સુધી જ્ઞાનાવરણીય કર્મોનો નિરંતર બંધ કરતા રહે છે.

**(૨) દર્શનાવરણીય કર્મ**– ધર્મની શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ અને આસ્થા સંબંધી સંસ્કાર પ્રત્યે કે તે સંસ્કારોથી સંસ્કારિત આસ્થાવાનો પ્રત્યે વિરોધભાવ વગેરે ઉપરોકત ૬ અવગુણમય આચરણ કરવાથી દર્શનાવરણીય કર્મનો બંધ થાય છે.

**(૩) વેદનીય કર્મ**– એના બે વિભાગ-પ્રકાર છે– શાતાવેદનીય અને અશાતા-વેદનીય. **શાતાવેદનીય બંધ**ના ૧૦ કારણ છે– (૧-૪) પ્રાણ,ભૂત,જીવ સત્વની અનુકંપા કરવાથી (૫) એને દુઃખ નહિ પહોંચાડવાથી (૬) શોક ઉત્પન્ન નહિ કરવાથી (૭) એને ચિંતા નહિ કરાવવાથી, આંસુ નહિ પડાવવાથી, વિષાદ–ખેદ નહિ કરાવવાથી (૮) વિલાપ અને રુદન વગેરે નહિ કરાવવાથી (૯) માર-પીટ નહિ કરવાથી (૧૦) પરિતાપ-કષ્ટ નહિ પહોંચાડવાથી; સંક્ષેપમાં અન્ય જીવોને દુઃખ નહિ પહોંચાડતા સુખ પહોંચાડવાથી શાતાવેદનીય કર્મનો બંધ થાય છે. **અશાતાવેદનીય બંધ**ના ૧૨ કારણ છે– (૧-૬) અન્યને દુઃખ દેવાથી, શોક કરાવવાથી, વિષાદ–ખેદ કરાવવાથી, વિલાપ કરાવવાથી, મારપીટ કરવાથી અને પરિતાપ–કષ્ટ પહોંચાડવાથી. (૭-૧૨) અનેક જીવોને દુઃખ દેવાથી કે વારંવાર દુઃખ આદિ દેવાથી.

**(૪) મોહનીય કર્મ**– (૧-૪) તીવ્ર ક્રોધ, માન-માયા-લોભનું સેવન કરવાથી.





(૫) દર્શન મોહનીયની તીવ્ર ઉદય પ્રવૃત્તિથી. (૬) ચારિત્રમોહનીયની તીવ્ર ઉદય પ્રવૃત્તિથી એમ છ પ્રકારે વિશિષ્ટ મોહનીયકર્મનો બંધ થાય છે. સામાન્યતઃ પ્રાયઃ કષાયના ઉદય માત્રથી મોહનીય કર્મબંધ થયા કરે છે.

**(૫) આયુષ્ય કર્મ**– ચાર-ચાર કારણોથી ચારે ય ગતિના આયુષ્યનો બંધ થાય છે. સ્થાનાંગ ૪/૪/૮ પ્રશ્નમાં જુઓ પૃષ્ટ–૧૨૦.

**(૬) નામ કર્મ**– કાયાની, ભાષાની, ભાવોની સરલતાથી તથા અવિસંવાદ યોગવૃત્તિથી શુભનામ કર્મનો બંધ થાય છે. ત્રણેયની વક્રતા અને વિસંવાદ યોગથી અશુભનામ કર્મનો બંધ થાય છે.

**(૭) ગોત્ર કર્મ**– જાતિ આદિ આઠ પ્રકારના અભિમાન કરવાથી નીચગોત્રનો બંધ થાય છે અને મદ–અભિમાન નહિ કરવાથી ઊંચ ગોત્રનો બંધ થાય છે.

**(૮) અંતરાય કર્મ**– દાન, લાભ, ભોગ, ઉપભોગની પ્રવૃત્તિમાં અને વીર્ય–શક્તિના પરાક્રમ કરવામાં એમ એ પાંચેયમાં અંતરાય કરવાથી તે તે પ્રકારના દાનાદિરૂપ અંતરાય કર્મનો બંધ થાય છે.

એક-એક કર્મ પ્રકૃતિના બંધમાં અનંત પરમાણુ પુદ્ગલ લાગેલ હોય છે. પ્રત્યેક આત્મપ્રદેશ પર અનંત-અનંત કર્મવર્ગણા આવૃત્ત પરિવેષ્ટિત હોય છે. ૨૪ દંડકમાં આઠેય કર્મ હોય છે. મનુષ્યમાં ચરમશરીરીની અપેક્ષા આઠ અથવા સાત કે ચાર કર્મ પરિવેષ્ટિત હોય છે. આઠ રુચકપ્રદેશ પણ અનંત કર્મોથી પરિવેષ્ટિત હોય છે.

**કર્મોમાં કર્મની ભજના-નિયમા**– (૧) જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મમાં પોતાના સિવાય છ કર્મની નિયમા મોહનીયની ભજના. (૨) મોહનીયકર્મમાં પોતાના સિવાય સાત કર્મની નિયમા. (૩) વેદનીય આદિ ચારેય અઘાતી કર્મોમાં પોતાના સિવાય ત્રણ અઘાતીકર્મોની નિયમા, ચાર ઘાતીકર્મોની ભજના હોય છે. જે કર્મની પૃચ્છા છે તે નથી ગણવામાં આવતું શેષ સાતની અપેક્ષા કથન કરવામાં આવે છે. આ ઉદયરૂપ કર્મની અપેક્ષા કથન છે.

**પ્રશ્ન–૨૬ : આરાધનાઓ કેટલા પ્રકારની છે એમાં કોનું કેટલું મહત્ત્વ છે?**

**જવાબ :** જ્ઞાન આરાધના, દર્શન આરાધના અને ચારિત્ર આરાધના એમ ત્રણ પ્રકારની આરાધના કહી છે. તેમાં પણ ફરી જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ-ત્રણ ભેદ થવાથી કુલ–૯ ભેદ થાય છે.

(૧) ઉત્કૃષ્ટ જ્ઞાન આરાધનામાં અન્ય બંને(દર્શન-ચારિત્ર) આરાધના મધ્યમ કે ઉત્કૃષ્ટ થઈ શકે છે. (૨) ઉત્કૃષ્ટ દર્શનારાધનામાં અન્ય બંને આરાધના ત્રણે પ્રકારની થઈ શકે છે. (૩) ઉત્કૃષ્ટ ચારિત્રારાધનામાં અન્ય બંને પણ ઉત્કૃષ્ટ જ હોય છે.

ત્રણેય જઘન્ય આરાધનામાં ભવ કરે– જઘન્ય ત્રણ, ઉત્કૃષ્ટ પંદર. ત્રણેય મધ્યમ આરાધનામાં ભવ કરે– મનુષ્યના બે અથવા ત્રણ. ત્રણેય ઉત્કૃષ્ટ આરાધનામાં એક યા બે મનુષ્યભવ કરે. આ સર્વે(નવે ય) આરાધનાવાળા વૈમાનિક અને મનુષ્ય સિવાયના કોઈપણ ભવ કરતા નથી. ઉત્કૃષ્ટ ચારિત્ર આરાધના વાળા અનુત્તર વિમાન અને મનુષ્યનો ભવ કરે છે અન્ય ક્યાંય પણ જાતા નથી.

**શ્રુત-આચારની ચૌભંગી–** (૧) જે શ્રુતસંપન્ન હોય પરંતુ આચાર સંપન્ન ન હોય, તે દેશ વિરાધક છે. (૨) જે શ્રુત સંપન્ન ન હોય પરંતુ આચાર સંપન્ન હોય તે દેશ આરાધક છે. (૩) જે બન્નેથી સંપન્ન છે તે સર્વ આરાધક છે. (૪) જે બંનેથી રહિત છે તેને સર્વ વિરાધક કહેવામાં આવેલ છે.

અહીં જ્ઞાન અને ચારિત્રની સંપન્નતાનું કથન છે છતાં પણ દર્શન સંપન્નતા તો બંનેની સાથે સમજી લેવી જોઈએ, કારણ કે દર્શન સંપન્નતા વિના જ્ઞાન અને આચાર સંપન્નતા વાસ્તવમાં સંપન્નતા જ નથી હોતી, દર્શન વિના તેનું સ્વતંત્ર કોઈ ખાસ મહત્ત્વ જ રહેતું નથી.

**પ્રથમ** ભંગમાં આચાર વિના દેશ વિરાધના કહેલ છે, તેમાં દર્શન સંપન્નતા ન હોય તો તે સર્વ વિરાધક કહેવાતા. **બીજા** ભંગમાં દેશ આરાધક કહેલ છે, અહીં પણ દર્શન તો આચારની સાથે છે જ, તેથી આરાધક કહેલ છે. કારણ કે દર્શનના અભાવમાં આરાધનાનો જરાપણ સંભવ નથી.

**પ્રશ્ન–૨૭ : જીવ પુદ્ગલ છે કે પુદ્ગલી ?**

**જવાબ :** (૧) પુદ્ગલોને, કર્મોને ગ્રહણ ધારણ કરેલ હોવાથી જીવ પુદ્ગલવાન પુદ્ગલી કહેવાય છે. (૨) પુદ્ગલ એટલે પદાર્થ, એ અપેક્ષાએ ૯ પદાર્થ. ૯ તત્ત્વોમાં જીવ પણ એક પદાર્થ હોવાથી પર્યાયવાચી શબ્દની અપેક્ષા જીવને અહીં પુદ્ગલ પણ કહેલ છે. તેથી સિદ્ધ પણ પુદ્ગલ છે પરંતુ પુદ્ગલી નથી.

આત્માના અસંખ્ય પ્રદેશ લોકાકાશના પ્રદેશ જેટલા છે. કેવલી





સમુદ્ઘાતના સમયે એક-એક આકાશપ્રદેશ પર એક-એક આત્મપ્રદેશ વ્યાપ્ત થઈને સર્વલોક વ્યાપી બને છે. એવું માત્ર કેવલી સમુદ્ઘાતના ચોથા સમયે જ એક સમય માટે થાય છે. ॥ ઉદ્દેશક–૯, ૧૦ સંપૂર્ણ ॥

# શતક–૯ : ઉદ્દેશક–૧ થી ૩૪

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આમાં ૩૪ ઉદ્દેશકો દ્વારા અત્યંત અલ્પ વિષયોનું વર્ણન છે. ૧ થી ૩૦ ઉદ્દેશકમાં તો સંક્ષિપ્ત કથન છે. આગળના ૪ ઉદ્દેશકોમાં મહત્ત્વપૂર્ણ વિષય વિસ્તાર છે. શતકના પ્રારંભમાં પ્રાપ્ત એક ગાથા અનુસાર ઉદ્દેશક નામ અને વિષય આ પ્રમાણે છે–

**(૧) જંબૂદ્વીપ–** પ્રથમ ઉદ્દેશકમાં જંબૂદ્વીપ સંબંધી સંક્ષિપ્ત વર્ણન છે. જેમાં જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ શાસ્ત્રના ૬ વક્ષસ્કાર સમાવિષ્ટ છે.

**(૨) જ્યોતિષી–** બીજા ઉદ્દેશકમાં જ્યોતિષી દેવ-દેવી સંબંધી સંક્ષિપ્ત વર્ણન જીવાભિગમ સૂત્ર નિર્દિષ્ટ છે.

**(૩–૩૦) અંતરદ્વીપ–** દક્ષિણ દિશાના ૨૮ અંતરદ્વીપ નામક મનુષ્યક્ષેત્ર સંબંધી વર્ણન જીવાભિગમ સૂત્ર નિર્દિષ્ટ છે.

**(૩૧) અસોચ્ચા–** આમાં સોચ્ચા-અસોચ્ચા કેવલી સંબંધી વર્ણન છે.

**(૩૨) ગાંગેય–** આમાં ગાંગેય અણગારની ગહન પ્રશ્ન ચર્ચા છે.

**(૩૩) કુંડગ્રામ–** આમાં કુંડગ્રામ નિવાસી ભગવાનના માતા-પિતાનું દીક્ષા અને મોક્ષગમન સુધીનું વર્ણન છે તથા જમાલીની દીક્ષાનું વિસ્તૃત વર્ણન છે.

**(૩૪) પુઢષ–** આમાં પુઢષ ઘાતક વ્યક્તિ કેવા પ્રકારના વેરથી સંસ્પૃષ્ટ હોય છે, તે વર્ણન છે.

**પ્રશ્ન–૨ : સોચ્ચા કેવલી અને અસોચ્ચા કેવલીનો શું મતલબ છે ?**

**જવાબ :** વીતરાગ ધર્મનું શ્રવણ કરીને બોધ પામીને સાધના-આરાધના દ્વારા કેવલજ્ઞાન પ્રાપ્ત કરનારને **સોચ્ચા કેવલી** કહેવાય છે. કોઈ પાસેથી સાંભળ્યા વિના જાતે જ અનુપ્રેક્ષાથી વિભંગ-અવધિ યા જાતિસ્મરણ આદિ જ્ઞાન દ્વારા ધર્મબોધ પ્રાપ્ત કરી સંયોગાનુસાર પરિણામોની વિશુદ્ધિથી શ્રેણીમાં આગળ વધી કેવલી બની જનારા **અસોચ્ચા કેવલી** કહેવાય છે.

પ્રસ્તુત ઉદ્દેશક ૩૧ માં એક નિર્ધારિત અપેક્ષાવાળા અસોચ્ચા કેવલીનું કથન છે. જેમાં અન્ય લિંગવાળા, છઠ-છઠના પારણા કરનારા, સૂર્યની આતાપના લેનારા ભદ્ર-વિનીત આત્મસાધકનું કથન છે.

પોતાની સાધનાથી ક્યારેક તે આત્મસાધકને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે. જેનાથી જીવ આદિને યથાર્થ રૂપે જુએ છે. પાખંડી અને આરંભ પરિગ્રહી સંક્લિષ્ટ જીવોને પણ જુએ છે અને વિશુદ્ધધર્મી જીવોને પણ જુએ છે, અનુપ્રેક્ષા તુલના કરતાં સમકિત પ્રાપ્ત કરે છે, ત્યારે વિભંગજ્ઞાન, અવધિ-જ્ઞાનમાં બદલાઈ જાય છે. અલ્પ સમયની અપેક્ષા કરી હોવાથી અવધિજ્ઞાન પછી તે તત્કાલ ક્ષપક શ્રેણીનો પ્રારંભ કરીને અંતર્મુહૂર્તમાં કેવલજ્ઞાન-કેવલ-દર્શન પ્રાપ્ત કરે છે.

એવા સાધકને અવધિજ્ઞાન થવાના સમયે ૩ શુભ લેશ્યા, ૩ જ્ઞાન, ૩ યોગ અને બંને ઉપયોગ હોય છે. પ્રથમ સહનન, ૬ સંસ્થાન, અવગાહના ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ, પુરુષ વેદ યા પુરુષ નપુંસક વેદ, સંજ્વલનકષાય અને એક પ્રશસ્ત અધ્યવસાય હોય છે.

કેવલજ્ઞાન પછી ઉંમર(આયુષ્ય) વધારે હોય તો તે કેવલી અન્ય લિંગમાંથી સ્વલિંગ ધારણ કરે છે. સ્વલિંગ ધારણ કર્યા વિના ઉપદેશ-પ્રવચન દેતા નથી. વ્યક્તિગત ઉત્તર અને બોધ દઈ શકે છે. સ્વયં દીક્ષા દેતા નથી. પરંતુ અન્યનું નામ નિર્દેશ કરી શકે છે કે તેની સેવામાં દીક્ષા લઈ શકો છો.

એવા અસોચ્ચા કેવલી ઊંચા, નીચા, મધ્ય; ત્રણે લોકમાં હોઈ શકે છે. વૃત વૈતાઢ્ય, સોમનસવન, પંડકવનમાં તથા પાતાળકલશોમાં પણ હોઈ શકે છે. કેવલીનું આ વર્ણન અન્યલિંગીની અપેક્ષા હોવાથી તે એક સમયમાં ઉત્કૃષ્ટ ૧૦ કેવલી થઈ શકે છે.

**સોચ્ચા કેવલી–** આમાં સ્વલિંગી જિનશાસનના સમસ્ત કેવલીનો સમાવેશ થાય છે. તોપણ અહીં એક વિશિષ્ટ અપેક્ષાવાળા અર્થાત્ અટ્ઠ-અટ્ઠમના પારણા કરનારા અવધિજ્ઞાન પ્રાપ્ત કરીને અને મનઃપર્યવજ્ઞાની પણ હોઈ શકે એવી અપેક્ષાયુક્ત વર્ણન કર્યું છે. એમાં દીર્ઘકાલની અપેક્ષા હોવાથી ૬ લેશ્યા કહી છે, ઉત્કૃષ્ટ-૪ જ્ઞાન હોય છે. યોગ-ઉપયોગ અસોચ્ચા કેવલીની સમાન છે. અવધિજ્ઞાન ઉત્કૃષ્ટ અસંખ્ય લોકખંડ જોઈ શકવા જેટલું થઈ શકે છે. સવેદી અવેદી બંને કહ્યા છે. સ્ત્રી, પુરુષ અને પુરુષ નપુંસક થઈ શકે છે. સંજ્જ્વલન





કષાય ૪-૩-૨ અને ૧ પણ હોઈ શકે છે અને અકષાયી પણ હોય છે. પ્રશસ્ત અધ્યવસાયોથી કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે તે કેવલી ઉપદેશ પણ આપે છે, દીક્ષા પણ આપે છે. કારણ કે સ્વલિંગી જ છે, એક સમયમાં એ ઉત્કૃષ્ટ ૧૦૮ થઈ શકે છે અને ૧૦૮ પણ એક સાથે મોક્ષ જઈ શકે છે. ॥ ઉદ્દેશક–૩૧ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૩ : ગાંગેય અણગાર કોણ હતા જેના નામથી 'ગાંગેય અણગારના ભાંગા' બહુ પ્રસિદ્ધ છે ?**

**જવાબ :** ગાંગેય નામના સ્થવિર બહુશ્રુત પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં વિચરણ કરનારા અણગાર હતા. ત્યારનો સમય ભગવાન મહાવીર અને ગોશાલક એમ બે તીર્થંકર વિચરણનો વિખ્યાત હતો. અનંતકાળની પરંપરા છે કે ત્રેવીસમા તીર્થંકરના શાસનમાં વિચરણ કરનારા સંત ૨૪ મા તીર્થંકર કેવલી થઈ ગયા પછી ધીરે ધીરે વિચરણ અને મિલન સંયોગ થતાં જ તેઓના શાસનમાં સ્વતઃ સરલતાની સાથે ભળી જાય છે અર્થાત્ આગળના તીર્થંકર ભગવાનના શાસનમાં સમર્પિત થઈ જાય છે. બે તીર્થંકરની પરિસ્થિતિ ગોશાલકે ઉત્પન્ન કરી દીધી હતી. તપોબળથી અને દૈવી સહાયથી તેમજ ભગવાનથી પ્રાપ્ત લગભગ ૬ વર્ષના અનુભવથી પોતે તીર્થંકર હોય એવો દેખાવ જમાવી રાખ્યો હતો. જ્યોતિષ જ્ઞાનથી ત્રણ કાળની વાત પણ બતાવી દેતો હતો જે પ્રાયઃ સત્ય નીકળતી હતી. તેના આ પ્રપંચ જાલમાં કેટલા ય પૂર્વધર જ્ઞાની પણ ફસાઈ ચૂકયા હતા અર્થાત્ ઊંડા વિચાર વિના, શંકા નહિ થવાથી તેના ચક્કરમાં આવીને ગોશાલકનું શાસન સ્વીકારી ચૂક્યા હતા. તે પૂર્વધરોના જ્ઞાન બળથી પણ ગોશાલકની ક્ષમતામાં વૃદ્ધિ થઈ હતી. એવી સ્થિતિમાં કેટલા ય બુદ્ધિશાળી સાધક તાત્ત્વિક સમસ્યા યુક્ત કે વિશિષ્ટ પ્રશ્ન પૂછીને છદ્મસ્થ અને કેવલીનો નિર્ણય કરતા હતા. એવા અનેક પ્રસંગ ભગવતી સૂત્રમાં વર્ણિત છે. તે માંહેના બહુ વિખ્યાત ભંગ જાળમય તાત્ત્વિક ગણિત પ્રશ્ન કરનારા આ ગાંગેય અણગાર પણ છે. અંતમાં સાચો નિર્ણય કરી, ભગવાન મહાવીરના શાસનમાં સમર્પિત થઈ, તે તદ્ભવ(તે જ ભવે) મોક્ષગામી થયા હતા. આ વર્ણન અહીં ૩૨મા ઉદ્દેશકમાં છે.

**પ્રશ્ન–૪ : પ્રવેશનક કોને કહેવાય ? તેમાં ભેદ-પ્રભેદ શું છે ?**

**જવાબ :** જીવ ઉત્પન્ન થવાને માટે જે ગતિઓમાં કે જીવના ભેદોમાં પ્રવેશ કરે છે તેને જીવ પ્રવેશનક કહેવાય છે. મુખ્ય પ્રવેશનકના ગતિની અપેક્ષા

ચાર ભેદ છે. પુનઃ નરક પ્રવેશનક–૭ છે, તિર્યંચ પ્રવેશનક–૫ છે, એકેન્દ્રિયાદિ. મનુષ્ય પ્રવેશનક-૨ છે, સંજ્ઞી-અસંજ્ઞી. દેવ પ્રવેશનક ૪ છે, ભવનપતિ આદિ.

**પ્રશ્ન–૫ : એક જીવ નરક પ્રવેશનકથી ઉત્પન્ન થાય છે તો પ્રવેશનક વિકલ્પ કેટલા હોય છે ?**

**જવાબ :** એક જીવ યા તો પ્રથમ નરકમાં ઉત્પન્ન થશે યા બીજી નરકમાં અથવા ત્રીજીમાં એમ એક-એક વધતા અથવા તે એક જીવ સાતમી નરકમાં ઉત્પન્ન થશે. તો આ પ્રમાણે એક જીવના ૭ નરકના પ્રવેશનક ભંગ–૭ થાય છે.

**પ્રશ્ન–૬ : બે જીવ નરકમાં ઉત્પન્ન થાય, તો તેના પ્રવેશનક–વિકલ્પ કેટલા થાય છે ?**

**જવાબ :** બંને જીવ પ્રથમ નરકમાં અથવા બંને જીવ બીજી નરકમાં યાવત્ બંને જીવ સાતમી નરકમાં ઉત્પન્ન થાય તો એ સાત વિકલ્પ બંને જીવના એક સાથે પ્રવેશ કરવાના છે. બંને જીવ અલગ-અલગ નરકમાં જાય ત્યારે એક જીવને પ્રથમ નરકમાં કાયમ રાખતા છ વિકલ્પ, યથા– ૧–૨, ૧–૩, ૧–૪, ૧–૫, ૧–૬, અથવા ૧–૭(એક પહેલીમાં એક સાતમીમાં) પછી પહેલી નરકને છોડીને એક બીજીમાં એક ત્રીજીમાં એમ પાંચ વિકલ્પ, યથા– ૨–૩, ૨–૪, ૨–૫, ૨–૬, અથવા ૨–૭માં. પછી પહેલી–બીજી નરકને છોડીને ત્રીજીથી ચાર વિકલ્પ–૩–૪, ૩–૫, ૩–૬ અથવા ૩–૭માં. પછી ત્રીજી નરકને પણ છોડીને ચોથી નરકથી ત્રણ વિકલ્પ–૪–૫, ૪–૬, ૪–૭માં. પછી ચોથી નરકને પણ છોડીને પાંચમીથી બે વિકલ્પ– ૫–૬માં અથવા ૫–૭માં. પછી પાંચમી નરકને પણ છોડીને એક વિકલ્પ– એક છટ્ઠીમાં એક સાતમીમાં. એમ કુલ–૬+૫+૪+૩+૨+૧=૨૧ વિકલ્પ(પ્રવેશનક) બંને જીવ અલગ-અલગ નરકમાં ઉત્પન્ન થવાના થાય છે. એમ કુલ ૨૧+૭=૨૮ પ્રવેશનક ભંગ બે જીવના થાય છે.

**પ્રશ્ન–૭ : ત્રણ જીવ નરકમાં જાય તો તેના પ્રવેશનક(ઉત્પન્ન થવાના વિકલ્પ) કેટલા થાય છે ?**

**જવાબ :** ૮૪ વિકલ્પ–પ્રવેશનક થાય છે. **(૧)** ત્રણે જીવ એક સાથે જવાથી સાત નરકના સાત વિકલ્પ થાય છે. (૨) ત્રણે જીવ બે નરકમાં જાય તો ૨૧ વિકલ્પ પૂર્વવત્ થાય છે, યથા– એક પહેલીમાં બે બીજીમાં, એક પહેલીમાં બે જીવ





ત્રીજીમાં એમ અંતિમ(૨૧મો)વિકલ્પ– એક છટ્ઠીમાં બે જીવ સાતમીમાં. એ પહેલી નરકમાં એક જીવ જવાના અને બીજી આદિમાં બે જીવ જવાના એમ કુલ ત્રણ જીવોના બે સાથેના (દ્વિસંયોગી) ૨૧ વિકલ્પ થાય છે. આ જ રીતે પ્રથમ નરકમાં બે જીવ જવાના અને બીજી આદિમાં એક જીવના જવાના ૨૧ વિકલ્પ થાય છે, એમ કુલ–૨૧+૨૧=૪૨ વિકલ્પ દ્વિસંયોગીના થાય છે.

જેનુ સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે– (૧) એક જીવ પહેલીમાં બે જીવ બીજીમાં (૨) એક જીવ પહેલીમાં બે જીવ ત્રીજીમાં (૩) એક પહેલીમાં બે ચોથીમાં (૪) એક પહેલીમાં બે પાંચમીમાં (૫) એક પહેલીમાં બે છટ્ઠીમાં (૬) એક પહેલીમાં બે જીવ સાતમીમાં (૭) એક જીવ બીજીમાં, બે જીવ ત્રીજીમાં (૮) એક જીવ બીજીમાં, બે જીવ ચોથીમાં (૯) એક જીવ બીજીમાં, બે જીવ પાંચમીમાં (૧૦) એકજીવ બીજીમાં, બે જીવ છટ્ઠીમાં (૧૧) એક જીવ બીજીમાં, બે જીવ સાતમીમાં (૧૨) એક જીવ ત્રીજીમાં બે જીવ ચોથીમાં (૧૩) એક ત્રીજીમાં, બે પાંચમીમાં (૧૪) એક ત્રીજીમાં, બે જીવ છટ્ઠીમાં (૧૫) એક ત્રીજીમાં, બે જીવ સાતમીમાં (૧૬) એક જીવ ચોથીમાં, બે જીવ પાંચમીમાં (૧૭) એક જીવ ચોથીમાં બે જીવ છટ્ઠીમાં (૧૮) એક જીવ ચોથીમાં બે જીવ સાતમીમાં (૧૯) એક જીવ પાંચમીમાં, બે જીવ છટ્ઠીમાં (૨૦) એક જીવ પાંચમીમાં બે જીવ સાતમીમાં (૨૧) એક જીવ છટ્ઠીમાં બે જીવ સાતમીમાં. આ પ્રથમ પદમાં એક જીવ અને બીજા પદમાં બે જીવના ૨૧ ભંગ થાય છે.

એ જ રીતે પ્રથમ પદમાં બે જીવ અને બીજા પદમાં એક જીવના ૨૧ ભંગ– (૧) બે જીવ પહેલી નરકમાં એક જીવ બીજી નરકમાં (૨) બે જીવ પહેલીમાં એક જીવ ત્રીજીમાં (૩) બે જીવ પહેલીમાં એક જીવ ચોથીમાં (૪) બે પહેલીમાં એક પાંચમીમાં (૫) બે પહેલીમાં એક છટ્ઠીમાં (૬) બે પહેલીમાં એક સાતમીમાં. (૭) બે બીજીમાં એક ત્રીજીમાં (૮) બે બીજીમાં એક ચોથીમાં (૯) બે બીજીમાં એક પાંચમીમાં (૧૦) બે બીજીમાં એક છટ્ઠીમાં (૧૧) બે બીજીમાં એક સાતમીમાં. (૧૨) બે ત્રીજીમાં એક ચોથીમાં (૧૩) બે ત્રીજીમાં એક જીવ પાંચમીમાં (૧૪) બે ત્રીજીમાં એક છટ્ઠીમાં (૧૫) બે ત્રીજીમાં એક સાતમીમાં. (૧૬) બે ચોથીમાં એક પાંચમીમાં (૧૭) બે ચોથીમાં એક છટ્ઠીમાં (૧૮) બે ચોથીમાં એક સાતમીમાં. (૧૯) બે પાંચમીમાં એક છટ્ઠીમાં (૨૦) બે પાંચમીમાં એક સાતમીમાં (૨૧) બે છટ્ઠી નરકમાં એક સાતમી નરકમાં.

આ પ્રમાણે બે વિકલ્પોથી ૨૧–૨૧ભંગ થવાથી કુલ–૪૨ ભંગ દ્વિસંયોગીમાં થઈ જાય છે.

**(૩)** ત્રણે જીવ એક-એક અલગ-અલગ નરકમાં જાય તો ત્રણ સંયોગીના ૩૫ વિકલ્પ થાય છે, યથા– પહેલી બીજી ત્રીજી(૧-૨-૩) માં જાય ૧-૨-૪માં જાય. આ રીતે ૩૫ ભંગ થાય– ૧-૨-૩, ૧-૨-૪, ૧-૨-૫, ૧-૨-૬, ૧-૨-૭. ૧-૩-૪, ૧-૩-૫, ૧-૩-૬, ૧-૩-૭. ૧-૪-૫, ૧-૪-૬, ૧-૪-૭. ૧-૫-૬, ૧-૫-૭. ૧-૬-૭ ॥૧૫॥ ૨-૩-૪, ૨-૩-૫, ૨-૩-૬, ૨-૩-૭. ૨-૪-૫, ૨-૪-૬, ૨-૪-૭. ૨-૫-૬, ૨-૫-૭. ૨-૬-૭ ॥૨૫॥ ૩-૪-૫, ૩-૪-૬, ૩-૪-૭. ૩-૫-૬, ૩-૫-૭. ૩-૬-૭ ॥૩૧॥ ૪-૫-૬, ૪-૫-૭. ૪-૬-૭. ૫-૬-૭. = ૩૫ ભંગ. આ રીતે ત્રણે જીવના એક સાથે જવાના અસંયોગી–૭ ભંગ બે વિભાગમાં જવાના દ્વિસંયોગી–૪૨ ભંગ અને ત્રણ વિભાગમાં (૧–૧)જવાના ત્રણ સંયોગી–૩૫ ભંગ થાય છે. આમ કુલ– ૭+૪૨+૩૫=૮૪ ચોરાસી વિકલ્પ=પ્રવેશનક ત્રણ જીવના સાત નરકની અપેક્ષા થાય છે.

**પ્રશ્ન–૮ : ગાંગેય અણગારે ભગવાન મહાવીરને આ રીતે કેટલા પ્રશ્ન પૂછયા અને કેટલો સમય લાગ્યો ?**

**જવાબ :** કોઈ વ્યક્તિ કોઈ વિકટ સમસ્યા-મૂંઝવણમાં હોય અને હિંમત કરીને કોઈની પાસે સમાધાન મળવાની આશાથી પહોંચી ગયો હોય તો તે ગમે તેટલા સમયનો શ્રમ લઈ શકે છે. તેમજ અહીં પણ તે મોક્ષગામી બુદ્ધિમાન હોશિયાર આગમવેત્તા ગાંગેયની ઘણી મોટી મૂંઝવણ હતી કે બે તીર્થંકરમાંથી સાચા કોણ ? કોને સમર્પિત થવું. તે માટે કલાકો ઊભા રહેવું પડે તો રહી શકે છે. શ્રમણ તો ૫-૭ કલાક નિરંતર વિહાર પણ કરે છે, બેસવું જરૂરી હોતું નથી. ભગવાન તો પોતાના સિંહાસન પર બેઠા જ હતા. બોલવામાં તો ભગવાનની ક્ષમતા અદ્‌ભુત હોય જ, કારણ કે તીર્થંકર નામ કર્મનો ઉદય હતો, ૧૩ મા ગુણસ્થાનમાં વર્તી રહ્યા હતા. મોહનીય કર્મ તો હતુ જ નહિ. જેથી માન, ક્રોધનો તો પ્રશ્ન જ નહિ અને જ્ઞાનાવરણીય કર્મ હતું નહિ તેથી ઉત્તર ન આવડવો કે વિચારવું અથવા પરેશાન થવું, એવું કંઈ પણ હતું જ નહિ. તેથી બંને તરફના સંયોગ બરાબર હતા.

ગાંગેયે તે જ ક્રમથી સાતે ય નરકમાં એક જીવથી લઈને ૧૦ જીવ સુધીના જવાના પ્રવેશનક-વિકલ્પ ખુલાસાવાર પૂછયા. તેના પછી **સંખ્યાતા**





**જીવ, અસંખ્યાતા જીવ** અને અંતમાં ઉત્કૃષ્ટ અસંખ્યાતા જીવના ઉત્પન્ન થવાથી કેટલા વિકલ્પ–પ્રવેશનક થાય ? આ બધું વિના વિશ્રામ એક પછી એક પૂછતા જ ગયા. એમાં ભગવાનની નિષ્કષાયતાની અને કેવલજ્ઞાનની પણ પૂરી કસોટી તેને કરવી હતી. કારણ કે આમ નિરંતર-સતત પૂછતા રહેવાથી ઊબ-અણગમો, પરેશાન થવું, ચિડાવું-અપ્રસન્ન થવું, ચહેરાની શાંતિ ઉત્સાહ ભંગ થવો, એ બધું મોહનીય કર્મને પ્રમાણિત કરે છે અને સંખ્યામાં, ભંગમાં, વિકલ્પોમાં વિચારવા લાગી જાય, ખોટું બોલી જાય, ભૂલ થઈ જાય તો તેનાથી જ્ઞાનાવરણીય કર્મ પ્રમાણિત થાય છે અને ભૂલ પકડવાના લક્ષ્યવાળા વ્યક્તિ જાતે તો ખૂબ સાવધાન હોય જ છે અને પોતાના બહુ અભ્યસ્ત વિષય વિષે જ પૂછે છે.

ગાંગેય અણગારે સાત નરકના પ્રશ્નો પછી એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના પાંચ તિર્યંચમાં ઉત્પન્ન થવા સંબંધી એક જીવથી લઈ ઉત્કૃષ્ટ અસંખ્ય જીવ ઉત્પન્ન થવા સુધીના ૧૩ પ્રશ્ન(૧૦+૩) પૂછયા. પછી સંજ્ઞી મનુષ્ય અને અસંજ્ઞી મનુષ્ય એમ બે મનુષ્યોમાં એક જીવથી લઈ ઉત્કૃષ્ટ અસંખ્યાતા સુધીના ૧૩ પ્રશ્ન પૂછયા. એ જ રીતે ભવનપતિ આદિ ૪ દેવોમાં પણ એક જીવથી લઈને ઉત્કૃષ્ટ અસંખ્યાતા સુધીના ૧૩ પ્રશ્ન પૂછયા. ચારે ય ગતિના એક જીવથી લઈ ઉત્કૃષ્ટ અસંખ્ય જીવોના પ્રવેશનકોની સંક્ષિપ્ત જાણકારી ચાર્ટમાં જુઓ. વિસ્તૃત જાણકારી આગમ સારાંશના પુસ્તકોમાં અથવા ગુઢપ્રાણ ફાઉન્ડેશનના ભગવતી સૂત્ર ભાગ–૩ માં જુઓ.

**સાત નારકીના સંપૂર્ણ ભંગ :–**

| જીવ સંખ્યા | અસંયોગી ભંગ | બે સંયોગી ભંગ | ત્રણ સંયોગી ભંગ | ચાર સંયોગી ભંગ | પાંચ સંયોગી ભંગ | છસંયોગી ભંગ | સાત સંયોગી | કુલ ભંગ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | * | * | * | * | * | * | ૭ |
| ૨ | ૭ | ૨૧ | * | * | * | * | * | ૨૮ |
| ૩ | ૭ | ૪૨ | ૩૫ | * | * | * | * | ૮૪ |
| ૪ | ૭ | ૬૩ | ૧૦૫ | ૩૫ | * | * | * | ૨૧૦ |
| ૫ | ૭ | ૮૪ | ૨૧૦ | ૧૪૦ | ૨૧ | * | * | ૪૬૨ |
| ૬ | ૭ | ૧૦૫ | ૩૫૦ | ૩૫૦ | ૧૦૫ | ૭ | * | ૯૨૪ |
| ૭ | ૭ | ૧૨૬ | ૫૨૫ | ૭૦૦ | ૩૧૫ | ૪૨ | ૧ | ૧૭૧૬ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૧૪૭ | ૭૩૫ | ૧૨૨૫ | ૭૩૫ | ૧૪૭ | ૭ | ૩૦૦૩ |
| ૯ | ૭ | ૧૬૮ | ૯૮૦ | ૧૯૬૦ | ૧૪૭૦ | ૩૯૨ | ૨૮ | ૫૦૦૫ |
| ૧૦ | ૭ | ૧૮૯ | ૧૨૬૦ | ૨૯૪૦ | ૨૬૪૬ | ૮૮૨ | ૮૪ | ૮૦૦૮ |
| સંખ્યાત | ૭ | ૨૩૧ | ૭૩૫ | ૧૦૮૫ | ૮૬૧ | ૩૫૭ | ૬૧ | ૩૩૩૭ |
| અસંખ્યાત | ૭ | ૨૫૨ | ૮૦૫ | ૧૧૯૦ | ૯૪૫ | ૩૯૨ | ૬૭ | ૩૬૫૮ |
| ઉત્કૃષ્ટ | ૧ | ૬ | ૧૫ | ૨૦ | ૧૫ | ૬ | ૧ | ૬૪ |

## તિર્યંચના સંપૂર્ણ ભંગ :–

| જીવસંખ્યા | અસંયોગી | બે સંયોગી | ત્રણ સંયોગી | ચાર સંયોગી | પાંચ સંયોગી | કુલ ભંગ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | × | × | × | × | ૫ |
| ૨ | ૫ | ૧૦ | × | × | × | ૧૫ |
| ૩ | ૫ | ૨૦ | ૧૦ | × | × | ૩૫ |
| ૪ | ૫ | ૩૦ | ૩૦ | ૫ | × | ૭૦ |
| ૫ | ૫ | ૪૦ | ૬૦ | ૨૦ | ૧ | ૧૨૬ |
| ૬ | ૫ | ૫૦ | ૧૦૦ | ૫૦ | ૫ | ૨૧૦ |
| ૭ | ૫ | ૬૦ | ૧૫૦ | ૧૦૦ | ૧૫ | ૩૩૦ |
| ૮ | ૫ | ૭૦ | ૨૧૦ | ૧૭૫ | ૩૫ | ૪૯૫ |
| ૯ | ૫ | ૮૦ | ૨૮૦ | ૨૮૦ | ૭૦ | ૭૧૫ |
| ૧૦ | ૫ | ૯૦ | ૩૬૦ | ૪૨૦ | ૧૨૬ | ૧૦૦૧ |
| સંખ્યાત | ૫ | ૧૧૦ | ૨૧૦ | ૧૫૫ | ૪૧ | ૫૨૧ |
| અસંખ્યાત | ૫ | ૧૨૦ | ૨૩૦ | ૧૭૦ | ૪૫ | ૫૭૦ |
| ઉત્કૃષ્ટ | ૧ | ૪ | ૬ | ૪ | ૧ | ૧૬ |

**ઉત્કૃષ્ટના ભંગોનું જ્ઞાન :–** ૧. પ્રવેશનક હોય ત્યાં=૧ ભંગ
૨. પ્રવેશનક હોય ત્યાં =૨ ભંગ
૩. પ્રવેશનક હોય ત્યાં =૪ ભંગ
૪. પ્રવેશનક હોય ત્યાં =૮ ભંગ





૫. પ્રવેશનક હોય ત્યાં =૧૬ ભંગ
૬. પ્રવેશનક હોય ત્યાં =૩૨ ભંગ
૭. પ્રવેશનક હોય ત્યાં =૬૪ ભંગ. આ રીતે આગળ બમણા કરવા જોઈએ.

## મનુષ્યના સંપૂર્ણ ભંગ :–

| જીવ | અસંયોગી | બે સંયોગી | કુલ |
|---|---|---|---|
| ૧ | ૨ | × | ૨ |
| ૨ | ૨ | ૧ | ૩ |
| ૩ | ૨ | ૨ | ૪ |
| ૪ | ૨ | ૩ | ૫ |
| ૫ | ૨ | ૪ | ૬ |
| ૬ | ૨ | ૫ | ૭ |
| ૭ | ૨ | ૬ | ૮ |
| ૮ | ૨ | ૭ | ૯ |
| ૯ | ૨ | ૮ | ૧૦ |
| ૧૦ | ૨ | ૯ | ૧૧ |
| સંખ્યાત | ૨ | ૧૧ | ૧૩ |
| અસંખ્યાત | ૧ | ૧૧ | ૧૨ |
| ઉત્કૃષ્ટ | ૧ | ૧ | ૨ |

## ચાર જાતીના દેવનાં પ્રવેશનક ભંગ :–

| જીવ સંખ્યા | અસંયોગી | દ્વિસંયોગી | ત્રણ સંયોગી | ચાર સંયોગી | કુલ ભંગ |
|---|---|---|---|---|---|
| ૧ | ૪ | × | × | × | ૪ |
| ૨ | ૪ | ૬ | × | × | ૧૦ |
| ૩ | ૪ | ૧૨ | ૪ | × | ૨૦ |
| ૪ | ૪ | ૧૮ | ૧૨ | ૧ | ૩૫ |
| ૫ | ૪ | ૨૪ | ૨૪ | ૪ | ૫૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | ૪ | ૩૦ | ૪૦ | ૧૦ | ૮૪ |
| ૭ | ૪ | ૩૬ | ૬૦ | ૨૦ | ૧૨૦ |
| ૮ | ૪ | ૪૨ | ૮૪ | ૩૫ | ૧૬૫ |
| ૯ | ૪ | ૪૮ | ૧૧૨ | ૫૬ | ૨૨૦ |
| ૧૦ | ૪ | ૫૪ | ૧૪૪ | ૮૪ | ૨૮૬ |
| સંખ્ય | ૪ | ૬૬ | ૮૪ | ૩૧ | ૧૮૫ |
| અસંખ્ય | ૪ | ૭૨ | ૯૨ | ૩૪ | ૨૦૨ |
| ઉત્કૃષ્ટ | ૧ | ૩ | ૩ | ૧ | ૮ |

**ચાર ગતિના પ્રવેશનકોનું અલ્પબહુત્વ–** પ્રવેશનકની પૃચ્છા હોવાથી અહીં ઉત્પન્ન થનારા જીવોની સંખ્યા અપેક્ષિત છે– (૧) સહુથી થોડા મનુષ્ય પ્રવેશનક (૨) નરક પ્રવેશનક અસંખ્યગણા (૩) તેનાથી દેવ પ્રવેશનક અસંખ્ય ગણા (૪) તેનાથી તિર્યંચ પ્રવેશનક(ત્રણ ગતિઓમાંથી આવીને ઉત્પન્ન થનારા જીવ) અસંખ્યગણા.

**મનુષ્યોમાં–** (૧) સંજ્ઞી મનુષ્ય પ્રવેશનક અલ્પ. તેનાથી અસંજ્ઞી પ્રવેશનક અસંખ્યગણા. **નારકીમાં–** (૧) સર્વથી અલ્પ સાતમી નરકના પ્રવેશનક (૨) તેનાથી છટ્ઠી નરક પ્રવેશનક અસંખ્યગણા એમ ક્રમશઃ પ્રથમ નરક સુધી પ્રવેશનક અસંખ્યગણા કહેવાં. **દેવતામાં–** સર્વથી અલ્પ વૈમાનિક પ્રવેશનક, તેનાથી ભવનપતિ પ્રવેશનક અસંખ્યગણા, તેનાથી વ્યંતર જ્યોતિષી પ્રવેશનક ક્રમશઃ અસંખ્યગણા. **તિર્યંચમાં–** (૧) સર્વથી થોડા પંચેન્દ્રિય પ્રવેશનક (૨) તેનાથી ચૌરેન્દ્રિય, તેઇન્દ્રિય, બેઇન્દ્રિય અને એકેન્દ્રિય પ્રવેશનક ક્રમશઃ વિશેષાધિક. અહીં તિર્યંચમાં અસંખ્યગણા નથી. કારણ કે નવા ઉત્પન્ન થનારા જીવોની ઉત્કૃષ્ટ સંખ્યા પરસ્પર બે ગણી પણ નથી હોતી. એથી વિશેષાધિક જ કહી છે. એમ તો એકેન્દ્રિયમાં પ્રતિ સમય અનંતજીવ ઉત્પન્ન થાય છે અને મરે છે પરંતુ અહીં પ્રવેશનક-એકેન્દ્રિયમાં અન્યત્ર (ત્રસ)થી આવી નવા ઉત્પન્ન થનારા જ પ્રવેશ કરનારા ગણવામાં આવે છે.

જીવ પોતાના કર્મોથી જ ૨૪ દંડકમાં ઉત્પન્ન થાય છે અને પોતાના કર્મોના કારણે(બીજું કોઇ મોકલનારું નથી હોતું)જાતે જ જીવ કર્માનુસાર જઇને





ઉત્પન્ન થાય છે. [**સઓ**=પોતાના કર્મોથી. **સયં**=ખુદ જ.] ॥ ઉદ્દેશક-૩૨ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૯ : ભગવાનના માતા-પિતાનું અહીં શું વર્ણન છે ?**

**જવાબ :** પ્રસ્તુત ૩૩ મા ઉદ્દેશકમાં ઋષભદત્ત બ્રાહ્મણ અને દેવાનંદા બ્રાહ્મણીનું વર્ણન છે. ભગવાન મહાવીર સ્વામીનો જીવ દસમા સ્વર્ગથી આવીને પ્રથમ દેવાનંદાના ગર્ભમાં ઉત્પન્ન થયો હતો અને ૮૩મી રાત્રિમાં દેવતાએ સંહરણ કરીને ત્રિશલા રાણીના ગર્ભમાં રાખ્યો હતો. આ વાત ભગવાન જ જાણતા હતા. દેવ દ્વારા ગુપ્તરૂપે સંહરણ પ્રક્રિયા થઇ હતી. તેથી જનમાનસને આ વાતની કોઇપણ જાણકારી હજુ સુધી ન હતી. પ્રસ્તુત સૂત્રપાઠ અનુસાર આ જાણકારી ગૌતમ સ્વામીને પણ ન હતી.

લોકપ્રસિદ્ધ ભગવાનના માતા-પિતા સિદ્ધાર્થ અને ત્રિશલા ક્ષત્રિયાણી હતા. તે બંને શ્રાવક વ્રતોની આરાધના અને સંલેખના સંથારો કરીને ૧૨મા દેવલોકમાં ગયા. ત્યાર પછી ભગવાને ૨ વર્ષ નંદીવર્ધન ભાઈના આગ્રહથી રોકાઈને પછી દીક્ષા લીધી હતી. ભગવાનના બંને માતા-પિતા કુંડગ્રામવાસી હતા. એક ક્ષત્રિય કુંડગ્રામમાં હતા, બીજા માહણ કુંડગ્રામવાસી હતા અર્થાત્ કુંડગ્રામના જ એ બે વિભાગ હતા એમ જણાય છે.

ઋષભદત્ત, બ્રાહ્મણ મતના ચાર વેદ આદિના સાંગોપાંગ જ્ઞાતા પણ હતા અને શ્રમણોપાસક પણ હતા. એક વાર ભગવાન વિચરણ કરતાં કુંડ ગ્રામમાં પધાર્યા. પ્રવચન સાંભળવા માટે પરિષદ આવી, વ્યાખ્યાન સભા ભરાણી, પ્રવચન પ્રારંભ થયો ન હતો. ઋષભદત્ત અને દેવાનંદા પણ આવ્યા. દેવાનંદા સ્વાભાવિક જ ભગવાનને એક દષ્ટિએ જોવા લાગી. સહજ પુત્ર-માતૃભાવ ઉત્પન્ન થયો. હર્ષથી અંગ-પ્રત્યંગ વિકસિત થયા. ત્યાં સુધી કે સ્તનોમાં દૂધ પણ બહાર પ્રસ્ફુટિત થવા-ઉભરાવા લાગ્યું. ગૌતમસ્વામીની નજર દેવાનંદા તરફ ગઇ. દેવાનંદાનું દશ્ય જોઇને તુરત ભગવાનને પૂછી લીધું કે દેવાનંદાને આવું કેમ થઇ રહ્યું છે ? ભગવાને પોતાની માતા હોવાનું સ્પષ્ટીકરણ કર્યું. **एव खलु गोयमा ! देवान दा माहणी मम अम्मगा, अह णं देवाण दाए माहणीए अत्तए ।** ત્યાર પછી પ્રવચન થયું. ભગવાનના માતા-પિતા ત્યાં જ સમવસરણમાં દીક્ષિત થયા. ૧૧ અંગશાસ્ત્રોનું અધ્યયન કર્યું. વિવિધ તપારાધના કરી અને બંને અનેક વર્ષ સંયમ પાલન કરી એક મહિનાના સંથારાથી તે જ ભવમાં મોક્ષગામી થયા.

**પ્રશ્ન–૧૦ : દેવાનંદાના ગર્ભમાંથી ભગવાનનું સંહરણ કરવામાં આવ્યું હતું ત્યારે ત્રિશલાના ગર્ભગત જીવને દેવાનંદાના ગર્ભમાં રાખવામાં આવ્યો હતો તેનું શું થયું ?**

**જવાબ :** પ્રસ્તુતમાં ઉપદેશ સાંભળીને વિરક્ત થયેલ માતા-પિતાના સીધા દીક્ષિત થવાનું વર્ણન છે, સ્કંધકની દીક્ષા વર્ણનની ભલામણ છે પરંતુ પુત્રને ઘરનો ભાર સોંપવાનું યા અન્ય પુત્રી આદિથી મળવાનું વગેરે કોઈપણ વર્ણન નથી. એમ સીધા દીક્ષિત થવાનું વર્ણન, અર્જુનમાળી સ્કંધક સંન્યાસી આદિની પાછળ કોઈ નહિ હોવા વાળાનું જ પ્રાયઃ હોય છે. માટે આ દીક્ષા વર્ણનથી એવું અનુમાન થાય છે કે તેઓને કોઈ સંતાન ન હતું અને ત્રિશલાના ગર્ભથી જેને સંહરિત કરીને દેવે દેવાનંદાના ગર્ભમાં રાખેલ તેની પણ ઉંમર લાંબી નહિ રહી હોય. તે એક જ સંતાન-બાળક કે બાલિકા જે પણ થએલ હશે તે નાની ઉંમરમાં મૃત્યુ પામેલ હશે. એવું અહીંના વર્ણનથી સ્વીકાર(અનુમાન) કરી શકાય છે. બાકી તો તે સંબંધી વિવરણ કોઈપણ કથાગ્રંથોમાં કે ઈતિહાસમાં ઉપલબ્ધ થતું નથી. એથી નિશ્ચિત કંઈ પણ કહી શકાતું નથી.

**પ્રશ્ન–૧૧ : જમાલીનો શું પરિચય છે ?**

**જવાબ :** જમાલી ભગવાન મહાવીરની જન્મનગરી ક્ષત્રિય કુંડપુર નગર નિવાસી ક્ષત્રિયકુમાર હતો. તેના માતા-પિતાના નામ તથા ગોત્ર અહીં સૂત્રમાં બતાવ્યા નથી. યુવાનીમાં આઠ કન્યાઓ સાથે તેનું પાણીગ્રહણ–લગ્ન થયું હતું. તે ઐશ્વર્ય–રિદ્ધિ સંપન્ન હતો અને મનુષ્ય સંબંધી સુખભોગોમાં લીન હતો. એકવાર ભગવાન મહાવીર સ્વામીનું માહણકુંડપુર નગરમાં પધારવાનું થયું. લોકોની દર્શનાર્થે જવાની અવર-જવરની તપાસ કરતાં જમાલીકુમારને જાણવા મળ્યું કે, લોકો ભગવાનના દર્શન-સેવા-પર્યુપાસના માટે જઈ રહ્યા છે. જમાલી પણ જવા માટે ઉત્સુક બન્યો અને યથાસમય ત્યાં પહોંચી ગયો. ભગવાને સમવસરણમાં ઉપસ્થિત પરિષદને ધર્મોપદેશ આપ્યો. જમાલી વિરક્ત બન્યો. માતા-પિતાની આજ્ઞા પ્રાપ્ત કરી અને ૫૦૦ ક્ષત્રિય કુમારો સાથે દીક્ષા લીધી. ભગવાનનું શિષ્યત્વ સ્વીકાર્યું. અગિયાર અંગશાસ્ત્રોનું અધ્યયન કર્યું, બહુશ્રુત બન્યો.

એક વાર પોતાના શિષ્ય સમુદાય સહિત અલગ વિચરણ કરવાની ઈચ્છા ભગવાનની સમક્ષ વ્યક્ત કરી. ભવિષ્યનું જીવન મિથ્યાત્વના ઉદયથી





ભાવિત થવાની ફરસના (સ્પર્શના)વાળું જાણીને ભગવાન મૌન રહ્યા. વિચરણની સ્વીકૃતિ પ્રભુએ ન આપી. ત્યારે જમાલી જાતે ચાલી નીકળ્યો. વિચરણ કરતાં અચાનક શરીર અતિ ઢગ્ણ થઈ ગયું. અશાતા વેદનીય અને દર્શન મોહનીય બંને કર્મોના તીવ્ર ઉદયથી તેના વિચાર ચિંતન ભગવાનના સિદ્ધાંતથી વિઢદ્ધ ચાલવા લાગ્યા. આખરે ઉદય પ્રભાવથી તે સમકિતનું વમન કરી મિથ્યાત્વ ભાવિત બનીને અસત્ પ્રરૂપણા કરવા લાગ્યો. કેટલાક શિષ્ય તેના આ વ્યવહારથી ખિન્ન થઈને તેને છોડીને ભગવાનની પાસે પહોંચ્યા. જમાલી પણ વિચરણ કરતાં ભગવાનની પાસે પહોંચ્યો. ભગવાનને જૂઠ જ કહેવા લાગ્યો કે હું કેવલી બનીને આવ્યો છું. ભગવાને અને ગૌતમસ્વામીએ તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ મિથ્યાત્વ ઉદયના જોરમાં મહાવૈરાગી ક્ષત્રિયકુમાર મુનિની પણ બુદ્ધિ કુંઠિત થઈ ચૂકી હતી. હોનાર-ભાવિ બળવાન હતું. તે કંઈપણ સમજ્યા વિના, ભગવાન અને ગૌતમસ્વામીની ઉપેક્ષા કરીને જેમ આવ્યો હતો તેમ ચાલ્યો ગયો. જીવનભર અસત્ય પ્રરૂપણા કરતાં-કરતાં, પોતાને અને અન્યોને મિથ્યાત્વમાં ભાવિત કરતાં-કરતાં, તપ સંયમ અને શુભ લેશ્યાના પ્રભાવથી કિલ્વિષી દેવોમાં છટ્ઠા દેવલોકમાં ૧૩ સાગરોપમની સ્થિતિમાં ઉત્પન્ન થયો. અનેક વર્ષોના સંયમ પર્યાય અને વિશિષ્ટ તપ સાધના સાથે પંદર દિવસના સંલેખના-સંથારામાં આયુષ્ય પૂર્ણ કરીને તેણે દેવગતિ પ્રાપ્ત કરી.

**પ્રશ્ન–૧૨ : જમાલીનો ભગવાન મહાવીર સાથે કોઈ સાંસારિક સંબંધ હતો ?**

**જવાબ :** કથાગ્રંથોમાંથી એવું જાણવા મળે છે કે તે ભગવાનનો જમાઈ હતો પરંતુ શાસ્ત્રમાં કોઈપણ પરિચય મળતો નથી.

આચારાંગ સૂત્રમાં ભગવાનની પુત્રીનું નામ પ્રિયદર્શના બતાવ્યું છે. અહીં જમાલીને આઠ સ્ત્રીઓ હોવાનું બતાવ્યું છે, નામ કોઈના બતાવ્યા નથી. ભગવાનની દોહિત્રી યશોમતીનું આચારાંગમાં કૌશિક ગોત્ર બતાવ્યું છે. અહીં જમાલીના ગોત્રનું પણ કોઈ કથન નથી. એટલું હોવા છતાં પણ ગ્રંથોના કથન અનુસાર જમાલી ભગવાનના જમાઈ હોવાનું શ્રદ્ધાથી બહુ પ્રચલિત છે અને માન્ય છે. શાસ્ત્રમાં એનો કોઈ પણ સંકેત નથી. એટલું જરૂર છે કે તે મહા-પુણ્યવંત ક્ષત્રિયકુમાર હતો. ૫૦૦ વ્યક્તિ તેના પુણ્ય પ્રભાવથી તેની સાથે દીક્ષિત થયા અને તેના શિષ્ય બન્યા. મિથ્યાત્વનો ઉદય થયા પછી પણ તેમણે સંયમ-તપ છોડયા નહિ, લિંગ પણ બદલ્યું નહિ. મહાતપસ્વી જીવનથી પણ

તેણે મિથ્યાત્વના કારણે વિરાધના પ્રાપ્ત કરી. લોકવાયકામાં એવું પણ કહેવાય છે કે તેની એકલાની તપ કરણીથી અનેક જીવ મોક્ષ પ્રાપ્ત કરી શકે તેવી તેની કરણી હતી.

**પ્રશ્ન–૧૩ : જમાલી દ્વારા દીક્ષાની આજ્ઞા પ્રાપ્ત કરવા માટે માતા-પિતાની સાથે થએલ સંવાદ સંક્ષેપમાં શું હતો ?**

**જવાબ :** પુત્ર દ્વારા દીક્ષા લેવાની વાત સાંભળી માતા શોકાતુર બની અને મૂર્છિત થઈને પડી ગઈ. પરિચારિકાઓ દ્વારા શુશ્રૂષા કરતાં સ્વસ્થ થયા પછી તેણીનો પુત્ર સાથે પરસ્પર આ પ્રમાણે વાર્તાલાપ થયો.

(૧) **માતા–** હે પુત્ર ! તું અમારો એકલો પ્રિય પુત્ર છો, અમે તારો ક્ષણમાત્ર પણ વિયોગ સહી શકતા નથી. તેથી તું અમારા જીવનકાળમાં દીક્ષા ન લે, અમારા મૃત્યુ પછી અને કુલવૃદ્ધિ કર્યા પછી દીક્ષા લેજે.

**જમાલી–** હે માતા-પિતા ! આ માનવભવ અનેક સંકટોથી ભરેલો, અનિત્ય, વિનશ્વર છે એને અવશ્ય છોડવો પડશે. આપ અને અમારામાંથી કોણ પહેલા કે પછી કાલ કરી જશે, એ જરાપણ નિશ્ચિત નથી. તેથી આપ મને દીક્ષાની સ્વીકૃતિ આપો.

(૨) **માતા–** હે પુત્ર ! તને આ સર્વ સુલક્ષણયુક્ત સુંદર, પરિપૂર્ણ ઈન્દ્રિય યુક્ત, રોગમુક્ત, સ્વસ્થ શરીર મળ્યું છે. માટે પ્રાપ્ત ગુણસંપન્ન શરીર અને યૌવનના સુખભોગ કર, અમારા મૃત્યુ પછી દીક્ષા લેજે.

**જમાલી–** હે માતા-પિતા ! આ શરીર દુઃખોનું તથા રોગ-વ્યાધિ, બુઢાપાનું ઘર છે. સડન-પડન-વિધ્વંસન ધર્મ સ્વભાવવાળું છે, માટીના વાસણની સમાન દુર્બળ અને અશુચિનો ભંડાર છે, તેને અવશ્ય છોડવું પડશે. આપ અને અમારામાંથી કોણ પહેલા કાળ કરી જશે તેનું કોઈ ઠેકાણું નથી. તેથી હું આપની આજ્ઞા લઈ દીક્ષા લેવા ઈચ્છું છું.

(૩) **માતા–** હે પુત્ર ! તારી આ આઠ પત્નીઓ સર્વગુણ સંપન્ન અને તને પૂર્ણ અનુકૂળ, યૌવન વય પ્રાપ્ત, ઉત્તમ કુળોમાંથી લાવેલી, સર્વાંગ સુંદર, ભાવાનુકૂલ છે. તેઓની સાથે સુખ ભોગવ્યા પછી, યૌવન ઢળે ત્યારે, વિષય કુતૂહલના સમાપ્ત થયા પછી, અમારા કાળ કર્યા પછી દીક્ષા લેજે.

**જમાલી–** હે માતા-પિતા ! એ મનુષ્ય સંબંધી કામભોગ અશુચિમય છે, અલ્પ અને સામાન્ય સુખવાળા તથા પરિણામમાં અનંત સંસાર વૃદ્ધિરૂપ કટુ





પરિણામવાળા છે, મોક્ષગમન માર્ગમાં વિઘ્નરૂપ છે, અજ્ઞાની જનસેવિત અને જ્ઞાનીજન ગર્હિત છે. તેથી હે માતાપિતા ! હું આપની આજ્ઞા મળતાં દીક્ષા લેવા ઈચ્છું છું.

(૪) **માતા-પિતા–** હે પુત્ર ! આપણા ઘરમાં વિપુલ ધનસંપત્તિના ભંડાર ભરેલા છે. અનેક પેઢી સુધી પણ ખાવા-આપવા-વહેંચવાથી પણ ખૂટે નહિ એટલું પુષ્કળ ધન છે. એથી તું નિશ્ચિંત થઈ, માનુષી સુખ ભોગવી, કુળવૃદ્ધિ કરી, અમારા ચાલ્યા ગયા પછી દીક્ષા લેજે.

**જમાલી–** હે માતા-પિતા ! ધનની અનેક ગતિ છે– રાજા લઈ લે, ચોર ચોરી લે, ભાઈ-બંધુ ભાગ પડાવી લે, આગ લાગી જાય, ભૂકંપથી ધરતીમાં સમાઈ જાય ઈત્યાદિ. આ અધ્રુવ, અનિત્ય, અશાશ્વત ધનમાં મને જરા પણ આસક્તિ નથી, તેને અવશ્ય છોડી દેવું પડશે. આપ અને મારામાંથી કોણ પહેલા કે પછી જશે તેનું કોઈ ઠેકાણું નથી. એથી આપની આજ્ઞા મળતા જ હું દીક્ષા લેવા ઈચ્છું છું.

(૫) **માતા-પિતા–** હે પુત્ર ! સંયમના નિયમ-વ્રત, મહાવ્રત, ભિક્ષાટન, આધાકર્મ આદિ દોષોનું વર્જન, પગે ચાલીને અને ખુલ્લા પગે વિહાર, નવ વાડ સહિત બ્રહ્મચર્ય પાલન, ૨૨ પરીષહ જીતવા, ઈન્દ્રિયોનો નિગ્રહ, ઈચ્છાઓ પર કાબૂ મેળવવો આદિ અત્યંત દુષ્કર, દુસ્સહ છે, તું સુકોમલ, સુખોચિત છે. ઠંડી, ગરમી, ભૂખ, તરસ, ડાંસ, મચ્છરનો પરીષહ સહેવો, લોચ કરવો, શરીરની મમતાનો ત્યાગ કરવો, આ બધી અતિ કઠિન કઠિનતમ સાધનાઓ છે. હે પુત્ર ! અમે તારો ક્ષણમાત્ર પણ વિયોગ અને એવું કષ્ટ સાધ્ય જીવન જોવા ઈચ્છતા નથી. તેથી અમારી હયાતી સુધી તું ઘરમાં રહે, ત્યાર પછી અમારા ચાલ્યા ગયા પછી તું ભુક્તભોગી થયા પછી દીક્ષા લેજે.

**જમાલી–** હે માતા-પિતા ! આ નિર્ગ્રંથ પ્રવચન અને સંયમ સત્ય, અનુત્તર છે, જીવને શ્રેષ્ઠ બનાવવાવાળું છે અને અનંત ભવ-ભ્રમણના ફેરા મટાડવા વાળું છે. એ કાયર પુરુષોને માટે અને સંસાર લાલસામાં મગ્ન-લીન વિષયાસક્ત પુરુષોને માટે કઠિન દેખાવાવાળું છે. પરંતુ આલોક પરલોકના ભૌતિક સુખોની આશાથી રહિત, ધીર-ગંભીર, જ્ઞાની, વિરક્ત, મોક્ષાભિલાષી, એક માત્ર જિનાજ્ઞામાં સમર્પિત આત્માઓ માટે જરા પણ દુષ્કર નથી, બલ્કે અનંત આત્મસંતોષ, આત્મઆનંદ, અતુલ, અનુપમ સમાધિ, શાંતિ આપનારું છે. એ માટે સંયમ

જરા પણ દુષ્કર નથી. આપની આજ્ઞા મળતા હું શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની સેવામાં પ્રવ્રજિત થવા ઇચ્છું છું.

માતા-પિતા ઇચ્છા વિના પણ જમાલીના ઉત્તરોથી તેની દીક્ષા ભાવનામાં સહમત થઇ ગયા.

**પ્રશ્ન–૧૪ : જમાલીના દીક્ષા મહોત્સવ સંબંધી વિશેષ ઉલ્લેખનીય વર્ણન શું છે ?**

**જવાબ :** તેના સંપૂર્ણ દીક્ષા મહોત્સવનો આદેશ નિર્દેશ તેના પિતાજીએ આપ્યો હતો. નિષ્ક્રમણાભિષેકના રૂપમાં ૧૦૮ સોનાના ૧૦૮ ચાંદીના એમજ મણિ, રત્ન આદિના તથા માટીના ૧૦૮ કળશો વડે જલાભિષેક કરવામાં આવ્યો, પછી માતા-પિતા દ્વારા, 'હે પુત્ર ! તારે શું ઇચ્છા છે ?' પૂછવા પર જમાલીએ રજોહરણ ઓઘાપાત્ર લાવવાનું તથા નાઈને બોલાવવાનું ફરમાવ્યું. કુત્રિકાપણથી ઓઘા-પાત્ર આવી ગયા અને નાઈ પણ હાજર થયો. તેણે સુગંધિત જલથી હાથ-પગ ધોઈને, આઠ પડનું વસ્ત્ર મુખ પર બાંધીને પછી જમાલીના મસ્તકના વાળ લોચને યોગ્ય ચાર આંગળ રાખીને બાકીના કાપી લીધા. માતાએ કાપેલા વાળને સ્વચ્છ વસ્ત્રમાં લઇને ધોઇ, સુગંધિત કરીને શુદ્ધ વસ્ત્રમાં બાંધીને રત્નમંજૂષામાં રાખ્યા અને તે મંજૂષાને પોતાના ઓશીકાની પાસે સ્થાપિત કરી.

પછી જમાલીને માતા-પિતાએ સ્નાન કરાવી, વસ્ત્ર આભૂષણો વડે શણગારી, હજાર પુરુષ ઉપાડે તેવી શિબિકા-પાલખીમાં સિંહાસન પર પૂર્વાભિમુખ બેસાડયો. તેની જમણી તરફ ભદ્રાસન પર તેની માતા બેઠી વગેરે પૂરા ઠાઠમાઠથી દીક્ષાની શોભાયાત્રા ભગવાનની સેવામાં પહોંચી. માર્ગમાં ચાલતા સમયે દીક્ષાર્થીને માટે વિજયસૂત્ર (સ્લોગન) આ પ્રમાણે પોકારાઇ રહ્યા હતા–

હે નંદ ! (આનંદ દાયક-આનંદ ઇચ્છુક) તમારો ધર્મ દ્વારા જય થાઓ, હે નંદ ! તમારું કલ્યાણ થાઓ, હે નંદ ! તમે અખંડિત જ્ઞાન,દર્શન,ચારિત્રના સ્વામી બનો, હે નંદ ! તમે ઇન્દ્રિય વિજેતા બનો, હે નંદ ! તમે સર્વ વિઘ્નોને પાર કરો, હે નંદ ! આપ પરીષહ રૂપી સેના પર વિજય પ્રાપ્ત કરો, હે નંદ ! તમે રાગદ્વેષ રૂપી મલ્લો પર વિજય પ્રાપ્ત કરો, હે નંદ ! ઉત્તમ શુક્લધ્યાન દ્વારા કર્મરૂપી શત્રુઓનું મર્દન કરો, હે ધીર ! ત્રણ લોકરૂપ વિશ્વમંડપમાં ઉત્તમ આરાધનારૂપ વિજય પતાકા ફરકાવો, હે ધીર ! અપ્રમત્ત બનીને સંયમમાં વિચરણ કરો, હે વીર ! નિર્મળ, વિશુદ્ધ, અનુત્તર કેવલજ્ઞાન પ્રાપ્ત કરો, હે





વીર ! તમારા ધર્મ માર્ગમાં કોઈ પ્રકારનું વિઘ્ન ન આવે, હે મહાભાગ ! તમે પરમ પદરૂપ મોક્ષ પ્રાપ્ત કરો.

પાંચસો પુરુષોની સાથે જમાલીને ભગવાને દીક્ષાનો પાઠ ભણાવ્યો. એ પાંચસો પુરુષોનું અન્ય કોઇપણ વર્ણન ઉપલબ્ધ નથી. તેને અહીં ગૌણ કરી દીધેલ છે. તે ૫૦૦ અણગાર જમાલીના શિષ્યરૂપમાં ભગવાને સમર્પિત કરી દીધા હતા.

**પ્રશ્ન–૧૫ : આ પ્રકારના ઉત્કૃષ્ટ વૈરાગી જમાલીને મિથ્યાત્વનું આક્રમણ કેમ કેવી રીતે થયું ?**

**જવાબ :** ભગવદ્ નિરૂપિત તત્ત્વોમાં **चलमाणे चलिए, कज्जमाणे कडे** એવો એક સૂક્ષ્મ તાત્ત્વિક સિદ્ધાંત છે. જે વ્યવહારોચિત પણ છે કે કરવામાં આવતું કાર્ય પ્રતિક્ષણ કંઇને કંઇ થાય જ છે તે પોતાના દેશ નયથી સત્ય પણ છે પરંતુ એકાંત પૂર્ણતાના દુરાગ્રહમાં વ્યક્તિ શંકિત, મોહાભિભૂત, મિથ્યા દુરાગ્રહી બની શકે છે. પરંતુ જિનેશ્વર સિદ્ધાંત તો સાપેક્ષ નય સંગત સત્ય જ છે.

એક વાર સ્વતંત્ર વિચરણ કાલમાં જમાલી અત્યંત રુગ્ણ અને અશક્ત થઇ ગયો હતો. સૂવા માટે એટલો આતુર હતો કે બીમારને યોગ્ય ઘાસ આદિની પથારી વ્યવસ્થિત કરવામાં થનાર વિલંબને તે સહન કરી શકતો ન હતો. વારંવાર શિષ્યોને પૂછી રહ્યો હતો કે પથારી હજુ સુધી થઇ નથી શું ? શિષ્ય નમ્રતાથી ઉત્તર દઇ રહ્યા હતા કે પથારી પથરાઇ રહી છે, હજી પથરાઇ નથી. આમ અધૈર્યની માનસિકતામાં બિછાનાનું કાર્ય ચાલવા છતાં પણ બિછાનું થયું નહિ, એ શબ્દો તેની ઉલટી વિચારધારામાં કારણભૂત બની ગયા. મિથ્યાત્વનો ઉદય જોર કરી ગયો. ભગવાનને પણ ખોટા માનવા લાગ્યો અને અત્યંત દુરાગ્રહ યુક્ત માનસવાળો બની ગયો. બીમારી અને અધૈર્ય તેના પાકા નિમિત્ત બની ગયા. શિષ્યોના સમજાવવા છતાં પણ ન માન્યો અને અંતમાં ભગવાન તથા ગૌતમ સ્વામીથી પણ ન માન્યો.

વાસ્તવમાં તેના પર મિથ્યાત્વનો તીવ્ર ઉદય સવાર થઇ ચૂકયો હતો. જે જીવનભર એમ જ રહ્યો. આખરે ભવાંતરમાં(૧-૨-૩ ભવ પછી) ક્યારેક તે તીવ્ર ઉદય સમાપ્ત થશે. કારણ કે તે મોક્ષગામી ભવી જીવ છે એવું પ્રભુએ તેનું ભવિષ્ય ગૌતમ સ્વામીના પૂછવા પર ફરમાવ્યું.

**પ્રશ્ન–૧૬ : જમાલીના આગામી ભવોની કોઇ નિશ્ચિત સંખ્યા નથી શું ?**

**જવાબ :** જમાલીના ૧૫ દિવસના સંથારામાં કાલ કરવાના સમાચાર મળતાં ગૌતમસ્વામીએ તેની ગતિ પૂછી. છટ્ઠા દેવલોકમાં કિલ્વિષી દેવ થવાનો ઉત્તર પ્રાપ્ત કરી ફરી ગૌતમસ્વામીએ પૂછ્યું કે તે કિલ્વિષી દેવ કેટલા પ્રકારના છે અને તેઓ આગળ કેટલા ભવ કરશે ? ભગવાને કહ્યું– હે ગૌતમ ! ત્રણ પ્રકારના કિલ્વિષી દેવ છે, તેમાં કોઈ કિલ્વિષી દેવ (જઘન્ય) ચારે ય ગતિમાંથી ક્યાંય પણ ૪-૫ ભવ સુધી જન્મ-મરણ કરીને મોક્ષ જાય છે. આ ન્યૂનતમ ભવભ્રમણ સમજવામાં આવે છે, એવું સૂત્રપાઠથી તાત્પર્ય નીકળે છે. મધ્યમ ભવભ્રમણની અનેક શ્રેણી હોઈ શકે છે અને ઉત્કૃષ્ટ રૂપે કેટલાય જીવ અનંત સંસારમાં ભ્રમણ કરતા રહે છે. સમુચ્ચય કિલ્વિષીનો પ્રશ્ન પૂરો થયા પછી ફરી ગૌતમસ્વામીએ જમાલી વિષે પ્રશ્ન કર્યો– જમાલીના ભવભ્રમણ સંબંધી પ્રશ્ન કરતા ભગવાને કહ્યું કે– તે મારો અંતેવાસી કુશિષ્ય જમાલી દેવલોકમાંથી નીકળી તિર્યંચ-મનુષ્ય-દેવના ૪-૫ ભવ કરીને મોક્ષ જશે.

એ ઉત્તરનું તાત્પર્ય સ્પષ્ટ છે કે સમસ્ત સમુચ્ચય કિલ્વષી દેવમાંથી કેટલાક દેવ ૪-૫ ભવ ચારે ય ગતિમાંથી ક્યાંય પણ કરીને મોક્ષ જશે અને કેટલાક દેવ અનાદિ અનંત સંસારમાં પરિભ્રમણ કરશે તથા જમાલી અણગાર નરક છોડીને ત્રણગતિમાંથી ક્યાંય પણ ૪-૫ ભવ કરીને મોક્ષ જશે.

પરંપરામાં જમાલીના ભાવી ભવો સંબંધી પાઠથી અનેક અર્થ કરવામાં આવે છે પરંતુ સીધો-સરલ અર્થ ઉપર આપવામાં આવ્યો છે. તેમાં ૪-૫ ને પ્રત્યેક ગતિથી જોડવાની મૂંઝવણમાં અટવાઈ જવાય છે. પરંતુ આ સીધા અર્થવાળા પાઠમાં મૂંઝવણ જેવું કંઈ પણ નથી. સાંભળ્યું છે કે આજથી એક શતાબ્દી પૂર્વે જમાલીના ભવ સંબંધી ચર્ચાનો આગ્રહ એટલો દુરાગ્રહમાં પલટાઈ ગયો હતો કે તે પ્રશ્ન કોર્ટકેસની હદે પહોંચીને અંતે હાઈકોર્ટના જજના ફેંસલાથી રદ્દ કરવામાં–કાઢી નાખવામાં આવ્યો હતો.

**જજની બુદ્ધિ–** બંને પક્ષને પૂછવામાં આવ્યું હતું કે જમાલી તમારે શું થાય છે ? બંનેનો ઉત્તર હતો કે કંઈ થતા નથી. ત્યારે કેસ રદ્દ કરી દેવામાં આવ્યો. છતાં પણ तत्त्व केवली गम्य । तमेव सच्च णिस क ज जिणेहिं पवेय । ભગવદ કથન સત્ય છે તે સ્વીકાર્ય છે. ॥ ઉદ્દેશક–૩૩ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૭ : એક પુઢષને મારનાર કેટલા જીવોને મારે છે ?**

**જવાબ :** એક મનુષ્ય અથવા એક ત્રસ પ્રાણીને હણનાર વ્યક્તિ તે પ્રાણીને





તથા તેની આસપાસ યા નિશ્રાગત એક અથવા અનેક જીવોને પણ હણનાર થઈ શકે છે. તે વ્યક્તિ એ જીવ સાથેના વેરને તો સ્પૃષ્ટ થાય જ છે, સાથમાં ક્યારેક એક અથવા અનેક અન્ય જીવો સાથેના વેરથી સ્પૃષ્ટ થાય છે.

ૠષિ-મુનિને હણનાર ૠષિનો અને અનંત જીવોને હણનાર થાય છે. કારણ કે મુનિ અનંત જીવોની હિંસાથી વિરત હોય છે, અનંત જીવોની રક્ષા કરે છે અને રક્ષા કરવાના પ્રેરક પણ થાય છે. તેથી ૠષિ ને હણનાર નિયમા ૠષિ સાથે વેરથી તથા અનંત જીવો સાથેના વેરથી સ્પૃષ્ટ થાય છે. મરવાથી ૠષિ પણ અવ્રતી બની જાય છે. તેથી અપેક્ષાએ અને પરંપરા દષ્ટિએ ઉક્ત કથન સમજી લેવું જોઈએ.

**પ્રશ્ન–૧૮ : એકેન્દ્રિય જીવોના શ્વાસ અને ક્રિયાના સંબંધમાં અહીં શું નિરૂપણ છે ?**

**જવાબ :** એકેન્દ્રિય જીવોના શ્વાસ સંબંધી સાપેક્ષ કથન છે કે પૃથ્વી આદિના જીવ નિશ્ચયનયથી પરિણમનની અપેક્ષા પોતાના=પૃથ્વી આદિના શ્વાસ લે છે, આત્મ પરિણત શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્‌ગલોના શ્વાસ લે છે-મૂકે છે. ગ્રહણ- નિઃસરણની અપેક્ષા પૃથ્વી આદિ વનસ્પતિ પર્યંત સર્વેયનું પોતાના અવગાહિત ક્ષેત્રમાં રહેલાનું શ્વાસ ક્રિયામાં ગ્રહણ નિઃસરણ કરે છે. આ શ્વાસની પ્રક્રિયાથી એકેન્દ્રિયને પણ તે પૃથ્વી આદિ જીવોથી કદાચિત્ ૩-૪ કે ૫ ક્રિયા, કાયિકી આદિ લાગે છે.

વાયુથી કે પ્રચંડ વાયુથી જે વૃક્ષના મૂળ આદિ વિભાગ હલાવવામાં આવે અથવા પાડી દેવાય તો વાયુકાયને ૩-૪ કે ૫ ક્રિયા લાગે છે. વૃક્ષમાં અનેક જીવ હોય છે, તેમાંથી કેટલાય મરે છે અને કેટલાયને કિલામના માત્ર થાય છે ઇત્યાદિ કારણોથી પાંચ ક્રિયા વૈકલ્પિક લાગે છે અર્થાત્ પ્રારંભની ત્રણ ક્રિયા તો સંસારના સમસ્ત જીવોથી લાગતી જ રહે છે. કિલામના થનારા જીવથી ચોથી પરિતાપનિકી ક્રિયા લાગે છે અને પ્રાણ નષ્ટ થવાથી તે જીવથી પાંચમી પ્રાણાતિપાતિકી ક્રિયા પણ લાગે છે. ॥ ઉદ્દેશક-૩૪ સંપૂર્ણ ॥

# શતક–૧૦ : ઉદ્દેશક–૧ થી ૩૪

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આ શતકમાં ૩૪ ઉદ્દેશક છે. જેમાં ૨૯ ઉદ્દેશકોમાં સંક્ષિપ્ત સૂચન છે તથા પાંચ ઉદ્દેશકોમાં વિષય વર્ણન છે. શતકના પ્રારંભમાં એક ગાથા દ્વારા ઉદ્દેશકોના વિષય અને નામ નિર્દેશ છે, જે આ પ્રમાણે છે–

**(૧) દિશા–** પ્રથમ ઉદ્દેશકમાં દસ દિશાઓના નામ અને સ્વરૂપ દર્શાવીને તે દિશાઓમાં જીવ-અજીવના દેશ-પ્રદેશ આદિના વિકલ્પ કહ્યા છે.

**(૨) સંવૃત્ત અણગાર–** આ ઉદ્દેશકમાં અણગારને લાગતી સાંપરાયિક અને ઈર્યાપથિકી ક્રિયાનું વર્ણન છે. યોનિઓ, વેદના અને ભિક્ષુ પ્રતિમાના સાધક વિષે સંક્ષિપ્ત કથન છે. જેના માટે પ્રજ્ઞાપના અને દશાશ્રુતસ્કંધ સૂત્રની ભલાવણ (સૂચના) છે. અંતમાં આલોચના પ્રાયશ્ચિત્તનું મહત્ત્વ દર્શાવ્યું છે.

**(૩) આત્મઋદ્ધિ–** આ ઉદ્દેશકમાં દેવ-દેવીઓની પોતાની ક્ષમતા, ઘોડાના ચાલવામાં ખૂં-ખૂં નો અવાજ, વ્યવહારભાષા વગેરે વર્ણન છે.

**(૪) શ્યામ હસ્તી–** આ ઉદ્દેશકમાં શ્યામ હસ્તી નામના અણગારના પ્રશ્ન ત્રાયત્રિંશક દેવ સંબંધી વર્ણિત છે.

**(૫) દેવી–** આમાં ચારેય જાતિના દેવેન્દ્રોની અગ્રમહિષીઓનું વર્ણન છે.

**(૬) સભા–** આ ઉદ્દેશકમાં શક્રેન્દ્રની સુધર્મા સભા આદિનું વર્ણન, સૂર્યાભ દેવની ભલાવણ યુક્ત સંક્ષિપ્ત છે.

**(૭–૩૪) ઉત્તર અંતર્દ્વીપ–** ઉત્તર દિશાના ૨૮ અંતર્દ્વીપ મનુષ્ય ક્ષેત્રોનું વર્ણન નવમા શતકની સૂચના યુક્ત, સંક્ષિપ્ત છે. તેના ૨૮ ઉદ્દેશક ગણવામાં આવ્યા છે, જેથી કુલ ૩૪ ઉદ્દેશક સંખ્યા થાય છે.

**પ્રશ્ન–૨ : દિશાઓ કેટલી છે ? તેમાં જીવ અને અજીવ સંબંધી કથન કઈ રીતે છે ?**

**જવાબ :** આગમોમાં દિશાઓની સંખ્યા ત્રણ પ્રકારે વર્ણિત છે યથા– ચાર, છ અને દશ. પ્રસ્તુત પ્રથમ ઉદ્દેશકમાં છ અને દશ દિશાઓનું કથન છે.

છ દિશાઓને લઈને એમ કહ્યું છે કે દિશાઓ જીવ સ્વરૂપ અને અજીવ સ્વરૂપ છે. કારણ કે તે છએ દિશાઓમાં જીવ પણ રહેલા છે અને અજીવ પણ





રહેલા છે. દિશા સ્વયં કોઈ દ્રવ્ય કે તત્ત્વ નથી. કલ્પનાથી સ્વીકાર કરાએલ જીવ અને અજીવમય એ દિશાઓ છે.

દસ દિશાઓ અને તેના નામ આ પ્રમાણે કહ્યા છે– (૧) પૂર્વ (૨) પૂર્વ-દક્ષિણ (૩) દક્ષિણ (૪) દક્ષિણ-પશ્ચિમ (૫) પશ્ચિમ (૬) પશ્ચિમ-ઉત્તર (૭) ઉત્તર (૮) ઉત્તર-પૂર્વ (૯) ઊર્ધ્વ (૧૦) અધોદિશા. એ વ્યવહારિક ઉચ્ચારણ રૂપ દશ દિશાઓ છે. તેના દશ નામ ક્રમશઃ આ પ્રમાણે છે– (૧) ઈન્દ્રા (૨) આગ્નેયી (૩) યમા (૪) નૈઋતિ (૫) વારુણી (૬) વાયવ્ય (૭) સોમા (૮) ઈશાની (૯) વિમલા (૧૦) તમા. એ દિશાઓમાં જીવ અજીવના ભેદ-વિકલ્પ આ પ્રમાણે છે–

**(૧–૪) ઈન્દ્રા(પૂર્વ) આદિ ચાર દિશા.** પૂર્વ દિશામાં એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધી અને અનિન્દ્રિય એ બધા જીવ તેના દેશ અને પ્રદેશ હોય છે. (૬×૩=૧૮). **જીવના ભેદ** હોય છે.

પૂર્વ દિશામાં અ રૂપી અજીવના સાત ભેદ હોય છે– ધર્માસ્તિકાયનો દેશ તથા અનેકપ્રદેશ; અધર્માસ્તિકાયનો દેશ તથા અનેકપ્રદેશ અને આકાશાસ્તિકાયનો દેશ અને અનેકપ્રદેશ એ છ તથા સાતમો કાલ+રૂપી અજીવના પુદ્‌ગલાસ્તિકાયના ચારેય ભેદ એમ કુલ **અજીવનના ૧૧ ભેદ** પૂર્વ દિશામાં હોય છે. આ જ રીતે દક્ષિણ આદિ શેષ ત્રણ દિશાઓમાં પણ જીવના ૧૮ ભેદ અને અજીવના ૧૧ ભેદ હોય છે.

**(૫–૮) આગ્નેયી આદિ ૪ વિદિશા–** એ ચારે દિશાઓ એક પ્રદેશી પહોળી હોય છે. તેથી તેમાં સંપૂર્ણ જીવ હોતા નથી, જીવના દેશ અને પ્રદેશ હોઈ શકે છે. તેથી એકેન્દ્રિયથી અનિન્દ્રિય સુધી ૬×૨=૧૨ દેશ પ્રદેશ હોય છે. અજીવનના ૧૧ ભેદ પૂર્વવત્ હોય છે.

વર્તમાન સમયની પૃચ્છાની અપેક્ષા એકપ્રદેશી વિદિશામાં ક્યારેય માત્ર એકેન્દ્રિયોના દેશ જ હોય છે (આ નિયમા છે). શેષ એક બેઈન્દ્રિય આદિનો દેશ, અનેક દેશ, અનેક બેઈન્દ્રિયોના અનેક દેશ તેમજ તેઈન્દ્રિયથી અનિન્દ્રિય સુધીના દેશ વિકલ્પથી થાય છે. અર્થાત્ કયારેક થાય છે, ક્યારેક નથી થતા. **પ્રદેશની પૃચ્છામાં** બેઈન્દ્રિયથી અનિન્દ્રિય સુધી એક જીવનો એક પ્રદેશ હોતો નથી અનેક પ્રદેશ હોય છે. તેથી દેશના વિકલ્પથી આ પાંચ એક પ્રદેશના વિકલ્પ ઓછા હોય છે.

**(૯) વિમલા(ઊર્ધ્વ)દિશા–** આ દિશા ચાર પ્રદેશી હોય છે તેથી સંપૂર્ણ વર્ણન એક પ્રદેશી વિદિશાની સમાન જ છે.

**(૧૦) તમા(અધો) દિશા–** આ પણ ચાર પ્રદેશી છે. જેનું વર્ણન પણ ઊર્ધ્વ દિશા સમાન છે. પરંતુ તેમાં અજીવના ૧૦ ભેદ જ છે, ૧૧મો કાલ આમાં હોતો નથી. કારણ કે નીચેના લોકમાં કાલ સલિલાવતી અને વપ્રા વિજયની અપેક્ષા હોય છે અને આ અધોદિશા તો મેઢના ઢચક પ્રદેશની સીધમાં નીચે લોકાંત સુધી ચારપ્રદેશી જ હોય છે. અતઃ એમાં કાલ હોતો નથી. ॥ ઉદ્દેશક–૧ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૩ : નિર્ગ્રંથને માટે આલોચના-પ્રતિક્રમણ અને અકષાય ભાવનું મહત્ત્વ અહીં કેવી રીતે દર્શાવ્યું છે ?**

**જવાબ : (૧)** નિર્ગ્રંથ બાહ્ય આશ્રવોના, આરંભ-પરિગ્રહના ત્યાગી હોય છે. સાથે જ તેણે સૂક્ષ્મ-સ્થૂલ કષાયોથી પણ મુક્ત રહેવામાં પ્રયત્નશીલ રહેવાનું હોય છે. અહીં ઉદ્દેશક–૨ માં એમ બતાવ્યું છે કે કષાય મુક્ત અવસ્થા (અવીચિપથ)ને પ્રાપ્ત સંવૃત્ત અણગાર ઉપર-નીચે, આજુ-બાજુ, આગળ-પાછળ ક્યાંય પણ રૂપોને જોતા જોતા સંપરાય કર્મબંધ કરતો નથી. કારણ કે કષાયના અભાવમાં થનાર પ્રવૃત્તિનું કર્મબંધમાં કોઈ મહત્ત્વ રહેતું નથી. સંવૃત્ત અણગાર પણ જ્યાં સુધી પોતાના સ્થૂલ કષાયોને ક્ષીણ ન કરી લે ત્યાં સુધી તેના દ્વારા કરવામાં આવેલી રૂપ જોવા વગેરેની કોઈ પણ પ્રવૃત્તિથી સંપરાયિક ક્રિયા લાગે છે. ઈર્યાવહિ ક્રિયા તેને હોતી નથી અર્થાત્ દ્વિ સામાયિક વેદનીયનો બંધ થતો નથી પરંતુ અધિક સ્થિતિના ૬ કર્મોનો અથવા ૭ કર્મોનો બંધ થાય છે.

**(૨)** કોઈ ભિક્ષુ અકૃત્ય સ્થાનનું એટલે કે સંયમમાં દોષનું સેવન કરીને એમ વિચારે કે **મૃત્યુ સમયમાં એક સાથે આલોચના પ્રાયશ્ચિત્ત કરી લઈશ** અને તે અચાનક આલોચના-પ્રાયશ્ચિત્ત કર્યા વિના કાળ કરી જાય તો આરાધક થતો નથી. કારણ કે દોષ નિવૃત્તિની લાગણી અલ્પ છે અને લાપરવાહી પ્રમુખ છે.

**(૩)** કોઈ ભિક્ષુ એમ વિચારે કે ''શ્રાવક તો કેટલાય આરંભ સમારંભ કરે છે તો પણ વૈમાનિક દેવલોકમાં જાય છે, હું તો સામાન્ય દોષ સ્થાનનું સેવન કરી રહ્યો છું કેટલા સંયમ-નિયમનું પાલન કરું છું તો કંઈ નહિ તો વ્યંતર આદિ દેવગતિ જ મળશે.'' એવું વિચારીને પણ પોતાના દોષોની શુદ્ધિ ન કરે અને એમ જ કાલ કરી જાય તો તે વિરાધક થાય છે.

તાત્પર્ય એ છે કે સંયમ-નિયમોમાં કોઈપણ ક્ષતિ-ભૂલ થાય તો તેની





શુદ્ધિ પ્રતિદિન અથવા તરતોતરત કરી લેવી જોઈએ. ॥ ઉદ્દેશક–૨ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૪ : દેવોની ગમનાગમન શક્તિ અને દેવોના વચ્ચેથી નીકળવાની શક્તિ કઈ રીતની હોય છે ?**

**જવાબ :** ચારેય જાતિના દેવ પોતાની સ્વાભાવિક ઋદ્ધિ અનુસાર પ્રાપ્ત શરીરથી પોતાના ૪–૫ આવાસ-ભવન-નગર-વિમાનો સુધી જઈ આવી શકે છે. તેનાથી અધિક જવું હોય તો ઉત્તર વૈક્રિય શરીર બનાવીને પોતાની મર્યાદામાં ક્યાંય પણ જઈ શકે છે.

અલ્પઋદ્ધિ(સ્થિતિ)વાળા દેવ મહર્દ્ધિક દેવની ઉપેક્ષા કરીને તેઓની વચ્ચેથી જઈ શકતા નથી. સમાન ઋદ્ધિવાળાની વચમાંથી પણ જઈ શકતા નથી પરંતુ તેઓ પ્રમાદમાં, અન્ય ધ્યાનમાં હોય તો ધોખાથી જઈ શકે છે. મહર્દ્ધિક દેવ અલ્પર્દ્ધિકની વચ્ચેથી જઈ શકે છે.

**પ્રશ્ન–૫ : દોડતા ઘોડાના શરીરમાંથી ખૂ-ખૂ અવાજ કેમ આવે છે ?**

**જવાબ :** ઘોડાના હૃદય અને યકૃત(લિવર)ની વચમાં કર્કટક નામનો એક પ્રકારનો વાયુ ઉત્પન્ન થાય છે, તે વાયુના કારણે દોડતા ઘોડાના શરીરમાંથી ખૂ-ખૂ એવો ધ્વનિ નીકળે છે. ॥ ઉદ્દેશક–૩ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૬ : ત્રાયત્રિંશક દેવોનું અસ્તિત્વ કઈ રીતે કહેલ છે ?**

**જવાબ :** ભવનપતિ અને વૈમાનિક ઈન્દ્રોને ૩૩ ત્રાયત્રિંશક દેવ હોય છે. તે દેવો ઈન્દ્રના હિત સલાહકાર, મંત્રી સ્થાને હોય છે. રાજાના પુરોહિત પુઢષની જેમ તેઓ ઈન્દ્રના સન્માનનીય હોય છે.

ભવનપતિના ૨૦ ઈન્દ્રોના અને વૈમાનિકના ૧૦ ઈન્દ્રોના એમ કુલ ૩૦ ઈન્દ્રોના ત્રાયત્રિંશક દેવ હોય છે. તે સદા ૩૩ ની સંખ્યામાં નિશ્ચિત હોય છે. ઉંમર પૂરી થતાં તેઓ ચ્યવે છે અને તેમના સ્થાને બીજા ઉત્પન્ન થાય છે.

વ્યંતર જ્યોતિષીમાં સ્વભાવથી જ ત્રાયત્રિંશક દેવો હોતા નથી. ભવનપતિમાં ત્રાયત્રિંશક બનનારા પૂર્વે વિરાધક શ્રાવક હોય છે અને વૈમાનિકમાં ત્રાયત્રિંશક થનારા પૂર્વે આરાધક શ્રાવક હોય છે.

વર્તમાનમાં ચમરેન્દ્રના ત્રાયત્રિંશક દેવ કાકંદી નગરીના ૩૩ મિત્ર શ્રમણોપાસક હતા. બલીન્દ્રના ત્રાયત્રિંશક દેવ બિમેલ નગરીના મિત્ર શ્રમણો-પાસક હતા. શકેન્દ્રના ત્રાયત્રિંશક દેવ પલાસક નગરના મિત્ર શ્રમણોપાસક

હતા. ઈશાનેન્દ્રના ત્રાયત્રિંશક દેવ ચંપાનગરીના મિત્ર શ્રમણોપાસક હતા. ચમરેન્દ્ર બલીન્દ્રના ૩૩–૩૩ ત્રાયત્રિંશક દેવ ૧૫ દિવસના સંથારામાં કાળ કરીને દેવ બન્યા હતા અને વૈમાનિકના ૩૩–૩૩ ત્રાયત્રિંશક ૧ મહિનાના સંથારામાં કાલ કરીને દેવ બન્યા હતા.

ભવનપતિના ત્રાયત્રિંશક દેવ શ્રાવકપણામાં પહેલા ઉગ્ર વિહારી હતા પછી તેઓએ શિથિલવિહારી વિરાધક થઈ કાળ કર્યો હતો. વૈમાનિકના ત્રાયત્રિંશક દેવ સંપૂર્ણ જીવન ઉગ્રવિહારી શ્રમણોપાસક જ રહ્યા હતા અને આરાધક થઈને કાળ કર્યો હતો. કુલ ૩૦ ઈન્દ્રોને ૩૩–૩૩ (૯૯૦) ત્રાયત્રિંશક દેવ હોય છે. પ્રસ્તુતમાં ચાર ઈન્દ્રોના (૩૩×૪=૧૩૨ ત્રાયત્રિંશકોના) પૂર્વભવ વર્ણિત છે. શેષનું અસ્તિત્વ વર્ણન છે. ॥ ઉદ્દેશક–૪ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૭ : ચારે ય જાતિના દેવેન્દ્રોની કેટલી-કેટલી અગ્રમહિષી દેવીઓ છે ?**

**જવાબ :** ચમરેન્દ્ર-બલીન્દ્રને પાંચ અગ્રમહિષીઓ છે અને પ્રત્યેકને ૮૦૦૦ નો પરિવાર છે. નવનિકાયના ઈન્દ્રોને ૬–૬ અગ્રમહિષીઓ છે અને પ્રત્યેકને ૬૦૦૦ નો પરિવાર છે. વ્યંતર જ્યોતિષીને ૪–૪ અગ્રમહિષીઓ અને ૪–૪ હજારનો પ્રત્યેકનો પરિવાર છે. શક્રેન્દ્ર-ઈશાનેન્દ્રને ૮–૮ અગ્રમહિષીઓ અને પ્રત્યેકને ૧૬–૧૬ હજારનો પરિવાર છે.

લોકપાલોને બધાને ૪–૪ અગ્રમહિષીઓ અને પ્રત્યેકને ૧–૧ હજાર દેવીઓનો પરિવાર છે. લોકપાલ, વ્યંતરેન્દ્ર, જ્યોતિષેન્દ્ર અને ૮૮ ગ્રહોને ૪–૪ અગ્રમહિષીઓ સ્થાનાંગ સૂત્ર સ્થાન–૪/૧ માં પણ કહી છે. તેમાં બધાના ૭૭૬ના નામ પણ બતાવ્યા છે. ત્યાં ભવનપતિ અને વૈમાનિક ઈન્દ્રોની અગ્રમહિષીઓ બતાવી નથી. તેનું કારણ એ છે કે ચોથું સ્થાન હોવાથી તેમાં ૪ ની સંખ્યાનું કથન છે. ભવનપતિમાં ૫–૬ અને વૈમાનિકમાં ૮ અગ્રમહિષીઓ છે. આ રીતે ૫+૫+૬×૧૮+૩૨×૪+૨×૪+૨×૮ અર્થાત્ ૧૦+૧૦૮+૧૨૮+૮+૧૬= ૨૭૦ અગ્રમહિષીઓ ઈન્દ્રોની અને + લોકપાલોની ૮૮×૪(૩૫૨) = ૭૨૨ ઈન્દ્ર અને લોકપાલોની કુલ અગ્રમહિષીઓના નામ અહીં બતાવ્યા છે, જે ૫૬ ઈન્દ્ર અને ૮૮ લોકપાલોની છે. ઉપરના સનત્કુમાર આદિ ૮ ઈન્દ્રોને અગ્રમહિષી દેવીઓ હોતી નથી.

સર્વ ઈન્દ્ર પોતાની સુધર્મા સભામાં દેવીઓની સાથે કાય પરિચારણા કરતા નથી, પરંતુ પરિવાર સાથે(નાટક વગેરેની) સુખ સાહેબી ભોગવી શકે છે.





# શતક–૧૧ : ઉદ્દેશક–૧ થી ૧૨

**પ્રશ્ન–૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આ શતકમાં ૧૨ ઉદ્દેશકોના માધ્યમથી અનેક વિષયોનું સંકલન છે. શતકના પ્રારંભમાં પ્રાપ્ત ગાથા અનુસાર ઉદ્દેશકોના નામ-વિષય આ પ્રમાણે છે–

**(૧) ઉત્પલ–** ઉત્પલ કમલના જીવોની ઉત્પત્તિથી લઈને ગતિપર્યંત ૩૩ દ્વારોનું વર્ણન છે.

**(૨–૮) સાલુ આદિ–** સાલુક, પલાસ, કુંભી, નાલી, પઉમ, કર્ણિક, નાલિકા, એ સાતેયનું વર્ણન ઉત્પલ સમાન છે. કંઈક અંતર અવગાહના, આયુ અને લેશ્યાનું છે.

**(૯) શિવ–** શિવરાજર્ષિની દિશાપ્રોક્ષિક પ્રવ્રજ્યાનું વર્ણન, તેનાથી ઉત્પન્ન વિભંગ જ્ઞાન, તદનંતર ભગવાનની પાસે દીક્ષા અને મોક્ષ સુધીનું વર્ણન છે. અંતમાં ચરમ શરીરીના સંઘયણ આદિનું તથા સિદ્ધોનું સંક્ષિપ્ત વર્ણન ઔપપાતિક સૂત્રની ભલાવણ–સૂચના યુક્ત છે.

**(૧૦) લોક–** ત્રણે લોક, સંપૂર્ણ લોક-અલોકનું સ્વરૂપ, સંસ્થાન આદિ દ્વારા સમજાવ્યું છે તથા એ બધામાં અને એના આકાશ પ્રદેશમાં જીવના ભેદોનું દિગ્દર્શન પણ કરાવ્યું છે.

**(૧૧) કાલ–** સુદર્શન શ્રાવકના પ્રશ્નના ઉત્તરમાં ઉપમાકાલનું સ્વરૂપ દર્શાવ્યું છે અને તેની પ્રામાણિકતાને માટે તેના જ પૂર્વ ભવમાં વ્યતીત થએલ કાલની સ્થિતિને સ્પષ્ટ કરી છે. ત્યારે સુદર્શન શ્રાવકે જાતિસ્મરણ જ્ઞાન દ્વારા જાતે પણ યથાર્થ અનુભવ કર્યો પછી દીક્ષા લઈ મોક્ષ પ્રાપ્તિ સુધીની આરાધના કરી.

**(૧૨) આલભિકા–** આલભિકા નગરીમાં રહેનારા ઋષિભદ્ર પુત્ર શ્રમણોપાસકનું વર્ણન છે તથા તે જ નગરીમાં રહેનારા પુદ્ગલ પરિવ્રાજકની સાધના અને વિભંગજ્ઞાન તથા તે નિમિત્તે ભગવાનની પાસે દીક્ષા અને મુક્તિનું વર્ણન છે.

આમ આ શતકના પ્રારંભમાં વનસ્પતિ તત્ત્વજ્ઞાન અને ઉત્તરાર્ધમાં ૪–૫ કથાનક દ્વારા રોચક જીવન ચરિત્ર વર્ણિત છે.

**પ્રશ્ન–૨ : ઉત્પલ આદિના વર્ણનમાં 'એગ પત્તએ' અને ' એગ જીવે અણેગ જીવે' નું શું તાત્પર્ય છે ?**

**જવાબ :** કોઈપણ વનસ્પતિ જ્યારે અંકુરિત થાય છે ત્યારે સર્વપ્રથમ તેની એક પત્ર અવસ્થા હોય છે અર્થાત્ સર્વ પ્રથમ એક પત્ર રૂપમાં અંકુરિત થાય છે, અંકૂર ફૂટે છે એને જ મૂળપાઠમાં એક પત્રક ઉત્પલ આદિ કહેલ છે.

આ પ્રથમ અવસ્થામાં પહેલા એક મુખ્ય જીવ જ એકલો ઉત્પન્ન થાય છે, અનેક જીવ યા અન્ય કોઈ પણ જીવ પહેલા તેની સાથે ઉત્પન્ન થતા નથી. **तेण पर** – તેના ઉત્પન્ન થયા પછી તેની નેશ્રાયમાં અન્ય જીવ ઉત્પન્ન થાય છે. તેઓ અનેક હોય છે તેથી પછી તે ક્યારેય પણ એક જીવી નથી રહેતો. પછી ત્યાં સમયે–સમયે અનેક જીવ અર્થાત્ જઘન્ય ૧–૨–૩ ઉત્કૃષ્ટ અસંખ્ય જીવ ઉત્પન્ન થયા કરે છે, મર્યા કરે છે. આ જ **एगपत्तए** અને **एगजीवे अणेगजीवे** સંબંધી પ્રશ્નોત્તરનું તાત્પર્ય છે.

**પ્રશ્ન–૩ : તેત્રીસ દ્વારોથી ઉત્પલનું શું વર્ણન છે ?**

**જવાબ :** અહીં ૩૩ દ્વારોના માધ્યમથી ઉત્પલ આદિમાં ઉત્પન્ન જીવોની સ્થિતિ, અવગાહના, લેશ્યા, કર્મબંધ, દષ્ટિ, જ્ઞાન, અજ્ઞાન આદિ અને આગતિ ગતિ વિષે વિવરણ આપ્યું છે, તે આ પ્રમાણે છે– (૧) આગતિ– ઉત્પલમાં ઉત્પન્ન થનાર જીવ નરક છોડીને ત્રણ ગતિથી આવે, (૨) ઉત્પાત– એક સમયમાં ૧-૨-૩ ઉત્કૃષ્ટ અસંખ્યાતા ઉપજે, (૩) પરિમાણ– અસંખ્ય ઉત્સર્પિણી અવ-સર્પિણીના સમય તુલ્ય અસંખ્યાતા હોય છે, (૪) અવગાહના– ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન સાધિક હોય છે, (૫) બંધ– સાત કર્મોનો બંધ થાય છે, અબંધ થતો નથી. એકવચન બહુવચનથી ભંગ ૨–૨ અને આયુષ્યકર્મના બંધ અબંધ બંને થાય છે, ભંગ–૮, (૬) વેદના– સાતા અસાતા બંને વેદના હોય છે, ભંગ–૮, (૭) ઉદય– આઠ કર્મોનો ઉદય હોય છે, કોઈ કર્મનો અનુદય નથી; ભંગ ૨–૨, (૮) ઉદીરણા– ૬ કર્મોના ઉદીરક જ હોય છે, અનુદીરક નહિ; ભંગ ૨–૨. આયુષ્ય અને વેદનીય કર્મના ઉદીરક-અનુદીરક બંને હોય છે, ભંગ ૮–૮, (૯) લેશ્યા– કૃષ્ણાદિ ચાર લેશ્યા હોય છે, ભંગ–૮૦, (૧૦) દષ્ટિ– એક મિથ્યાદષ્ટિ, ભંગ–૨, (૧૧) જ્ઞાન– અજ્ઞાની છે, જ્ઞાની નહિ; ભંગ–૨, (૧૨) યોગ– કાયયોગી છે, ભંગ–૨, (૧૩) ઉપયોગ– બંને, ભંગ–૮, (૧૪) વર્ણાદિ– ૨૦ બોલ હોય છે, ભંગ ૨–૨, શરીરની અપેક્ષા, (૧૫) ઉશ્વાસ– ત્રણ બોલ હોય છે– ૧. ઉશ્વાસક, ૨. નિશ્વાસક ૩. નો ઉશ્વાસક નો નિશ્વાસક, ભંગ–૨૬ થાય છે, (૧૬) આહાર– આહારક-અનાહારક બંને, ભંગ–૮, (૧૭)





વિરત– એક અવિરત હોય છે, ભંગ–૨, (૧૮) ક્રિયા– સક્રિયા હોય છે, અક્રિયા નહિ, ભંગ–૨, (૧૯) બંધક– સપ્તવિધ બંધક અને અષ્ટવિધ બંધક બંને, ભંગ–૮, (૨૦) સંજ્ઞા– ચાર હોય છે, ભંગ–૮૦, (૨૧) કષાય ચાર હોય છે, ભંગ–૮૦, (૨૨) વેદ– એક નપુંસક, ભંગ–૨, (૨૩) વેદબંધક– ત્રણે વેદ-બંધક, ભંગ–૨૬, (૨૪) સંજ્ઞી– કેવલ અસંજ્ઞી છે, ભંગ–૨, (૨૫) ઈન્દ્રિય-સઈન્દ્રિય છે, અનિન્દ્રિય નહિ; ભંગ–૨, (૨૬) કાયસ્થિતિ– ઉત્કૃષ્ટ અસંખ્ય કાલ, (૨૭) કાલાદેશ– ચાર સ્થાવર સાથે ઉત્કૃષ્ટ અસંખ્યભવ, અસંખ્ય કાલ, વનસ્પતિ સાથે ઉત્કૃષ્ટ અનંતભવ, અનંતકાલ, વિકલેન્દ્રિય સાથે ઉત્કૃષ્ટ સંખ્યાતા ભવ, સંખ્યાતો કાલ. તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય સાથે ઉત્કૃષ્ટ ૮ ભવ, ચાર કરોડ પૂર્વ ચાલીસ હજાર વર્ષ, (૨૮) આહાર–૨૮૮ પ્રકારના ૬ દિશાથી, (૨૯) સ્થિતિ– જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દશ હજાર વર્ષ, (૩૦) સમુદ્ઘાત– ત્રણ ક્રમશઃ, ભંગ–૨૬, (૩૧) મરણ– સમહવત-અસમહવત બંને, ભંગ–૮, (૩૨) ગતિ– તિર્યંચ મનુષ્ય બે ગતિમાં જાય, (૩૩) સર્વજીવ– બધા જીવ ઉત્પલ કમલના બધા વિભાગોમાં અનેક યા અનંતવાર ઉત્પન્ન પૂર્વ છે અર્થાત્ ઉત્પન્ન થઈ ચૂકયા છે.

**પ્રશ્ન–૪ : અહીં ૩૩ દ્વારના કથનમાં અનેક જગ્યાએ ભંગ સંખ્યા કહી છે, તેને કેવી રીતે સમજવી ?**

**જવાબ :** અહીં ૩૩ માંથી ૨૩ દ્વારની સાથે એકવચન-બહુવચનની અપેક્ષાએ ભંગ બતાવ્યા છે તેની વિધિ આ પ્રમાણે છે કે પૂછેલા બોલોમાં એક બોલ પ્રાપ્ત થાય તો તેના એકવચન અને બહુવચનના એમ **બે ભંગ** થાય છે. બે બોલ પ્રાપ્ત થાય તો તેના એકવચન-બહુવચનથી અસંયોગી–૪, દ્વિસંયોગી–૪ એમ કુલ **૮ ભંગ** થાય છે. ત્રણ બોલ પ્રાપ્ત થાય તો **૨૬ ભંગ** (૬+૧૨+૮) થાય છે અને ચાર બોલ પ્રાપ્ત થાય તો **૮૦ ભંગ**(૮+૨૪+૩૨+૧૬)થાય છે. ૨,૮, ૨૬, ૮૦ ભંગોનો ખુલાસો આ પ્રમાણે છે–

**(૧) બે ભંગ–** એક જીવ ઉત્પન્ન થાય તો જ્ઞાનાવરણીયના બંધક એક અને અનેક જીવ ઉત્પન્ન થાય તો જ્ઞાનાવરણીયના બંધક અનેક, એ બે ભંગ થાય. તેમજ સાતે ય કર્મોમાં બે ભંગ બને છે. કારણ કે એક માત્ર બંધક જ હોય છે, અબંધક હોતા નથી.

**(૨) આઠ ભંગ–** આયુષ્ય કર્મમાં બંધક-અબંધક બંને હોય છે, જેના એકવચન-

બહુવચનથી વર્તમાન સમયની પૃચ્છામાં આઠ ભંગ થાય છે, યથા– (૧) ક્યારેક એક જીવ બંધક (૨) ક્યારેક એક જીવ અબંધક (૩) અનેક જીવ બંધક (૪) અનેક જીવ અબંધક (૫) એક જીવ બંધક અને એક અબંધક (૬) એક બંધક અનેક અબંધક (૭) અનેક બંધક એક અબંધક (૮) અનેક બંધક અને અનેક અબંધક. એ બંધક-અબંધક બે બોલ પ્રાપ્ત થવાથી આયુષ્ય કર્મના બંધ સંબંધી આઠ ભંગ થાય છે.

**(૩) ૨૬ ભંગ–** ત્રણે વેદનો બંધ થાય છે. જેના એકવચન-બહુવચનથી વર્તમાન સમયની પૃચ્છામાં ૨૬ ભંગ બને છે, યથા– (૧) ક્યારેક એક જીવ સ્ત્રી વેદબંધક (૨) અનેક જીવ સ્ત્રી વેદબંધક (૩) ક્યારેક એક જીવ પુરુષ વેદબંધક (૪) ક્યારેક અનેક જીવ પુરુષ વેદ બંધક (૫) ક્યારેક એક જીવ નપુંસક વેદબંધક (૬) ક્યારેક અનેક જીવ નપુંસક વેદબંધક હોય છે. એ અસંયોગી–૬ ભંગ થાય છે. (૭-૧૦) એક સ્ત્રીબંધક અને એક પુરુષ બંધક એની ચૌભંગી એકવચન- બહુવચનથી (૧૧-૧૪) એક સ્ત્રીબંધક અને એક નપુંસકબંધક એની પણ એકવચન-બહુવચનથી ચૌભંગી (૧૫-૧૮) એક પુરુષબંધક અને એક નપુંસકબંધક, એની પણ એકવચન-બહુવચનથી ચૌભંગી. **એ દ્વિસંયોગી ત્રણ ચૌભંગીથી ૧૨ ભંગ થાય છે.** (૧૯) એક સ્ત્રીબંધક, એક પુરુષબંધક, એક નપુંસકબંધક (૨૦) એક સ્ત્રીબંધક, એક પુરુષબંધક, અનેક નપુંસકબંધક (૨૧) એક સ્ત્રીબંધક, અનેક પુરુષબંધક, એક નપુંસકબંધક (૨૨) એક સ્ત્રી બંધક અનેક પુરુષબંધક, અનેક નપુંસકબંધક (૨૩) અનેક સ્ત્રીબંધક, એક પુરુષબંધક, એક નપુંસકબંધક (૨૪) અનેક સ્ત્રીબંધક, એક પુરુષબંધક, અનેક નપુંસકબંધક (૨૫) અનેક સ્ત્રીબંધક, અનેક પુરુષબંધક, એક નપુંસકબંધક (૨૬) અનેક સ્ત્રીબંધક, અનેક પુરુષબંધક, અનેક નપુંસકબંધક. **એ ૮ ભંગ ત્રણ સંયોગીના થાય છે.** એમ સર્વ મળીને ૬+૧૨+૮=૨૬ ભંગ થાય છે.

**(૪) ૮૦ ભંગ–** કષાય ચાર હોય છે તેના ૮૦ ભંગ બને છે જેમ કે– કોઈ જીવ ક્રોધ કષાયમાં હોય છે, કોઈ માનમાં, કોઈ માયામાં અને કોઈ લોભના ઉદયમાં હોય છે. એ ચારે ય પ્રકારના કષાયવાળા ક્યારેક એક હોય છે , ક્યારેક અનેક હોય છે. તેથી **અસંયોગી આઠ ભંગ–** ચાર એક જીવના અને ચાર અનેક જીવના થાય છે. ફરી **દ્વિસંયોગીના–૨૪, ત્રણસંયોગીના–૩૨** અને **ચાર સંયોગીના–૧૬** ભંગ થાય છે. એમ સર્વ મળી ૮+૨૪+૩૨+૧૬=૮૦ ભંગ થાય છે. એમાં





દ્વિસંયોગીના ૬ જોડી બને છે, તેની ઉપર કહ્યા અનુસાર ૬ ચૌભંગીઓ થાય છે–૬×૪=૨૪ ભંગ. ત્રણ સંયોગીની ચાર જોડી થાય છે, તેના પ્રત્યેકના ઉપર કહ્યા અનુસાર આઠ-આઠ ભંગ થવાથી ૮×૪=૩૨ ભંગ થાય છે. ચાર સંયોગીની એક જોડીના ૧૬ ભંગ આ પ્રમાણે થાય છે– (૧) ક્રોધી એક, માની એક, માયી એક, લોભી એક (૨) ક્રોધી એક, માની એક, માયી એક, લોભી અનેક (૩) ક્રોધી એક, માની એક, માયી અનેક, લોભી એક (૪) ક્રોધી એક, માની એક, માયી અનેક, લોભી અનેક. (૫) ક્રોધી એક, માની અનેક, માયી એક, લોભી એક (૬) ક્રોધી એક, માની અનેક, માયી એક, લોભી અનેક (૭) ક્રોધી એક, માની અનેક, માયી અનેક, લોભી એક (૮) ક્રોધી એક, માની અનેક, માયી અનેક, લોભી અનેક. એ ક્રોધી એકના આઠ ભંગ બન્યા. એ જ રીતે ક્રોધી અનેકના ૮ ભંગ, યથા– (૯) ક્રોધી અનેક, માની એક, માયી એક, લોભી એક (૧૦) ક્રોધી અનેક, માની એક, માયી એક, લોભી અનેક (૧૧) ક્રોધી અનેક, માની એક, માયી અનેક, લોભી એક (૧૨) ક્રોધી અનેક, માયી એક, માની અનેક, લોભી અનેક. (૧૩) ક્રોધી અનેક, માની અનેક, માયી એક, લોભી એક (૧૪) ક્રોધી અનેક, માની અનેક, માયી એક, લોભી અનેક (૧૫) ક્રોધી અનેક, માની અનેક, માયી અનેક, લોભી એક (૧૬) ક્રોધી અનેક, માની અનેક, માયી અનેક, લોભી અનેક. ॥ ઉદ્દેશક–૧ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૫ : શેષ સાલુક આદિ એકપત્રકનું વર્ણન કેવી રીતે છે ?**

**જવાબ :** બીજાથી આઠમા ઉદ્દેશક સુધીમાં (૨) શાલુક (૩) પલાસ (૪) કુંભિક (૫) નાલિક (૬) પદ્મ (૭) કર્ણિકા (૮) નલિનકમલનું વર્ણન છે. તેમાં પ્રાયઃ વર્ણન સમાન છે, કંઈક તફાવત છે, તે આ પ્રમાણે છે–

**(૧) અવગાહના–** સાલુકમાં અનેક ધનુષ, પલાસમાં અનેક કોશ. શેષ ૬માં ૧૦૦૦ યોજન સાધિક.

**(૨) સ્થિતિ–** કુંભિક, નાલિકમાં અનેક વર્ષ, શેષ ૬માં દસહજાર વર્ષ.

**(૩) લેશ્યા–** કુંભિક, નાલિક, પલાસમાં ત્રણ. શેષ બધામાં ચાર.

એ આઠમાં કેટલાક તો વિવિધ પ્રકારના કમલ જ છે. પલાસ, કુંભિક આદિ પણ એવી જ કોઈ વનસ્પતિઓ હોવી જોઈએ. પલાસથી પ્રસિદ્ધ ઢાક વનસ્પતિ અર્થ કરવામાં આવે તો ૧૦ હજાર વર્ષની ઉંમર હોવી વિચારણીય

છે અર્થાત્ અનેક વર્ષ હોવા જોઇએ. એથી પ્રાસંગિક વિવિધ કમલ વિશેષ જ સમજવું જોઈએ. ॥ ઉદ્દેશક– ૨થી ૮ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૬ : શિવરાજર્ષિ કઇ સાધનાથી સાત દ્વીપ અને સાત સમુદ્ર જોવા લાગ્યા ?**

**જવાબ :** હસ્તિનાપુરના રાજાનું નામ શિવ હતું. પુત્રના યોગ્ય થવા પર તેને ધર્મ સાધના કરવાની ઇચ્છા થઇ. પુત્ર શિવભદ્રને રાજ્ય સોંપીને તેણે તાપસી દીક્ષામાં **દિશા પ્રોક્ષિક પ્રવ્રજ્યા** અંગીકાર કરી. પ્રવ્રજ્યાના દિવસથી જ છઠ-છઠનું પારણું અને પારણામાં એક દિશામાં જઇ તે દિશાની પૂજાવિધિ કરી તેના માલિક લોકપાલ દેવની આજ્ઞા લઇ તે દિશામાંથી કંદમૂલ, ફલ-ફૂલ ગ્રહણ કરીને ઝૂંપડીમાં રાખી, ગંગા સ્નાન કરી, પાછા આવી લીપી-પોતીને વેદિકા તૈયાર કરી, હવન કરે છે, તે હવનની અગ્નિની એક તરફ ચઢ–દેગમાં પકાવવા માટે ખાદ્યસામગ્રી રાખે છે, હવન થયા પછી પકાવેલા ભોજનથી અતિથિ દાન, બલિ આદિ કરીને ભોજન કરે છે અર્થાત્ છઠનું પારણું કરે છે. આ પ્રકારની કષ્ટમય તપ સાધના નિરંતર વર્ષો સુધી ચાલતી રહેવાથી તેને વિશાળ વિભંગ જ્ઞાન ઉત્પન્ન થયું. જેથી તે આત્મસાક્ષાત્કાર યુક્ત જંબૂદ્વીપ આદિ સાત દ્વીપ અને લવણ સમુદ્ર આદિ સાત સમુદ્રોને સ્પષ્ટ જોવા, જાણવા લાગ્યા. જ્ઞાન તો સત્ય હતું પરંતુ મિથ્યાત્વના કારણે સમજ ભ્રમિત થવાથી તેણે એમ માની લીધું કે મને દેખાય છે એટલો જ લોક છે અર્થાત્ સાતદ્વીપ અને સાત સમુદ્ર સુધી જ આ લોક છે, તેના પછી લોકનો અંત આવી જાય છે. આ પ્રકારની તપ સાધનાથી તેને વિશાલ જ્ઞાન તો થયું પરંતુ વિભંગજ્ઞાનના કારણે સમજ– માન્યતામાં વિરોધ હોવાથી તેણે એટલો જ લોક માનવાનું અને કહેવાનું શરૂ કરી દીધું.

**પ્રશ્ન–૭ : તેની સાધના અને તપનું એટલું વિશાળ પ્રતિફળ મળ્યું તો પછી શું તે જ સાધનાથી તેની મુક્તિ થઇ ?**

**જવાબ :** તેના દ્વારા હસ્તિનાપુરમાં પોતાના જ્ઞાનનો પ્રચાર કરવાથી લોકોમાં તે વાત બહુ ચર્ચાવા લાગી. એકદા પ્રભુ મહાવીર ત્યાં પધાર્યા. ગૌતમસ્વામી પોતાના છઠના પારણા માટે ગોચરી ગયા. લોકોમાં સાત દ્વીપ-સમુદ્ર જાણવાની શિવરાજર્ષિની વાત સાંભળી. ગોચરીથી પાછા ફરીને ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો કે આટલું મોટું જ્ઞાન શિવરાજર્ષિને થયું, શું એ સત્ય છે ?





ભગવાને કહ્યું– જ્ઞાન થવાની વાત સત્ય છે પરંતુ તેની આ પ્રરૂપણા મિથ્યા છે કે એટલા જ સાતદ્વીપ-સમુદ્રસુધી જ લોક છે, આગળ કંઇ નથી. વાસ્તવમાં તો લોકમાં અસંખ્ય દ્વીપસમુદ્ર છે. ગૌતમ અને ભગવાનની વાત અનેક લોકોએ સાંભળી, જેઓ ત્યાં ઉપસ્થિત હતા. જેથી નગરમાં બંને પ્રકારની ચર્ચાઓ ચાલી કે શિવરાજર્ષિ આમ કહે છે, ભગવાન મહાવીર આમ કહે છે.

શિવરાજર્ષિએ પણ જનસમુદાયના માધ્યમથી આ ચર્ચા સાંભળી. તે શંકિત, કાંક્ષિત થયા. માનસિક મુંઝવણને કારણે વિભંગજ્ઞાન નષ્ટ થઇ ગયું. સરલ પરિણામી પુણ્યવાન શિવરાજર્ષિએ સાચો વિચાર કર્યો, ભગવાનની સેવામાં પહોંચ્યા. ભગવાન દ્વારા ખંધક સંન્યાસી સાથે થયેલ એવો જ બધો વ્યવહાર થયો. નિર્ગ્રંથ દીક્ષા અંગીકાર કરી, ૧૧ અંગોનું અધ્યયન અને તપ-સંયમથી આત્માને ભાવિત કર્યો. અંતમાં સંલેખના-સંથારા દ્વારા સર્વ કર્મ ક્ષય કરી મુક્ત થયા. આમ વિભંગજ્ઞાનના નિમિત્તથી ભગવાનના દર્શન, સેવાનો સંયોગ પામી નિર્ગ્રંથ પ્રવ્રજ્યાથી તેણે મુક્તિ પ્રાપ્ત કરી હતી. ॥ ઉદ્દેશક–૯ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૮ : લોક-અલોકનું શું સ્વરૂપ છે અને તેના મુખ્ય વિભાગ કયા છે ?**

**જવાબ :** અનંતાનંત આકાશરૂપ અલોક છે, જેની મધ્યમાં લોક છે. તે લોક નીચેથી ઉપર સુધી ૧૪ રાજુ પ્રમાણ છે. નીચે ચારે ય દિશાઓમાં એટલે કે પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ સાત રાજુ પ્રમાણ પહોળો અને ગોળાકાર છે. એ જ રીતે મધ્યમાં એક રાજુ પ્રમાણ પહોળો અને ગોળાકાર છે, જે સમભૂમિ રૂપ તિરછા લોક છે. ઉપર પાંચમો દેવલોક પાંચ રાજુ પ્રમાણ લાંબો, પહોળો, ગોળાકાર છે. સિદ્ધશિલાથી ઉપર લોકનો ચરમાંત ભાગ છે જે એક રાજુ પ્રમાણ લાંબો-પહોળો-ગોળ છે.

સાતમી નરકની નીચે ચરમાંત સાત રાજુ વિસ્તારનો છે તે ક્રમશઃ ઓછો થતાં પ્રથમ નરકની ઉપરની સપાટી સુધી નીચેથી સાત રાજુ આવતાં ૧ રાજુ થઇ જાય છે. પ્રથમ નરક પૃથ્વીની ઉપલી સપાટી જ આપણી સમભૂમિ રૂપ તિરછાલોક છે. અહીંથી વળી ઉપરની બાજુ લોકની લંબાઈ-પહોળાઇ ક્રમશઃ વધે છે જે એક રાજુથી વધતી-વધતી પાંચમા દેવલોક સુધી અર્થાત્ સમભૂમિથી સાડાત્રણ રાજુ ઉપર જતાં પાંચ રાજુની થઇ જાય છે. ત્યાંથી

ઉપરની તરફ આગળ પુનઃ અર્થાત્ પાંચમા દેવલોકથી આગળ સાડા ત્રણ રાજુ ઉપર જતા સુધી વિસ્તાર ઘટતાં ઘટતાં એક રાજુનો વિસ્તાર થઈ જાય છે.

આ પ્રમાણે નીચેથી ઉપર ચૌદ રાજુ પ્રમાણ લોક, નીચે પ્રારંભમાં સાત રાજુ વિસ્તારવાળો, સમભૂમિ પર એક રાજુ, ફરી પાંચમા દેવલોકમાં પાંચ રાજુ અને ઉપરના ચરમાંતમાં એક રાજુ વિસ્તારવાળો છે.

આ પ્રમાણે સંપૂર્ણ લોકનો આકાર ઉપર-ઉપર રાખેલ ત્રણ સકોરા જેવો છે. જેમાં પહેલું શકોરું ઉલટું, બીજું શકોરું સીધું અને તેના પર ત્રીજું શકોરું ફરી ઉલટું રાખવાથી આ લોકનો આકાર બને છે. વિશેષતા એ છે કે ઉપરના બે શકોરાની ઉંચાઈ સમાન હોય અને નીચેના શકોરાની ઉંચાઈ તેનાથી બે ગણી હોય તો તે લોકના યથાર્થ આકાર જેવો બને છે. લોકના મુખ્ય ત્રણ વિભાગ આ પ્રમાણે છે–

**(૧) અધોલોક**– ૧૪ રાજુ પ્રમાણ લોકના નીચેના સાત રાજુનું ક્ષેત્ર અધોલોક છે. તેના મુખ્ય સાત પેટા વિભાગ છે તે સાત નરકરૂપ છે. જેમાં સાતમી નરક નીચે છે. પછી ઉપર–ઉપર છટ્ઠી, પાંચમી વગેરે છે. બધાથી ઉપર પ્રથમ નરક પૃથ્વી છે. **વિશેષમાં**– નીચે લોકાંતથી સર્વપ્રથમ અસંખ્ય યોજન પ્રમાણ આકાશ માત્ર છે. ત્યાર પછી તેના ઉપર અસંખ્ય યોજન તનુવાત છે, પછી તેના ઉપર અસંખ્ય યોજન ઘનવાત છે, તેના ઉપર વીસ હજાર યોજન ઘનોદધિ છે અને તેના ઉપર પછી સાતમી નરક પૃથ્વીપિંડ છે. નીચેથી અહીં સુધી એક રાજુ ઊંચાઈ થાય છે અને લંબાઈ-પહોળાઈ સાતથી ઘટીને સાધિક છ રાજુ રહી જાય છે.

સાતમી નરકના પુથ્વીપિંડની ઉપર પુનઃ અસંખ્ય યોજન પ્રમાણ આકાશ, પછી અસંખ્ય યોજન ઉપર સુધી તનુવાય, પછી અસંખ્ય યોજન ઘનવાય છે. તેના ઉપર વીસહજાર યોજનની ઘનોદધિ છે અને તેના ઉપર છટ્ઠી નરકનો પૃથ્વીપિંડ છે. નીચેથી ત્યાં સુધી બે રાજુ ઊંચાઈ થાય છે.

આ જ ક્રમથી પાંચમી, ચોથી, ત્રીજી, બીજી, પહેલી નરકપૃથ્વી સુધી ઉપર-ઉપર ક્રમશઃ આકાશ, તનુવાય, ઘનવાય, ઘનોદધિ અને પછી પૃથ્વી સમજવી જોઈએ. આ રીતે આ અધોલોક મુખ્ય સાત નરક પૃથ્વીરૂપ વિભાગ વાળો અને સાત રાજુ ઊંચાઈવાળો છે.





## (૧) નરક પૃથ્વીપિંડની સમભૂમિથી દૂરી અને તેની પહોળાઈ :–

| | | નીચે | પહોળાઈ |
|---|---|---|---|
| ૧. | પ્રથમ નરક પૃથ્વી | સમભૂમિ જ છે. | ૧ રાજુ |
| ૨. | બીજી નરક પૃથ્વી | ૧ રાજુ | ૧.૮ાા રાજુ |
| ૩. | ત્રીજી નરક પૃથ્વી | ૧ રાજુ | ૨.૭ રાજુ |
| ૪. | ચોથી નરક પૃથ્વી | ૧ રાજુ | ૩.૫ાા રાજુ |
| ૫. | પાંચમી નરક પૃથ્વી | ૧ રાજુ | ૪.૪ રાજુ |
| ૬. | છટ્ઠી નરક પૃથ્વી | ૧ રાજુ | ૫.૨ાા રાજુ |
| ૭. | સાતમી નરક પૃથ્વી | ૧ રાજુ | ૬.૧ રાજુ |
| ૮. | લોકાંત | ૧ રાજુ | ૭ રાજુ |

## (૧) નરકપૃથ્વીની નીચેના લોકાંતથી દૂરી-ઊંચાઈ :–

| | | નીચેના લોકાંતથી |
|---|---|---|
| ૧. | સાતમી નરકનો પૃથ્વીપિંડ | ૧ રાજુ |
| ૨. | છટ્ઠી નરકનો પૃથ્વીપિંડ | ૨ રાજુ |
| ૩. | પાંચમી નરકનો પૃથ્વીપિંડ | ૩ રાજુ |
| ૪. | ચોથી નરકનો પૃથ્વીપિંડ | ૪ રાજુ |
| ૫. | ત્રીજી નરકનો પૃથ્વીપિંડ | ૫ રાજુ |
| ૬. | બીજી નરકનો પૃથ્વીપિંડ | ૬ રાજુ |
| ૭. | પહેલી નરકનો પૃથ્વીપિંડ | ૭ રાજુ |

**(૨) તિરછા લોક**– ૧૪ રાજુ પ્રમાણ લોકની મધ્યમાં હોવાથી એને મધ્યલોક પણ કહેવાય છે અર્થાત્ અહીંથી લોક સાત રાજુ નીચે છે અને ૭ રાજુ ઉપર છે. આ તિરછા લોક અસંખ્ય યોજન અર્થાત્ એક રાજુ પ્રમાણ લાંબો-પહોળો અને ગોળાકાર છે, તેની મધ્યમાં જંબુદ્વીપ છે અને જંબુદ્વીપની મધ્યમાં મેઢ પર્વત છે. મેઢપર્વતના મધ્ય કેન્દ્રબિંદુથી ચારેય દિશામાં તિરછા લોક અર્ધા-અર્ધા રાજુ પ્રમાણ છે. સામ સામેની બે દિશાઓનો યોગ એક રાજુ પ્રમાણ થાય છે.

જંબુદ્વીપ થાળીના આકારે ગોળ એક લાખ યોજન વિસ્તારવાળો છે. તેની ચારે તરફ ચૂડીના આકારનો લવણ સમુદ્ર છે, તે બે લાખ યોજનના વિસ્તારવાળો છે. તેના પછી એક દ્વીપ, એક સમુદ્ર એમ અસંખ્ય દ્વીપ, અસંખ્ય સમુદ્ર ચૂડીના આકારવાળા છે.

પાછળનાથી આગળના દ્વીપ કે સમુદ્ર બમણા-બમણા વિસ્તાર વાળા છે. અંતમાં સ્વયંભૂરમણ સમુદ્ર પા (૧/૪)રાજુ વિસ્તારવાળો ચૂડી આકારનો છે. આ પ્રમાણે તિરછા લોકના એક રાજુ વિસ્તારમાં અર્ધા રાજુ ક્ષેત્ર એકલા સ્વયંભૂરમણ સમુદ્રે ગ્રહણ કરી રાખ્યું છે, શેષ અર્ધા રાજુમાં સમસ્ત અસંખ્ય દ્વીપ સમુદ્ર છે.

આ તિરછા લોક જાડાઇ(ઊંચાઇ)ની અપેક્ષા ઉપર-નીચે ૧૮૦૦ યોજનનો છે. સમભૂમિથી ૯૦૦ યોજન નીચે સુધી અને સમભૂમિથી ૯૦૦ યોજન ઉપર સુધીનું ક્ષેત્ર તિરછાલોકનું માનવામાં આવ્યું છે. આ તિરછાલોકની નીચેના ૯૦૦ યોજનમાં વાણવ્યંતર દેવોના અસંખ્ય નગર છે અને ઉપરના ૯૦૦ યોજનમાં જ્યોતિષી દેવોના અસંખ્ય વિમાન છે.

નીચેના ૯૦૦ યોજન પછી અધોલોકનો પ્રારંભ થાય છે અને ઉપરના ૯૦૦ યોજન પછી ઉર્ધ્વલોકનો પ્રારંભ થાય છે. પાંચે ય જ્યોતિષી ઉપર ૧૧૦ યોજન ક્ષેત્રમાં છે. સોળે ય(૧૬) વ્યંતર નીચે ૮૦૦ યોજન ક્ષેત્રમાં છે. દસ જૃંભક વ્યંતર પર્વતો પર અર્થાત્ વૈતાઢ્ય અને કંચનગિરિ પર્વતો પર હોવાનું વર્ણન મળે છે.

**(૩) ઊર્ધ્વ લોક–** સમભૂમિથી ૯૦૦ યોજન ઉપર ગયા પછી ઊર્ધ્વલોક શરૂ થઈ ૧૪ રાજુ પ્રમાણ લોકની ઉપલી સપાટી સુધી ઉર્ધ્વલોક છે. લગભગ દોઢ રાજુ ઉપર જતા દેવલોકનો પ્રારંભ થાય છે. સર્વ પ્રથમ પહેલો-બીજો દેવલોક છે. બંને દેવલોકનું પૃથ્વીતળ એક જ છે અને તે પૂર્ણ ચંદ્રાકાર, ગોળ છે. બંને દેવલોકોનું વિભાજિત ક્ષેત્ર અર્ધ ચંદ્રાકારે છે.

દક્ષિણ વિભાગમાં પ્રથમ દેવલોક છે અને ઉત્તર વિભાગમાં બીજો દેવલોક છે. એ જ પ્રમાણે ત્યાંથી અસંખ્ય યોજન એક રાજુ ઉપર જવાથી અર્થાત્ સમભૂમિથી અઢી રાજુ ઉપર જવાથી ત્રીજો-ચોથો દેવલોક છે. જે પહેલા-બીજા દેવલોકની જેમ જ એક જ પૃથ્વીપિંડ પર અર્ધ ચંદ્રાકારે વિભાજિત છે. તેના





પછી ક્રમશઃ અસંખ્ય-અસંખ્ય યોજન ઉપર-ઉપર જવાથી પાંચમો, છટ્ઠો, સાતમો અને આઠમો દેવલોક ક્રમશઃ પૂર્ણ ચંદ્રાકારે એકબીજાની સીધમાં ઉપર છે. તેના પછી કંઈક(અસંખ્ય યોજન) ઉપર નવમો-દશમો દેવલોક એક સપાટી પર બંને અર્ધ ચંદ્રાકાર છે. પછી કંઈક (અસંખ્ય યોજન) ઉપર જવાથી ૧૧ મો ૧૨મો દેવલોક પણ એક સપાટી પર બંને અર્ધ ચંદ્રાકાર ક્ષેત્રવાળા છે.

તેના ઉપર કેટલાક(અસંખ્ય યોજન) દૂર જવાથી પહેલી બીજી ત્રીજી ગ્રૈવેયક ભૂમિ એક બીજાની ઉપર ઉપર ક્રમશઃ નજીક નજીક (સંખ્યાતા યોજનના આંતરે) સ્વતંત્ર છે. આ પ્રથમ ગ્રૈવેયક ત્રિક છે. તેનાથી થોડે દૂર (અનેક ક્રોડા-ક્રોડી યોજન) ઉપર જવાથી દ્વિતીય ગ્રૈવેયક ત્રિક આ જ રીતે છે. જે ચોથી પાંચમી છટ્ઠી ગ્રૈવેયક ભૂમિરૂપ છે અને આપસમાં નજીક-નજીક (સંખ્યાતા યોજનના આંતરે) થોડી થોડી ઊંચાઇ પર છે. એ જ પ્રમાણે થોડે દૂર (અનેક ક્રોડાક્રોડી યોજન) ઉપર જવાથી ત્રીજી ગ્રૈવેયક ત્રિક છે જે સાતમી આઠમી નવમી ગ્રૈવેયક ભૂમિરૂપ એક બીજીથી ઉપર-ઉપર નજીક-નજીક (સંખ્યાતા યોજનના આંતરે) છે. આ પ્રમાણે ત્રણ ત્રિકમાં નવ ગ્રૈવેયકની નવ પૃથ્વીઓ છે, જે પ્રત્યેક પૂર્ણ ચંદ્રાકારે છે.

તેના પછી ઉપર(અસંખ્ય યોજન) જવાથી અણુત્તર વિમાનની ભૂમિ આવે છે. તે પણ પૂર્ણ ચંદ્રાકાર છે. તે એક જ ભૂમિ સપાટી પર ચારે દિશાઓમાં ચાર અનુત્તર વિમાન છે અને વચમાં એક સર્વાર્થસિદ્ધ નામક પાંચમું અનુત્તર વિમાન છે. પ્રથમ દેવલોકથી લઈને અનુત્તર વિમાન સુધી સર્વત્ર વૈમાનિક દેવોનો નિવાસ છે.

અનુત્તર વિમાનથી ૧૨ યોજન ઉપર જતાં સિદ્ધશિલા છે જે આઠ યોજન મધ્યમાં જાડી છે અને ચારે કિનારે માખીની પાંખથી પણ પાતળી છે. આ સિદ્ધશિલા ૪૫ લાખ યોજન લાંબી-પહોળી-ગોળાકાર છે. તેની ઉપરની સપાટી સીધી સપાટ ૪૫ લાખ યોજન વિસ્તારવાળી છે. તેનો નીચેનો ભાગ વચમાં આઠ યોજન સુધી ચારે તરફ આઠ યોજન જાડો છે પછી ક્રમશઃ ઘટતાં ઘટતાં ૪૫ લાખ યોજનના અંતિમ કિનારે સર્વત્ર માખીની પાંખવત્ પાતળો છે. આ સિદ્ધશિલાથી એક યોજન ઉપર લોકાંત છે અર્થાત્ ૧૪ રાજુ લોકનો કિનારો છે. તે જ ઊર્ધ્વલોકનો પણ કિનારો છે. આ પ્રમાણે આ સંપૂર્ણ ઊર્ધ્વલોક પણ લગભગ સાત રાજુ પ્રમાણ ઊંચાઈવાળો છે.

| દેવલોક | સમભૂમિથી ઊંચાઇ | દેવલોકની ચૌડાઇ |
|---|---|---|
| પહેલો-બીજો | ૧॥ રાજુ | ૨॥ રાજુ |
| ત્રીજો-ચોથો | ૨॥ રાજુ | ૩ત્ત રાજુ |
| પાંચમો | ૩॥ રાજુ | ૫ રાજુ |
| છટ્ઠો | ૩ રાજુ | ૪॥ રાજુ |
| સાતમો | ૪ રાજુ | ૪ રાજુ |
| આઠમો | ૪। રાજુ | ૩॥ રાજુ |
| નવમો-દસમો | ૪ રાજુ | ૩ રાજુ |
| અગિયારમો-બારમો | ૫। રાજુ | ૨। રાજુ |
| નવ ગ્રૈવેયક | ૬ રાજુ | ૧ રાજુ |
| પાંચ અનુત્તર વિમાન | ૭ રાજુ(દેશોન) | ૧ રાજુ(સાધિક) |

**અલોક–** લોકની ચોતરફ અનંત ક્ષેત્રમય અલોક છે. તેમાં પૃથ્વીપિંડ આદિ અથવા જીવ, પુદ્‌ગલ આદિ કંઇ પણ નથી, માત્ર આકાશમય અલોક ક્ષેત્ર છે.

**પ્રશ્ન–૯ : લોકમાં જીવ આદિ કઇ–કઇ રીતે હોય છે ?**

**જવાબ :** સંપૂર્ણ લોકના પ્રત્યેક આકાશપ્રદેશ પર પાંચે સ્થાવરના સૂક્ષ્મ જીવ સર્વત્ર ભર્યા છે અર્થાત્ લોકનો કોઇ પણ આકાશપ્રદેશ એવો નથી કે જ્યાં સૂક્ષ્મ પાંચેય સ્થાવરના જીવ ન હોય. તેના સિવાય લોકમાં જ્યાં માત્ર આકાશ છે (પોલાણ છે), પૃથ્વી, પાણી નથી ત્યાં પણ સર્વત્ર બાદર વાયુકાયના જીવ લોકાંત સુધી હોય જ છે.

**બાદર પૃથ્વીકાય–** સાત નરક પૃથ્વીઓમાં, તિરછાલોકના પર્વતોમાં, જ્યોતિષી દેવોના વિમાનોમાં અને વૈમાનિક દેવોના દેવલોકોમાં અનુત્તર વિમાન સુધી તેમજ સિદ્ધશિલામાં બાદર પૃથ્વીકાયના જીવ હોય છે. બાદર અપ્કાય– સર્વ જલીય સ્થાનોમાં– અસંખ્ય સમુદ્ર, દેવલોકની અને પર્વતીય વાવડીઓમાં, તિરછાલોકના નદી, સરોવર,ઝરણા, બોર, કૂવા, વાવડી આદિના જળમાં હોય છે. બાદર અગ્નિકાય– અઢીદ્વીપમાં અને બાદર વનસ્પતિ– સર્વ જલીય સ્થાનોમાં અને તિરછાલોકમાં વૃક્ષ આદિ રૂપમાં પણ હોય છે.

**ત્રણ વિકલેન્દ્રિય જીવ–** તિરછાલોકના દ્વીપ સમુદ્રોની સીમામાં હોય છે





અર્થાત્ સમુદ્રોમાં હજાર યોજન નીચે સુધી અને દ્વીપોમાં અનેક પર્વતો પર સર્વત્ર તથા સમભૂમિ પર અને નીચે ૯૦૦ યોજન સુધીની ભૂમિમાં વિકલેન્દ્રિય (બેઇન્દ્રિય તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય) જીવ હોય છે. એના સિવાય નીચા લોકમાં યા ઊંચા લોકમાં વિકલેન્દ્રિય જીવ હોતા નથી. જંબુદ્વીપના પશ્ચિમ મહાવિદેહની બે વિજય સલિલાવતી અને વપ્રા નીચાલોકમાં આવેલી છે તેની સીમામાં નીચા લોકમાં પણ વિકલેન્દ્રિય જીવ હોય છે.

**પંચેન્દ્રિય જીવોમાં– નારકી** સાતેય નરકમાં હોય છે. ચારેય જાતિના **દેવતા** પોતપોતાના નિવાસ સ્થાનોમાં અને કવચિત્ તિરછાલોકમાં(પોતાની માલિકીના સ્થાનોમાં) હોય છે. **મનુષ્ય** તિરછાલોકની કર્મભૂમિ આદિ મનુષ્ય ક્ષેત્રોમાં અને અઢીદ્વીપમાં હોય છે. તિર્યંચ પંચેન્દ્રિય પણ વિકલેન્દ્રિયની જેમ જ સર્વત્ર હોય છે.

**ભવનપતિ દેવ–** મુખ્યત્વે પ્રથમ નરક પૃથ્વીપિંડના ૧૦ આંતરાઓમાં પોતાના ભવનોમાં હોય છે. કવચિત્ તિરછાલોકમાં પણ પોતાની માલિકીના સ્થાનોમાં હોય છે. **વ્યંતર દેવ** સમભૂમિથી ૧૦૦ યોજન નીચે ગયા પછીના આઠસો યોજનના ક્ષેત્રમાં અર્થાત્ સમભૂમિથી ૯૦૦ યોજન નીચે સુધીના ક્ષેત્રમાં પોતાના નગરોમાં હોય છે. કવચિત્ તિરછાલોકના દ્વીપ સમુદ્રોમાં પણ પોતાની માલિકીના સ્થાનોમાં હોય છે. **જ્યોતિષીદેવો**–સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા, તે સર્વે તિરછાલોકમાં હોય છે. **વૈમાનિક દેવ,** ઊર્ધ્વલોકમાં પોત પોતાના દેવલોકોમાં હોય છે.

**અજીવ દ્રવ્યમાં–** ત્રણ અસ્તિકાય-ધર્માસ્તિ, અધર્માસ્તિ અને લોકાકાશ સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત એક-એક દ્રવ્ય છે. કાલદ્રવ્ય અઢીદ્વીપમાં પ્રવર્તન અને જ્ઞાનરૂપ છે. પુદ્‌ગલ દ્રવ્યના પરમાણુથી લઈને અનંતપ્રદેશી સ્કંધ સુધી બધા લોકાકાશ પ્રદેશો પર હોય છે.

આ રીતે લોકમાં અને લોક વિભાગ રૂપ ત્રણે લોકમાં અનંત જીવદ્રવ્ય, અનંત અજીવ દ્રવ્ય તથા અનંત જીવાજીવ દ્રવ્ય રહેલા છે. અલોકમાં એવું કંઇ નથી, માત્ર આકાશ દ્રવ્યનો દેશ છે. અલોકનો આકાર ઝુસિર ગોલક જેવો છે અર્થાત્ અલોકની વચ્ચે લોકરૂપ ખાડો છે જ્યાં અલોક નથી. લોકનો આકાર કમર પર હાથ રાખીને ગોળાકાર ઘૂમતી નર્તકીના આકારનો તથા ત્રણ શકોરા ઉપર-ઉપર રાખ્યા હોય તેવો છે, જે ઉપર પ્રશ્ન–૮માં સમજાવ્યું છે.

## પ્રશ્ન–૧૦ : લોક-અલોકનો વિસ્તાર અસત્ કલ્પનાથી કઈ રીતે સમજી શકાય છે ?

**જવાબ : લોકવિસ્તાર–** એના માટે અસત્ કલ્પનાથી એ રીતે સમજાવ્યું છે– ચાર દિશાકુમારી દેવીઓ જંબૂદ્વીપની જગતી પર ચારે દિશાઓમાં ઉભા રહીને બલિપિંડને ભૂમિ પર ફેંકે. એ સમયે મેઢપર્વતના શિખર પર ઉભા રહેલ છ દેવોમાંથી પ્રત્યેક દેવ તે ચારેય બલિપિંડોને ભૂમિ પર પડતા પહેલાં ગ્રહણ કરી શકે એટલી તીવ્ર ગતિવાળા હોય, એવા તે દેવ મેઢથી છ દિશાઓમાં ચાલવાનો પ્રારંભ કરે ત્યાર પછી એક વ્યક્તિની ૧૦૦–૧૦૦ વર્ષની સાત પેઢી ખતમ થઈ જાય ત્યાં સુધી તેઓ ચાલે તોપણ લોકનો અંત આવતો નથી. છતાં પણ ઝાઝું(અધિક)ક્ષેત્ર પાર કર્યું છે થોડું ક્ષેત્ર બાકી રહ્યું છે. પાર કરેલાથી નહિ પાર કરેલું ક્ષેત્ર અસંખ્યાતમા ભાગનું છે, નહિ પાર કરેલાથી પાર કરેલું ક્ષેત્ર અસંખ્યાતગણું છે. આ ઉપમાથી લોકનો વિસ્તાર અસંખ્ય યોજન સમજવો.

**અલોક વિસ્તાર–** ઉપરના દષ્ટાંતની જેમ જ એને પણ સમજવો. વિશેષ એ છે કે એમાં ૮ દેવીઓ ૮ દિશાથી બાલપિંડ ફેંકે, તેને ગ્રહણ કરી શકે, પકડી શકે તેવા ૧૦ દેવ ૧૦ દિશામાં ચાલે છે એમ કહ્યું છે. આમાં ગએલા ક્ષેત્રથી નહિ ગએલ ક્ષેત્ર અનંતગણું બાકી રહે છે.

## પ્રશ્ન–૧૧ : લોકમાં એક આકાશપ્રદેશ પર એકેન્દ્રિયથી પંચેન્દ્રિય અને અનિન્દ્રિય જીવોના પ્રદેશ રહે છે તો શું તેઓ અટવાતા નથી ?

**જવાબ :** એક નૃત્ય કરનારી સ્ત્રીને એક સાથે ૧૦ હજાર વ્યક્તિ જોઇ રહ્યા હોય તો તે બધાની દષ્ટિઓ આપસમાં અથડાતી નથી અને નર્તકીને કોઇ બાધા પીડા પણ થતી નથી. એવી રીતે એક આકાશપ્રદેશ પર અનંત જીવ અને અનંત અજીવના પ્રદેશ હોય છે, તોપણ તે પરસ્પર અટવાતા નથી અને કોઇને બાધા પીડા પણ ઉપજાવતા નથી.

એક આકાશ પ્રદેશ પર ક્યારેક જઘન્ય જીવોના પ્રદેશ હોઇ શકે છે અને ક્યારેક ઉત્કૃષ્ટ જીવપ્રદેશ પણ હોઇ શકે છે. જઘન્ય જીવ પ્રદેશોથી સર્વ જીવ અસંખ્યગણા હોય છે. ઉત્કૃષ્ટ જીવ પ્રદેશ હોય તો તેનાથી સર્વ જીવ વિશેષાધિક હોય છે. ॥ ઉદ્દેશક–૧૦ સંપૂર્ણ ॥





## પ્રશ્ન–૧૨ : ભગવાન મહાવીરે સુદર્શન શ્રાવકને તેનો પૂર્વભવ વૃતાંત શા માટે કહ્યું હતું ?

**જવાબ :** અહીં ૧૧મા ઉદ્દેશકમાં વાણિજ્યગ્રામ નામના નગરના સુદર્શન શ્રેષ્ઠી શ્રમણોપાસક(આદર્શ શ્રાવક)નું વૃતાંત છે. એકવાર ભગવાનનું વાણિજ્યગ્રામમાં પધારવાનું થયું. સુદર્શન શ્રમણોપાસક અનેક સાથીઓના સમૂહની સાથે પગે ચાલીને ભગવાનના દર્શનાર્થે ગયા. વંદન પર્યુપાસના અને પ્રવચન શ્રવણ પછી કાળ સંબંધી તેમણે પ્રશ્નોત્તર કર્યા. અંતમાં પૂછયું કે ઉપમાકાલમાં કહેલ પલ્યોપમ સાગરોપમની ઉંમર– આયુસ્થિતિ કેવી રીતે પૂર્ણ થાય છે, તેનો અંત કેવી રીતે થાય છે ? આ શંકાના સમાધાનમાં ભગવાને તેના પૂર્વભવનું વિસ્તૃત કથન કરીને સમજાવ્યું કે તમે પાંચમા દેવલોકમાં ૧૦ સાગરોપમની સ્થિતિ પૂર્ણ કરીને અહીં મનુષ્યભવમાં આવ્યા છો. એ જ રીતે અન્ય જીવોની પણ પલ્યોપમ સાગરોપમની ઉંમર સમાપ્ત થાય છે.

## પ્રશ્ન–૧૩ : કાલસંબંધી સુદર્શન શ્રમણોપાસકનો પ્રશ્ન અને ભગવાનનો ઉત્તર શું હતો ?

**જવાબ :** હે ભગવન્ ! કાલના કેટલા પ્રકાર છે ? આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાને તેને ચાર પ્રકારના કાલનું સ્વરૂપ દર્શાવ્યું, તે આ પ્રમાણે છે– (૧) પ્રમાણકાલ (૨) યથાયુષ્ય નિવૃત્તિકાલ (૩) મરણકાલ (૪) અદ્ધાકાલ.

**પ્રમાણકાલ–** ૧૨ મુહૂર્તથી લઇ ૧૮ મુહૂર્તની રાત્રિ હોય છે, એટલો જ દિવસ હોય છે. ચાર મુહૂર્તની પોરસીથી લઇને સાડા પાંચ મુહૂર્તની પોરસી હોય છે. મોટો દિવસ અને મોટી પોરસી અષાઢમાં હોય છે. નાનો દિવસ અને નાની પોરસી પોષ મહિનામાં હોય છે. ૧/૧૨૨ મુહૂર્ત પ્રમાણ પોરસી ક્રમશઃ ઘટે-વધે છે. આસો અને ચૈત્રમાં દિવસ-રાત ૧૫–૧૫ મુહૂર્તના સમાન જ હોય છે. અને તે સમયે પોણા ચાર મુહૂર્તની પોરસી હોય છે. આ સર્વ પ્રમાણ કાલ છે.

**યથાયુષ્ક–નિવૃત્તિકાલ–** ચારે ય ગતિમાં જીવોને જે ઉંમર મળી છે તે કાલનું વ્યતીત થવું યથાયુષ્ક નિવૃત્તિકાલ છે.

**મરણકાલ–** આયુષ્ય પૂર્ણ થવા પર શરીર અને જીવના અલગ થવા રૂપ જે મૃત્યુ થાય છે તે મરણકાલ છે.

**અદ્ધાકાલ–** સમયથી લઈને આવલિકા, મુહૂર્ત યાવત્ સાગરોપમ રૂપ જે કાલ વિભાજન છે તે અદ્ધાકાલ છે. પલ્યોપમ-સાગરોપમથી આયુષ્યની સ્થિતિઓનું માપ થાય છે.

**પ્રશ્ન–૧૪ : સુદર્શનના પૂર્વભવ વર્ણનમાં અહીં મહાબલ ચરિત્ર કેવી રીતે વર્ણિત છે ?**

**જવાબ : સુદર્શનનો પૂર્વભવ-મહાબલ ચરિત્ર–** હસ્તિનાપુર નગરમાં બલ નામના રાજા રાજ્ય કરતા હતા. એકવાર તેની રાણી પ્રભાવતીએ પોતાના શરીરમાં (સિંહ પ્રવેશનું સ્વપ્ન જોયું જેના ફળ સ્વરૂપ યથાસમય તેણીએ એક પુણ્યશાળી બાળકને જન્મ આપ્યો. રાજાએ પુત્રનો જન્મ મહોત્સવ ઉજવ્યો. ત્રીજે દિવસે બાળકને સૂર્ય દર્શન કરાવ્યું, છટ્ઠે દિવસે જાગરણ અને ૧૧ મા દિવસે અશુચિ નિવૃત્તિકરણ કરવામાં આવ્યું. ૧૨મા દિવસે ઉત્સવ ભોજનની સાથે બાળકનું નામકરણ કરવામાં આવ્યું. મહાબલકુમાર નામ રાખવામાં આવ્યું.

સુખપૂર્વક તેનો બાલ્યકાળ વ્યતીત થયો. સાધિક આઠ વર્ષનો થયો ત્યારે તેને કલાચાર્યની પાસે અધ્યયનાર્થ મોકલવામાં આવ્યો. યૌવન અવસ્થામાં આઠ કન્યાઓ સાથે તેનું પાણિગ્રહણ કરાવ્યું. પિતાએ વિવિધ પ્રકારની સામગ્રીઓ આઠ આઠની સંખ્યામાં તેને પ્રીતિદાનમાં આપી. આ પ્રમાણે તે મહાબલકુમાર માનવીય સુખ ભોગવતા કાલ વ્યતીત કરવા લાગ્યો.

એક વખત વિમલનાથ અરિહંતના પ્રપૌત્ર શિષ્ય ધર્મઘોષ અણગાર હસ્તિનાપુર નગરની બહાર ઉદ્યાનમાં પધાર્યા. જમાલીકુમારની સમાન સંપૂર્ણ વર્ણન અહીં જાણવું. યથા ધર્મશ્રવણ, આજ્ઞાપ્રાપ્તિ સંવાદ અને દીક્ષાગ્રહણ, ૧૪ પૂર્વનું અધ્યયન કરી વિવિધ તપ અનુષ્ઠાન કરતાં ૧૨ વર્ષની દીક્ષા પર્યાયનું પાલન કર્યું. એક મહિનાના સંથારાથી આયુષ્ય પૂર્ણ કરીને મહાબલ મુનિનો જીવ પાંચમા દેવલોકમાં ૧૦ સાગરોપમની સ્થિતિમાં ઉત્પન્ન થયો, ત્યાં ૧૦ સાગરોપમની ઉંમર પૂર્ણ કરી. હે સુદર્શન ! તેં અહીં વાણિજ્યગ્રામમાં જન્મ લીધો યાવત્ સ્થવિર ભગવંતોની પાસે ધર્મનો બોધ પ્રાપ્ત કરી શ્રમણોપાસક બન્યો છે.





આ રીતે અન્ય જીવોની પણ પલ્યોપમ-સાગરોપમની ઉંમર સમાપ્ત થાય છે. ભગવાન પાસેથી પ્રશ્નના સમાધાનમાં પોતાના જ પૂર્વભવની વિગત સાંભળી ચિંતન-મનન કરતાં તેને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેના શ્રદ્ધા-વૈરાગ્ય-સંવેગ બેવડા વૃદ્ધિ પામ્યા. આનંદાશ્રુઓથી આંખો ભરાઈ આવી અને ત્યાં જ સંયમ સ્વીકાર કર્યો. સુદર્શન શ્રમણોપાસકમાંથી સુદર્શન શ્રમણ બની ગયા. ૧૪ પૂર્વનું અધ્યયન કરી, ૧૨ વર્ષ સુધી દીક્ષાપર્યાયનું પાલન કરી સંપૂર્ણ કર્મનો ક્ષય કરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થઈ ગયા. સુદર્શનના પૂર્વભવ અને આ ભવના જ્ઞાન અને દીક્ષાપર્યાય એક સમાન ૧૪ પૂર્વ અને ૧૨ વર્ષના હતા.

આ પ્રકરણમાં રાણીના મહેલનું, શય્યાનું, સિંહના સ્વપ્નનું, રાણીએ રાજા પાસે જઈને કહેવાનું, રાત્રિ વ્યતીત કરવાનું, સ્વપ્ન પાઠકોનું, પુત્ર જન્મ મહોત્સવનું, ખુશખબર દેનાર દાસીઓના સન્માનનું, ક્રમશઃ વયવૃદ્ધિનું, પ્રીતિ દાનની પચાસો પ્રકારની વસ્તુઓનું વિસ્તૃત વર્ણન મૂળપાઠમાં દર્શાવેલ છે. જિજ્ઞાસુ પાઠક પ્રસ્તુત મૂળસૂત્રનું અધ્યયન કરે, દીક્ષા આદિનું વિસ્તૃત વર્ણન અહીં નથી કર્યું. તેને માટે જમાલીના પ્રકરણનો નિર્દેશ કરી દીધો છે. જ્યાં વિસ્તારથી વર્ણન છે. ।। ઉદ્દેશક–૧૧ સંપૂર્ણ ।।

**પ્રશ્ન–૧૫ : અહીં ઋષિભદ્રપુત્ર શ્રમણોપાસકનું જીવન વૃતાંત કેવી રીતે વર્ણવ્યું છે ?**

**જવાબ :** પ્રસ્તુત ઉદ્દેશક–૧૨ માં તે વર્ણન આ પ્રમાણે છે–

**ઋષિભદ્ર પુત્ર–** આલભિકા નામની નગરીમાં ઋષિભદ્ર પ્રમુખ અનેક શ્રમણોપાસક હતા. એકવાર ક્યાંક કેટલાક શ્રાવક એકઠા થઈ વાર્તાલાપ કરી રહ્યા હતા. પ્રસંગોપાત ત્યાં દેવની ઉંમર સંબંધી વાત નીકળી ત્યારે ઋષિભદ્ર શ્રાવકે કહ્યું કે જઘન્ય દશહજાર વર્ષથી સમયાધિક વૃદ્ધિ થતાં ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ સુધીની ઉંમર દેવોની હોય છે. કેટલાક શ્રમણોપાસકોને એ વાત પર શ્રદ્ધા ન થઈ. થોડા સમય પછી વિચરણ કરતા ભગવાન મહાવીરસ્વામી આલભિકા નગરી પધાર્યા. ઉક્ત શ્રમણોપાસક અને નગરીના અન્ય લોકો ભગવાનની સેવામાં પહોંચ્યા. ઉપદેશ સાંભળી પરિષદ વિસર્જિત થઈ ગઈ. વંદન નમસ્કાર કરી તે શ્રમણોપાસકોએ દેવની સ્થિતિનો પ્રશ્ન પૂર્વ હકીકત સાથે પૂછ્યો. પ્રભુએ સમાધાન કર્યું કે ઋષિભદ્ર પુત્રનું કથન સત્ય છે. હે

આર્યો ! હું પણ એવું જ કથન કરું છું. ત્યારે તે શ્રમણોપાસકોએ શ્રદ્ધા કરી અને ઋષિભદ્રની નજીક જઇ વંદન નમસ્કાર કરી અર્થાત્ પ્રણામ અભિવાદન કરી પોતાની ભૂલની વિનયપૂર્વક ક્ષમાયાચના કરી. કોઈની સત્ય વાતનો સ્વીકાર ન કરવો, અશ્રદ્ધા કરવી અથવા તેને જૂઠ કહેવું, એ એક પ્રકારની આશાતના જ કહેવાય છે. એટલા માટે ગૌતમ સ્વામી પણ આનંદ શ્રાવકની પાસે ગયા હતા અને ક્ષમાયાચના કરી હતી. અહીં પણ એવો વ્યવહાર શ્રમણોપાસકોનો પરસ્પર વર્ણિત છે. પછી તે શ્રાવકોએ પોતાની અન્ય જિજ્ઞાસાઓનું સમાધાન પ્રાપ્ત કર્યું અને પ્રભુને વંદન નમસ્કાર કરી ચાલ્યા ગયા.

શ્રાવકોના ગયા પછી ગૌતમ સ્વામીના પ્રશ્ન કરવા પર પ્રભુએ ફરમાવ્યું કે ઋષિભદ્ર પુત્ર દીક્ષા ગ્રહણ નહિ કરે પરંતુ અનેક વર્ષ શ્રાવક પર્યાયનું પાલન કરી એક મહિનાના સંથારાથી કાલ કરીને પહેલા દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાં અઢણાભ વિમાનમાં ચાર પલ્યોપમની ઉંમર પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રથી મોક્ષ પ્રાપ્ત કરશે.

**પ્રશ્ન–૧૬ : પુદ્ગલ પરિવ્રાજકને વિભંગજ્ઞાનની ઉત્પત્તિ અને અંતમાં મુક્તિ પ્રાપ્ત કરવાનું વર્ણન કઇ રીતે છે ?**

**જવાબ :** ઉદ્દેશક–૧૨માં જ ઋષિપુત્રના વર્ણન પછી પુદ્ગલ પરિવ્રાજકનું વર્ણન કરવામાં આવ્યું છે, તે આ પ્રમાણે છે– આલભિકા નગરીના **સંખવન** નામના ઉદ્યાનની સમીપમાં **પુદ્ગલ** નામનો પરિવ્રાજક રહેતો હતો. ચારે ય વેદનો સાંગોપાંગ જ્ઞાતા હતો અને બ્રાહ્મણ મતના સિદ્ધાંતોમાં પારંગત હતો. તે છઠ-છઠના પારણા કરતો અને આતાપના લેતો હતો. પ્રકૃતિભદ્ર, વિનીત અને સમભાવોમાં પરિણતિ કરતાં તેને વિભંગ નામનું અજ્ઞાન ઉત્પન્ન થયું. જેનાથી તે પાંચમા દેવલોક સુધી દેવોને અને તેઓની ઉંમરને જોવા જાણવા લાગ્યો. જેથી તે માનવા લાગ્યો કે એટલો જ લોક છે, ત્યાર પછી દેવો પણ નથી અને દેવોની ઉંમર પણ નથી અર્થાત્ ઉત્કૃષ્ટ દશ સાગરોપમની ઉંમરના દેવ હોઇ શકે છે. તેના પછી કોઇ સ્થિતિ હોતી નથી.

શિવરાજર્ષિની જેમ પુદ્ગલ પરિવ્રાજકે પણ નગરમાં પોતાના જ્ઞાનનો અને મંતવ્યનો પ્રચાર કર્યો. લોકોમાં ચર્ચાનો વિષય બન્યો. સંયોગવશાત્ ત્યાં આલભિકા નગરીમાં ભગવાન મહાવીરનું પદાર્પણ થયું. ગૌતમ સ્વામીએ





ગોચરીમાં તે ચર્ચા-વાર્તા સાંભળી, ભગવાનને નિવેદન કર્યું. ભગવાને ઉપસ્થિત પરિષદમાં સ્પષ્ટીકરણ કર્યું. ભગવાનના વાક્ય પણ નગરીમાં પ્રસારિત થયા કે **અણુત્તર સુધી દેવ છે, દેવલોક છે, ઉંમર પણ દેવોમાં ૩૩ સાગર સુધી છે, ઇત્યાદિ.**

લોકો દ્વારા આ વાત પુદ્ગલ પરિવ્રાજક સુધી પહોંચી. તે શંકિત, કાંક્ષિત થઇ ચિંતનમાં(શંકામાં) પડી ગયો ત્યારે તેનું વિભંગજ્ઞાન નષ્ટ થઇ ગયું. શિવરાજર્ષિની જેમ તે પણ ભગવાનની પર્યુપાસના કરવા ગયો. ઉપદેશ સાંભળ્યો, સંયમ ગ્રહણ કર્યો. એ જ ભવમાં સર્વ કર્મ ક્ષય કરી સિદ્ધગતિ પ્રાપ્ત કરી. દેવલોકોમાં રૂપી દ્રવ્ય અને વર્ણાદિ બોલ હોય છે, એ કારણે વિભંગ જ્ઞાનનો વિષય થઇ જાય છે.

**વિશેષ–** છઠ-છઠ પારણા કરવાથી અને આતાપના લેવાથી વિવિધ લબ્ધિઓ ઉત્પન્ન થાય છે. વિભંગજ્ઞાન પણ પરોક્ષ જ્ઞાન હોવાથી તેનો પણ લબ્ધિઓમાં સમાવેશ થાય છે. વાનપ્રસ્થ આશ્રમના તાપસ કંદમૂલ આદિને જાતે પકાવીને ખાય છે અને સંન્યાસાશ્રમના પરિવ્રાજક ભિક્ષાથી આજીવિકા ચલાવે છે. શિવરાજર્ષિએ તાપસી દીક્ષા ધારણ કરેલી હતી અને પુદ્ગલ પરિવ્રાજકે સંન્યાસી દીક્ષા ગ્રહણ કરી હતી.

## શતક–૧૨ : ઉદ્દેશક–૧ થી ૧૦

**પ્ર.૧ : આ શતકનો પરિચય શું છે ?**

**જવાબ :** આમાં ૧૦ ઉદ્દેશકોના વિભાજન દ્વારા અનેકાનેક વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે તથાપિ ત્રીજા ઉદ્દેશકમાં નરક પૃથ્વીઓનું વર્ણન સંક્ષિપ્ત–અતિદેશાત્મક છે. શતકના પ્રારંભમાં પ્રાપ્ત એક ગાથામાં ઉદ્દેશકોના નામ અને વિષય દર્શાવ્યા છે, જે આ પ્રમાણે છે–

**(૧) શંખ–** આ ઉદ્દેશકમાં શંખ–પુષ્કલી આદિ શ્રમણોપાસકોનું વર્ણન, કષાય ફળ તથા ત્રણ જાગરણાનું નિરૂપણ છે.

**(૨) જયંતી–** આ ઉદ્દેશકમાં જયંતી શ્રમણોપાસિકાનો પરિચય, ભગવાન સાથે થયેલ ૧૫ પ્રશ્નોત્તર તથા તેણીની દીક્ષા અને મુક્તિનું વર્ણન છે.

**(૩) પુઢવી–** નરક પૃથ્વીઓનું અતિદેશાત્મક સંક્ષિપ્ત વર્ણન છે.

**(૪) પુદ્‌ગલ–** પરમાણુથી લઈને અનંતપ્રદેશી સુધીના પુદ્‌ગલોના જોડાવાથી અને ભેદ થવાથી થનારા વિકલ્પો–ભંગોનું તથા સાત પુદ્‌ગલ પરાવર્તનોનું વર્ણન છે.

**(૫) અતિપાત–** પ્રાણાતિપાત આદિ પાપોનું અને વિરતિનું, રૂપી-અરૂપી પદાર્થોનું વર્ણન છે.

**(૬) રાહુ–** આ ઉદ્દેશકમાં રાહુ ગ્રહ વિમાનો સંબંધી વર્ણન છે તથા સૂર્ય-ચંદ્રના આદિત્ય અને શશિ નામની સાર્થકતા દર્શાવી છે.

**(૭) લોક–** લોકમાં જીવોના અનંત જન્મ-મરણને બકરીઓથી ભરેલા વાડાના દષ્ટાંત સાથે સમજાવ્યો છે.

**(૮) નાગ–** મહર્દ્ધિક દેવની નાગ, મણિ, વૃક્ષમાં ઉત્પત્તિ તથા પશુપક્ષીઓની નરકમાં ઉત્પત્તિનું વર્ણન છે.

**(૯) દેવ–** ભવી દ્રવ્ય દેવ આદિ પાંચ દેવોનું વિસ્તૃત વર્ણન છે.

**(૧૦) આત્મા–** આઠ આત્માઓનું વિસ્તૃત વર્ણન તથા પરમાણુથી અનંત-પ્રદેશી સુધીના સકલાદેશ–વિકલાદેશનું વિસ્તૃત વર્ણન છે.

**પ્રશ્ન–૨ : શંખ આદિ શ્રમણોપાસકોના પૌષધ સંબંધી વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ :** શ્રાવસ્તી નગરીમાં શંખ પ્રમુખ અનેક શ્રાવક રહેતા હતા. જે જીવા-જીવ આદિ તત્ત્વોના જાણકાર હતા ઈત્યાદિ શ્રાવકના આગમ વર્ણિત ગુણોથી સંપન્ન, ૧૨ વ્રતધારી, મહિનામાં ૬ પ્રતિપૂર્ણ પૌષધ કરનાર શ્રમણોપાસક હતા. એક વાર ભગવાન મહાવીર સ્વામી તે નગરીમાં પધાર્યા. શંખ આદિ શ્રાવક મળીને પગપાળા જ ભગવાનની સેવામાં પહોંચ્યા. ઉપદેશ સાંભળ્યો. ઘરે પાછા ફરતી વખતે માર્ગમાં શંખ શ્રાવકે પ્રસ્તાવ રાખ્યો કે આજે આપણે ખાતા-પીતા સામુહિક પક્ખી પૌષધ કરીએ. પુષ્કલી આદિ અન્ય શ્રાવકોએ તેના કથનનો સ્વીકાર કર્યો. બધા પોતપોતાના ઘરની દિશા તરફ ચાલ્યા. સ્થાન અને ભોજન તૈયાર કરવાની જવાબદારીનો નિર્ણય પણ થયો જ હશે. એનું કથન મૂળપાઠમાં નથી. ઘરે પહોંચતા સુધી શંખ શ્રાવકના વિચાર બદલાઈ ગયા. તેઓએ પત્ની ઉત્પલાને પૂછીને ઉપવાસ યુક્ત પૌષધ પોતાની પૌષધશાળામાં કર્યો જે તેના ઘરથી સંલગ્ન હતી.





અન્ય શ્રાવકોએ એક સ્થાન પર (સંભવતઃ પુષ્કલીની પૌષધશાલામાં) એકત્રિત થઈ પૌષધ વ્રત ધારણ કર્યું. ભોજનનો સમય થતા સુધી શંખ શ્રાવકના નહિ આવવા પર પુષ્કલી શ્રાવક પૌષધમાં યતનાપૂર્વક બોલાવવા ગયા. શંખજીના ઘરે પહોંચીને ઉત્પલા શ્રાવિકાના કહેવાથી તેઓ પૌષધશાલામાં ગયા. ઈર્યાવહિનું પ્રતિક્રમણ કરીને વિનય સહિત શંખજીને ચાલવાનું નિવેદન કર્યું. શંખજીએ સ્પષ્ટતા કરી કે મેં ઉપવાસ યુક્ત પૌષધ કરી લીધો છે. તેથી તમે લોકો આનંદથી ખાતા-પીતા પક્ખી પૌષધનું પરિપાલન કરો. પુષ્કલીજી ત્યાંથી નીકળીને પોતાના સ્થાનમાં આવ્યા, અન્ય શ્રાવકોને જણાવ્યું કે શંખજી નહિ આવે કારણ કે તેઓએ ઉપવાસ યુક્ત પૌષધ કરી લીધો છે. ત્યારે બધાએ આહાર કરીને દિવસ-રાત પૌષધથી આત્માને ભાવિત કર્યો. બીજા દિવસે પુષ્કલી આદિ બધા શ્રાવક સ્નાનાદિ આવશ્યક ક્રિયાથી નિવૃત્ત થઈ એક સ્થાને એકઠા થઈ ભગવાનના દર્શન કરવા ગયા. શંખજી પૌષધનું પારણું કર્યા વિના જ એકલા ભગવાનની સેવામાં પહોંચી ગયા હતા. પરિષદ એકઠી થઈ, પ્રવચન થયું, પ્રવચન પછી કેટલાય શ્રાવક શંખજી પાસે પહોંચીને ઠપકો દેવા લાગ્યા, ખીજાવા લાગ્યા. અવસર જોઈને ભગવાને જાતે જ શ્રાવકોને સંબોધન કરી કહ્યું કે– હે આર્યો ! તમે શંખ શ્રમણોપાસકની આ પ્રમાણે નારાજી નિંદા ન કરો. શંખ શ્રાવક પ્રિયધર્મી દઢધર્મી છે અને વર્ધમાન પરિણામોના કારણે એમ કર્યું છે અને શ્રેષ્ઠ ધર્મજાગરણાથી પૌષધનું આરાધન કર્યું છે અર્થાત્ કોઈ પણ છેતરવાના પરિણામથી એવું કર્યું નથી. પ્રભુના સ્પષ્ટીકરણ કરવાથી શ્રાવક શાંત થયા. પછી પ્રશ્ન-ચર્ચા થઈ. જેમાં ગૌતમ સ્વામીએ જાગરણાના વિષયમાં પૂછયું. શંખજીએ ચારેય કષાયનું ફળ પૂછયું. કષાયના કટુ વિપાક– અશુભ ફળ સાંભળી શ્રાવકોએ શંખજીની ક્ષમાયાચના કરી. બધા શ્રાવક પોત-પોતાને ઘર ગયા. ગૌતમસ્વામીએ શંખજીનું ભવિષ્ય પૂછયું, ભગવાને કહ્યું– શંખજી દીક્ષા નહિ લે પરંતુ અનેક વર્ષો સુધી શ્રાવક વ્રતોનું આરાધન કરી પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થશે. પછી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ યાવત્ સંયમ-તપનું આરાધન કરી, સંપૂર્ણ કર્મોનો ક્ષય કરીને મુક્ત થશે. આ સંપૂર્ણ વર્ણન અહીં પ્રથમ ઉદ્દેશકમાં છે.

**પ્રશ્ન–૩ : શંખ આદિ શ્રાવકોના ઉક્ત વર્ણનથી પૌષધ સંબંધી શું ફલિતાર્થ નીકળે છે ?**

**જવાબ :** પુષ્કલીજી જ્યારે શંખજીને બોલાવવા તેમની પૌષધશાળામાં પહોંચ્યા

ત્યારે તેઓએ પહેલા ઈરિયાવહિનો કાયોત્સર્ગ કર્યો, પછી વાત કરી. એથી તેઓનું પૌષધમાં જવાનું સ્પષ્ટ થાય છે. પછી પુષ્કલીજીના પાછા આવી ગયા બાદ બધા શ્રાવકોએ આહાર કર્યો.

(૧) શ્રાવકના અગિયારમા વ્રતમાં ઉપવાસ વિના પણ પૌષધ કરી શકાય છે. (૨) એવો પૌષધ પણ પ્રતિપૂર્ણ પૌષધ કહી શકાય છે. (સાવદ્ય ત્યાગની અપેક્ષા) (૩) ઉપવાસ વગરના પૌષધ પચ્ચક્ખાણ પછી આહાર કરી શકાય છે. (૪) પૌષધ પચ્ચક્ખાણ પછી આવશ્યક હોય તો **યતનાપૂર્વક ગમનાગમન** કરી શકાય છે. તેના માટે પહેલાથી મર્યાદા કરવાની આવશ્યકતા હોતી નથી. (૫) વ્યાખ્યાન સાંભળ્યા પછી પોતપોતાના ઘરે જઈને આવશ્યક નિર્દેશ કરી પછી એક સ્થાન પર એકત્રિત થવામાં એક પ્રહરથી અધિક સમય પણ લાગી શકે છે. (૬) ખાતા-પીતા સામુહિક પૌષધની વાત ન થતી તો તે શ્રાવક તે દિવસે પાખી હોવાથી ઘરે જઈને પૌષધ તો કરવાના હતા જ પરંતુ કેવો પૌષધ કરતા અને ક્યારે કરતા એ નિર્ણય તે સમય સુધી નહિ લેવાયેલ. તેથી ઘેર જઈને કોઈ શ્રાવક ખાતા-પીતા પૌષધ પણ કરતા, કોઈ ઉપવાસ યુક્ત પૌષધ પણ કરત. કોઈ ઘરે જઈને શીઘ્ર પૌષધ કરત અને કોઈ થોડીવાર પછી પણ કરત. એથી પ્રતિપૂર્ણ પૌષધ વ્રતધારી તે શ્રાવકોને પણ આઠ પ્રહરના સમયનો કે ચૌવીહાર ત્યાગનો અર્થાત્ આહાર નહિ કરવાનો પણ આગ્રહ ન હતો.

એ બધા ફલિતાર્થોમાં ભગવતી સૂત્ર, ૬ પ્રતિપૂર્ણ પૌષધ વ્રતધારી ભગવાનના શાસનના પ્રમુખ શ્રાવક અને ભગવાન મહાવીર સ્વામી સાક્ષીરૂપ અને પ્રમાણરૂપ છે. એથી પરંપરાઓના આગ્રહમાં કોઈના દ્વારા એ સૂત્ર ફલિતાર્થોનો ઈન્કાર નહિ કરવો જોઈએ.

**પ્રશ્ન–૪ : પૌષધની વિધિને માટે અહીં શું ફલિત થાય છે ?**

**જવાબ :** પૌષધ લેતા પહેલાં પોતાના સૂવાના, બેસવાના, રહેવાના સ્થાનનું પ્રતિલેખન, પ્રમાર્જન કરવામાં આવે છે. શારીરિક લઘુશંકા, દીર્ઘશંકા નિવારણ યોગ્ય ઉચ્ચાર-પ્રસ્રવણ(પાસવણ) ભૂમિનું પ્રતિલેખન અર્થાત્ નિરીક્ષણ- પ્રેક્ષણ કરવામાં આવે છે. પોતાને બેસવા-સૂવા અને પૌષધમાં ઉપયોગમાં લેવાના ઉપકરણોનું આસન-શયનનું પ્રતિલેખન કરવામાં આવે છે. એમ શંખજીએ





કર્યું હતું. પૌષધમાં આવશ્યક ગમનાગમન કરવામાં આવે તો તેનું ઈર્યાવહિ પ્રતિક્રમણ કાયોત્સર્ગ કરાય છે. કેમ કે પુષ્કલીજીએ શંખજીની પૌષધશાળામાં પહોંચીને કાયોત્સર્ગ કર્યો હતો. ત્યાર પછી જ પ્રાસંગિક વાત કરી હતી.

**પ્રશ્ન–૫ : શ્રાવક-શ્રાવિકાને વંદન-નમસ્કાર કેવી રીતે થાય છે ?**

**જવાબ :** પુષ્કલીજી જ્યારે શંખજીના ઘરે ગયા ત્યારે શંખજીની ઉત્પલા પત્ની સાત-આઠ ડગલા સામે ગઈ અને વંદન નમસ્કાર કરી આસન નિમંત્રિત કરીને પછી આવવાનું કારણ પૂછયું. અહીં પાઠમાં હાથ જોડીને મસ્તક નમાવવાની પ્રવૃત્તિને માટે **व दइ णम सइ** એવો પ્રયોગ છે. પુષ્કલીજીએ શંખજીની પૌષધ શાળામાં પહોંચીને ઈર્યાવહિ પ્રતિક્રમણ કરીને પછી શંખજીને વંદન નમસ્કાર કરીને પોતાની વાત શરૂ કરી. આ રીતે આ વર્ણનથી શ્રાવક-શ્રાવિકાઓનો પરસ્પર હાથ જોડી મસ્તક નમાવવારૂપ વંદન નમસ્કાર કરવાનો વ્યવહાર પ્રગટ થાય છે.

**પ્રશ્ન–૬ : ત્યાગ ભાવનાઓનું મહત્ત્વ અધિક હોય છે, તે અહીંથી કેવી રીતે ફલિત થાય છે ?**

**જવાબ :** સામાન્ય લૌકિક બુદ્ધિથી જોઈએ તો શંખજી એ જ ખાતા-પીતા પૌષધનો પ્રસ્તાવ આપ્યો હતો. તદનુસાર તેણે પણ કરવું જોઈતું હતું પરંતુ તેમણે ત્યાગ-તપની વૃદ્ધિના પરિવર્તિત ભાવોને ગૌણ નહિ કરતાં તેનો યથેષ્ટ આદર કરી, તેને જ કાર્યાન્વિત કર્યા. ખાતા-પીતા પૌષધની અપેક્ષા ઉપવાસ યુક્ત પૌષધનું મહત્ત્વ ત્યાગની અપેક્ષા વિશેષ છે જ, એમા કોઈ શંકા નથી. પછી ભલે શ્રાવકોનો ઠપકો(અવ્યવહારિકતા માટે) સાંભળવો પડે તે સ્વીકાર્ય ગણ્યો. પુષ્કલીજી આવ્યા તો તેને વિવેકપૂર્વક પોતાના વ્રત વિષે કહી દીધું. પુષ્કલીજી પણ ઉત્તર સાંભળીને વિવેકપૂર્વક ચાલ્યા ગયા. ત્યાગ વૃદ્ધિની પાછળ થએલી અવ્યવહારિકતાની દષ્ટિના માનસથી કેટલાક શ્રાવકોએ બીજા દિવસે પ્રવચનોપરાંત ઉપાલંભ આપ્યો. રોષ પ્રગટ કર્યો પરંતુ ભગવાને શંખજીની ધર્મ જાગરણા ત્યાગ-તપનું મહત્ત્વ દર્શાવીને શ્રાવકોને શાંત રહેવાનું ફરમાવ્યું. તેથી પણ એ સ્પષ્ટ છે કે વ્યવહારિકતાનું મહત્ત્વ ભલે પોતાના સ્થાને ઉચિત-યોગ્ય છે. તોપણ ત્યાગ તપ, આત્મવિકાસની વૃદ્ધિ જ્યાં હોય ત્યાં વ્યવહારિકતાને ગૌણ કરાય તે આગમ દષ્ટિએ અનુચિત મનાતુ નથી.

**પ્રશ્ન–૭ : ખાતા-પીતા પૌષધ કરનાર શ્રાવકોએ પોતાના વ્રત નિયમના છ પ્રતિપૂર્ણ પૌષધમાં એને નહિ ગણતા અલગ ગણના કરી હોય, એવું માની શકાય છે ?**

**જવાબ :** આગમોમાં શ્રાવકોના છ પૌષધના નિયમની તિથિનું સ્પષ્ટીકરણ પણ છે કે– શ્રાવક એક મહિનાની બે આઠમ, બે ચૌદશ તથા અમાવસ્યા, પૂનમ; આ છ દિવસોમાં તેઓ પ્રતિપૂર્ણ પૌષધ કરનારા હોય છે. પ્રસ્તુત પ્રસંગમાં શ્રાવકોએ જે પૌષધ કર્યો હતો તે પાખીનો દિવસ હતો કારણ કે પાખી લૌકિક પંચાગની ચૌદશ; અમાસ કે પૂનમના દિવસે જ હોય છે. તેથી અહીં મૂલપાઠમાં કહેલ પાખીનો દિવસ શ્રાવકોના ૬ પૌષધનો જ દિવસ હતો.

ભગવાને બીજા દિવસે શ્રાવકોને શંખજી પર આક્રોશ કરવાની ના કહી પરંતુ એમ નહિ કહ્યું કે તમે ખાતા-પીતા પક્ખી પૌષધ કર્યો એ બરાબર નહિ કર્યું. ગૌતમ સ્વામીએ પણ આ વિષયની કોઇ ચર્ચા નથી કરી અને આગમમાં ઉપલબ્ધ આ ઘટનામાં પણ તે શ્રાવકોએ પૌષધ વ્રત ખોટું કર્યું– યથાનિયમ નથી કર્યું અથવા પોતાની ૬ પૌષધની પ્રતિજ્ઞામાં આગારનું સેવન કર્યું એવું કોઇ કથન કરવામાં આવ્યું નથી.

**પ્રશ્ન–૮ : તે શ્રાવકોએ પૌષધના પચ્ચક્ખાણ ખાધા પછી લીધા કે પહેલા લીધા ?**

**જવાબ :** પુષ્કલી શ્રાવક શંખ શ્રાવકને બોલાવવા ગયા ત્યારે તેઓએ પૌષધ પચ્ચક્ખાણ લઇ લીધા હતા. તેથી તેઓએ શંખજીની પૌષધશાળામાં પહેલાં ઈર્યાવહિ પ્રતિક્રમણ કર્યું હતું, પછી વાત કરી હતી. સામાન્ય રૂપે શ્રાવક ક્યાંય પણ જાય તો ત્યાં ઈર્યાવહિ કરતા નથી. પુષ્કલી આદિ શ્રાવકોએ શંખજીના નહિ આવવાથી, પછી જ આહાર ગ્રહણનો કાર્યક્રમ કર્યો હતો, તે વાત સૂત્ર પાઠથી સ્પષ્ટ થાય છે. જેથી તે શ્રાવકોએ પૌષધના પચ્ચક્ખાણમાં આહાર પાણીના સિવાય સાવદ્યયોગના પચ્ચક્ખાણ કર્યા હતા. તદનુસાર સાવદ્ય યોગનો, પાપોનો સંપૂર્ણ ત્યાગ બે કરણ, ત્રણ યોગથી હોવાના કારણે તેઓનો એ પૌષધ પ્રતિપૂર્ણ પૌષધની ગણતરીમાં લેવામાં આવેલ છે, એમ સમજવું યોગ્ય લાગે છે.

**પ્રશ્ન–૯ : ત્રણ જાગરણા કઈ-કઈ છે અને કષાયનું ફળ અહીં શું બતાવ્યું છે ?**





**જવાબ :** સર્વજ્ઞ-સર્વદર્શી અરિહંત ભગવંતોની ધર્મ આરાધના રૂપ ધર્મ જાગરણાને **બુદ્ધજાગરણા** કહેલ છે. અન્ય બધા શ્રમણોની ધર્મ આરાધના રૂપ ધર્મ જાગરણાને **અબુદ્ધજાગરણા** (સર્વજ્ઞથી ભિન્ન જાગરણા) કહી છે અને શ્રમણોપાસકોની ધર્મ આરાધનારૂપ જાગરણાને **સુદક્ખુ જાગરણા** કહી છે.

કષાયનું ફળ આ પ્રમાણે બતાવ્યું છે– ક્રોધ વગેરેને આધીન જીવ સાત કર્મોની સ્થિતિની વૃદ્ધિ કરે છે, અનુભાગને તીવ્ર કરે છે, પ્રકૃતિને ગાઢ કરે છે અને પ્રદેશોની વૃદ્ધિ કરે છે. આયુષ્ય કર્મ ક્યારેક બાંધે છે, ક્યારેક નથી બાંધતો. કારણ કે તે તો જીવનમાં એક વાર જ બંધાય છે. અશાતા વેદનીય કર્મનો વારંવાર બંધ કરે છે અને કષાય વશવર્તી જીવ ભવભ્રમણની વૃદ્ધિ કરીને સંસાર પરિભ્રમણ કરતો રહે છે. આ પ્રકારનું વર્ણન ઉત્તરાધ્યયન સૂત્ર તથા ભગવતી સૂત્રમાં પણ અનેક વાર આવ્યું છે. ॥ ઉદ્દેશક–૧ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૦ : જયંતી શ્રમણોપાસિકા કોણ હતી અને શું તેણીએ ભગવાન પાસે દીક્ષા લીધી હતી ?**

**જવાબ :** કૌશાંબી નગરીમાં ઉદાયન રાજા રાજ્ય કરતા હતા. તેના પિતા શતાનીક અને દાદા સહસ્રાનીક હતા. તે રાજાની માતા મૃગાવતી દેવી અને ફૈબા જયંતી શ્રાવિકા હતી. મૃગાવતી ચેડા રાજાની પુત્રી હતી અને જયંતી શ્રાવિકા સહસ્રાનીક રાજાની પુત્રી હતી.

એક વાર કૌશાંબી નગરીમાં ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. ઉદાયન, મૃગાવતી અને જયંતી ત્રણેય સમૂહની સાથે ભગવાનની સેવામાં પહોંચ્યા. પ્રવચન સાંભળ્યું. ઉદાયન રાજા અને તેની માતા ભગવાનને વંદન નમસ્કાર કરીને ચાલ્યા ગયા. જયંતી શ્રાવિકાએ ભગવાનને વંદન નમસ્કાર કરીને કેટલાક પ્રશ્ન પૂછયા. ઉત્તર સાંભળી હૃદયમાં ધારણ કરી એટલે હૃદયંગમ કરી ભગવાન સમક્ષ દીક્ષાના ભાવ પ્રગટ કર્યા અને ત્યાં જ દેવાનંદાની જેમ દીક્ષા અંગીકાર કરી તથા તે જ ભવમાં કર્મ ક્ષય કરી મુક્ત થઇ ગઇ. દીક્ષાની ભાવના જાણી રાજા વગેરેનું પાછા આવવાનું સ્વતઃ સમજી લેવું. અહીં અતિ સંક્ષિપ્ત વર્ણન હોવાથી તે બધી વિગતનું સ્પષ્ટીકરણ નથી.

પ્રસ્તુત ઉદ્દેશક–રમાં જયંતી શ્રમણોપાસિકાના પરિચયમાં તેના પુત્ર પરિવારનું વર્ણન નથી. તેણીના સ્વતંત્ર મકાન સ્થાન અનેક હતા જે સાધુ-

સાધ્વીઓના રોકાવા–વિરાજવા માટે કામમાં આવતા રહેતા. આ જ કારણે તેણી ભગવાનના સાધુ-સાધ્વીઓની પ્રથમ શય્યાતરી(મકાનનું સુપાત્ર દાન કરનારી) હતી. કૌશાંબીમાં જ સ્વતંત્ર મકાનોની માલિકીથી એવું અનુમાન થાય છે કે તેણી એ જ નગરીની બાલ વિધવા હતી. શ્વસુર પક્ષમાં કોઈ નહિ હોવાથી તેણી પિતૃકુળમાં રહેનારી હતી એ માટે તેણીના પોતાના અનેક મકાન ખાલી પડયા રહેતાં હતાં.

**પ્રશ્ન–૧૧ : જયંતી શ્રમણોપાસિકા દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તર શું છે ?**

**જવાબ :** જયંતી શ્રમણોપાસિકાએ પ્રવચન પછી વંદન નમસ્કાર કરી ભગવાનને અનેક(૧૫) પ્રશ્ન પૂછ્યા તે પ્રશ્નોના ઉત્તર આ પ્રમાણે છે–

(૧–૪) અઢાર પાપોના સેવનથી જીવ ભારે થાય છે, સંસાર વધારે છે, કર્મોની સ્થિતિ વધારે છે અને સંસાર સાગરમાં પરિભ્રમણ કરે છે.

અઢાર પાપોનો ત્યાગ કરવાથી જીવ હળવો થાય છે, સંસાર ઘટાડે છે, કર્મોની સ્થિતિ ઘટાડે છે અને સંસાર સાગરથી તરે છે.

(૫) ભવી જીવ સ્વભાવથી અનાદિકાલથી હોય છે અર્થાત્ પરિણમન પામી નવા કોઈ ભવી બનતા નથી.

(૬–૭) બધા ભવસિદ્ધિક જીવ સિદ્ધ થશે, સ્વભાવની અપેક્ષાએ જ આ કથન છે. તેથી ભવસિદ્ધિક જીવોથી આ સંસાર ક્યારે ય ખાલી થાય નહિ. એનું કારણ એ છે કે તે જીવોની સંખ્યા અતિ વિશાળ છે, યથા– આકાશની એક શ્રેણીમાં અનંત પ્રદેશ હોય છે. તેને કોઈ કાઢે તો તે એક શ્રેણી પણ ખાલી થઈ શકતી નથી, તો આકાશની અનંત શ્રેણીઓના ખાલી થવાની વાત જ શું કરવી. એ જ રીતે નિગોદમાં અનંતાનંત જીવ છે. તેમાંથી એક નિગોદના જેટલા ભવી જીવ પણ કયારેય ખાલી નહિ થાય.તેથી આ સારો સંસાર ભવી જીવોથી ખાલી થઈ શકવાનો પ્રશ્ન જ રહેતો નથી. અર્થાત્ આ સંસાર અને જીવોનું મોક્ષમાં જવું એ બંને આજ સુધી અનાદિથી ચાલુ છે અને ચાલતા રહેશે. જેમ ભવિષ્ય કાલ પણ અનાદિથી ચાલી રહ્યો છે અને અનંતકાલ સુધી રહેશે તેમ જ જીવ પણ સિદ્ધ થયા કરશે છતાં પણ સંસાર ચાલતો રહેશે.





(૮) જીવ સૂતા પણ સારા અને જાગતા પણ સારા. તેનું તાત્પર્ય એ છે કે જે ધર્મી જીવ છે તે જાગતા સારા. કારણ કે ધર્મની વૃદ્ધિ કરશે અને જે પાપી જીવ છે તે સૂતા જ સારા છે. કારણ કે પાપકૃત્ય ઓછા થશે.

(૯) આ જ રીતે અપેક્ષાએ જીવ કમજોર પણ સારા અને બલવાન પણ સારા.

(૧૦) આળસુ પણ સારા, ઉદ્યમી પણ સારા.

(૧૧–૧૫) પાંચ ઈન્દ્રિયોના શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ આદિમાં આસક્ત થનાર જીવ સાત કર્મોની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશોની વૃદ્ધિ કરે છે. અશાતા વેદનીયનો વારંવાર બંધ કરે છે અને ચતુર્ગતિક–ચાર ગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે. આયુષ્ય કર્મ તો જીવનમાં એકવાર જ બંધાય છે. તેથી સાત કર્મ કહ્યા છે. ॥ ઉદ્દેશક–૨ સંપૂર્ણ ॥ ઉદ્દેશક–૩ સંક્ષિપ્ત ॥

**પ્રશ્ન–૧૨ : બે પરમાણુ, ત્રણ પરમાણુ, ચાર પરમાણુના જોડાવાથી શું બને છે ?**

**જવાબ :** દ્વિપ્રદેશી સ્કંધ, ત્રણ પ્રદેશી સ્કંધ, ચાર પ્રદેશી સ્કંધ બને છે. આ જ રીતે આગળ પણ પાંચ, છ, સાત, આઠ, નવ, દશ પરમાણુ જોડાવાથી તેટલા પ્રદેશી સ્કંધ બને છે. સંખ્યાત, અસંખ્યાત અને અનંત પરમાણુ પુદ્ગલોના મળવાથી ક્રમશઃ સંખ્યાતપ્રદેશી, અસંખ્યાતપ્રદેશી અને અનંતપ્રદેશી સ્કંધ બને છે.

**પ્રશ્ન–૧૩ : બે પ્રદેશી, ત્રણ પ્રદેશી, ચાર પ્રદેશી સ્કંધના વિખરાવાથી અર્થાત્ વિભાગ થવાથી કેટલા વિભાગ થાય છે ?**

**જવાબ :** (૧) બે પ્રદેશી સ્કંધના બે વિભાગ થવાથી બે પરમાણુ બની જાય છે. (૨) ત્રણ પ્રદેશીના બે વિભાગ પણ બને છે અને ત્રણ વિભાગ પણ બને છે. બે વિભાગમાં એક પરમાણુ અને એક બે પ્રદેશી સ્કંધ બને છે. (૧+૨); ત્રણ વિભાગમાં ત્રણ પરમાણુ બની જાય છે. (૧+૧+૧), કુલ ભંગ–૨. ચાર પ્રદેશીના બે વિભાગ, ત્રણ વિભાગ અને ચાર વિભાગ થઈ શકે છે. બે વિભાગમાં–એક પરમાણુ અને એક ત્રણ પ્રદેશી સ્કંધ બને છે. (૧+૩) અથવા બે દ્વિપ્રદેશી સ્કંધ બને છે. (૨+૨). ત્રણ વિભાગમાં બે પરમાણુ અને એક દ્વિપ્રદેશી સ્કંધ બને છે. (૧+૧+૨). ચાર વિભાગમાં ચારે ય પરમાણુ બની જાય છે. (૧+૧+૧+૧) કુલ ચાર ભંગ.

**પ્રશ્ન–૧૪ : આ પ્રમાણે પાંચ પ્રદેશીથી લઈને અનંતપ્રદેશી સ્કંધના કેટલા વિભાગ અને કુલ ભંગ કેટલા થાય છે ?**

**જવાબ :** જેટલા પ્રદેશી સ્કંધ હોય તેનાથી એક ઓછો વિભાગ હોય છે. અર્થાત્ પાંચ પ્રદેશી સ્કંધના ચાર વિભાગ, છ પ્રદેશી સ્કંધના પાંચ વિભાગ, યાવત્ દશ પ્રદેશી સ્કંધના ૯ વિભાગ થઈ શકે છે અને ભંગ સંખ્યા જુદી-જુદી હોય છે. યથા– **પાંચ પ્રદેશીના–** ૨, ૩, ૪ યા ૫ એમ ચાર વિભાગ થાય છે અને ભંગ ૬ થાય છે, યથા– ૧+૪, ૨+૩, ૧+૧+૩, ૧+૨+૨, ૧+૧+૧+૨, ૧+૧+૧+૧ +૧.

**છ પ્રદેશીના–** ૨,૩,૪,૫ યા ૬ એમ પાંચ વિભાગ અને ભંગ ૧૦ થાય છે, યથા– ૧+૫, ૨+૪, ૩+૩, ૧+૧+૪, ૧+૨+૩, ૨+૨+૨, ૧+૧+૧+૩, ૧+૧+૨+૨, ૧+૧+૧+૧+૨, ૧+૧+૧+૧+૧+૧.

આ જ રીતે આગળ પણ ભંગ બનાવી લેવા જોઈએ. સાતપ્રદેશીના ૧૪, આઠ પ્રદેશીના ૨૧, ૯ પ્રદેશીના ૨૮(૨૯) અને દશપ્રદેશીના ૩૯(૪૧) ભંગ.

**સંખ્યાત પ્રદેશીના–** દ્વિસંયોગી–૧૧ ત્રણસંયોગી–૨૧, ચારસંયોગી–૩૧, પાંચસંયોગી–૪૧, છસંયોગી–૫૧, સાતસંયોગી–૬૧, આઠસંયોગી–૭૧, નવસંયોગી–૮૧, દશસંયોગી–૯૧ અને સંખ્યાત સંયોગીનો એક ભંગ. કુલ= ૪૬૦ ભંગ થાય છે.

**અસંખ્યાત પ્રદેશીના** દ્વિ સંયોગી–૧૨, ત્રણસંયોગી–૨૩, ચારસંયોગી–૩૪, પાંચસંયોગી–૪૫, છસંયોગી–૫૬, સાતસંયોગી–૬૭, આઠસંયોગી–૭૮, નવસંયોગી–૮૯, દશસંયોગી–૧૦૦. સંખ્યાત સંયોગી–૧૨, અસંખ્યાત-સંયોગીનો એક. કુલ–૫૧૭ ભંગ.

**અનંતપ્રદેશીના** દ્વિસંયોગી–૧૩, ત્રણસંયોગી–૨૫, ચારસંયોગી–૩૭, પાંચસંયોગી– ૪૯, છસંયોગી–૬૧, સાતસંયોગી–૭૩, આઠસંયોગી–૮૫, નવસંયોગી–૯૭, દશસંયોગી–૧૦૯, સંખ્યાત સંયોગી–૧૩, અસંખ્યાત સંયોગી–૧૩, અનંત સંયોગીનો એક, કુલ = ૫૭૬ ભંગ.

જોકે સંખ્યાત પ્રદેશીના સંખ્યાતા, અસંખ્યાત પ્રદેશીના અસંખ્યાતા





અને અનંત પ્રદેશીના અનંત ભંગ થઈ શકે છે પરંતુ તે કથન પદ્ધતિમાં સંભવ નથી તેથી આગમમાં એક અપેક્ષિત કથન પદ્ધતિ કાયમ કરીને ક્રમશઃ ઉક્ત ૪૬૦, ૫૧૭, ૫૭૬ ભંગ જ કહ્યા છે. ગાંગેય અણગારના પ્રશ્નોત્તર૨૫ પ્રવેશનક ભંગમાં પણ આવી જ પદ્ધતિ સ્વીકારવામાં આવી છે. માટે અપેક્ષિત પદ્ધતિથી અહીં સંખ્યાત પ્રદેશીના તે ભંગો આ રીતે બને છે–

**સંખ્યાત પ્રદેશીના ભંગની રીત–** દ્વિ સંયોગી = ૧+સંખ્યાત, ૨+સંખ્યાત, ૩+સં, ૪+સં, ૫+સં, ૬+સં, ૭+સં, ૮+સં, ૯+સં, ૧૦+સં ; સં+સં=૧૧ ભંગ.

**ત્રણસંયોગી–** ૧+૧+સં, ૧+૨+સં, ૧+૩+સં, ૧+૪+સં, ૧+૫+સં, ૧+૬+સં, ૧+૭+સં, ૧+૮+સં, ૧+૯+સં, ૧+૧૦+સં, ૧+સં+સં, ૨+સં+સં, ૩+સં+સં, ૪+સં+સં, ૫+સં+સં, ૬+સં+સં, ૭+સં+સં, ૮+સં+સં, ૯+સં+સં, ૧૦+સં+સં; સં+સં+સં = ૨૧ ભંગ.

આ જ વિધિથી સંખ્યાત અસંખ્યાત અનંતપ્રદેશીના દશ સંયોગી સુધીના ભંગ બનાવવા જોઈએ. સંખ્યાત પ્રદેશીના સંખ્યાત સંયોગી એક ભંગ થવામાં બધા પરમાણુ થઈ જાય છે.

**અસંખ્યાત પ્રદેશીમાં સંખ્યાત સંયોગી ૧૨ ભંગ–** સંખ્યાતા પરમાણુ+ એક અસંખ્ય પ્રદેશી, સંખ્યાતા દ્વિપ્રદેશી+એક અસંખ્યપ્રદેશી, આ રીતે ત્રણ પ્રદેશી આદિ સંખ્યાતા ખંડ થશે અને એક અસંખ્ય પ્રદેશીનો. યથા– ૪ પ્રદેશી સં.+૧ અસં., ૫ પ્રદેશી સં.+૧ અસં., ૬ પ્રદેશી સં.+૧ અસં., ૭ પ્રદેશી સં.+૧ અસં., ૮ પ્રદેશી સં.+૧ અસં., ૯ પ્રદેશી સં.+૧ અસં., ૧૦ પ્રદેશી સં.+૧ અસં., સંખ્યાત પ્રદેશી સંખ્યાતા+૧ અસં, સંખ્યાતા બધા ખંડ અસંખ્યાત પ્રદેશીના. એ બાર ભંગ થાય.

**અનંતપ્રદેશીના સંખ્યાતસંયોગી અને અસંખ્યાતસંયોગી–૧૩–૧૩ ભંગ–**(૧) સંખ્યાતા પરમાણુ+એક અનંતપ્રદેશી યાવત્ (૧૦) સંખ્યાતા દશ પ્રદેશી+એક અનંતપ્રદેશી. (૧૧) સંખ્યાતા સંખ્યાતપ્રદેશી+એક અનંતપ્રદેશી. (૧૨) સંખ્યાતા અસંખ્યાતપ્રદેશી+એક અનંતપ્રદેશી.(૧૩) સંખ્યાતા જ અનંત પ્રદેશી. આ રીતે અસંખ્યની સાથે પણ એ જ ૧૩ ભંગ બને છે.

**એક ભંગ–** સંખ્યાતપ્રદેશી, અસંખ્યાતપ્રદેશી અને અનંતપ્રદેશીના જે અંતિમ

એક-એક ભંગ થાય છે તેમાં બધા પરમાણુ થઈ જાય છે અર્થાત્ સંખ્યાત-પ્રદેશીના સંખ્યાતસંયોગી ભંગમાં બધા સંખ્યાત પરમાણુ, અસંખ્યાત પ્રદેશીના અસંખ્ય સંયોગી ભંગમાં બધા અસંખ્યાત પરમાણુ અને અનંતપ્રદેશીના અનંત સંયોગી ભંગમાં બધા અનંત પરમાણુ થઈ જાય છે.

**વિશેષ–** અહીં મૂળપાઠમાં નવ પ્રદેશીમાં એક ભંગ (૨–૨–૫) અને દશ પ્રદેશીમાં બે ભંગ (૨+૨+૬ અને ૧+૨+૨+૫) લિપિદોષથી છૂટી ગયા છે. તેથી તેની સાચી ભંગ સંખ્યા ૨૯ અને ૪૧ કૌંસમાં લખી છે. લિપિ દોષથી છૂટી ગએલા ભંગ નહિ બનવામાં કોઈ કારણ થતું નથી અને ક્યાંય કોઈ કારણ બતાવવામાં પણ આવ્યું નથી.

**પ્રશ્ન–૧૫ : પુદ્ગલ પરાવર્તન કેટલા પ્રકારના હોય છે અને તેનુ શું સ્વરૂપ છે ?**

**જવાબ :** પુદ્ગલ પરાવર્તનના સાત પ્રકાર છે– (૧) ઔદારિક પુદ્ગલ પરાવર્તન (૨) વૈક્રિય (૩) તૈજસ (૪) કાર્મણ (૫) મન (૬) વચન (૭) શ્વાસોશ્વાસ પુદ્ગલ પરાવર્તન.

પુદ્ગલોના અનંત પ્રકાર હોય છે તોપણ અપેક્ષાથી અહીં સાત પ્રકારની પુદ્ગલ વર્ગણાઓથી સાત પુદ્ગલ પરાવર્તન કહ્યા છે. જીવ અનાદિકાલથી ઉપરોક્ત સાતે ય પ્રકારના પુદ્ગલ ગ્રહણ કરે છે અને છોડે છે. લોકના સમસ્ત પુદ્ગલોને જીવ ઔદારિક શરીરરૂપમાં ગ્રહણ કરી લે તેટલા સમયને ઔદારિક પુદ્ગલ પરાવર્તન કહેવાય છે. એમાં ઓછામાં ઓછું એક વાર બધા પુદ્ગલોનું ઔદારિક રૂપમાં ગ્રહણ થવું અનિવાર્ય છે. એની વચ્ચે જેનું બીજી ત્રીજીવાર ગ્રહણ થઈ જાય તેની કોઈ ગણતરી થતી નથી. એ જ રીતે વૈક્રિય, તૈજસ આદિ વર્ગણાના રૂપમાં સમસ્ત પુદ્ગલોના ગ્રહણનો ક્રમ–વારો આવી જાય તો તે પુદ્ગલ પરાવર્તન બને છે.

આ પ્રત્યેક પુદ્ગલ પરાવર્તનના બનવામાં અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી અર્થાત્ અનંત કાલચક્ર વ્યતીત થાય છે. ત્યારે એક જીવ લોકના સમસ્ત પુદ્ગલોને તે–તે એક વર્ગણારૂપમાં ગ્રહણ કરી શકે છે. જે પુદ્ગલ ગ્રહણનો સંયોગ અધિક મળે છે તે પુદ્ગલ પરાવર્તન જલ્દી પૂર્ણ થાય છે. યથા– કાર્મણ પુદ્ગલ પરાવર્તન. કારણ કે તે પ્રત્યેક ભવમાં અને અધિકતમ સંયોગ થવાવાળું છે.





જે પુદ્ગલોના ગ્રહણનો સંયોગ જીવને ઓછો થાય છે, તે પુદ્ગલ પરાવર્તન દીર્ઘ સમયે પૂર્ણ થાય છે, યથા– વૈક્રિય પુદ્ગલ પરાવર્તન.

આ અપેક્ષાએ– (૧) સર્વથી નાનું(ઓછા સમયમાં પૂર્ણ થનાર) કાર્મણ પુદ્ગલ પરાવર્તન (૨) તેનાથી તૈજસ પુદ્ગલ પરાવર્તન મોટું હોય છે. કારણ કે તેના પુદ્ગલ કાર્મણ જેટલા નિરંતર ગ્રહણ થતા નથી. (૩) એનાથી ઔદારિક પુદ્ગલ પરાવર્તન મોટું હોય છે. નરક દેવમાં તેનો સંયોગ રહેતો નથી. (૪) એનાથી શ્વાસોશ્વાસ પુદ્ગલ પરાવર્તન મોટું હોય છે કારણ કે અપર્યાપ્ત મરનારા અનંત જીવોને શ્વાસોશ્વાસ હોતા નથી અને દેવોને શ્વાસોશ્વાસ અતિ અલ્પ હોય છે. (૫–૭) એનાથી ક્રમશઃ મન, વચન અને વૈક્રિય પુદ્ગલ પરાવર્તન ઘણા લાંબા કાલમાં પૂર્ણ થનાર હોય છે.

જે પુદ્ગલ પરાવર્તન મોટા છે, તે જીવે આજ સુધી ઓછા કર્યા છે અને જે નાના છે તે જીવે અધિક કર્યા છે. એ અપેક્ષાએ જીવે (૧) બધાથી ઓછા વૈક્રિય પુદ્ગલ પરાવર્તન કર્યા છે અને (૭) સર્વથી અધિક કાર્મણ પુદ્ગલ પરાવર્તન કર્યા છે. શેષ પાંચેયના ઉલટાક્રમથી અધિક-અધિક સમજી લેવા જોઈએ.

**પ્રશ્ન–૧૬ : ચોવીસ દંડકના એક જીવે અથવા અનેક જીવોએ પુદ્ગલ પરાવર્તન કેટલા કર્યા છે અને કેટલા કરશે ?**

**જવાબ :** સંખ્યાની અપેક્ષા વૈક્રિય પુદ્ગલ પરાવર્તન અલ્પ હોય છે અને ક્રમશઃ વચન, મન, શ્વાસોશ્વાસ,ઔદારિક, તૈજસ અને કાર્મણ પુદ્ગલ પરાવર્તન અનંત અનંતગણા અધિક હોય છે.

ચોવીસ દંડકના એક-એક જીવે ભૂતકાળમાં સાતેય પુદ્ગલ પરાવર્તન અનંત કર્યા છે. ભવિષ્યમાં કોઈ તો નહિ કરે અને કોઈ કરશે તો એગુત્તરિયં. વિશેષ એ છે કે નારકી દેવતામાં પ્રત્યેક દંડકના જીવે ઔદારિક પુદ્ગલ પરાવર્તન ભૂતકાળમાં નથી કર્યા અને ભવિષ્યમાં પણ નહિ કરે. એમ જ પાંચ દંડક (સ્થાવર)માં વચન પુદ્ગલ, ૮ દંડક(૫ સ્થાવર ૩ વિકલેન્દ્રિય)માં મન પુદ્ગલ અને ૭ દંડક (૪ સ્થાવર ૩ વિકલેન્દ્રિય)માં વૈક્રિય પુદ્ગલ પરાવર્તન જીવે કર્યા નહિ અને કરશે નહિ.

ચોવીસ દંડકના અનેક જીવોએ ૨૪ દંડકમાં સાતે ય પુદ્ગલ પરાવર્તન અનંત કર્યા છે અને અનંત કરશે. વિશેષ એ છે કે ૧૪ દંડકમાં ઔદારિક,

૫ દંડકમાં વચન, ૭ દંડકમાં વૈક્રિય અને ૮ દંડકમાં મન પુદ્ગલ પરાવર્તન જીવોએ કર્યા નથી અને કરશે પણ નહિ.

**કાલના એકમો–** અસંખ્ય સૂક્ષ્મ સમયની એક આવલિકા થાય છે યાવત્ ૮૪ લાખ શીર્ષ પ્રહેલિકાંગની એક શીર્ષ પ્રહેલિકા થાય છે. એનાથી આગળ પલ્યમાં વાલાગ્ર ભરવાની ઉપમાથી કાલનું માપ થાય છે, તે છે–પલ્યોપમ અને સાગરોપમ. એનું વિસ્તૃત વર્ણન અનુયોગદ્વાર સૂત્રમાં છે. ૧૦ ક્રોડાક્રોડ પલ્યોપમનો એક સાગરોપમ થાય છે, એવા ચાર ક્રોડાક્રોડ સાગરોપમનો અવસર્પિણીનો પહેલો આરો, ત્રણ ક્રોડાક્રોડ સાગરોપમનો બીજો આરો અને ૨ ક્રોડાક્રોડ સાગરોપમનો ત્રીજો આરો હોય છે. ચોથો, પાંચમો, છટ્ઠો આરો મળીને એક ક્રોડાક્રોડ સાગરોપમ થાય છે. આ પ્રમાણે ૧૦ ક્રોડાક્રોડ સાગરોપમની એક અવસર્પિણી અને દશ ક્રોડાક્રોડ સાગરોપમની એક ઉત્સર્પિણી થાય છે.

જીવોના સંસાર ભ્રમણનો કાલ, કાયસ્થિતિ આદિ બધું વૈક્રિય પુદ્ગલ પરાવર્તનની અપેક્ષા સમજવું જોઈએ. અન્ય ૬ પુદ્ગલ પરાવર્તન કેવલ જ્ઞેય માત્ર છે. ॥ ઉદ્દેશક–૪ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૭ : રૂપી–અરૂપી પદાર્થ કોને કહેવાય છે અને તે કયા કયા છે ?**

**જવાબ :** જે પદાર્થોમાં, જે બોલોમાં જે તત્ત્વોમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, અને આઠ સ્પર્શ એ વીસમાંથી કોઈ પણ વર્ણ આદિ હોય છે તે રૂપી કહેવાય છે અને જેનામાં એ વર્ણાદિમાંથી કોઈ પણ ન હોય તે અરૂપી કહેવાય છે. રૂપી પદાર્થોના મુખ્ય બે પ્રકાર કહ્યા છે– (૧) ચૌફર્સી (૨) અઠફર્સી. જે રૂપી પદાર્થોમાં આઠ સ્પર્શમાંથી ૧. ખરબચડું ૨. સુંવાળું ૩. હળવું ૪. ભારે એ ચાર સ્પર્શ નથી હોતા તે ચૌફર્સી રૂપી પદાર્થ કહેવાય છે અને બાકી બધા રૂપી પદાર્થ અઠફર્સી(આઠ સ્પર્શવાળા) હોય છે. તે ત્રણે પ્રકારના પદાર્થ શાસ્ત્રમાં આ પ્રમાણે ગણાવ્યા છે–

**(૧) ચૌફર્સી રૂપી પદાર્થ–** ૧૮ પાપ, ૮ કર્મ, કાર્મણ શરીર, મન–વચનનો યોગ, સૂક્ષ્મ પુદ્ગલ સ્કંધ. એ ૩૦ બોલમાં વર્ણાદિ ૧૬ બોલ મળે છે, ચાર સ્પર્શ ખરબચડું આદિ હોતા નથી.

**(૨) અઠફર્સી રૂપી પદાર્થ–** ૬ દ્રવ્યલેશ્યા, ૪ શરીર, કાયયોગ, બાદર પુદ્ગલ સ્કંધ અને ઘનવાય, તનુવાય, ઘનોદધિ એ ૧૫ બોલમાં વર્ણ આદિ ૨૦ બોલ હોય છે.





**(૩) અરૂપી પદાર્થ–** ૧૮ પાપ ત્યાગ(વિરતિ), ૧૨ ઉપયોગ, ધર્માસ્તિ આદિ પાંચ દ્રવ્ય(પુદ્ગલ છોડીને), ૬ ભાવલેશ્યા, ૪ બુદ્ધિ(ઉત્પાતિકી આદિ), ૪ અવગ્રહ આદિ, ૩ દૃષ્ટિ, પાંચ જીવની શક્તિ, ઉત્થાન, કર્માદિ, ૪ સંજ્ઞા એ ૬૧ બોલ અહીં અરૂપી દર્શાવ્યા છે. કારણ કે તેમાં વર્ણ આદિ હોતા નથી, માત્ર અગુરુલઘુ એક ગુણ હોય છે.

સંસારના સર્વ દ્રવ્યોમાં કોઈ વર્ણાદિ ૨૦ બોલવાળા છે, કેટલાક વર્ણાદિ ૧૬ બોલ વાળા છે, કોઈ (પરમાણુ આદિ) વર્ણ આદિ પાંચ બોલ(૧ વર્ણ+૧ ગંધ+ ૧ રસ +૨ સ્પર્શ) વાળા છે. કોઈ અરૂપી અર્થાત્ વર્ણ આદિથી રહિત છે. ત્રણે કાલ અરૂપી દ્રવ્ય છે.

**પ્રશ્ન–૧૮ : ક્રોધ આદિ ચારે ય કષાયના પર્યાયવાચી શબ્દ કેટલા કહ્યા છે ?**

**જવાબ :** અહીં ઉદ્દેશક–૫ માં ક્રોધાદિના પર્યાય શબ્દ આ પ્રમાણે કહ્યા છે–

**(૧) ક્રોધના પર્યાયવાચી ૧૦ શબ્દ–** ક્રોધ, કોપ, રોષ, દોષ, અક્ષમા, સંજ્વલન, કલહ, ચાંડિક્ય, ભંડણ, વિવાદ.

**(૨) માનના પર્યાયવાચી ૧૨ શબ્દ–** માન, મદ, દર્પ, સ્તંભ, ગર્વ(ઘમંડ) આત્મોત્કર્ષ, પરપરિવાદ, ઉત્કર્ષ, અપકર્ષ, ઉન્નત, ઉન્નામ, દુર્નામ.

**(૩) માયાના પર્યાયવાચી ૧૫ શબ્દ–** માયા, ઉપધિ, નિયડો, વલય, ગહન, ણૂમ, કલંક, કુરૂપ, જિહ્મતા, કિલ્વિષ, આદરણતા, ગૂહનતા, વંચનતા, પ્રતિકુંચનતા, સાઇ(સાદિ)યોગ.

**(૪) લોભના પર્યાયવાચી ૧૬ શબ્દ–** લોભ, ઈચ્છા, મૂર્ચ્છા, કાંક્ષા, ગૃદ્ધિ, તૃષ્ણા, ભિજ્જા, અભિજ્જા, આશંસના, પ્રાર્થના, લાલપનતા, કામાશા, ભોગાશા, જીવિતાશા, મરણાશા, નંદિરાગ.

આ બધા શબ્દ એકાર્થક છે તોપણ તેના વ્યુત્પત્તિ પરક આદિ જુદા-જુદા અર્થ પણ થાય છે. જે વિવેચનયુક્ત ભગવતી સૂત્રમાં જુઓ.

હિંસા આદિ પાંચ પાપના અનેક નામ અને પર્યાયવાચી શબ્દ પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં છે. શેષ ૯ (૧૮–૪+૫= ૯) પાપના અર્થ આ પ્રમાણે છે– (૧૦) રાગ–પુત્ર આદિ સ્વજન પર સ્નેહ (૧૧) દ્વેષ–અપ્રીતિ (૧૨) કલહ–સ્થૂલ વચનોથી કોઈને જેમ-તેમ બોલવું, વચનયુદ્ધ કરવું (૧૩) અભ્યાખ્યાન–અવિદ્યમાન દોષોનો આરોપ લગાડવો, મિથ્યા કલંક ચડાવવું (૧૪) પૈશુન્ય–

ચુગલી કરવી, પીઠ પાછળ દોષ વર્ણવવા (૧૫) પરપરિવાદ–બીજાની નિંદા, અવગુણ-અપવાદ કરવો, અવહેલના કરવી, તિરસ્કાર–પરાભવ કરવો (૧૬) રતિ-અરતિ પ્રતિકૂલ સંયોગોમાં જે ઉદ્વેગ પેદા થાય તે અરતિ છે એમ મનાનુકૂલ સંયોગોમાં હર્ષ આનંદના જે પરિણામ હોય છે તે રતિરૂપ છે (૧૭) માયા-મૃષા(કપટ યુક્ત જૂઠ, ઠગાઈ, ધોખાબાજી વગેરેમાં જે કપટ પ્રપંચનો વ્યવહાર થાય છે તે માયા-મૃષા પાપ છે (૧૮)મિથ્યાદર્શન શલ્ય–ખોટી શ્રદ્ધા, જિન-વચનથી વિપરીત શ્રદ્ધા. અઢાર પાપમાં આ અંતિમ પાપ વિશિષ્ટ પાપ હોવાથી શલ્ય–કંટકની ઉપમાથી યુક્ત કહ્યું છે. ॥ ઉદ્દેશક–૫ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૧૯ : રાહુ વિમાન કેટલા પ્રકારના અને કેટલા વર્ણના હોય છે ? તેના પર્યાય નામ કેટલા છે અને જગતમાં તેનું શું પ્રવર્તન દષ્ટિગોચર થાય છે ?**

**જવાબ :** સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા આદિ પાંચ જ્યોતિષી વિમાન હોય છે. જેમાં રાહુ આ ૮૮ ગ્રહમાંથી એક ગ્રહ છે. તેના અનેક વિમાન છે, જે પાંચે ય રંગના હોય છે, યથા– (૧) કાળો–કાજલ સરખો, (૨) નીલો–કાચા તુંબડા જેવો લીલો, (૩) લાલ–મજીઠ સમાન (૪) પીળો–હળદર સમાન (૫) સફેદ–રાખના ઢગલા સમાન. **રાહુના પર્યાયવાચી** નામ છે– શ્રૃંગારક, જટિલક, ક્ષત્રક, ખર, દર્દુર, મકર, મત્સ્ય, કચ્છપ, કૃષ્ણ સર્પ.

રાહુનુ વિમાન ગમનાગમન કરતાં ચંદ્રને આવૃત્ત કરે છે તો લોકમાં ચંદ્રનું ગ્રહણ થયું કહેવાય છે. જ્યારે એક કિનારેથી આવૃત્ત કરીને નીકળે છે ત્યારે ચંદ્રનો કુક્ષી ભેદ થયાનું કહેવાય છે. આવૃત્ત કરીને જ્યારે પાછા વળતાં અનાવૃત્ત કરે છે ત્યારે લોકમાં ચંદ્રનું વમન કર્યાનું કહેવાય છે. જ્યારે ઉપર-નીચે બધી તરફથી આવૃત્ત કરી–ઢાંકી દે છે ત્યારે ચંદ્રને ગ્રસિત કરી લીધાનું કહેવાય છે. વાસ્તવમાં એ બધાં આચ્છાદન માત્ર છે, ગ્રસિત કરવાનું આદિ નથી.

રાહુ વિમાન બે પ્રકારના છે– ૧. નિત્ય રાહુ ૨. પર્વ રાહુ. નિત્ય રાહુ દરરોજ ચંદ્રનો પંદરમો ભાગ આવૃત્ત કરે છે અને પછી ક્રમશઃ પંદરમો ભાગ અનાવરિત–પ્રગટ કરે છે.

પર્વ રાહુ ક્યારેક જઘન્ય છ મહિનામાં ચંદ્રને આવરિત કરે છે અને ક્યારેક ઉત્કૃષ્ટ ૪૨ મહિનામાં ચંદ્રને આવરિત કરે છે. સૂર્યને જઘન્ય છ મહિનામાં આવૃત્ત કરે છે, ઉત્કૃષ્ટ ૪૮ વર્ષોમાં ઢાંકે છે. પર્વ રાહુથી ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ થાય છે અને નિત્યરાહુથી કૃષ્ણપક્ષ, શુક્લપક્ષની તિથિઓ બને છે.





**પ્રશ્ન–૨૦ : સૂર્ય-ચંદ્રના ગુણસંપન્ન નામ શું છે ?**

**જવાબ :** સૂર્યને આદિત્ય કહેલ છે. સમય, આવલિકા, મુહૂર્ત, દિન, માસ, વર્ષ યાવત્ ઉત્સર્પિણી વગેરે કાલની આદિ–પ્રારંભ કરનાર હોવાથી તેનું **આદિત્ય** નામ સાર્થક છે. સૌમ્ય હોવાથી ચંદ્રનું ગુણસંપન્ન નામ **શશિ** છે.

**પ્રશ્ન–૨૧ : ચંદ્ર–સૂર્ય જ્યોતિષેન્દ્રના કામભોગ સુખ કેવા પ્રકારના હોય છે?**

**જવાબ :** નવ વિવાહિત સ્વસ્થ પુઢષ સોળ વર્ષ પરદેશ ગમન કરી પાછો આવ્યો હોય, તે મનોજ્ઞ આવાસ–શય્યા સંયોગ અને ભોજન પાન આદિને પ્રાપ્ત કરી; મનોજ્ઞ, અનુરક્ત, યૌવન પ્રાપ્ત પત્નીની સાથે, માનુસિક પાંચ ઈન્દ્રિયજન્ય વિષયોનું સેવન કરતાં વેદોપશાંતિ કાલમાં જેવા મોહજન્ય સાતા સુખનો અનુભવ કરે છે, તેનાથી અનંતગણું વિશિષ્ટતર વ્યંતરોનું કામસુખ હોય છે. તેનાથી નવનિકાયનું અનંતગણું, તેનાથી અસુરકુમારોનું અનંતગણું અને તેનાથી ચંદ્ર-સૂર્યનો અનંતગણો વિશિષ્ટતર કામભોગજન્ય સુખાનુભવ હોય છે. ॥ ઉદ્દેશક–૬ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૨૨ : લોકમાં જીવના અનંત જન્મ-મરણને બકરીઓના વાડાના દષ્ટાંતથી કઈ રીતે સમજવા ?**

**જવાબ :** લોકના સંપૂર્ણ આકાશપ્રદેશો પર પ્રત્યેક જીવે જન્મ મરણ કર્યા છે. કોઈ પણ પ્રદેશ ખાલી રાખ્યો નથી. અહીં ૧૦૦ બકરીઓ રાખવાના વાડામાં ૧૦૦૦ બકરીઓને ભરવાનું અને છ મહિના રાખવાનું તથા તેનાથી વાડાનું મલ-મૂત્ર વગેરેથી સ્પર્શિત થવાનું દષ્ટાંત આપ્યું છે અને કહ્યું છે કે તે વાડાનો કોઈ પ્રદેશ મલમૂત્રથી અસ્પર્શિત રહી પણ શકે છે પરંતુ જીવે લોકનો કોઈ પણ પ્રદેશ જન્મ-મરણથી ખાલી રાખ્યો નથી. કારણ કે અનાદિકાલથી સંસાર અને જીવ બંને છે.

વિશેષ રૂપે આ પણ સમજવાનું છે કે પાંચ સ્થાવરરૂપમાં તો સર્વત્ર લોકમાં જન્મ મરણ સંભવ છે. શેષ જે ક્ષેત્રમાં જે દંડકના જીવોના જન્મ મરણની યોગ્યતા છે અને જ્યાં જે રૂપમાં અનંત જન્મ મરણ સંભવ છે, તેનું જ કથન સમજવું જોઈએ, યથા– નરકમાં મનુષ્યરૂપમાં નહિ થાય તો અનુત્તર વિમાનમાં દેવરૂપમાં પણ અનંતભવ નહિ થાય, બે જ થશે ઈત્યાદિ વિવેકપૂર્વક સમજી લેવું જોઈએ.

**પ્રશ્ન–૨૩ : શું પ્રત્યેક જીવને બધા જીવોથી માતા-પિતા આદિ સંબંધ થઈ ગયા છે ?**

**જવાબ :** આ જીવ બધા જીવોના માતા-પિતા આદિ સંબંધી રૂપમાં પણ અનેક વાર યા અનંતવાર જન્મી ચૂકયો છે અને બધા જીવ એના માતા-પિતા આદિ બની ચૂકયા છે. એ જ પ્રમાણે શત્રુ-મિત્ર આદિ અને દાસ, નોકર આદિના રૂપમાં પણ અનેકવાર યા અનંતવાર સમજી લેવું જોઈએ. ॥ ઉદ્દેશક–૭ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૨૪ : તિર્યંચ પંચેન્દ્રિય જીવોની ઉન્નત-અવનત બંને દશા અહીં કઈ રીતે બતાવવામાં આવી છે ?**

**જવાબ :** દેવગતિમાંથી આવીને ઉત્પન્ન થનાર તિર્યંચ નાગ(સર્પ)મણિ તથા વૃક્ષ રૂપમાં લોકોથી પૂજિત, અર્ચિત થઈ શકે છે અને પછી ત્યાંથી મનુષ્ય બનીને સિદ્ધ,બુદ્ધ, મુક્ત થઈ શકે છે.

(૨) વાંદરો, કુકડો, દેડકો પણ પાપ પરિણામોથી અને તેના આચરણોથી નરકમાં ઉત્પન્ન થઈ શકે છે. આ જ રીતે સિંહ, વાઘ, કાગડો, ગીધ, બિલાડી, મોર વગેરે જાનવર હિંસાકારી આચરણોથી નરકમાં ઉત્પન્ન થાય છે. પછી ત્યાંથી નીકળીને સંસારમાં ભ્રમણ કરતા રહે છે. કોઈક ક્યારેક મનુષ્ય બનીને મોક્ષ પણ જઈ શકે છે. ॥ ઉદ્દેશક–૮ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૨૫ : પાંચ પ્રકારના દેવ કયા છે અને તેનો શું અર્થ–સ્વરૂપ છે ?**

**જવાબ : (૧) ભવ્યદ્રવ્ય દેવ–** મનુષ્ય અને તિર્યંચ અવસ્થામાં રહેલા જેણે દેવનું આયુષ્ય બાંધી લીધું છે તેને ભવ્યદ્રવ્ય દેવ કહ્યા છે. ભવિષ્યમાં થનારને અનુયોગદ્વાર સૂત્રમાં દ્રવ્ય નિક્ષેપમાં ગણ્યા છે.

**(૨) નર દેવ–** ૬ ખંડના અધિપતિ, ૬૪ હજાર મુગટબંધ રાજાઓના સ્વામી, ૯ નિધાન ૧૪ રત્ન આદિ ઋદ્ધિ સંપન્ન **ચક્રવર્તીને નર દેવ** એટલે મનુષ્યેન્દ્ર કહ્યા છે.

**(૩) ધર્મ દેવ–** પાંચ મહાવ્રત પાલક, સમિતિ-ગુપ્તિવંત ૧૮ પાપોના ત્યાગી, શ્રમણ-નિર્ગ્રંથ **ધર્મદેવ** કહેવાય છે.

**(૪) દેવાધિદેવ–** સર્વજ્ઞ, સર્વદર્શી, તીર્થંકર ભગવાનને **દેવાધિદેવ** કહ્યા છે.

**(૫) ભાવ દેવ–** દેવગતિનું આયુષ્ય ભોગવનાર ચારે ય જાતિના દેવ **ભાવ દેવ** કહેવાય છે.





**પ્રશ્ન–૨૬ : ભવ્યદ્રવ્ય દેવનું આયુષ્ય, અવગાહના, આગત, ગત વગેરેનું કથન કઈ રીતે છે ?**

**જવાબ : (૧) ઉંમર–** ભવ્યદ્રવ્ય દેવનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટ ૩ પલ્યોપમનું હોય છે. આ દેવ બનનાર તિર્યંચ-મનુષ્યની પૂરા ભવની ઉંમર છે. ઉત્કૃષ્ટ ઉંમર યુગલિકની અપેક્ષા છે.

**(૨) અવગાહના–** જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ ૧૦૦૦ યોજન, જલચરની અપેક્ષા હોય છે.

**(૩) ગતાગત–** દેવમાં જવાવાળા મનુષ્ય તિર્યંચ ૨૮૪ જીવના ભેદોમાંથી આવેલા હોઈ શકે છે. એથી ભવ્યદ્રવ્ય દેવની આગત ૨૮૪ની અને ગત–૧૯૮ દેવોની હોય છે. ૨૮૪=૧૭૯ ની લટ(૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્ય+૩૦ કર્મભૂમિ મનુષ્ય+૪૮ તિર્યંચ) +૭ નરક+૯૮ દેવ(સર્વાર્થસિદ્ધ છોડીને). સર્વાર્થસિદ્ધથી આવેલ જીવ ફરી દેવ બનતો નથી, મોક્ષગામી જ હોય છે. ૧૯૮ની ગત=૯૯ દેવોના પર્યાપ્ત-અપર્યાપ્ત.

**(૪) અંતર–** ભવ્યદ્રવ્ય દેવ ફરી ક્યારેય ભવ્ય દ્રવ્ય દેવ બને તો વચ્ચેનો અંતરકાલ જઘન્ય ૧૦૦૦૦વર્ષ+અંતર્મુહૂર્ત અધિક. અહીં આગળના મનુષ્ય-તિર્યંચના ભવમાં દેવાયુ બાંધવાની પહેલાનું અંતર્મુહૂર્ત લીધું છે અને ઉત્કૃષ્ટ અનંતકાલ વનસ્પતિમાં વિતાવ્યા પછી ભવ્યદ્રવ્ય દેવ બની શકે છે.

**(૫) વિકુર્વણા–** જઘન્ય ૧,૨,૩ ઉત્કૃષ્ટ અસંખ્ય રૂપ બનાવી શકે છે.

**(૬) કાયસ્થિતિ–** સ્થિતિ અનુસાર જ છે.

**પ્રશ્ન–૨૭ : નરદેવની ઉંમર, અવગાહના વગેરેનું કથન કઈ રીતે છે ?**

**જવાબ : (૧) ઉંમર–** જઘન્ય ૭૦૦ વર્ષ ઉત્કૃષ્ટ ૮૪ લાખ પૂર્વ વર્ષ. આ પહેલા અને ૧૨મા ચક્રવર્તીની અપેક્ષાએ કહેલ છે.

**(૨) અવગાહના–** જઘન્ય સાત ધનુષ, ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષની.

**(૩) ગતાગત–** આગતિ ૮૨ ની=૮૧ દેવતા(૧૫ પરમાધામી+૩કિલ્વિષી છોડીને)+પ્રથમ નરક. ગતિ ૧૪ની=સાત નરકના પર્યાપ્ત-અપર્યાપ્ત. દીક્ષા લે તો સાધુની ગતિ ૭૦ ની યા મોક્ષની.

**(૪) અંતર–** જઘન્ય એક સાગરોપમ સાધિક(પ્રથમ નરકમાં જઈને આવે) ઉત્કૃષ્ટ દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તન. ચક્રવર્તી શુક્લપક્ષી જીવ જ બને છે

અને શુક્લપક્ષી જીવોને અર્ધપુદ્‌ગલ પરાવર્તન જેટલો જ સંસારકાલ બાકી હોય છે. વિકુર્વણા અને કાયસ્થિતિ ભવ્યદ્રવ્ય દેવ સમાન છે.

**પ્રશ્ન–૨૮ : ધર્મદેવની ઉંમર, અવગાહના વગેરેનું કથન કઈ રીતે છે ?**

**જવાબ : (૧) ધર્મદેવ** (શ્રમણ)ની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દેશોન ક્રોડપૂર્વ વર્ષની હોય છે. દેશોન–૯ વર્ષ, દીક્ષા પૂર્વની ઉંમર છે.

**(૨) અવગાહના–** જઘન્ય બે હાથ (પાંચમા આરાના અંતમાં) ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષની.

**(૩) ગતાગત–** આગત ૨૭૫ ની અને ગત ૭૦ની ૨૭૫=૯૯ દેવતા + ૧૭૧ ની લટ + ૫ નરક. ગત ૭૦ની (વૈમાનિક દેવમાં કિલ્વિષી–૩ છોડીને) ૧૨ દેવલોક+૯ લોકાંતિક+૯ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન, એ ૩૫ના પર્યાપ્ત-અપર્યાપ્ત.

**(૪) અંતર–** જઘન્ય અનેક પલ્યોપમ અધિક(વૈમાનિકની જઘન્ય ઉંમર+ અહીંના ૯ વર્ષ) ઉત્કૃષ્ટ દેશોન અર્ધપુદ્‌ગલ પરાવર્તન. એટલું સંસાર ભ્રમણ કર્યા પછી પુનઃ ધર્મદેવ બને જ.

**(૫) કાયસ્થિતિ–** જઘન્ય એક સમયની હોઈ શકે છે. ધર્મદેવ પ્રથમ આદિ ગુણસ્થાનમાં જઈને પુનઃ આવે અને એક સમયમાં કાલ કરીને દેવ(અસંયત) બની જાય તો ધર્મદેવની જઘન્ય એક સમયની કાયસ્થિતિ બને છે. ઉત્કૃષ્ટ તો સ્થિતિના સમાન જ દેશોન ક્રોડપૂર્વની કાયીસ્થતિ હોઈ શકે છે.

**(૬) વિકુર્વણા–** જઘન્ય ૧,૨,૩ યાવત્ ઉત્કૃષ્ટ અસંખ્યરૂપ બનાવી શકે છે.

**પ્રશ્ન–૨૯ : દેવાધિદેવની ઉંમર, અવગાહના વગેરેનું કથન કઈ રીતે છે ?**

**જવાબ : (૧) ઉંમર–** તીર્થંકરની ઉંમર જઘન્ય ૭૨ વર્ષની અને ઉત્કૃષ્ટ ૮૪ લાખ પૂર્વ વર્ષ. પ્રથમ અને અંતિમ તીર્થંકરની અપેક્ષા.

**(૨) અવગાહના–** જઘન્ય સાત હાથ, ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષની. પ્રથમ અને અંતિમ તીર્થંકરની અપેક્ષા.

**(૩) ગતાગત–** તીર્થંકરની આગત ૩૮ની(૩૫ વૈમાનિક+૩ નરક) ગત– મોક્ષની. અંતર અને વિકુર્વણા નથી. કાયસ્થિતિ પણ આયુષ્યના સમાન જ હોય છે.





**પ્રશ્ન–૩૦ : ભાવ દેવની ઉંમર, અવગાહના વગેરેનું કથન કઈ રીતે છે ?**

**જવાબ : (૧) દેવોની ઉંમર** જઘન્ય ૧૦ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની હોય છે. જઘન્ય ઉંમર ભવનપતિ-વ્યંતરની અપેક્ષા છે, ઉત્કૃષ્ટ ઉંમર પાંચ અનુત્તર વિમાનની અપેક્ષાએ છે.

**(૨) અવગાહના–** જઘન્ય એક હાથ (અનુત્તર દેવની અપેક્ષા) ઉત્કૃષ્ટ સાત હાથની અવગાહના દેવોની હોય છે.

**(૩) ગતાગત–** દેવોની આગત ૧૧૧ની (૧૦૧ મનુષ્યના પર્યાપ્ત+પાંચ સંજ્ઞી તિર્યંચના પર્યાપ્ત, ૫ અસંજ્ઞી તિર્યંચના પર્યાપ્ત) ગત–૪૬ ની હોય છે =૧૫ કર્મભૂમિ+૫ સંજ્ઞી તિર્યંચ+પૃથ્વી પાણી વનસ્પતિ એ ૨૩ના પર્યાપ્ત-અપર્યાપ્ત)

**(૪) અંતર–** જઘન્ય અંતર્મુહૂર્ત(સંજ્ઞી તિર્યંચનો નાનો ભવ કરીને ફરી દેવ બને તો) ઉત્કૃષ્ટ અંતર વનસ્પતિ કાલ, અનંતકાલ.

**(૫) વિકુર્વણા–** જઘન્ય ૧,૨,૩ ઉત્કૃષ્ટ અસંખ્ય રૂપોની વિકુર્વણા કરી શકે છે. અવગાહનાની અપેક્ષા એક લાખ યોજનનું રૂપ બનાવી શકે છે.

**(૬) કાયસ્થિતિ–** ઉંમર અનુસાર જ કાયસ્થિતિ હોય છે.

**પ્રશ્ન–૩૧ : પાંચે ય પ્રકારના દેવોમાં કોણ કોનાથી ઓછા વધુ હોય છે ?**

**જવાબ :** અલ્પબહુત્વ– (૧) સર્વથી થોડા નરદેવ(ચક્રવર્તી) હોય છે. તે ઉત્કૃષ્ટ ૩૭૦ સંપૂર્ણ લોકમાં હોઈ શકે છે. ૩૭૦=૧૭૦ વિજયમાંથી ૧૫૦માં ઉત્કૃષ્ટ ચક્રવર્તી હોઈ શકે છે. ૧૫૦માંથી પણ ૨૦માં એક-એકની પછી ૧૧–૧૧ જન્મ્યા હોવાની પરંપરા ચાલે છે તો ૨૦×૧૧=૨૨૦ પરંપરાએ જન્મેલા + ૧૫૦ ઉત્કૃષ્ટ ચક્રવર્તી પદ ભોગવનાર, એમ બંને મળીને ૩૭૦ ની સંખ્યા બને છે. (૨) નરદેવથી દેવાધિદેવ સંખ્યાતગણા હોય છે. એ ઉત્કૃષ્ટ ૧૮૩૦ હોઈ શકે છે. ઉત્કૃષ્ટ ૧૭૦ વિજયમાં તીર્થંકર હોઈ શકે છે. જેમાં ૨૦ ની પાછળ જન્મેલા ૮૩–૮૩ની પરંપરા ચાલે છે, તો ૨૦×૮૩=૧૬૬૦+ તીર્થંકર પદ ભોગવનાર ઉત્કૃષ્ટ ૧૭૦ એમ બંને મળીને ૧૬૬૦+૧૭૦= ૧૮૩૦ની સંખ્યા બને છે. (૩) તેનાથી ધર્મદેવ(સાધુ-સાધ્વી) સંખ્યાતગણા. એ અનેક હજાર ક્રોડ હોય છે. (૪) તેનાથી ભવ્ય દ્રવ્ય દેવ અસંખ્યગણા.

મનુષ્ય-તિર્યંચમાં દેવાયુ બાંધેલા જીવ અસંખ્ય હોય છે. (૫) તેનાથી ભાવદેવ અસંખ્યગણા. દેવ આયુ બાંધેલા મનુષ્ય-તિર્યંચોથી વાસ્તવિક દેવ અસંખ્યગણા હોય છે. ॥ ઉદ્દેશક–૯ સંપૂર્ણ ॥

**પ્રશ્ન–૩૨ : આત્માના કેટલા પ્રકાર કહ્યા છે અને તેમાં પરસ્પર નિયમા ભજનાનો શું સંબંધ છે ?**

**જવાબ :** આત્માના વિવિધ ધર્મો–ગુણોની અપેક્ષા આઠ પ્રકાર કહ્યા છે– (૧) દ્રવ્ય આત્મા– અસંખ્ય પ્રદેશાત્મક આત્મદ્રવ્ય દ્રવ્યાત્મા છે.(૨) કષાય આત્મા– કષાયમાં પરિણત આત્મ દ્રવ્ય કષાય આત્મા છે. (૩) આ જ રીતે યોગમાં પરિણત યોગાત્મા છે. (૪) ઉપયોગમાં પરિણત ઉપયોગાત્મા છે. (૫–૭) સમ્યગ્ જ્ઞાનમાં પરિણત જ્ઞાનાત્મા, દર્શન ચારિત્રમાં પરિણત દર્શનાત્મા–ચારિત્રાત્મા છે. (૮) વીર્યાત્મા– બાલવીર્ય, પંડિતવીર્ય, બાલપંડિત વીર્યમાં પરિણત આત્મા વીર્યાત્મા છે.

**નિયમા-ભજના–** (૧) **દ્રવ્ય આત્મામાં–** ઉપયોગ આત્મા અને દર્શન આત્મા બેની નિયમા(મિથ્યાદષ્ટિમાં જ્ઞાન આત્મા નથી લીધો એટલે જ્ઞાન આત્માને નિયમામાં નહિ કહીને ભજનામાં લીધો છે.) કષાય, યોગ, જ્ઞાન, ચારિત્ર અને વીર્ય આત્મા એ પાંચની ભજના, વીર્યઆત્મા સિદ્ધોમાં નહિ હોવાથી ભજનામાં લીધેલ છે.

**(૨) કષાય આત્મામાં–** દ્રવ્ય, યોગ, ઉપયોગ, દર્શન અને વીર્ય એ પાંચ આત્માની નિયમા, જ્ઞાન અને ચારિત્ર એ બે આત્માની ભજના.

**(૩) યોગ આત્મામાં–** દ્રવ્ય, ઉપયોગ, દર્શન અને વીર્ય એ ચાર આત્માની નિયમા. કષાય, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણ આત્માની ભજના.

**(૪) ઉપયોગ આત્મામાં–** દર્શન આત્મા અને દ્રવ્ય આત્માની નિયમા, કષાય, યોગ, જ્ઞાન, ચારિત્ર અને વીર્ય એ પાંચ આત્માની ભજના.

**(૫) જ્ઞાન આત્મામાં–** ઉપયોગ, દર્શન, દ્રવ્ય એ ત્રણ આત્માની નિયમા, કષાય, યોગ, ચારિત્ર, વીર્ય એ ચાર આત્માની ભજના. સિદ્ધોની અપેક્ષાએ.

**(૬) દર્શન આત્મામાં–** ઉપયોગ અને દ્રવ્ય બે આત્માની નિયમા. મિથ્યા-દષ્ટિના અજ્ઞાનના કારણે જ્ઞાન આત્માને નિયમામાં નથી લીધો. પાંચ આત્માની ભજના, ઉપયોગ આત્માની સમાન.





**(૭) ચારિત્ર આત્મામાં–** દ્રવ્ય, ઉપયોગ, જ્ઞાન, દર્શન, વીર્ય એ પાંચ આત્માની નિયમા. કષાય અને યોગ એ બે આત્માની ભજના.

**(૮) વીર્ય આત્મામાં–** દ્રવ્ય, ઉપયોગ, દર્શન એ ત્રણ આત્માની નિયમા. કષાય, યોગ, જ્ઞાન અને ચારિત્ર એ ચાર આત્માની ભજના.

**વિશેષ જ્ઞાતવ્ય–** (૧) સિદ્ધોમાં ચાર આત્મા છે– દ્રવ્ય, જ્ઞાન, દર્શન અને ઉપયોગ આત્મા. (૨) મિથ્યાદષ્ટિ અને અજ્ઞાનીમાં જ્ઞાન અને ચારિત્રાત્મા નથી, શેષ ૬ આત્મા હોય છે. (૩) સમ્યગ્દષ્ટિ અને શ્રાવકમાં સાત આત્મા છે, ચારિત્રાત્મા નથી. (૪) આઠે ય આત્મામાં આઠેય આત્મા પરસ્પર હોઈ શકે છે, કોઈ નિયમાથી કોઈ ભજનાથી. કોઈપણ આત્મામાં કોઈ પણ આત્માનો નિષેધ નથી અર્થાત્ આ આઠ આત્મામાં કોઈ પ્રતિપક્ષી યા વિરોધી આત્મા નથી. જ્ઞાન– અજ્ઞાન તો જ્ઞાન આત્માના પેટા ભેદ છે, એથી પ્રતિપક્ષી છે. ૮ આત્માની ગણતરીમાં જ્ઞાન આત્મા એક જ છે. (૫) આત્મામાં જ્ઞાન-અજ્ઞાન ભજનાથી હોય છે પરંતુ જ્ઞાન-અજ્ઞાનમાં આત્માની નિયમા છે કારણ કે તે આત્મ સ્વરૂપ જ છે. (૬) દર્શનમાં આત્માની નિયમા અને આત્મામાં દર્શનની નિયમા અર્થાત્ આત્મા અને દર્શન આપસમાં નિયમા સંબંધ છે.

**પ્રશ્ન–૩૩ : સાત નરકપૃથ્વી આદિમાં અને પરમાણુ આદિમાં આત્મા-અનાત્માના વિકલ્પ કઈ રીતે હોય છે ?**

**જવાબ :** સાત નરક પૃથ્વી, દેવલોક અને સિદ્ધશિલા એ પોતાના સ્વરૂપની અપેક્ષાએ આત્મા છે, પર સ્વરૂપની અપેક્ષા નોઆત્મા છે અને બંનેની વિવક્ષામાં એ આત્મા-નોઆત્મા બંને રૂપ અવક્તવ્ય પણ છે. એ જ રીતે રત્નપ્રભા આદિ સર્વમાં ૩–૩ બોલ(વિકલ્પ) આત્મા સંબંધી હોય છે.

પરમાણુથી અનંતપ્રદેશી સુધીને માટે પણ આત્મા-અનાત્માની પૃચ્છામાં ઉક્ત અપેક્ષાથી ત્રણેય વિકલ્પ હોય છે.

**દ્રવ્યાપેક્ષયા–** દ્વિપ્રદેશીથી અનંતપ્રદેશી સુધીમાં આ ત્રણ વિકલ્પ જ અસંયોગીના હોય છે. **પ્રદેશાપેક્ષયા–** દ્વિપ્રદેશીમાં ત્રણ જોડી દ્વિસંયોગીની બનવાથી ૩ વિકલ્પ અધિક થાય છે, યથા– ૧.આત્મા+નોઆત્મા ૨. આત્મા+અવક્તવ્ય (૩) નોઆત્મા+અવક્તવ્ય. તેથી કુલ ૩+૩+૬ વિકલ્પ.

**ત્રણપ્રદેશીમાં–** દ્રવ્યાપેક્ષયા–૩ વિકલ્પ, પ્રદેશાપેક્ષયા– અહીં દ્વિ સંયોગીમાં ત્રણ પ્રદેશ હોવાને કારણે એક, અનેક(એકવચન,બહુવચન)કરવાથી ૯ વિકલ્પ થાય છે અને ત્રણ સંયોગીનો એક વિકલ્પ જ હોય છે. એથી ૩+૯+૧= ૧૩ ભંગ ત્રણ પ્રદેશીના કુલ થાય છે. **ચાર પ્રદેશીમાં–** અસંયોગી દ્રવ્યાપેક્ષયા–૩, પ્રદેશાપેક્ષયા– દ્વિસંયોગી–૧૨, ત્રણ સંયોગી–૪ એમ કુલ ૩+૧૨+૪=૧૯ ભંગથાય છે. **પાંચ પ્રદેશીમાં–** દ્રવ્યાપેક્ષયા, અસંયોગી–૩, પ્રદેશાપેક્ષયા– દ્વિસંયોગી–૧૨, ત્રણસંયોગી–૭ એમ કુલ ૩+૧૨+૭=૨૨ ભંગ થાય છે. **છ પ્રદેશીથી અનંત પ્રદેશીમાં–** અસંયોગી–૩, દ્વિસંયોગી–૧૨ અને તીન સંયોગી–૮ એમ કુલ ૩+૧૨+૮=૨૩ ભંગ થાય છે.

યદ્યપિ ત્રણે બોલના એકવચન બહુવચનથી કુલ ૨૬ ભંગ બનાવવામાં આવે છે, ત્યાં અસંયોગી ૬ ભંગ થાય છે. પરંતુ અહીં અપેક્ષાથી અસંયોગી–૩ ભંગ જ કર્યા હોવાથી કુલ ૨૩ ભંગ થાય છે. ભંગ બનાવવાની વિધિ ૨૬ ભંગો વાળી જ છે, માત્ર ૩ નો ફરક ઉક્ત કારણથી છે.

**॥ બારમું શતક સંપૂર્ણ ॥**

**॥ ભગવતીસૂત્ર પૂર્વાર્દ્ધ સંપૂર્ણ ॥**

**॥ જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર ભાગ–૩ સંપૂર્ણ ॥**